શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી ભગિની નિવેદિતા ગ્રંથમાળા પુસ્તક-૧

# પ્રગતિને પંથે

મૃણાલિની દેસાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

શ્રી હરિઃ ૐ આશ્રમ પ્રેરિત
શ્રી ભગિની નિવેદિતા ગ્રંથમાળા
પુસ્તક-૧

# પ્રગતિને પંથે

લેખિકા
મૃણાલિની દેસાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ

પ્રકાશક
રઘુવીર ચૌધરી, મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ,
અમદાવાદ–૩૮૦ ૦૦૯.

© મૃણાલિની દેસાઈ

પહેલી આવૃત્તિ : પ્રત ૧૧૦૦

મુદ્રક
જયશ્રી મુદ્રણાલય
૫, મહેન્દ્ર કોલોની, જૈન દેરાસર પાછળ,
નહેરુનગર સામે, આંબાવાડી,
અમદાવાદ–૩૮૦૦૧૫.

# આમુખ

છેલ્લી સદીમાં ભારતની બહેનોએ પ્રગતિને પંથે જે ડગ ભર્યાં એ કૃતજ્ઞતાપૂર્વક જોવાનો આ એક નમ્ર પ્રયાસ છે. સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્ર વ. કળા તેમ જ પર્વતારોહણ, જળતરણ જેવાં ક્ષેત્રોમાં કરેલાં સાહસ, રમતગમતના ક્ષેત્રમાં બહેનોએ મેળવેલી જાગૃતિક માન્યતા, નાટ્ય અને સિનેમામાં મેળવેલી સિદ્ધિઓ, વિજ્ઞાનમાં એઓ કરી રહેલા મૌલિક સંશોધનની વાતો, વૈદકશાસ્ત્રમાં એમણે કરેલી પ્રગતિ, વાસ્તુશાસ્ત્રમાં ખીલી રહેલી એમની કલ્પકતા, રાજકારણમાં બતાવેલી વિચક્ષણ બુદ્ધિમત્તા અને એવાં કેટલાંય ક્ષેત્રો વિશે હું આ લેખમાળામાં લખી શકી નથી. ભારતીય સ્ત્રીનો પૂરો પરિચય પામવા માટે હજુ તો ઘણું જાણી લેવું પડશે, લખવું પડશે, એ એકરાર સાથે સ્વલ્પવિરામ.

જૂનો મોરે બંગલો, **મૃણાલિની દેસાઈ**
ટાગોર માર્ગ, સાન્તાક્રુઝ, (પશ્ચિમ)
મુંબઈ–૪૦૦ ૦૫૪
તા. ૨૬–૪–૭૭

## શ્રી હરિઃ ૐ આશ્રમ પ્રેરિત

### શ્રી ભગિની નિવેદિતા પારિતોષિક યોજના ગ્રંથમાળા
### પુસ્તક–૧લું

હરિઃ ૐ આશ્રમ તરફથી ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૨૫,૦૦૦નું દાન કેવળ બહેનોએ સર્જેલી ઉત્તમ મૌલિક રચનાને – સ્ત્રીઓના જીવનને અને સમાજને ઉન્નત કરે એવી ભાવનાપ્રેરક, શક્તિપ્રેરક, અને ગુણવિકાસક મૌલિક કૃતિને— પારિતોષિક માટે અપાયેલું. પણ જો કોઈ પણ કૃતિ પારિતોષિકને યોગ્ય ન લાગે તો તે રકમ સ્ત્રી લેખિકાની કોઈ ઉત્તમ મૌલિક રચના મેળવીને ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવા વાપરવી એમ ઠરાવાયું છે. શ્રી હરિઃ ૐ આશ્રમ પ્રેરિત શ્રી ભગિની નિવેદિતા ગ્રંથમાળા શ્રેણીમાં શ્રી મૃણાલિનીબહેન દેસાઈનું આ પુસ્તક પ્રસિદ્ધ કરતાં અમને આનંદ થાય છે. મૂળ દાનયોજનામાં રચનાત્મક વિકલ્પ કરવા દેવા બદલ અમે હરિઃ ૐ આશ્રમના ઘણા જ આભારી છીએ.

અમારાં અગાઉનાં પ્રકાશનોની પેઠે આ પુસ્તક પણ સૌને ગમશે એવો વિશ્વાસ છે.

અમદાવાદ–૩૮૦ ૦૦૯ **રઘુવીર ચૌધરી**
તા. ૨૦–૭–'૭૭ **ભગવતીકુમાર શર્મા**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ભારતીય મહિલાઓની મુક્તિ અને ઉન્નતિ | ... ૧ |
| ૨. | અપરાજિતા પંડિતા રમાબાઈ | ... ૬ |
| ૩. | મા શ્રીશારદામણીદેવી | ... ૧૩ |
| ૪. | કર્મયોગી ભગિની નિવેદિતા | ... ૧૮ |
| ૫. | ડૉ. ઍની બિસેંટ | ... ૨૪ |
| ૬. | શ્રી રમાબાઈ રાનડે | ... ૩૦ |
| ૭. | કસ્તૂરબા ગાંધી | ... ૩૬ |
| ૮. | અવંતિકાબાઈ ગોખલે | ... ૪૨ |
| ૯. | સરોજિનીદેવી | ... ૪૭ |
| ૧૦. | બાયા કર્વે | ... ૫૪ |
| ૧૧. | મીઠુબહેન પિટિટ | ... ૬૩ |
| ૧૨. | ત્યાગમૂર્તિ રામેશ્વરી નહેરુ | ... ૬૭ |
| ૧૩. | બીબી અમતુસ્સલામ | ... ૭૧ |
| ૧૪. | સરદારનો પુણ્યાંશ—મણિબહેન | ... ૭૬ |
| ૧૫. | તારાબાઈ મોડક | ... ૮૧ |
| ૧૬. | મૃદુલાબહેન સારાભાઈ | ... ૮૯ |
| ૧૭. | રમાદેવી ચૌધરી | ... ૯૬ |
| ૧૮. | સરલાદેવી | ... ૧૦૦ |
| ૧૯. | અમૃતા રામસુબ્રહ્મણ્યમ્ | ... ૧૦૫ |
| ૨૦. | તારાબહેન મશરૂવાળા | ... ૧૦૮ |
| ૨૧. | નાગપુરની વીરાંગના બહેનો | ... ૧૧૨ |

# ૧. ભારતીય મહિલાઓની મુક્તિ અને ઉન્નતિ

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધનો કાળ એ ભારતીય અસ્મિતાની કસોટીનો કાળ હતો. દેશમાં અંગ્રેજી રાજ સ્થિર થવા લાગ્યું હતું. એ ગોરા વિવેકી દેખાતા લોકોની શિસ્ત, ટાપટીપ કોઈને પણ આંજી નાંખે એવાં હતાં. એમના નવાં શસ્ત્રો વિજ્ઞાનમાં એમની ગતિ, જ્ઞાનનું ઊંડાણ ભલભલા ફિલસૂફો અને વિચારકોને આકર્ષક લાગતું હતું. સામાન્ય પ્રજાજનો સ્થિર, શાંત જીવનની આશા રાખી રાજ્યકર્તાઓની સામે મીટ માંડી રહ્યાં હતાં. એ વખતે એમના ગુણ પારખી, પચાવી પોતાની સંસ્કૃતિ ટકાવી શકે એવા કાબેલ માણસો જ એમને પહોંચી શકે એમ હતું. 'ભારત એક રાષ્ટ્ર છે' એવી ભાવનાથી પ્રેરાઈ એક નવું, નિરામય સમાજજીવન ઘડનારા ઘડવૈયાઓ તે સમયે ઝઝૂમ્યા એટલે આજના દિવસો આપણે જોઈ શકયા, એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

ભારતીય ઇતિહાસના સુવર્ણયુગમાં વીર પુરુષોની વીરતાને માન હતું. વિદ્વાનોના જ્ઞાનનું ગૌરવ જળવાતું અને સ્ત્રીને લક્ષ્મીની પ્રતિષ્ઠા હતી. પણ જ્યારે ભારતીયો નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાઈ જઈ, વામણા થઈ મન સાંકડાં કરી, સ્વાર્થ માટે આપસમાં લડવા લાગ્યા, ત્યારે સંસ્કૃતિએ જાણે મોં ફેરવી લીધું હોય એવું અહીંનું જીવન થવા લાગ્યું. સ્ત્રીનું અપહરણ કરવું એ પ્રતિષ્ઠાભર્યું કામ ગણાવા લાગ્યું. એટલે સ્ત્રીને ઘરમાં પૂરી રાખવી, બાળપણમાં જ પરણાવી દેવી, વિધવા થાય તો એ સાપના ભારાને જીવતી બાળવી અથવા તો એ અભાગણીને જન્મતાંની સાથે 'દૂધ પીતી' કરવી, એમાંથી ભાગેજોગે બચે તો એને મુંડાવી, એક ભુક્ત રાખી, એનું જીવન ખારું ખારું કરી નાંખવું એવા દુષ્ટ રિવાજો સમાજમાં રૂઢ થતા ગયા. લોકોના મનમાં દયાનો છાંટો સરખો એ રંક અભાગણીઓ માટે ના રહ્યો એવા બધા રીઢા થઈ ગયા!

અંગ્રેજી રાજ્યમાં ગમે તેમ પણ જીવન સ્થિર થવા લાગ્યું; ઠગ–લૂંટારાનો ત્રાસ ઓછો થવા લાગ્યો. પશ્ચિમની વિદ્યા સાથે વ્યક્તિગત વિકાસનો વિચાર પણ નવજુવાનોના મનમાં પ્રવેશ્યો. ઈ. સ. ૧૮૧૧ની વાત. બંગાળમાં રાજા રામમોહનરાયનાં ભાભી મરણ પામ્યાં. વાત જાણે એમ હતી—ખાનદાન ખોરડાની વહુને સતી તો થવું જ પડે! પોતાનાં ભાભીને જે રીતે દેહ છોડવો પડયો એ જોઈ રાજા

રામમોહનરાયનું દિલ રડી ઊઠયું. એ ક્રૂરતાની સામે એઓ આખી જિંદગી ઝઝૂમતા રહ્યા, સમાજ, જ્ઞાતિ અને એમના પરિવારે પણ એમને ત્યજ્યા. ખૂબ પજવ્યા છતાં કોઈને મચક આપ્યા વગર એમણે ધર્મશાસ્ત્રનો અભ્યાસ કરી, લોકભાષામાં એનો અનુવાદ કર્યો. એ જમાનામાં છાપખાનાનો ઉપયોગ કરી પોતાનાં મંતવ્યો લોકોને ગળે ઉતારવાના અથાગ પ્રયાસો કર્યા. ૧૮૨૮માં એમણે બ્રહ્મો સમાજની સ્થાપના કરી. એમના જેવા જ વિચારી, તેજસ્વી, ભાવનાશીલ અને નિર્ભય સહકારીઓ એમને મળતા ગયા. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોર, પં. ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, કેશવચંદ્ર સેન, જેવા કર્મયોગીઓ એમની પરંપરા ચલાવવા આગળ આવ્યા. ગુજરાતમાં સ્વામી દયાનંદનો આર્યસમાજ મુંબઈમાં ન્યાયમૂર્તિ રાનડે, ભાંડારકર, ચંદાવરકર જેવાએ સ્થાપન કરેલો પ્રાર્થના-સમાજ—આ સંસ્થાઓ ગઈ સદીમાં શિક્ષણ, સમાજસુધારા, ધાર્મિક જાગૃતિ જેવાં કામ શ્રમપૂર્વક કરી રહી હતી.

સ્વામી રામકૃષ્ણ પરમહંસની શ્રેષ્ઠ આધ્યાત્મિક પ્રણાલિકા આગળ ચલાવી સ્વામી વિવેકાનંદ દુનિયાભરમાં ફરી વળ્યા. ભારતીય સંસ્કૃતિનો પરિચય જગતને કરાવતાં પહેલાં એ પોતે ભારતમાં પણ ફર્યા હતા. ભારતીય સંસ્કૃતિ અને ભારતીય લોકજીવન વચ્ચેનો તફાવત જોઈ દ્રવી ઊઠયા હતા. રાજા રામમોહનરાય બહેનોમાં જાગૃતિ લાવવા મેરી કાર્પેન્ટર નોર્થકોટને ભારતમાં લઈ આવેલા. એમના સહકારથી ઘણી જગ્યાએ કન્યાશાળાઓ સ્થાપન કરેલી. સ્વામી વિવેકાનંદ જોડે કામ કરવા માર્ગારેટ નોબલ સિસ્ટર નિવેદિતા થઈ ભારત આવ્યા. સેવા, સંસ્કૃતિ અને શિક્ષણની સાધના રામકૃષ્ણ મિશને અખંડ ચાલુ રાખી છે.

કાળચક્ર ફરી રહ્યું હતું. અંગ્રેજો અહીં ઠરીઠામ થયા. દેશભરમાં ઠેરઠેર શાળાઓની સ્થાપના થઈ. કેળવણી વડે રાષ્ટ્રીય વૃત્તિ જાગ્રત કરવાના હેતુથી ટિળક, આગરકર, દેશમુખ જેવા નવયુવકો પોતાના ભવિષ્યનો વિચાર કર્યા વગર શિક્ષક બની બેઠા. સ્ત્રી-કેળવણીના પ્રશ્નનું મહત્ત્વ પણ દેશભરના વિચારકોને માન્ય થયું. આર્ય મહિલા સમાજ, શારદા સદન, સેવા સદન, કર્વેનો મહિલાશ્રમ, ગુજરાતમાં બુદ્ધિવર્ધક સભા અને જ્ઞાનવર્ધક સભા, બંગાળમાં શાંતિનિકેતન, અડિયારમાં થિયોસોફિકલ સોસાયટી, બનારસ હિંદુ વિદ્યાપીઠ—એક પછી એક સંસ્થાની સ્થાપના થઈ. કાર્યકર્તાઓ મધમાખીની જેમ જાણે મધપૂડો કરી રહ્યા હતા.

મહારાષ્ટ્રમાં ફુલે, આગરકર, શિંદે, કર્વે સમાજસુધારો કરવા માટે આખી જિંદગી ઝઝૂમ્યા. તેમ ગુજરાતમાં ભોળાનાથ, સારાભાઈ, મહિપતરામ નીલકંઠ, લાલશંકર ઉમિયાશંકર વિ. લોકસેવકો નિઃસ્વાર્થ ભાવે કામ કરી રહ્યા હતા. મુસ્લિમ સમાજમાં સર સૈયદ અહમદખાન (૧૮૭૫), સર અમીર અલી (૧૮૮૮)

બદરૂદ્દીન તૈયબજી પ્રયત્નો કરી રહ્યા હતા. ત્યારે પરમાનંદભાઈ કાપડિયા જેવા બાળદીક્ષાની પ્રથા દૂર કરવાનું પ્રણ લઈ બેઠા હતા. વડોદરાના ગાયકવાડ, ગ્વાલિયરના સિંધિયા, દક્ષિણના પટવર્ધન રાજાઓ, કોલ્હાપુરના છત્રપતિ અને સૌરાષ્ટ્રના રાજવીઓ પણ યથાશક્તિ આધારભૂત થઈ સારી પ્રવૃત્તિઓને વેગ આપતા હતા.

બહેનોને બે અક્ષર લખતાં-વાંચતાં શિખવાડી ઘરમાં જરા માન આપવું એટલું કહેવું એ પણ ક્રાંતિનું લક્ષણ ગણાતું એ દિવસોમાં (૧૮૯૬) રાજા-રામ શાસ્ત્રી ભાગવત જેવાએ જાહેર સભામાં નૃત્ય-સંગીતાદિ કળાઓને આદર-માન આપી, એ કળાઓ જાળવી રાખનારી સ્ત્રીઓને પ્રતિષ્ઠિત ગણી એમની સાથે લગ્નસંબંધો પણ બાંધવા એવો પ્રચાર હિંમતથી કર્યો હતો.

આ દેશવ્યાપી આંદોલનમાં સાહિત્યકારોએ પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. મહારાષ્ટ્રમાં લોકહિતવાદી (દેશમુખ), આગરકર જેવાનું વૈચારિક લખાણ, કેતકર, હ. ના. આપ્ટે જેવા લેખકોની નવલકથા, જોશી, કેળકર જેવાના લલિત સ્ફુટ લેખ, કેશવસુત વિનાયકની કવિતા, દેવલ-કોલ્હટકરનાં નાટકો તેમ જ શ્રી. કૃ. કોલ્હટકરનાં હળવી શૈલીનાં લખાણોએ, મહારાષ્ટ્રમાં સમાજજાગૃતિનું કામ સારી પેઠે કર્યું. ત્યારે ગુજરાતમાં ગોવર્ધનરામ ત્રિપાઠી, અર્વાચીનોમાં આદ્ય ગણાતા નર્મદ, દલપતરામ કવિ, નવલરામના 'બકરીબાઈનો બેટો પરણે' જેવાં ઉપહાસગર્ભ નાટકો, રણછોડભાઈ ઉદયરામની દુઃખિયારી લલિતા અને કટાક્ષના ચાબખા ફટકારતા ભદ્રંભદ્ર—એ બધાંની કામગીરી ભૂલી શકાય એમ નથી. બંગાળમાં રવીંદ્ર, બંકિમ, શરદ જેવા તેજસ્વી સિતારાઓ સાહિત્યક્ષેત્રને ઉજાળી રહ્યા હતા; ત્યારે પ્રેમચંદજી અને હરિશ્ચન્દ્ર જેવા સમર્થો હિંદી સાહિત્યની ધુરા વહી રહ્યા હતા. અમૃતબઝાર પત્રિકા, હિંદુ, મોડર્ન રિવ્યૂ, ઇંદુપ્રકાશ, જ્ઞાનપ્રકાશ, મુંબઈ સમાચાર જેવાં સ્વતંત્ર સમાચારપત્રો પણ અગત્યનો ભાગ ભજવી રહ્યાં હતાં.

સમાજસુધારાનું આંદોલન માત્ર ઉપલા થર પૂરતું મર્યાદિત નહોતું એવું કેટલીક ઘટનાઓ પરથી જોઈ શકાય છે. સુધારકોની આ સિદ્ધિ જેવી તેવી નથી. ગોપાળરાવ જોશી નામના પોસ્ટ ઑફિસમાં કામ કરનાર એક સામાન્ય કારકુન પોતાની પત્ની આનંદીબાઈને ભણાવે, અમેરિકા મોકલે, ડૉક્ટર કરે—આ બધું અદ્‌ભુત તો ખરું પણ ૧૮૮૬માં કોર્ટમાં Restitution of Conjugal Right-નો કેસ ચાલ્યો. 'પંચકળશી' તરીકે ઓળખાતી એક પછાત કોમની સ્ત્રી રુકમા-બાઈએ પોતાના આધેડ વયના પતિ દાદાજીને ત્યાં જવાની ના પાડી હતી.

પોતાનાં લગ્ન બાળવયમાં, પોતાને જણાવ્યા વગર કરવામાં આવ્યાં હતાં તે પોતે કબૂલ રાખવા બંધાયેલી નથી એવું એનું કહેવું હતું. કાયદામાં એને માટે કોઈ આશરો નહોતો. છતાં બાઈએ હિંમતથી કાયદો તોડ્યો એ અંગે થયેલી કારાવાસની સજા ભોગવી અને પછી ભણીગણી પોતાની મેળે વિલાયત જઈ એ ડૉક્ટર થઈ આવી. આ M.D. થયેલ ડૉ. રુકમાબાઈ ૯૧ વર્ષનાં થઈ ૧૯૫૫માં સ્વર્ગવાસ પામ્યાં !

એ જ અરસામાં ફૂલમણી દાસીનો કેસ પણ ખૂબ ગાજ્યો. ઉરિયા જાતિની આ દાસી, બાળક ફૂલમણી પર એના પીઢ પતિએ બળાત્કાર કર્યો અને એ બાપડી એમાં મરણ પામી. આવી વાત સામાન્ય રીતે દબાવી દેવામાં આવતી. છતાં આવી ક્રૂર ઘટનાઓનો અંત લાવવા માટે સમાજહિતવાદીઓએ કોર્ટ સુધી જઈ ન્યાય માગ્યો અને કાયદો સુધારવા માટે આંદોલન શરૂ કર્યું. 'બાળલગ્ન અને બળાત્કારનું વૈધવ્ય' એ શીર્ષક હેઠળ ચાર હજાર પત્રિકા છપાવી બહેરામજી મલબારીએ દેશભરમાં વહેંચી. ન્યાયમૂર્તિ રાનડેએ પોતે સંમતિવયના કાયદાની તરફેણમાં સિફારસ કરી. શ્રી. સારડાએ આગેવાની લીધી અને ૧૮૯૧માં સંમતિવયનો 'સારડા કાયદો' પસાર થયો.

પુનર્લગ્નના પ્રશ્ન પર ગુજરાતમાં કવિ નર્મદ અને કરસનદાસ મૂળજી વૈષ્ણવપંથના મહારાજ શ્રી. જદુનાથજી સાથે વાદમાં ઊતરી કોર્ટ સુધી પહોંચેલા તે 'મહારાજ લાયેબલ' કેસ જાણીતો છે. નર્મદ માત્ર ગદ્ય કે પદ્યમાં જ અર્વાચીનોમાં આદ્ય હતા એમ નહીં. એ જમાનામાં એમણે પોતે પુનર્લગ્ન કરી સમાજના વિરોધનાં ઝેર પચાવ્યાં હતાં અને ઘણું ઘણું સહન કરી આ કવિ ઝઝૂમ્યા હતા.

બહેનોએ ચોળી પહેરવી કે નહીં, જોડા પહેરવાનો એમને અધિકાર ખરો કે નહીં, એવા 'પ્રાણપ્રશ્નો' ચર્ચાતા એ જમાનામાં (૧૯૦૮), ગુજરાતી અને મહારાષ્ટ્રીય સમાજમાં સો એ ગણતરી થઈ શકે એટલાં પુનર્લગ્નો, પ્રતિષ્ઠિત કુટુમ્બોમાં થયાં હતાં.

૧૮૫૭માં મુંબઈમાં સજ્જનઅલી મહેરઅલી કન્યાશાળા સ્થાપન થઈ ત્યાર પછી પૂના, નાગપુર, અમદાવાદ, સુરત, નવસારી અને સિંધ–કરાચીમાં કન્યાશાળાઓ સ્થાપન થઈ.

વીસમી સદીમાં પ્રગતિનો વેગ સારી પેઠે વધ્યો. કર્વેની શિક્ષણ સંસ્થાઓ, શિવગૌરી અને બાજીગૌરી એ સ્થાપેલા વનિતા વિશ્રામો, ગોખલેજીનો ભગિની સમાજ, પં. રમાબાઈનો આર્યમહિલાસમાજ, અવંતિકાબાઈ ગોખલેનો હિંદ મહિલા સમાજ

તેમ જ સેવાસદન, શારદાસદન જેવી સંસ્થાઓ જૂનાં કામ આગળ ચલાવી નવાં કામ ઊભાં કરી રહી હતી.

ગાંધીયુગમાં બાપુએ માત્ર રાજકીય નહીં પણ આમૂલાગ્ર સામાજિક ક્રાંતિ પણ કરી છે. બાપુ પહેલાંના સામાજિક કાર્યકર્તાઓ દુઃખિયારી સ્ત્રીને મદદ કરી એનો 'ઉદ્ધાર' કરી રહ્યાં હતા. જોકે એમણે જે ભોગ આપ્યો અને જે સેવા કરી એનાં મૂલ થાય એમ નથી. છતાં બાપુની વાત જ જુદી હતી. એ સ્ત્રીને રંક કે દુઃખિયારી માનતા નહોતા. એ સ્ત્રીને હંમેશાં શ્રેષ્ઠ ગણતા, અને ભારતની સ્ત્રીએ પણ એમની એ ભાવનાને સારી પેઠે દાદ આપી.

આઝાદી પછી ભારતીય રાજ્ય ઘટનાએ સ્ત્રીને સમાન નાગરિકના હક્ક પૂરેપૂરા આપી દીધા છે અને આજના વિચારકો અને ફિલસૂફો સમાજપરિવર્તનનાં સૂત્રો સ્ત્રીના હાથમાં છે એવું માનવા લાગ્યા છે.

ભારતીય સ્ત્રીની જાગ્રત અસ્મિતા માટે, એના ગૌરવની રક્ષા માટે જે જે મહાભાગોએ ભોગ આપ્યો એમના પુણ્યનો પ્રતાપ છે. એટલે સ્ત્રીને આજે એ સ્થાન મળ્યું છે. એ બધા પુણ્યશાળી ભાઈઓનું સ્મરણ કરી એમને કૃતજ્ઞતાપૂર્વક પ્રણામ કરી, પછી સ્ત્રીઓએ આ છેલ્લાં દોઢસો વર્ષના ગાળામાં પોતાની સ્થિતિ સુધારવા માટે પોતે શું કર્યું એનું સરવૈયું પણ કાઢવા જેવું છે. સ્ત્રી પોતે પણ રૂઢિ અને સંજોગો સામે ઝઝૂમી હતી ખરી?

## ૨. અપરાજિતા પંડિતા રમાબાઈ

પેશવાઓના રાજ્યની છેલ્લી ઘડીઓ ગણાતી હતી. રાજપાટનું ઠેકાણું નહોતું છતાં રાજાશાહી ઠાઠમાં કશી ખામી હતી નહીં. રંગરાગ સાથે દાનધર્મ પણ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો હતો. વેદપાઠી બ્રાહ્મણોને દાળના કડછાથી ભરી ભરીને મઃણેકમોતી અપાતાં હતાં. પાયલીને માપે ચાંદીના કલદાર એમની કોથળીઓમાં ઠલવાતા હતા. ગળામાં જનોઈનો દોરો હોય પછી ભલે ને કક્કો ન આવડતો હોય બાપદાદાની જૂની શાલ ઓઢી રસોઈયા–પિરસણિયા પણ વિદ્વાનો ભેળા જઈ પોતાનું કલ્યાણ સાધી લેતા.

વેદ–વિદ્યા અને સંસ્કૃત ભાષાની પૂના બાજુ બોલબાલા હતી. પેશવાનાં રાણી વારાણસીબાઈ પોતે સાઠે શાસ્ત્રી પાસે સંસ્કૃત ભણતાં. એમની ભણવાની ધગશ અને ગ્રહણશક્તિ જોઈ પાઠશાળાના ડોંગરે શાસ્ત્રીને થતું 'આપણા ઘરની બહેનો ભણે તો શું ખોટું ?'

જોતજોતામાં પેશવાનું રાજ ગયું. પેશવા પણ પૂના છોડી નેપાળ ચાલ્યા ગયા. રાજા ગયા પછી પાટનગર ઉજ્જડ થયું જેને જ્યાં આશ્રય મળે ત્યાં ચાલ્યા ગયા. ડોંગરે શાસ્ત્રી મંગળૂર પહોંચી ગયા. કહ્યું છે કે સ્વદેશે પૂજ્યતે રાજા, પણ વિદ્વાન સર્વત્ર પૂજ્યતે. શાસ્ત્રીજીની વિદ્વત્તાને લીધે મ્હૈસૂર રાજ્યમાં પણ રાજાએ એમનું માન સાચવ્યું. પ્રતિષ્ઠા, શ્રી, કીર્તિ એમને કશાની જ કમી નહોતી, એમનાં પ્રથમ પત્ની ગુજરી ગયાં હતાં. બીજાં લગ્ન અભ્યંકર શાસ્ત્રીની કન્યા સાથે થયાં.

પોતાની પત્નીને ભણાવવાની ઈચ્છા વર્ષોથી મનમાં રાખેલી. પત્ની પણ બુદ્ધિશાળી અને હિંમતવાળી મળી. સમાજના વિરોધની પરવા કર્યા વગર શાસ્ત્રીજીએ પત્નીને ભણાવવાની શરૂઆત કરી. ધર્મમાર્તંડોએ અને એમને તાલે નાચતા સમાજે એમને પજવવામાં કશી બાકી ન રાખી. કઠોર વચનો, સમાજનો બહિષ્કાર, ડગલે ને પગલે હડહડતું અપમાન—બસ એના સિવાય જાણે જિંદગીમાં કશું હતું જ નહીં. એ જમાનો જ એવા ફૂટેલા કરમનો હતો. રાજા રામમોહનરાય જેવાને 'બહેનોને જીવતાં બાળશો મા' આટલું કહેવા ખાતર કુટુંબીઓએ અને સમાજે જ્યાં કાળો કેર વર્તાવીને પજવ્યા ત્યાં એક સામાન્ય શાસ્ત્રી વહુને ભણાવે એવી એની મજાલ ? ડોંગરે શાસ્ત્રી માટે ગામમાં રહેવું અશક્ય બની ગયું. શાસ્ત્રીજી

પણ બધાંને પૂરા પડે એવા હતા. એ ત્યાંથી નીકળી ગંગામૂળ નામના વનમાં જઈ ઝૂંપડી બાંધીને રહ્યા. ત્યાં પણ એમનું અધ્યયન અને અધ્યાપન સરસ રીતે ચાલ્યું. એમની વિદ્વત્તાની સુવાસથી આકર્ષાઈ જિજ્ઞાસુઓ એમને મળવા ત્યાં વનવગડામાં પણ આવવા લાગ્યા અને ત્યાં એક તપોવન જ સર્જાયું. આ વનવાસમાં જ કૃષ્ણાબાઈ, શ્રીનિવાસ અને રમાબાઈ જન્મ્યાં.

રમાબાઈનું નસીબ જન્મથી જ એવું પાધરું કે બિચારીને સુખનો 'વનવાસ' પણ કોઈ દી' મળ્યો નહીં. એના જન્મ પછી તરત જ શાસ્ત્રીજી ગંગામૂળ છોડી તીર્થયાત્રા કરવા નીકળ્યા. આ તીર્થયાત્રા પૂરાં પંદર વર્ષ ચાલી. રખડપટ્ટી વચ્ચે પણ મા સંતાનોને બને એટલું ભણાવતાં. તે દિવસોમાં પાટીપેન જેવાં સાધનો પણ ક્યાંથી? સાંભળવું, ધ્યાનમાં રાખવું અને મોંએ કરવું આ એક જ માર્ગે ભણાતું. પંદર વર્ષની રમા ભાગવતના ૧૮ હજાર શ્લોક કડકડાટ બોલી જતી. પાણિનિનો પહેલો ભાગ પણ આવડી ગયો હતો. ભગવાને એ કન્યને અઢળક રૂપ અને સતેજ બુદ્ધિ મુક્તાહસ્તે આપી હતી. લક્ષ્મીબાઈએ—રમાની માએ, પોતાની એકપાઠી કન્યાને પોતે મેળવેલી બધી વિદ્યા આપી.

ગમે એટલાં દુઃખ ભલે પડ્યાં પણ શાસ્ત્રીજી પાસે પૈસાની ખોટ નહોતી. પેશવાને ત્યાં અને મ્હૈસૂરમાં પણ લોકોએ અને રાજાઓએ એમની સારી કદર કરેલી. એમણે વ્યવહાર બુદ્ધિ રાખી પોતાની મૂઠી શેરોમાં રોકી હતી. વ્યાજમાંથી સંસાર સારી રીતે ચલાવતા હતા. પણ આપત્તિ આવે ત્યારે સંઘરેલું કામ આવતું હોય તો એ આપત્તિ શાની? દૈવગતિ ફરી અને જે કંપનીના શેરો લીધા હતા તે કંપનીએ ઉલાળિયું કર્યું. અધૂરામાં પૂરું પાસે હતું તે ધાડપાડુએ સાફ કર્યું. દૈન્ય અને કંગાલિયત જે જિંદગીમાં અનુભવી નહોતી તે હાથ ધોઈને પાછળ પડી. દરિદ્રતાને જીતવી એ પણ એક કળા છે. ચોસઠ કળાના જાણકાર શાસ્ત્રી આ પાંસઠમી કળામાં સાવ અબૂધ જેવા બની ગયા. પાસે જે આછુંપાતળું બચ્યું હતું તે સાચવી–સંભાળીને વાપરવાને બદલે એ પહેલાંની માફક ખર્ચી નાંખતા, દાનધરમમાં પૂરું કરી આવતા. એમ કરતાં પાસે કશું જ ના રહ્યું. અન્નાન્ન દશામાં એઓ વ્યંકટગિરિના વનમાં જઈ રહ્યા. ત્યાં ઝાડનાં પાન અને ખજૂર પર થોડા દિવસ ગુજરાન ચલાવ્યું. વૃદ્ધ વયમાં આ વિટંબણા અસહ્ય થઈ પડી. શાસ્ત્રીજીએ જળસમાધિ લેવાનો નિર્ણય લીધો. લક્ષ્મીબાઈ અને છોકરાંઓ પણ એમની જોડે દુનિયા છોડી જવા તૈયાર થયાં. પણ એમના દીકરા શ્રીનિવાસ શાસ્ત્રીએ એમને વાર્યા. એ પોતે પણ પ્રખર પંડિત હતા. મા-બાપ અને બહેનોને લઈ એ ગામમાં આવ્યા. પોતે કાંઈક કામ મળે તો શોધતા

હતા. પણ દુઃખના આઘાત સહન ન થવાથી મા, બાપા અને મોટી બહેન કૃષ્ણા એક પછી એક મરણ પામ્યાં. મદ્રાસ શહેરમાં શ્રીનિવાસ શાસ્ત્રી અને રમા બે ભાઈ–બહેન એકલાં પડયાં. એ બે જણ દક્ષિણ છોડી ઉત્તર તરફ ગયાં. છેક કાશ્મીર સુધી ગયાં. પછી પૂર્વ તરફ શહેરો અને તીર્થો જોતાં ૧૮૭૮માં કલકત્તા જ પહોંચ્યાં. ભૂખ, કષ્ટ, અપમાન, ઉપેક્ષા—બધું સહ્યું કાયા ઘસાઈ પણ વિદ્યાભ્યાસ ચાલુ રાખ્યો હતો. બુદ્ધિ બંનેની સતેજ હતી. કલકત્તામાં એમની વિદ્યાની કદર કરે એવા લોકો હતા. સ્ત્રી દાક્ષિણ્યની ભાવના પણ ખરી. સમાજસુધારકોની એ ભૂમિ છે. તે વખતે ત્યાં નવવિધાન બ્રહ્મોસમાજ ચાલતો. ત્યાં બ્રહ્માનંદ કેશવચંદ્ર સેનને ભાઈબહેન મળ્યાં. કેશવચંદ્રજીએ આ બેને તરત માપી લીધાં. આદરભાવથી એમને આવકાર આપ્યો. પોતાના પરિવાર સાથે અને સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ સાથે પરિચય કરાવ્યો. ખાસ કરીને રમાબાઈના વ્યક્તિત્વથી એ લોકો બહુ જ પ્રભાવિત થયા હતા.

પ્રથમ પરિચય પછી તરત જ કેશવચંદ્રજીએ રમાબાઈને ઋગ્વેદસંહિતા ભેટ આપી અને પૂછ્યું, “વેદનો અભ્યાસ કર્યો છે ખરો?”

“વેદગ્રંથ વાંચવાનો અધિકાર બહેનોને કયાં છે? એ અમારે નહીં વાંચવા એવી આજ્ઞા છે ને?” રમાબાઈએ વિવેકથી કહ્યું.

કેશવચંદ્રજીએ એમની વાત હસી કાઢી. વેદ અને ઉપનિષદોનો અભ્યાસ કરવા કહ્યું. ભાઈબહેને એમની સૂચના માની અભ્યાસ શરૂ કર્યો જેથી રમાબાઈના જીવનવિષયક વિચારો નિશ્ચિત રૂપ લેવા લાગ્યા. જાતિભેદ–વર્ગભેદ સાવ મિથ્યા છે એ ખબર પડી ગઈ અને એકેશ્વરવાદની મહત્તામાં એ માનવા લાગ્યાં.

બંગાળનું વાતાવરણ આ તેજસ્વી સ્ત્રી માટે બહુ જ અનુકૂળ હતું. રમાબાઈની વિદ્વત્તા, સ્વતંત્ર રીતે વિચાર કરવાની શક્તિ અને સૂઝ, ગમે ત્યાં, કોઈ પણ જાણ્યા–અજાણ્યા પ્રદેશમાં ફરી વળવાની નિર્ભયતા. ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી જ્ઞાનને રૂઢિના પાંજરામાંથી છોડાવી, લોકોને ખાસ કરીને બહેનોને સુખ અને સ્વાતંત્ર્ય મેળવી આપવાની એમની ધગશ, તર્કશુદ્ધ અને મીઠી વાણી–પ્રભાવી અને અત્યંત સુંદર વ્યક્તિત્વ એ બધાંથી ભલભલા અંજાઈ ગયા હોય તો એમાં નવાઈ શી? એવી આ અસામાન્ય સ્ત્રી પોતાની સંસ્થામાં જોડાય એટલા માટે બધા જ પ્રયત્ન કરવા લાગ્યાં. બ્રહ્મો સમાજવાળા, હિંદુ પંડિતો, ખ્રિસ્તી ધર્મપ્રચારકો બધાં જ એમની સાથે સંપર્ક રાખી એમને પોતાના કરવા માટે તક શોધી રહેતાં. કલકત્તાના સેનેટ હાઉસમાં જાહેરસભા બોલાવી વિદ્વાનોએ રમાબાઈનો સત્કાર કર્યો.

‘यया भवत्या यकिताः पण्डिता ईदृशा वयम् ।
ततोमन्यामहे साक्षात् वर्ततेऽत्र सरस्वती ॥’

એવા શબ્દોમાં એમની પ્રશસ્તિ આ સભામાં કરી હતી. ત્યારથી 'પંડિતા રમાબાઈ સરસ્વતી' તરીકે એ પ્રખ્યાત થયાં. આનંદમોહન બસુની હવેલીમાં બહેનોની એક વિશાળ સભા થઈ. ત્યાં બહેનોએ એમને માનપત્ર આપી એમનું બહુમાન કર્યું.

સિલ્હટ–શ્રીહટ્ટ પ્રાચીન સંસ્કૃત વિદ્યાનું કેન્દ્ર મનાય છે. સિલ્હટના નાગરિકોએ શ્રીનિવાસ શાસ્ત્રી અને રમાબાઈને બહુ સારો આવકાર આપેલો. ત્યાંના વિદ્વાનો માન આપે એ કાંઈ જેવી તેવી વાત નહોતી !

કીર્તિ, માન અને સુખ દર્શન દે અને ભાગે એવા લેખ છઠ્ઠીએ રમાબાઈના સુંદર ભાલપ્રદેશ પર લખ્યો હતો એમ લાગે છે ! ભાઈ શ્રીનિવાસ શાસ્ત્રી માંદા પડયા. સાવ સામાન્ય કહેવાય એવી ટૂંકી માંદગીમાં એ મૃત્યુ પામ્યા. પારકા પરદેશમાં સત્તર–અઢાર વર્ષનાં રમાબાઈ સાવ એકલાં પડયાં. એમના જેવાં વિદ્વાન સુંદર સ્ત્રી–માટે એકલાં પડવું એના જેવી કઈ આપત્તિ હોઈ શકે ? આજે પણ એવી કોઈ સ્ત્રી માટે એ સહેજે સુસહ્ય ન બને !

ત્યાર પછી રમાબાઈ પાસે લગ્ન માટે ઘણી દરખાસ્તો આવી ગઈ. પણ ભાઈ હતા ત્યારે જ સિલ્હટના વકીલ બિપિનબિહારી દાસે એમને પૂછેલું. એમની સાથે લગ્ન કરવાનો નિર્ણય રમાબાઈએ લીધો અને ૧૩ જૂન ૧૮૮૦ને દિવસે એઓ લગ્નગ્રંથિથી જોડાયાં. 'અષ્ટવર્ષા ભવેત્ કન્યા'વાળા એ જમાનામાં ઋતુકાળ પછી છોકરી લગ્ન વગરની રહે તો બ્રહ્મહત્યા જેવું પાપ ગણાય. ત્યાં એ ખાસ્સી મોટી બાઈ લગ્ન કરે, એ પાછી ન્યાતિ બહાર, પરપ્રાંતીય સાથે ! ગઈ સદીમાં આ કોઈએ કર્યું હતું આ વાત જ કેવી અદ્ભુત લાગે !

બાઈનું આખું આયુષ્ય આવી અદ્ભુત ઘટનાઓથી ભરપૂર છે. સુખ એમની સાથે સાતતાળી રમતું રહ્યું. વનવગડામાં એ જન્મ્યાં. દુર્દૈવના દશાવતારો સાથે ઝઝૂમતાં, દુ:ખને પચાવતાં બાઈએ જિંદગી જીવી બતાવી છે. અપયશને એઓ હરાવી ગયાં છે.

લગ્ન થયાં અને માથે પસ્તાળ પડી. હજુ કાલ-પરમ દહાડે જે લોકો માનપત્રો આપી બિરદાવતા હતા તે જ લોકોએ એમનો બહિષ્કાર કર્યો. સાસરિયાઓએ એ બંનેને હાંકી કાઢયાં. સિલ્હટ ગામમાં રહેવું આકરું થઈ પડયું એટલે એ શિલ્ચર (આસામ) રહેવા ગયાં. ૧૮૮૧માં મનોરમા જન્મી. દક્ષ ગૃહિણી અને આદર્શ માતા બની રહેલા રમાબાઈને જોઈ ફરી એકવાર નિયતિને અદેખાઈ આવી.

ઘરનું કામકાજ પરવારી રમાબાઈ થોડુંઘણું વાંચન કરતાં. એમાં 'લુકાનું વર્તમાન' નામની બંગાળી ચોપડી એમના હાથમાં આવી. વેદાંતનાં અભ્યાસી

પંડિતાને એ પુસ્તકમાં રસ પડચો અને ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષણ થવા લાગ્યું. મિ. એલન નામના પાદરી વારંવાર મળવા આવતા. એમણે કહેલી બાઇબલમાંની ઉત્પત્તિકથા એમને વધારે તર્કશુદ્ધ લાગી. રમાબાઈનું મન અને વાણી સ્ફટિક જેવી પારદર્શક અને નિર્મળ હતી. કોઈ પણ વિચાર યા લાગણી સંતાડવાનું એમના સ્વભાવમાં નહોતું. એમના વિચારોમાં થઈ રહેલું પરિવર્તન બિપિનબાબુ જોઈ શકતા હતા. બધા જ પરિચિતો પણ એ વિશે જાણતા હતા. એ પરથી પતિપત્ની વચ્ચે વાદવિવાદ અને વિસંવાદ પણ થવા લાગ્યા. દૈવગતિ પણ એવી કે લગન પછી બરાબર ૧૯ મહિને બિપિનબાબુ સ્વર્ગે સિધાવ્યા.

રમાબાઈની વીતકકથા છેક પૂનામાં ન્યાયમૂર્તિ રાનડે, વામનરાવ મોડક, ડૉ. ભાંડારકર વિ. પ્રાર્થનાસમાજવાળા સમાજસુધારકોએ જાણી ત્યારે એ લોકોએ આગ્રહથી એમને પૂના બોલાવી લીધાં. ત્યાં ફિમેલ ટ્રેનિંગ કોલેજના હોલમાં દર શનિવારે બહેનોની સભા થતી. જોકે એમાં કોઈ ભાઈનું જ વ્યાખ્યાન થતું. રમાબાઈના પૂના આવ્યા પછી એમણે આ સભામાં ભાગવત પર વ્યાખ્યાનો આપ્યાં અને થોડા દિવસ પછી ૧ મે, ૧૮૮૨ને દિવસે આર્ય મહિલા સમાજની સ્થાપના કરી. મુંબઈ રાજ્યની આ જાતની આ પહેલી સ્ત્રી સંસ્થા.

બાઈની વાણીમાં ગજબની મીઠાશ. ઊંડું અને આકર્ષક શૈલી જ્ઞાન, વ્યક્તિત્વ પણ પ્રસન્ન અને સુંદર. નાનાં મોટાં સહુ કોઈને બાઈ ગમી જતાં. બહેનોની સંખ્યા એમને લીધે ખૂબ વધવા લાગી અને આર્ય મહિલા સમાજની શાખાઓ સોલાપુર, પંઢરપુર, અહમદનગર, મુંબઈ બધે સ્થપાઈ. હજુ આજે પણ આ સંસ્થા સારી રીતે ચાલે છે, બાળકાશ્રમ જેવી સંસ્થાને આધારરૂપ થાય છે, કન્યાશાળાઓ ચલાવે છે અને સમાજસેવાની બીજી પ્રવૃત્તિ પણ કરે છે.

સરકારે ભારતની પરિસ્થિતિ જાણવા માટે નીમેલા હંટર કમિશન સમક્ષ રમાબાઈએ સાક્ષી આપેલી અને એ બહુ જ સચોટ અને સારી હતી એવી નોંધ મળી આવે છે.

પૂના આવ્યા પછી રમાબાઈએ અંગ્રેજી ભાષાનો અભ્યાસ શરૂ કર્યો. એમને ડૉક્ટર થવાની બહુ ઇચ્છા હતી. મેટ્રિકની પરીક્ષા આપી ડૉક્ટર થવું, આગળ ભણવા માટે વિલાયત જવું, ત્યાંની મહિલા સંસ્થાઓ કેવી ચાલે છે તે પ્રત્યક્ષ જોવું એવી ઇચ્છાથી એમણે પ્રયત્ન શરૂ કર્યા. પૂનામાં સામાજિક સેવાકાર્યમાં મદદરૂપ થયેલા માણસો એમના આ સાહસમાં મદદ કરે એવી આશા રાખવી એ તો મૂર્ખામી હતી. બાઈ દુનિયા જોઈને ડહાપાઈ ગયાં હતાં. આવી મૂર્ખામી કરે એવાં નહોતાં. પોતે એક સ્ત્રી હોવાથી જે કાંઈ મળે એ મૂંગે મોંએ સ્વીકારી સંતોષથી રહેવું એવું એમના લોહીમાં જ ક્યાં હતું ? સ્વમાની પણ એવાં કે

હાથ લાંબો ના કરે. વિલાયત જવા માટે પ્રવાસખર્ચ ભેગો કરવા એમણે 'સ્ત્રી ધર્મ નીતિ' નામનું પુસ્તક લખી પ્રસિદ્ધ કર્યું (૧૮૮૨). તે વખતે દાદોબા પાંડુરંગ તર્ખડકર મુંબઈ સરકારના ટ્રાન્સ્લેટર હતા. એમના પ્રયત્નથી સરકારે એ પુસ્તકની બધી પ્રતો ખરીદી લીધી. બીજે પણ એ પુસ્તક સારી પેઠે ખપી ગયું અને પ્રવાસખર્ચ માટેની રકમ ભેગી થઈ. એમના અંગ્રેજીનાં શિક્ષક મિસ હર્ફર્ડ હતાં. એમણે ઈંગ્લૅન્ડમાં મિશનમાં રહેવાની સગવડ કરી આપી. રમાબાઈએ ત્યાં રહેવું અને ભારત આવવા ઇચ્છતી સિસ્ટર્સને મરાઠી શીખવવું એવી જોગવાઈ થઈ હતી. ૧૮૮૩ના મે માસમાં બાઈ નાનકડી મનોરમા સાથે વૉંટેજના મઠમાં જઈ પહોંચ્યાં. મઠની સાધ્વીઓ (નન્સ) એમને લેવા આવી હતી. ત્યાંનાં વૃદ્ધ સિસ્ટર જેરાલ્ડિન, જેને રમાબાઈ દાદીમા કહેતાં, એ બાઈની નાની મનોરમાની દેખભાળ લાગણીથી કરતાં.

મઠમાં રહ્યા પછી શિક્ષણ સાથે ખ્રિસ્તીધર્મનું શિક્ષણ પણ થાય જ. ખ્રિસ્તી ધર્મ પ્રત્યે મનમાં આકર્ષણ પણ હતું જ. એ ધર્મનો અભ્યાસ થયો એ વિશે ચર્ચા કરી મનની શંકાઓ દૂર થઈ. એ ધર્મતત્ત્વો સાથે પોતે સંમત થયાં, એટલે રમાબાઈએ વગરસંકોચે નિર્ણય લીધો. ૧૮૮૩ના સપ્ટેમ્બર માસમાં એમણે ખ્રિસ્તી ધર્મ સ્વીકાર્યો. પંડિતા રમાબાઈ સરસ્વતી 'મેરી રમા' થયાં !

બધા ધર્મોના સિદ્ધાંતો અને તત્ત્વો ઉચ્ચ અને અને ઉદાત્ત જ હોય છે. પણ દરેક ધર્મના ધર્મગુરુઓ જીવનને સંકુચિત બનાવી દંભની પછેડી ઓઢાડે છે. રમાબાઈને બાઇબલની જીવનદૃષ્ટિ ગમી હતી. ઈશુની આજ્ઞાઓ માનવા એ તૈયાર થયાં હતાં. પણ ચર્ચ સાથે આ બુદ્ધિશાળી સ્ત્રીનું બની ના શક્યું. સાધારણ રીતે સંજોગોને વશ થઈ, લાચારીથી ધર્મપરિવર્તન કરનારી વ્યક્તિઓ જે રીતે બધું ચલાવી લે તે રીતે કશું સાંખી શકે એવાં એ હતાં જ નહીં ! એમની એ સ્વતંત્ર પ્રજ્ઞા ચર્ચના લોકો સમજી પણ ના શક્યા. અને ચલાવી લેવાની તો વાત જ ત્યાં હતી નહીં. એટલે ધર્મ છોડયો એ કારણથી સ્વજનો છૂટ્યાં અને ચર્ચ સાથે ના બન્યું એટલે નવા મિત્રો પણ ના પામી શક્યાં. આ એવડા સંઘર્ષને પહોંચી વળવા જેટલાં એ જબરાં નીવડયાં !

અસામાન્ય બુદ્ધિશાળી અને તેજસ્વી હોવા છતાં રમાબાઈ કઠોર કે રુક્ષ ના બન્યાં. આ એમનો સૌથી મોટો સદ્દગુણ છે, એમની બુદ્ધિમત્તા બીજાને વામણા કરવામાં રાચે એવી નહોતી. ઘણીવાર બુદ્ધિમાન લોકો વિનય અને વિવેકભર્યા શબ્દોના ભંડારો ઠાલવી કશું કર્યા વગર ચાલ્યા જતાં હોય છે. બાઈના શબ્દોમાં તર્ક અને દલીલ રહેતાં, પણ એમનું મન કોમળ હતું. હાથ સેવા માટે તત્પર રહેતા. મનમાં ભરેલો માનવતાનો કુંભ કરુણાથી છલકાતો હતો. પોતાની ભાવના

શબ્દોમાં મઢાવવાને બદલે એમણે કૃતિમાં ઉતારી અને તે પણ તીવ્ર ઉપહાસ, ઉપેક્ષા અને વિરોધ સહન કરતાં કરતાં, તન મન અને ધનથી ઘસાઈને ઉતારી.

ભારત પાછાં ફર્યા પછી એમણે શારદાશ્રમની સ્થાપના કરી. બહેનોને ભણાવી ગણાવી સ્વાશ્રયી બનાવવા માટે એકલે હાથે એ ઝઝૂમતાં રહ્યાં બાળલગ્નોના એ જમાનામાં આઠદસ વર્ષની વિધવા છોકરીઓનાં માથાં મૂંડી એમને મારી મચડીને કચડી નાંખવામાં આવતી. રમાબાઈએ એવી બાળાઓને આશરો આપ્યો. બની શકે એટલાંનાં પુનર્લગ્ન કરી આપ્યાં. મહર્ષિ કર્વેનાં પત્ની બાયા આ શારદાશ્રમમાંથી જ પુનર્લગ્ન કરી કર્વેને ત્યાં ગયાં.

આ કામ માટે ભારતીય સમાજ પાસેથી પૈસા મળે એવી કોઈ શકયતા હતી નહીં. બાઈ મિશન પાસેથી નાણાં મેળવી કામ કરતાં. પણ શેર લોહી બળે ત્યારે થોડા પૈસા મળે એવી ત્યાં દશા હતી. પોતાની સ્વતંત્ર પ્રજ્ઞા સાથે કામ કરનાર પુરુષોને પણ ઘણું સહેવું પડે છે ત્યાં 'પુરુષાર્થ' કરવા ધારતી નારીને માથે ઝાડ ઊગે એમાં શી નવાઈ ! એમાં પાછી પોતાના જેવી જ રૂપરૂપના અંબાર જેવી મનોરમાને સાથે રાખી આ સંઘર્ષને પૂરા પડતાં દમ નીકળતો હતો. એમની એ આપવીતી, એમની આત્મકથા 'ટેસ્ટિમની' માંથી વાંચવા જેવી છે.

મુંબઈનું શારદા-સદન એમણે આગળ જતાં રમાબાઈ સાહેબ રાનડેને સોંપ્યું. એમણે એ સરસ વિકસાવ્યું. આજે પણ એ સંસ્થા મુંબઈમાં સારું કામ કરે છે. મુંબઈ છોડી મિશન લઈ બાઈ કેડગામ જતાં રહ્યાં. છપ્પનિયાના દુકાળમાં દેશ બેહાલ થઈ ગયો ત્યારે મરતાં બચ્ચાંઓને છોડી માબાપ નાસી જતાં. ભલું હશે તો પેટનાં જણ્યાં વેચવા પણ નીકળતાં ! રમાબાઈએ આવી કમનસીબ કન્યાઓ માટે કેડગામમાં મિશન ખોલ્યું. એમને સ્વાશ્રયી કરવા ખેતી, પરિચારિકા વર્ગ, શિક્ષણવર્ગો, કુટીરોદ્યોગ, છાપખાનું બધું જ ચલાવ્યું.

જીવનની એક ક્ષણ પણ નકામી જતી નહોતી. સતત સાધના અને સતત ઉદ્યમ આ બાઈનું સિદ્ધાંત-સૂત્ર હતું. વિધાતાએ એમની કસોટી કરવામાં કશી બાકી ના રાખી. ઉંમર સાથે શરીર ઘસાતું હતું, થાકતું હતું ત્યાં નસીબે છેલ્લો ઘા કર્યો જુવાનજોધ જેવી દીકરી મૃત્યુ પામી. એમનો પ્યાલો દુઃખથી છલોછલ છલકાયો ! બાઈએ ગજબની હિંમતથી એ ગળે ઉતારી પચાવ્યો અને કર્તૃત્વથી અજવાળી કરુણાથી ભરી, એ પાછો વાળ્યો !

૧૯૨૨માં ૭૫ વર્ષની ઉંમરે એ જીવનયાત્રા પૂરી થઈ.

જે દુનિયામાં એ જન્મ્યાં હતાં એ દુનિયા ૭૫ વર્ષ પછી પ્રગતિને માર્ગે ઘણી આગળ વધી હતી અને પંડિતા રમાબાઈ એ માર્ગ પરના દીપસ્તંભ જેવાં હતાં.

# ૩. મા શ્રીશારદામણિદેવી

લગભગ સવાસો વર્ષ પહેલાંની વાત છે. એ વખતે હજુ વ્યક્તિ–સ્વાતંત્ર્યની વાત આપણા દેશ સુધી આવી પહોંચી નહોતી. રૂઢિના કોટકાંગરા અડીખમ ઊભા હતા. સ્ત્રી માટેની બધી સંકુચિત અને અનુદાર માન્યતાઓ લોકોના મનમાં દરીદ્દામ થયેલી હતી અને બહેનો પણ બાપડી બિચારી થઈ મૂંગા ઢોર જેવું જીવન જીવતી હતી.

કૂતરું રોટલી લઈને નાસે તો રખેને એના પેટમાં દુખશે એમ માની એની પાછળ ઘીની વાડકી લઈને દોડતા પરમકૃપાળુ સાધુસંતો પણ સ્ત્રી જાતિ માટે ઘૃણા અને તિરસ્કાર જ મનમાં રાખતા. જોકે અમારા આરાધ્ય દેવોને વામાંગે દેવીઓ પણ વિરાજે છે તો ખરી જ. દેવ સાથે એની પણ પૂજા થતી. રાધાજીની મધુરા ભક્તિ અને રાધાકૃષ્ણના પ્રેમની ગાથાઓ ગાતાં અમારા કવિ અને ભાવિક ભક્તજન ધરાતાં નહીં. પણ એ પ્રેમનો કે ભક્તિનો છાંટો સરખો એમના ગૃહસંસારને સ્પર્શતો નહીં. મેલાં કપડાંને પાણી ન અડે તેમ ભક્તિરસમાં ગળાબૂડ ડૂબેલાં પણ કોરાં ને કોરાં જ રહેતાં. એવા જમાનાની આ વાત.

કલકત્તા શહેર. પદ્માનાં નીર શાંત ગતિએ વહી રહ્યાં હતાં. એના ઊંડા વિશાળ પાત્ર સામે એકીટશે જોઈ રહેતું એક કૃષ્ણ પાષાણનું ભવ્ય મંદિર ત્યાં છે. દક્ષિણેશ્વર મહારુદ્ર અને આદ્યિમાયાનું ત્યાં બેસણું છે. એ મંદિરના પૂજારી એ વખતે હતા ગદાઈ. આમ એ યુવાન તેજસ્વી લાગે. છતાં ધૂની, ડાહ્યાડમરા ને ઘેલો લાગે પણ રાણી રાસમણીએ પૂજાનું કામ એ યુવાનને સોંપેલું. એટલે બધા ચલાવી લેતા.

એ કાળના રિવાજ મુજબ ગદાઈના લગ્ન બાળવયમાં જ જયરામબાટી નામના એક ગામડાની છોકરી સાથે થયાં હતાં. ગામડાના એ ઘરમાં ખેતી હતી. ઢોરઢાંખર અને વસ્તારી કુટુંબ. એટલે વૈતરાં કૂટવાનું કપાળે લખેલું જ હોય. છતાં આ છોડીની ભાગ્યરેખાએ કાંઈ જુદો જ વળાંક લીધેલો. તે નાનપણથી માટીના ચૂલા માંડી ‘ઘર ઘર’ રમવાને બદલે એ છાણમાટીની દેવમૂર્તિઓ બનાવી પૂજાની જ રમતો રમતી. એકંદરે જોડો મજાની હતી.

મોટી થયા પછી શારદા જયરામબાટીથી સાસરે કામારપુકૂર ગઈ. ત્યાં પણ વૈતરું એનું એ જ. પણ ત્યાં મૈયરની માયા ન મળે એટલો જ ફેર. વળી ત્યાં

લોકો કાંઈકાંઈ વાતો કરતાં. 'ગદાઈનું ખસી ગયું છે' કહેતા; તો કોઈ એને 'મહાત્મા' પણ કહેતા. કાલીમાતા હાજરાહજૂર એને મળે, એની સાથે વાતો કરે છે, એમ પણ સંભળાતું. એમાં સાચું શું? એ નાની છોકરી મૂંઝાઈ જતી. છતાં હજારો વર્ષના સંસ્કાર એને કાનમાં કહી જતા.'બધ્યું જે હશે તે, અને જેવાં હશે તેવાં. એ કરે એમ આપણું કરવું થયું.'

અને આખરે એક દિવસ શારદામણી પોતાનાં સાસુજી સાથે દક્ષિણેશ્વર ગયાં. પતિ મંદિરના પૂજારી, એટલે એ મંદિરમાં જ રહેતા. સ્ત્રી વર્ગને મંદિરના નોબતખાનામાં ઉતારો આપ્યો એ બંનેએ ત્યાં રહેવાનું સહજ રીતે સ્વીકાર્યું. સેવાનાં જે દેખાય એ કામ કરવાની શરૂઆત શારદાદેવીએ મૂંગે મોંએ કરી. જુવાનીના શરૂઆતના એ દિવસો હતા. ભલભલાનાં મન એ દિવસોમાં હાથમાં નથી રહેતાં.

એક દિવસ પતિએ પૂછ્યું,

"કોઈ પણ સામાન્ય સ્ત્રી જેવું ઘર માંડવાનું મન થાય છે?"

એ કિશોરીએ પોતાની નિર્મળ આંખોથી એમની સામે જોતાં પૂછ્યું,

"આપ શું ઈચ્છો છો?"

"મારે? મારે આમાં કાલીની ઉપાસના કરવી છે. કોકવાર માનાં દર્શન પણ થાય છે. ત્યારે મન કેવું આનંદવિભોર થાય. ઘેરઘેર વસતી આ આદિમાયાનો સાક્ષાત્કાર થાય એ ખાતર જિંદગી જીવવાનું મન છે." ગદાઈબાબુએ એમનું પોતાનું સ્વપ્ન બતાવ્યું.

"મારું મન આપનાથી જુદું નથી." તદ્દન સાદા અને સીધા શબ્દ. પણ એમાં જે સત્યનો રણકો હતો તે સાંભળી એ સાક્ષાત્કારી મહાપુરુષ પણ નવાઈ પામ્યા. જે સંસારસુખના મોહજાલમાં ભલભલા ફસાય છે એ સુખને આ ગામડામાંથી આવેલી એક છોડી કેવા સહજ ભાવે બાજુએ મૂકતી હતી! કદાચ એ સુખ એટલે શું એ જાણતી પણ ના હોય. દુનિયા સ્ત્રીને મોહમયી કહે છે, નરકની ખાણ કહે છે. પણ આ તો કેવી નિર્મળ, નિર્દોષ. પણ એની આંખો નિર્બુદ્ધ નથી. એ બધું જ સમજતી લાગે છે.

દક્ષિણેશ્વરના મંદિરમાં એક અનેરો સંસાર મંડાયો. પતિ અને સાસુ બંનેની સેવા એ ગૃહિણી પ્રેમથી અને આનંદથી કરે છે. એમાં કોઈ અપેક્ષા નથી, ડોળ નથી, મનદુઃખ નથી. એક દિવસ સ્વામીએ આજ્ઞા કરી, મંદિરમાં, પોતાના ખંડમાં આવી

રહેવા કહ્યું. સાધના સમજીને કરવી. મન મારીને કરેલી સાધના ફળે નહીં અને મન મળે નહીં ત્યાં સંસાર પણ સારી રીતે થાય નહીં. એમાંથી જે કરવું હોય તે સારી રીતે કરવું જોઈએ.

પતિ–પત્ની એક ખંડમાં રહેવા લાગ્યાં. બંને આનંદમાં હતાં. પત્ની સેવામાં રચ્યાંપચ્યાં રહે અને પતિ એને પોતાની સાધના વિશે કહે. પોતાને આવતા વિલક્ષણ અનુભવોનું વર્ણન કરે. સ્વચ્છ દર્પણ પર જેમ સહજ સરસ પ્રતિબિંબ ઊમટે તેમ શારદાદેવી એ બધું તરત ગ્રહણ કરતાં. સ્ત્રીનું એક અત્યંત સુંદર, પવિત્ર અને શ્રેષ્ઠ રૂપ સાધક જોઈ રહ્યા હતા. વાસનારહિત, અહંકારશૂન્ય પ્રેમમૂર્તિ સમી પોતાની એ પત્નીમાં શ્રી રામકૃષ્ણ પરમહંસને સાક્ષાત્ જગન્માતાનું રૂપ દેખાયું. માના એ ષોડષી રૂપની એમણે યથાવિધિ પૂજા કરી. એના પગ ધોઈ અનન્ય ભાવે એ ચરણ પર પોતાનું માથું મૂકયું. મોટા મોટા સાધકો સિદ્ધિઓ મેળવે છે. એ સંયમથી પચાવે છે. છતાં એઓ પણ સન્માનને ભાગ્યે જ પચાવી શકે. પતિએ કરેલી ષોડશી પૂજા સહજ ભાવે સ્વીકારી શારદામા એવાં ને એવાં જ, સાદાં સરળ અને સેવારત રહ્યાં.

શારદામાની બીજી એક વિશેષતા સ્વામી ઠાકુરને ગમી ગઈ. એઓ અપપર ભાવથી પર હતા. આ પોતાનો–પેલો પારકો, આ નાનો–પેલો મોટો એવું કોઈ મનમાં જ ના આવે. બધાં પર એ ખૂબ પ્રેમ કરતાં, બધાંની સેવા કરતાં છતાં કોઈ પાસે સાદી અપેક્ષા પણ રાખતાં નહીં. એમની સેવા એટલી સહજ હોય કે સેવા લેનારને એનો ભાર લાગતો નહીં, તેમ જ એ ભલે નમ્ર હોય, સેવાભાવી હોય–એ કોઈ દિવસ કોઈને ક્ષુદ્ર પણ નહોતાં લાગતાં. એમની મહત્તા ફુલના સુવાસ જેવી આપમેળે જ સહુકોઈને સમજાતી. એમનું સામર્થ્ય જાણ્યા પછી એવા સમર્થ આધાર પામ્યાની આશાયશ સહુ અનુભવતા. એમની મોટાઈથી સામાને પોતે ક્ષુદ્ર છે એવું લાગવાને બદલે એમની છાયામાં આવે એ પોતે પણ મોટાં જ થતાં. બધાંના અપરાધ, બધાંની ભૂલો, બધાંની ક્ષુદ્રતા મા પોતે સ્વીકારતાં. એમના સ્વભાવમાં અલૌકિક ઔદાર્ય હતું.

મા શારદામણીનું દિવસે દિવસે વિકસિત થતું સ્ત્રી સ્વરૂપ અપૂર્વ હતું, અનુપમ હતું. સંસારમાં પતિપત્ની વચ્ચે, સ્ત્રી–પુરુષ વચ્ચે આવો વાસનારહિત એકરાગ હોઈ શકે?—આ એક નવો સાક્ષાત્કાર જ હતો. આ પ્રેમને વિરહની વ્યથા સ્પર્શી ના શકે. અતૃપ્તિનો ઉચાટ કે તૃપ્તિની વિરક્તિ વિનાનો માત્ર નિત્યાનંદ એ સહજીવનમાં છલકાતો હતો. પોતાની આજુબાજુનાં બધાંને જ એ સુખાનંદ એઓ બંને આપી રહ્યાં હતાં.

એક દિવસ વાતવાતમાં પરમહંસે એમને પૂછ્યું પણ ખરું,

"તમે શું મને સંસારમાં ખેંચી જશો?"

હા. આટલી સેવા, આટલી સારપ – આ સાધના એટલા માટે પણ હોઈ શકે!

પણ માતાજીએ ક્ષણમાત્ર વિચાર કે જરાજેટલી આનાકાની કર્યા વગર સ્પષ્ટ જવાબ આપી દીધો,

"ના. હું તમને સંસારમાં શું કામ ખેંચું? મારાથી થાય તે મદદ તમારી સાધનામાં ના કરું?"

અને સાચે જ શ્રી રામકૃષ્ણ પરમહંસની અધ્યાત્મસાધનામાં શ્રીશારદામા એમનાં સહધર્મિણી બની રહ્યાં. સ્વામી ઠાકુરે પોતે કબૂલ કર્યું કે, "એ આટલાં સારાં ન હોત તો મનઃસંયમની પાળ તોડી હું દેહબુદ્ધિની જાળમાં ફસાયા વગર ના રહી શકત!"

અધ્યાત્મમાર્ગમાં વિઘ્ન નહીં પણ સહાયકર્તા થવાની સ્ત્રીની ક્ષમતા કેટલી મોટી હોઈ શકે એનો જીવતો-જાગતો દાખલો માતાજીએ દુનિયાને આપ્યો. એ ઉપરાંત સ્ત્રી પોતે એ માર્ગ પર કેટલી આગળ વધી શકે છે એ પણ એમણે બતાવ્યું. એ પતિપરાયણ સ્ત્રીએ પતિએ દેહ મૂક્યા પછી પણ એમની પરંપરા આગળ ચલાવી નાનાંમોટાં બધાંને અપનાવ્યાં. આધ્યાત્મિક પરંપરામાં ચાલી આવતી ગૂઢ વાતો સાદી સરળ રીતે સહુને સમજાવી સાદા સીધા માણસોનાં જીવતર સુધાર્યાં. ભક્તિ અને સાધનાના માર્ગમાંથી દંભ અને આડંબર પોતાના વર્તનથી વગર બોલ્યે દૂર હઠાવ્યાં. માતાજીના કેટલાક શિષ્યો વગર સંકોચ એકરાર કરતા,

"મા, અમારાથી આ કડક નિયમ નથી પળાતા!"

"ઠીક, કાંઈ વાંધો નહીં. મનોભાવથી પ્રભુને હાથ તો જોડશો ને?"

"એટલું પણ અમ રંકથી ક્યાં થાય છે?"

"જવા દો ત્યારે! હું જપતપ કરું છું એ તમારે માટે તો છે!" મા કહેતાં! દયા અને ક્ષમા મા પાસે અપાર હતી, પણ દંભ અને અસત્યને માત્ર જરા જેટલું પણ સ્થાન હતું નહીં. એટલે જ રામકૃષ્ણ મિશનની પરંપરા આપણી બીજી કોઈ પણ ધાર્મિક પરંપરાથી ભિન્ન છે. એ મિશન બુદ્ધિનિષ્ઠ છે, પણ રુક્ષ કે કઠોર નથી. ત્યાં એકાગ્રતાનું મહત્ત્વ છે, છતાં સિદ્ધાંતોમાં કે કાર્યપદ્ધતિમાં એકાંગીપણું નથી. અનાસક્તિ અને વિરક્તિ છે છતાં સમાજના પ્રાણપ્રશ્નો બાજુ પર રાખે એવો પલાયનવાદ નથી. યમ-નિયમ સાથે સર્વધર્મસમભાવ પણ છે.

શ્રીરામકૃષ્ણ પ્રભુને લીધે એ પરંપરા ગંભીર અને ગંભીર છે. માતાજી લીધે એને પ્રસન્ન, સેવામયી અને સર્વસંગ્રાહક છે.

સ્ત્રી અને પુરુષના સંયોગથી એક સંપૂર્ણ અને સંપન્ન વ્યક્તિત્વનું સર્જન થાય છે–એ સર્વાંગી સાધના શક્ય બની શકે છે એ એમના દાંપત્ય-જીવનનું રહસ્ય છે. એટલે જ ગઈ સદીમાં સ્ત્રીની દશા જ્યારે અત્યંત હીન, દીન, દયનીય હતી–સ્ત્રી શુદ્ર અને ચાંડાળ સરખી ગણાતી–એ જમાનામાં મોટા મોટા વિદ્વાન પંડિતો, સાધુ અને સાધકો શારદાદેવીના ચરણ પર મસ્તક મૂકી ગુરુમંત્ર લેવામાં ધન્યતા માનતા હતા. એક બાજુ એવા શિષ્યવરોના પ્રણામ સ્વીકારતાં અને બીજી બાજુ વાસણ કપડાં જેવું ઘરકામ એટલા જ સહજભાવે ચાલ્યા કરતું. ગાંડી રાધુની ગાળો પણ એટલા જ પ્રેમથી એમણે ઝીલી લીધી અને એ જ લાગણીથી સ્વામી વિવેકાનંદને માર્ગદર્શન આપ્યું. ભગિની નિવેદિતા જેવી તેજસ્વિની માટે જે સ્નેહ મનમાં હતો એ જ સ્નેહથી લાકડા લાવતી હરિજન બહેન માટે પણ હતો. તેથી જ તો એને કોઈ વઢે નહીં માટે રાતોરાત એની ઝાડા–ઉલટી સાફ કરવામાં દોડયાં હતાં!

કોઈ બિચારી નાદાન છોકરી ન કરવા જેવી ભૂલ કરી બેઠી. જન્મદાતા માબાપે એને હડસેલી મૂકી. ફસાવનાર માણસ નાસી છૂટયો. સમાજે કૂવો પૂરવા કર્યું–એવી એ અભાગણીને માએ પાસે લીધી. વાંસે હાથ ફેરવી ગુરુમંત્ર આપ્યો. જગતમાં ફરી સ્થાન અને પ્રતિષ્ઠા અપાવી. એવું નૈતિક સામર્થ્ય મા શારદામણીમાં હતું–એટલે જ સ્વામી ઠાકુર કહેતા,

"આ મંદિરમાં જે માતા છે–એ જ ત્યાં નોબતખાનામાં છે!"

મધ્યરાત્રીના અંધારાનો છેદ લઈ પ્રકાશની પ્રથમ તેજોરેખા દેખાય એવું આ મનોજ્ઞ, સુંદર અને પૂજ્ય દર્શન છે!

# ૪. કર્મયોગી ભગિની નિવેદિતા

૧૯મી સદીનાં છેલ્લાં વર્ષો હતાં. બંગાળમાં રામકૃષ્ણ પરમહંસ દેવ થયા દેહ છોડતા પહેલાં એમણે કહેલું, 'મારો નરેન્દ્ર જગતને પ્રકાશ આપશે' કેટલી શ્રદ્ધાથી અને આત્મવિશ્વાસથી એ દેવપુરુષ બોલ્યા હતા! સનાતન ભારતીય સંસ્કૃતિની મૂર્તિસમા પરમહંસ જીવનલીલા સંકેલી ગયા. સ્વામી વિવેકાનંદે–નરેન્દ્રે ગુરુનું ભવ્ય જીવન પાસેથી જોયું હતું, ભાવથી એમનાં જીવનતત્ત્વો ગ્રહણ કર્યાં હતાં. ગુરુએ મહાસમાધિ લેતાં પહેલાં આ પ્રિય શિષ્યને પોતાનું તપઃસામર્થ્ય, પાવિત્ર્ય અને જ્વલંત તેજ આપી પોતાના ઉત્તરાધિકાર સોંપ્યા હતા. ગુરુએ આપેલી દિવ્ય દૃષ્ટિ, જ્ઞાન અને જન્મજાત સુજનતા સાથે વિવેકાનંદે ભારતયાત્રા કરી. સ્વર્ગથી પણ મહાન એવી જન્મભૂમિના દર્શનથી સ્વામીજી વિચારમાં પડ્યા. દક્ષિણસીમા પર જ્યાં ત્રણ સાગર મળે છે, ત્યાં જળરાશિ વચ્ચે એક શિલાખંડ પર બેસી સામે દેખાતા ભરતખંડ વિશે ત્રણ રાત્રી અને ત્રણ દિવસ એમણે ચિંતન કર્યું. કેવો હતો એમનો ભારત દેશ! વેદોની અને સનાતન સંસ્કારોની પરંપરા પાછળ હોવા છતાં ગાડાંઘેલાં રિવાજો અને રૂઢિ વચ્ચે ભીંસાતાં વામણાં માણસો દરમાં જીવતાં કીટકો જેવાં જીવી રહ્યાં હતાં. સ્વમાન વગરના, લાચાર અને અજ્ઞાની એવા કરોડો દેશબાંધવોને પ્રકાશ આપવાની આજ્ઞા આપી ગુરુદેવે કેવી મોટી જવાબદારી માથે મૂકી હતી !

આ કેવી રીતે થાય ? સ્વામી સમાધિમાં બેઠા હતા. એમની સામે આ ભારત અને ભારતને પેલે પાર પથરાયેલું જગત હતું. ચરાચરને વ્યાપી રહેલા પરમાત્માનું સુદર્શન ચક્ર ફરી રહ્યું હતું એના પશ્ચિમ હસ્તમાં યંત્રના ચક્રમાં એની ગતિ પ્રવેશી હતી. યંત્રયુગની અને વિજ્ઞાનની ઉપેક્ષા કરી ધર્મને નામે પોતાનું અજ્ઞાન, પ્રમાદ છુપાવવાનો દંભ છોડ્યા વગર પ્રકાશ મળે એમ નહોતું. અને મળે તો પણ એ સહેવાય કયાંથી ? ભારતીય સંસ્કૃતિ અને નવયુગનું વિજ્ઞાન અને ઉદ્યમ જો એક ન થાય તો સંસ્કૃતિ વગરની સિદ્ધિઓ ભોગલાલસામાં સબડતી રહેશે અને નિષ્ક્રિય, નિરુદ્યમી સંસ્કૃતિ પ્રાણ વગરની થઈ નાશ પામશે. જગતનું કલ્યાણ એ બંનેનાં સંગમ વગર ના થાય. આ સંગમ કેવી રીતે થઈ શકે ?

વિચારમગ્ન સ્વામીજીને સામે દેખાયાં જગન્માતા કાલી. એમનાં ચરણો પાસે બેસી ભૈરવી મા પાસે ગુરુમંત્ર લેતા દેખાયા ગુરુ રામકૃષ્ણ પરમહંસ. સહજ

વૈરાગ્યથી ઝળહળતાં મા શારદામણીદેવીના પુણ્યપ્રકાશમાં ગુરુમૂર્તિ દીપતી હતી. ત્યારપછી દેખાયાં અન્નપૂર્ણાસમાં શાંત, પ્રસન્ન અને સંપન્ન મા ભૂવનેશ્વરી ! સત્ત્વહીન પ્રજા ટકી રહી હતી. સંસ્કારોના પ્રાણ હજુ ઝબૂકતા હતા તે આવી માતાઓના સતને લીધે. સાધુ–સંન્યાસીઓ સ્ત્રીને ધિક્કારે છે, એને નરકની ખાણ માને છે. સ્ત્રી, ચાંડાળ અને શૂદ્રોને પતિત માની સમાજે–પુરુષે પોતાને હાથે પોતાના પગ પર કુહાડી મારી છે, પોતાનું મન અને અંતઃકરણ જડ કરી નાંખ્યું છે. જે માના હાથપગ બાંધી, એને આંખે પાટા બાંધી, મોંએ ડૂચા દઈ દીધા હોય, એને ખોળે રમતી પ્રજા કેવી થાય? સ્ત્રી મુક્ત થાય તો જ જગતનો ઉદ્ધાર થાય. એની દિવ્ય શક્તિ જાગ્રત થાય તો જ કલ્યાણ થાય. એક પાંખ તૂટી પડેલો ગરુડ ઊડી ન શકે. સ્ત્રી : ભારતની સહનશીલ, પ્રેમાળ સ્ત્રી અને પશ્ચિમની તેજસ્વી બુદ્ધિમાન સ્ત્રી જો એક થાય તો ભૂમિ પર સ્વર્ગ ઊતરે, એવા કાંઈક સંકલ્પ મનમાં થતા હતા. શારદામાની અનુજ્ઞા લઈ સ્વામીજી જગતની પરિક્રમા કરવા નીકળ્યા. ઈંગ્લંડમાં એમનાં ભાષણો સાંભળવા જે લોકો આવતા એમાં શ્રીમતી માર્ગારેટ નોબલ પણ હતાં. આયરિશ મિશનરીની આ દીકરી. મા એક પરિચારિકા અને ઈંગ્લંડનાં તે વખતનાં સૌંદર્યસામ્રાજ્ઞી પણ ખરાં. પિતાનું આયરિશ વિદ્રોહીપણું અને ધર્માભ્યાસથી થયેલો વિરક્ત સ્વભાવ, માતાનું સૌંદર્ય અને સેવાભાવ બધું જ દીકરીએ લેવાય એટલું લીધું હતું. આ બુદ્ધિમતી બહેનને ખ્રિસ્તી ધર્મ અપૂર્ણ લાગતો હતો, એમાં કંઈક ખૂટતું હતું. વેદાન્તપંડિતા રમાબાઈ ખ્રિસ્તી ધર્મ પ્રત્યે આકર્ષાયાં, જ્યારે મિસ માર્ગારેટને વિવેકાનંદના તત્ત્વદર્શનમાં પૂર્ણ સત્ય દેખાયું–એ પણ એક બલિહારી છે! જોકે બાનુએ ખૂબ દલીલો કરી. અભ્યાસ કર્યો, વિચાર કર્યો અને પછી જ એ સત્યનો સ્વીકાર કરવાની તૈયારી બતાવી.

સ્વામીજી અમેરિકા હતા. ત્યાં એમને પત્ર લખી નોબેલ બહેને ભારતીય બની જવાની પોતાની ઇચ્છા જણાવી. સ્વામીજીએ એમને સ્પષ્ટ કલ્પના આપી. "ભારતીય સંસ્કૃતિ જેટલી ભવ્ય અને ઉદાત્ત છે એનાથી પણ વધારે કંગાલ ત્યાંનું જીવન છે! ભારતની પ્રજાનાં મન બહેર મારી ગયાં છે. આ બધો જ વિચાર કરીને નિર્ણય લેવો."

એટલે બધી રીતે સમજી, વિચારીને માર્ગારેટ નોબેલે ભારતમાં પ્રવેશ કર્યો. એમને બાલિકા વિદ્યાલયનું કામ સોંપવામાં આવ્યું. પોતાની ગોરી ચામડીનો, ભણતરનો, બુદ્ધિનો કે વિરક્તિનો અહંકાર ઉતારવા સ્વામીજીએ એમની પાસે કઠોર સાધના કરાવી. પશ્ચિમના લોકો જેમને તદ્દન અભણ કહી શકે એવાં શારદામાતાની સેવામાં એમને રાખ્યાં, જ્યાં એ બહુ આનંદથી રહ્યાં. માને પણ એ બહુ ગમ્યાં.

ખ્રિસ્તી મિશનરીઓ સેવા ખૂબ કરે. પણ એ સેવામાં સેવકની ભાવનાને બદલે મોટે ભાગે 'ઉદ્ધારક'ની ભાવના હોય છે. સ્વામીજી નિખાલસ સેવાના આગ્રહી હતા. તેજસ્વી, બુદ્ધિશાળી યુવતી માટે આ સાધના ઘણી કપરી હતી. છતાં એ આકરી કસોટી પસાર કરી સ્વામીજીને સંતોષ આવ્યો અને ત્યારપછી એ ભગિની નિવેદિતા થયાં. 'નિવેદિતા' એટલે સમર્પિતા.

ભગિની નિવેદિતા જે કામ સ્વીકારતાં તે મન દઈને કરતાં. અનાસક્ત વિરક્તિ વડે એમની તેજસ્વિતા જ્વલંત બની. અસત્યને જ્યાં દેખાય ત્યાં ડામવા લાગી.

ભગિની કન્યાશાળાનું સંચાલન કરતાં હતાં. તે જમાનામાં આંગળીને વેઢે ગણાય એટલી છોકરીઓ શાળામાં ભણવા આવતી. પણ ગવર્નરસાહેબ અવાર-નવાર કન્યાશાળાને મુલાકાત આપતા ને સમાજસેવા કર્યાનો સંતોષ માની લેતા. તે વખતનો સામાન્ય રિવાજ હતો – સાહેબ કલાસમાં જાય અને છોકરીઓને બહુ હેતથી પૂછે :

"Tell me who is your queen ?"

છોકરીઓ ઊભી થઈ પોપટની માફક એકી સાથે બોલતી, "Her Royal Majesty Queen Victoria is our queen." અને આ મુલાકાતનો કાર્યક્રમ પૂરો થતો. છોડીઓને સાહેબની મુલાકાતની ખુશાલીમાં રજા મળતી અને મીઠાઈ પણ !

ભગિની વર્ગમાં ભણાવતાં હતાં ત્યાં એક દિવસ સાહેબ પધાર્યા. સાહેબે હંમેશની માફક સવાલ પૂછ્યો. છોડીઓએ જવાબ આપ્યો. સાહેબ હસતે મુખે પાછા ફરે તે પહેલાં ભગિનીએ સત્તાવાહી સ્વરે છોકરીઓને કહ્યું :

"છોકરીઓ, ભારતીયોનાં મન પર રાજ કરી ગઈ એ મહારાણી સીતા ! તમારી મહારાણી સીતા છે. કહો એમને."

આ ધૃષ્ટતા એક ગોરી બાનુ કરી રહી હતી, એટલે કશું બોલ્યા વગર સાહેબ ત્યાંથી ચાલ્યા ગયા. પણ ભગિની પોતાની દરેક વિદ્યાર્થિની નિર્ભય થાય એવા પ્રયત્ન સતત કરતાં રહ્યાં.

ગોરા રાજ્યકર્તાઓની શક્તિ, બુદ્ધિ, શિસ્ત અને તેજથી પ્રજા અંજાઈ ગઈ હતી. તેથી સાહેબો સત્તાના મદથી આંધળા બની રહ્યા હતા. એવા સાહેબોમાં લોર્ડ કર્ઝન કલિકાલ જેવા લાગતા. શબ્દે શબ્દે એમની ઉદ્દંડતા લોકોનાં મન અને માન કચડી નાંખતી. કલકત્તામાં લાટસાહેબની એક જાહેરસભા હતી. ગિરદી તો હોય જ. સભામાં એ બોલી રહ્યા હતા :

"તમે નેટિવ લોકો તદ્દન અસંસ્કારી છો. સાચાખોટાનું કે સારાનરસાનું તમને ભાન નથી. તમારો ઉદ્ધાર કરવા અમે લોકો અહીં આવ્યા."

હજારો માણસો મૂંગે મોંએ આ સાંભળી રહ્યા હતા. ત્યાં ઘેઘૂર વાદળાંમાં વીજળી ચમકે એવા શબ્દો સાહેબને ફટકારી ગયા :

"એક નાનીશી નોકરી ખાતર પોતાની ઉંમરની ચોરી કરનાર ક્ષુદ્ર માણસના મોંમાં આ શબ્દ શોભતા નથી, મિ. કર્ઝન !" હજારો આંખો આ બોલનાર વ્યક્તિ સામે તાકી રહી. પહેલી હરોળમાં બેઠેલાં ભગિની નિવેદિતા ઊઠીને ઊભાં થયાં અને એ ઉદ્દંડ તાનાશાહને બોલતો અટકાવ્યો. આ સમાચારે દુનિયાભરમાં વાવંટોળ જગાવ્યો. ભગિની સ્વસ્થ હતાં. એમને આ અનુભવો પરથી એક વાત સમજાઈ. ભારતીય પ્રજાની અસ્મિતા જગાવવી હોય તો જીવનનું દરેક ક્ષેત્ર સંપન્ન હોવું જોઈએ. એ દિશાએ ભગિની પ્રયત્નશીલ બન્યાં.

એમની પાસે ઘણા જુવાન છોકરાઓ કાંઈક જાણવા–શીખવા આવતા. ભગિનીએ દરેક જણના ગુણ પારખી લઈ, દરેકની પ્રવૃત્તિમાં પોતે રસ લઈ દરેકને કામે લગાડ્યા. એમની આ પ્રેરણાશક્તિ અપૂર્વ હતી. જીવનને સમગ્રરૂપે જોવાની એમની સાધના એમની ગુરુપરંપરાને શોભે એવી હતી. પોતાને એ રામકૃષ્ણ–વિવેકાનંદની નિવેદિતા કહેવડાવતાં. એ બિરદાવળીને એમણે શોભાવી હતી.

કન્યાશાળાનું સંચાલન એઓ સરસ રીતે કરી રહ્યાં હતાં. રામકૃષ્ણ મિશનમાં આધ્યાત્મિક સાધના ચાલુ હતી. ગામના દીન–દરિદ્રી લોકોની સેવા કરવા એમની ઝૂંપડીઓમાં એઓ ખુલ્લે પગે, વિના સંકોચે પ્રવેશતાં. નર્સિંગની તાલીમ સેવિકાઓને આપી એમણે દવાખાનું પણ શરૂ કર્યું હતું. એમની ભાષા એમના વ્યક્તિત્વ જેવી જ સુંદર અને પારદર્શી હતી. 'મૉડર્ન રિવ્યૂ'માં એ ઘણીવાર લખતા. 'Master as I saw him', 'Badrinath & Kedarnath', 'હિંદુ ધર્મકથા' એ એમનાં પુસ્તકો આજે પણ વાંચવા ગમે એવાં છે. 'યુગાંતર' નામના એક વિદ્રોહી ગણાતા પત્રનું સંપાદન પણ એમણે સંભાળ્યું હતું. બંકિમચંદ્ર, રવીન્દ્રબાબુ અને શરદબાબુ બંગાળના સર્વશ્રેષ્ઠ સાહિત્યકાર. એમાંના બે તો રાષ્ટ્રગીતોના રચયિતા. એમનાં પ્રેરણામૂર્તિ હતાં ભગિની નિવેદિતા. નંદલાલ બોઝની ચિત્રકળાને ખીલવી ભગિનીએ શિશિર ભાદુડીએ બંગાળના રંગમંચ પર રાજ કર્યું. એમના અભિનયને ઉત્તેજન આપ્યું હતું ભગિનીએ. ભારતનો સાચો ઈતિહાસ સંશોધન કરીને લખવા જદુનાથ સરકારને પ્રેર્યા ભગિનીએ !

બંગભંગનો પ્રસંગ એ રાષ્ટ્રીય ઉત્થાનની ઘડી હતી, ત્યારે ભગિનીએ એ આંદોલનમાં સક્રિય ભાગ લીધો. સ્વદેશીનો મંત્ર લઈ એઓ ગામેગામ ફરી વળ્યાં.

રાષ્ટ્રીય ત્રિમૂર્તિ લાલ, બાલ અને પાલ, પંજાબ, મહારાષ્ટ્ર અને બંગાળના ભડવીર એ ત્રણે સાથે ભગિનીનો નિકટનો પરિચય હતો. ગોખલેજી અને ટિળક વચ્ચે એકરાગ થાય એટલા માટે એ સતત પ્રયત્નશીલ રહેતાં. લોકમાન્યના સહકારથી એઓ બંગાળમાં શિવાજી જયંતીનો ઉત્સવ કરી મહારાષ્ટ્ર અને બંગાળને જોડી દેતાં.

ભગિની જે પ્રવૃત્તિઓ કરી રહ્યાં હતાં એ બધી જ અગનખેલ જેવી હતી. રામકૃષ્ણ મિશનના સંચાલકોને એ પોતાના ક્ષેત્રના બહારની લાગતી હતી. અંદરથી આ વૃત્તિ જાગવા લાગી હતી. એ જ વખતે સ્વામી વિવેકાનંદે દેહ મૂકયો. પોતાના ઉત્તરાધિકાર પોતાના 'પુત્રસમી' નિવેદિતાને એ આપી ગયા! ભગિની નિવેદિતાની એ સર્વોચ્ચ આધ્યાત્મિક સિદ્ધિ!

સ્વામીજીના નાના ભાઈ ભૂપેન્દ્રબાબુ, અરવિંદ ઘોષ, સરોજિનીદેવીના ભાઈ વીરેન્દ્ર ચટ્ટોપાધ્યાય, રણરાગિણીસમાં સરલાદેવી ચૌધુરાણી આ બધાં વિપ્લવવાદી યુવાનો સાથે ભગિનીનો સ્નેહસંબંધ હતો. એમની પ્રવૃત્તિમાં એઓ સારી પેઠે મદદ કરે છે એમ પણ કહેવાતું. આ પ્રવૃત્તિઓ મિશનને નુકસાનકારક ન નીવડે એટલા માટે ભગિનીએ મિશન સાથેનો સંબંધ છોડયો. છતાં પોતાની સહી 'શ્રીરામકૃષ્ણ વિવેકાનંદની નિવેદિતા' એમ જ કરતાં.

ગુરુ ગયા. મિશનના સહકારીઓ છૂટી ગયા. એમાં વળી નિકટની સાથીદાર બહેનો સાથે મતભેદ થવા લાગ્યા. કન્યાશાળાની આર્થિક સ્થિતિ કથળવા લાગી. વારંવાર પરદેશથી નાણાં લાવવાનો વખત આવવા લાગ્યો. શાસન અને સમાજ બંને સામી બાજુએ ખડાં હતાં. એમાં વળી અરવિંદબાબુએ એક સાંજે પોતાનું મનોગત કહ્યું. એમને આધ્યાત્મિક સાધના કરવી હતી. નિર્ણય પાકો હતો. માથે રાજ-દ્રોહના આરોપ હતા. એ જંજાળમાંથી છૂટવાનો માર્ગ ભગિનીએ બતાવ્યો. એક નાનકડી હોડીમાં એમને બેસાડી પોંડીચેરી વિદાય કર્યા. એક વધુ સ્નેહબંધ તૂટી ગયો.

આ બધી જ ઉપાધિઓને વટાવે એવું એક આહ્‌વાન આવી પડયું. ભગિનીએ નિર્ભયતાથી એ માથે લીધું. પેરિસમાં જાગતિક વિજ્ઞાન પરિષદ હતી. ત્યાં ભારતના વિજ્ઞાનમહર્ષિ જગદીશચંદ્ર બોઝે પોતાનો વનસ્પતિજીવનનો સિદ્ધાંત મૂકતો પ્રબંધ સાદર કર્યો. એમની એ ક્રાન્તિકારી શોધને લીધે વિજ્ઞાનજગતમાં વંટોળ જાગ્યા. ભારત જેવા ગુલામ, પછાત દેશનો માણસ આવી હિંમત કરે! પોતાની મૌલિક શોધ દુનિયા સમક્ષ મૂકે! સુધરેલી દુનિયાના ગોરા વિજ્ઞાનીઓથી આ અમર્યાદા ન સહેવાઈ. જગદીશચંદ્રની ઉદ્દંડતા માટે એ લોકોએ અવાજ તો ઉઠાવ્યો જ પણ એનાથી હિચકારું કામ કરી એમના પ્રબંધનો નાશ કરી નાખ્યો. આ આઘાતથી

જગદીશચંદ્ર હેબતાઈ ગયા, મનની સમતુલા ખોઈ બેઠા. આ સમાચાર મળતાંની સાથે ભગિની પૅરિસ પહોંચી ગયાં. ત્યાંથી જગદીશચંદ્ર અને એમનાં પત્ની બેલા બંનેને ઈંગ્લંડ પોતાનાં માને ત્યાં લઈ ગયાં. રાતદિવસ બેલાબહેન સાથે બોઝ મહાશયની સેવાચાકરી કરી. એઓ જરા સ્વસ્થ થયા પછી એ બંનેને લઈ ભગિની ભારત પાછાં ફર્યાં. એ દંપતીને એઓ અલમોડા લઈ ગયા. જગદીશચંદ્ર વારંવાર જે લવારી કરતા એની નોંધ રાખી ભગિનીએ એ પ્રબંધ પાછો તૈયાર કર્યો. જગદીશબાબુને હિંમત આપી, નવજીવન આપ્યું અને બીજી પરિષદમાં એ જ પ્રબંધ પાછો મૂકવા જગદીશચંદ્ર સાથે એઓ પાછાં પૅરિસ ગયાં. એમની એ શોધને જગન્માન્યતા અપાવી. વિજ્ઞાનજગતનું એક મહાયુદ્ધ એ જીતી ગયાં. ભારતને નવા જગતમાં અપૂર્વ પ્રતિષ્ઠા મળી.

ભગિની નિવેદિતાની ઉંમર એ વખતે હતી માત્ર ૪૪ વર્ષની. એટલે બહુ મોટી તો ન જ કહેવાય. પણ આ છેલ્લી લડત આપતાં એમનું શરીર થાક્યું. એમના ગુરુએ એમને માટે જે અપેક્ષા રાખી હતી, 'પૂર્વની તિતિક્ષા અને પશ્ચિમની સ્વતંત્ર બુદ્ધિ અને ઉદ્યમનો સંયોગ સાધી ભારતીય સંસ્કૃતિનું પુનરુત્થાન સ્ત્રી કરી શકે' એ અપેક્ષા ભગિનીએ પૂર્ણ કરી હતી. જીવનના હરકોઈ ક્ષેત્રમાં અનાસક્ત કર્મયોગથી નિરહંકાર કાર્ય કરી નવયુગના નંદાદીપ પ્રગટાવી દીધા હતા. હવે પોતાનું કામ પૂરું થયું એ એ યોગિની જાણી ગયાં.

એ તેજસ્વિની હતાં. છતાં એમનું તેજ બીજાને બાળનારું નહોતું. પોતે બળી બીજાને હૂંફ અને પ્રકાશ આપનારું હતું. એ સાચા તપસ્વિની હતાં. ઈર્ષા કે દ્વેષની ભાવનાથી પર હતાં. જગદીશબાબુના પ્રબંધનું કામ પત્યા પછી એમણે ભગવાન બુદ્ધનો નિર્વૈરનો સંદેશ છપાવ્યો અને પોતાની 'અંતિમ પ્રાર્થના' એવી નોંધ સાથે બધાં પરિચિતોને મોકલી આપ્યો.

"સર્વત્ર આનંદ હો. વૈર, ઈર્ષા, દ્વેષ, દુઃખ, વિઘ્નો દૂર થાય. બધાં પોતપોતાને માર્ગે નિર્ભયતાથી આગળ વધે." આ હતી એમની પ્રાર્થના!

હિમાલયનાં ઉત્તુંગ શિખરો વચ્ચે અલમોડાની એ કુટીરમાં જગદીશચંદ્ર અને બેલાબહેન બે એમની સાથે હતાં. એક સાંજે આથમતા સૂરજ સામે જોતાં એમણે કહ્યું, "The frail boat is sinking but I shall see the sunrise."

એઓ નિરાંતે ઊંઘી ગયાં. પરોઢ થતાં પહેલાં બ્રાહ્મી મુહૂર્તમાં એમના ખંડમાંથી હંમેશની માફક મંત્રના સ્વર સંભળાયા :

असतो मा सद् गमय । तमसो मा ज्योतिर्गमय । मृत्योर्मामृतं गमय ।

વહેલી સવારે બોઝ દંપતી જાગ્યાં ત્યારે ઊગતા સૂર્યનારાયણનું પ્રથમ કિરણ એ ખંડમાં પ્રવેશ્યું હતું. ભગિની ચિરનિદ્રામાં પોઢી ગયાં હતાં!

## ૫. ડૉ. ઍની બિસેન્ટ

વેદોનું પઠન કરતાં કરતાં બંગાળની ભૂમિ પર પં. રમાબાઈ એકેશ્વરવાદી બન્યાં અને પછી ખ્રિસ્તી પણ થયાં. લગભગ એ જ સમયે ઈંગ્લંડમાં વુડ પરિવારનાં એક બુદ્ધિશાળી બહેન ધાર્મિક પુસ્તકો શ્રદ્ધાથી વાંચી રહ્યાં હતાં. વાંચતાં વાંચતાં ઈશ્વરને બદલે અનાદિ અનંત અને અવ્યક્ત બ્રહ્મનું આકર્ષણ મનમાં જાગ્યું. મંત્રદ્રષ્ટા ઋષિની માફક પોતાની જીવનદૃષ્ટિ વિશે એ નિર્ભયતાથી જગત સમક્ષ બોલવા લાગ્યાં. જન્મજન્માંતરના કોઈ ઋણાનુબંધથી એઓ ભારત આવી પહોંચ્યાં. માથી વિખૂટા પડેલા બાળકને મા મળે એવા ભાવથી એ ભારતમાં રહ્યાં. એ જ નિષ્ઠાથી એમણે ભારતભૂમિની સેવા કરી. ડૉ. ઍની બિસેંટને ભારત કોઈ દિવસ ભૂલી ના શકે.

અન્યાય અને અસત્યને ઍનીબહેન જરા પણ સાંખી ન શકતાં. ચલાવી લેવાનું એમના સ્વભાવમાં જ નહોતું. ૧૮૮૮માં લંડનમાં દીવાસળીનાં કારખાનાંઓમાં બહેનો મજૂરી કરવા જતી. ત્યાં બેસવાની જગ્યા અગવડભરી અને હવાઉજાસ વગરની હોવાથી દીવાસળીમાં વપરાતા ફૉસ્ફરસની અસરથી બહેનોનાં જડબાં ઢીલાં પડી જતાં. આવું જોખમ વહોરી બિચારા પેટ માટે મજૂરી કરતાં, છતાં એમને મહેનતાણું પણ પૂરું અપાતું નહોતું. એમની દાદ–ફરિયાદ કોઈ લેતું નહીં. ઍનીબહેન એમની વહારે ધાયાં. 'લિંક' નામના પત્રમાં કડક ભાષામાં લેખો લખી આ અન્યાય જાહેર કર્યો, એટલું જ નહીં પણ એ રંક બહેનોની વાત છેક પાર્લમેંટ સુધી પહોંચાડી એમને ન્યાય મેળવી આપ્યો.

આ કામ કરતાં હતાં ત્યારે દરિદ્રી લોકોના જીવનનો ખ્યાલ આવ્યો અને આર્થિક સમતા લાવવા માટે ક્રાન્તિ ના થાય ત્યાંસુધી બધું જ નિરર્થક છે એ સત્ય એઓ જોઈ શક્યાં. ત્યાંસુધી ધર્મગ્રંથો નિયમિત ભણતાં, કર્મકાંડનું પાલન કરતાં ઍનીબહેનને એ બધું અર્થ વગરનું લાગવા માંડ્યું. દેવને બદલે વિજ્ઞાનની ઉપાસના એ જ યુગધર્મ છે એવી એમની ખાતરી થઈ. પોતે વિજ્ઞાનનો અભ્યાસ શરૂ કર્યો. પોતાના મનમાં વારંવાર આવતા વિચારો એઓ સાદી, સરળ ભાષામાં નાનાં નાનાં પત્રકો પર છપાવી હજારો માણસો સુધી પહોંચાડતાં. જ્ઞાન હોય કે વિજ્ઞાન, થોડાંક બુદ્ધિશાળી માણસો પાસે એનો ઇજારો હોય એ બૌદ્ધિક અસમાનતાના

વાડા પણ તૂટવા જોઈએ. અદના માણસો સુધી જ્ઞાન પહોંચવું જોઈએ એવો એમનો આગ્રહ હતો. જ્ઞાન અને વિજ્ઞાનને લોકજીવનમાં ઉતારવા માટે એમણે જીવનભર પ્રયાસ કર્યો

પત્રકો છપાવીને વેચવામાંથી નોલ્ટન–પત્રકનું એક કૌભાંડ ઊભું થયું. આ પત્રક અમેરિકામાં કોઈએ છપાવ્યું હશે. એમાં પરિવારનિયોજનનું મહત્ત્વ અને શકયતા વિશે વિચાર્યું હતું, ૧૮૮૩માં એ પત્રક ઈંગ્લંડ પહોંચ્યું, એનો પ્રસાર પણ થયો. છતાં એમાં કોઈને ખાસ અજુગતું ના લાગ્યું. ૧૮૮૪માં બ્રિસ્ટોલના એક ભાઈએ એ જ પત્રક ચિત્રો સાથે છપાવ્યું. એ જોતાં જ લોકો એના પર તૂટી પડયાં. એ ભાઈ પર પોલીસ કેસ પણ થયો. તે વખતે વિચાર–સ્વાતંત્ર્યના સિદ્ધાંત ખાતર એનીબહેને એ ભાઈને મદદ કરી તેમ જ પરિવાર નિયોજનના પ્રશ્ન સામે વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોવાની જરૂરિયાત લોકોને સમજાવવા પેલું પત્રક ફરી ચિત્ર વિના છાપી લોકોમાં વહેંચ્યું ત્યારે એનીબહેન અને એમના સહકારી ડૉ. બ્રેડલો બંને પર પોલીસે કેસ કર્યો. બંનેએ વકીલ રાખ્યા વગર પોતે જ કેસ ચલાવ્યો અને કોર્ટમાં એઓ જીતી ગયાં.

પ્રચલિત રૂઢ વિચારોની ઘરેડની બહાર નીકળી સ્વતંત્ર રીતે વિચારવાની હિંમત કરવી એ એક કાળમાં મોટો ગુનો ગણાતો. આપણે ત્યાં સંતોને અને સમાજસુધારકોને ખૂબ ત્રાસ થયો છે. પણ પશ્ચિમના દેશોમાં તો બ્રુનો, માર્ટિન લ્યૂથર જેવાને એ લોકોએ જીવતા બાળી મૂકયા હતા. એવા એક ચુસ્ત દેશમાં, ધર્મગુરુની પત્ની થઈ એક બહેન પોતે નિરીશ્વરવાદી થાય, એટલું જ નહિ પણ પોતાની માન્યતાઓ વિશે બધાંને કહેતી ફરે, પત્રકો છપાવી ઉછાળે એ સમાજ કેમ સાંખી લે ? મિ. બિસેંટે પત્નીને ઘરમાંથી કાઢી મૂકી. એ નાનાં બાળકો સાથે નીચે ધરતી–ઉપર આભ ને હૈયામાં હામ લઈ એ નીકળી પડયાં ! સમાજે એમનો બહિષ્કાર કર્યો. ભદ્ર વસ્તીમાં રહેવું–જીવવું એમને માટે અશકય બની ગયું. ગામની દલિત વસ્તીમાં રહી, મળે એ મજૂરી કરી બચ્ચાંઓ માટે થોડુંક દૂધ અને પાઉંના કકડા એ લઈ આવતાં. દૂધમાં બોળી એ ખાતાં ખાતાં બાળુડાં કહેતાં, "મમ્મી તમે ?" "બેટા, હું તો છે ને ફેકટરીમાં જ જમી આવી." મા કહી દેતાં !

એવાં એ એની બિસેંટ. એઓ નિરીશ્વરવાદી હતાં. વિજ્ઞાનમાં, બુદ્ધિવાદમાં શ્રદ્ધા રાખતાં. અન્યાય અને અસત્ય સામે એમણે જીવનભર લડત આપી, છતાં એમના એ સંઘર્ષમાં ઈર્ષા, દ્વેષ, કે વૈરભાવને સ્થાન નહોતું. એ વજ્રનિશ્ચયી સ્ત્રી મનનાં નિર્મળ અને સ્વભાવે લાગણીવાળાં, પ્રેમાળ, હતાં.

મિસેંટબાઈની વાણી પ્રભાવી હતી. છતાં એમના વ્યક્તિત્વમાં અને શબ્દોમાં અનેરી મીઠાશ હતી. એઓ વિરોધ કરતાં, પણ એ સ્વાર્થ વગરનો-દ્વેષ વિનાનો. ઘેરા અંધકારમાં એક દીપ પ્રગટે અને અંધકારને દુભવ્યા વગર પોતાના પ્રકાશથી એને દૂર કરે એવો એમનો પડકાર હતો, અને એવા સ્વભાવને લીધે જ વિશ્વનો કોઈપણ ભાગ એમને માટે પારકો પરદેશ નહોતો. દુનિયામાં સર્વત્ર એમના મિત્રો અને સ્વજનો વસતાં હતાં. બર્નાર્ડ શૉ જેવા, વક્રોક્તિથી ભલભલાને ફટકારતા, કોઈ કરતા કોઈની સાડાબારી ના રાખે એવા માણસ પણ એમના મિત્ર અને સહકારી બન્યા, એટલું જ નહીં પણ એમણે આદરથી એનીબહેન માટે કહ્યું હતું, "એમના (મિસિસ બિસેંટના) બહુમુખી વ્યક્તિત્વનું મૂલ્યમાપન કરવાવાળા વિદ્વાનો પોતે જીવનને સમજતા નથી. એટલે એમનાથી એ કામ કેવી રીતે થઈ શકે એ વિશે હું સાશંક છું." શૉ જેવાનો આ અભિપ્રાય બાઈના વ્યક્તિત્વની સંપન્નતા વધારે છે.

ફ્રેંચ રાજ્યક્રાંતિ, એનાં કારણો, પરિણામ અને પ્રત્યાઘાત એનીબહેને અભ્યાસ-પૂર્વક તપાસ્યાં હતાં. સામાન્ય પ્રજાજીવનના વિકાસની દૃષ્ટિએ એ પ્રશ્નની ચર્ચા-વિચારણા એમણે પોતાના ફ્રેંચ રાજ્યક્રાંતિ પરના પુસ્તકમાં કરી છે. રશિયાની ક્રાંતિના એ પોતે જ સાક્ષી હતાં. ખુલ્લી આંખે, વસ્તુનિષ્ઠ દૃષ્ટિથી એ યુગપલટો એઓ જોઈ રહ્યાં હતાં. સ્કોટલૅંડ અને આયર્લૅંડની સ્વાતંત્ર્યેષણા એઓ સમજી શકતાં હતાં. ક્રાંતિવીર માર્કની એમના મિત્ર હતા. જગતમાં પરિવર્તન થઈ રહ્યું હતું—બહુ જ ઝડપથી. ઘરેડ તોડી એ પરિવર્તનની ગતિ સાથે કદમ મિલાવવા કેટલાક વિચારકો તડપતા હતા, બાઈ એમાંના એક હતાં.

અસામાન્ય પરાક્રમ કરી સામ્રાજ્યો ઊભાં કરનારા જગજ્જેતા વીર પુરુષો જગતમાં થઈ ગયા છે. પોતે પોતાના આખા કાળખંડને ઢાંકી દે એવું એમનું કર્તૃત્વ અને વ્યક્તિત્વ હોય છે. સીઝરે રોમન સામ્રાજ્ય સર્જ્યું. અલેકઝાંડર જગજ્જેતા કહેવાયા. નેપોલિયન અને બિસ્માર્કે ખાંડાની ધારે પોતાનાં નામ કાળનાં કોતરોમાં કંડારી મૂક્યાં; પણ આ મહાપુરુષોના પરાક્રમથી, એમની મહત્ત્વાકાંક્ષાથી, માનવી જીવનને બહુ થોડું મળ્યું છે ! એમની છત્રછાયા નીચે સામાન્ય માનવીનો વિકાસ ભાગ્યે જ થયો છે. જનસામાન્યના કલ્યાણની ભાવનાને એ જમાનામાં કોઈ અવકાશ જ નહોતો. હવે જમાનો બદલાયો છે. આ સમાનતા-નો યુગ છે. હવે જે સામ્રાજ્યો સર્જાશે અને ટકશે એ સંઘર્ષમાંથી નહીં પણ સમન્વયમાંથી ઊભાં થશે, રચાશે, પરસ્પર પ્રેમ અને સહકારથી વિસ્તરશે.

વિશ્વવ્યાપી ચિરંતર ધર્મતત્વોની પ્રતિષ્ઠા એ મહાજીવનમાંથી થશે. આ બિસેંટ બાઈનું સ્વપ્ન હતું. એ સ્વપ્ન એટલે માત્ર તરંગ નહોતો. એવા ઉજ્જ્વળ ભવિષ્ય માટે બાઈએ જિંદગીની ક્ષણેક્ષણ મહેનત કરી, વિચારોનાં બીજ ઠેરઠેર વાવ્યાં.

સર્વધર્મસહિષ્ણુ, પ્રાચીન અને સનાતન ભારત પ્રત્યે એમના મનમાં આકર્ષણ જાગ્યું. એ ભારત આવીને વસ્યા. ઈંગ્લાંડ અને ભારત વચ્ચે જિત અને જેતાનો સંબંધ હોવાને બદલે એ બે રાષ્ટ્રો નવયુગના સમસમાન યુગંધર બને એવી એમની અંતરની ઈચ્છા હતી. ભારતીય પ્રજાને પીડતા વર્ણભેદ અને જાતિભેદને દૂર હઠાવી પ્રજામાં નવી વિદ્યા, વિજ્ઞાન અને વસ્તુનિષ્ઠા વિચારનો પ્રચાર કરવા એમણે દેશવ્યાપી આંદોલનો કર્યાં. ઓગણીસમી સદીના આખરના દિવસોમાં એમણે આદિવાસી, ગિરિજન અને પંચમ, પરિયા જેવા હરિજનો માટે એમની વસ્તીમાં જઈ શાળાઓ સ્થાપી હતી, સેવાકેન્દ્રો ખોલ્યાં હતાં. ભારતની નિશાળોમાં બાળવીર–સ્કાઉટની સ્થાપના એમણે જ કરેલી. શિક્ષણક્રમ અને શિક્ષણપદ્ધતિમાં સરકારે માથું ના મારવું એવું એ માનતાં, અને એ માન્યતામાંથી જ બનારસ વિદ્યાપીઠનો જન્મ થયો. હિંદવાસીઓની નિરાશા અને લઘુતાગ્રંથિ દૂર કરી એમની અસ્મિતા જાગ્રત કરવા માટે એ બધું જ કરી છૂટયાં.

પરદેશી સરકારની ગુલામી વેઠતાં માણસાઈ મરણતોલ થતી જોઈ એમણે રાજકીય સ્વતંત્રતા મેળવવા હોમરૂલ આંદોલન ચલાવ્યું. રાષ્ટ્રીય સભા–નૅશનલ કોંગ્રેસના બધા જ નવલોહિયા એમનાથી પ્રભાવિત થઈ એ આંદોલનમાં જોડાયા હતા. એક કાળ એવો હતો કે લોકમાન્ય ટિળકથી માંડી બૅરિ. ઝીણા સુધી બધા જ હોમરૂલના કાર્યકર્તા હતા ! એ પેઢી પર મિસિસ બિસેંટે જાણે જાદુ કર્યો હતો. બાઈએ પોતે જરૂર પડી ત્યાં કાયદા તોડયા, કારાવાસ ભોગવ્યો. ભય એમને સ્પર્શી શકે એમ નહોતું.

આ બધું હોવા છતાં ગાંધીજીની દેશવ્યાપી સત્યાગ્રહની વાત એમને ગળે ના ઊતરી. સમજદાર માણસો કાયદા સામે વિગ્રહ કરે એ એક વાત, અને ટોળાંઓ કાયદો ફગાવી દે એ તદ્દન જુદી અને અનિષ્ટ વાત એવું એ માનતાં હતાં. કાયદો તોડવા નીકળે એને શિસ્ત પાળવી પડે, જે પ્રશ્ન સામે હોય તેનો ઊંડો અભ્યાસ કરવો પડે. એનું ચારિત્ર્ય શુદ્ધ, નિષ્કલંક હોવું ઘટે. લાખો માણસો એવા કયાંથી પાકે ? અને લોકોનાં ટોળાં કાયદો હાથમાં લેવા ઊભાં થાય તો સંયમની પાળ તૂટી જાય. અનર્થોની પરંપરા એમાંથી સર્જાય એવું એ માનતાં અને જાહેરમાં

બધાને વારંવાર કહેતાં પણ ખરાં. એમનું કહેવું સાવ અર્થ વગરનું નહોતું એ અનુભવને અંતે સિદ્ધ પણ થયું !

સ્થાપિત મૂલ્યો, રૂઢિ અને સત્તા સામે એ ન્યાય અને સત્ય માટે ઝઘડયાં એ જંગમાં એમણે ખૂબ સહન કર્યું, ખૂબ વેઠયું. જાતજાતનાં અને ભાતભાતનાં માણસો એમણે પોતાનાં કર્યાં. નિરપેક્ષભાવે માણસમાત્રના વિકાસ માટે થાય એ બધું જ કરી છૂટવું એ એમનો સ્વભાવધર્મ હતો. એમના જીવનનો પૂર્વાર્ધ કષ્ટમય છતાં ઉજ્જવળ છે. લાખો સામાન્ય અને ઘણા અસામાન્ય માણસો એમને માનતા હતા. થિયોસોફિકલ લૉજનો આધ્યાત્મિક અભ્યાસકો અને તત્ત્વચિંતકોનો એક બહોળો પરિવાર એમણે સર્જ્યો હતો. એ જગતનાં તો એ જાણે અનભિષિક્ત સામ્રાજ્ઞી હતાં.

છતાં જીવનની સંધ્યાના ઓળા સાથે એમને એક કપરી કસોટીમાંથી પસાર થવું પડયું.

ગાંધીજીના દેશવ્યાપી આંદોલનની વાતના તેઓ વિરોધી હતાં એ વાત જગજાહેર હતી. ગાંધીજી અને બાઈ બંને મહાન હતાં, સાધુચરિત હતાં. બંનેનાં મન અને જીવન ઉઘાડી કિતાબ જેવાં હતાં. સંસારી જીવની માફક અંદર એક અને બહાર કાંઈક એવી વાત એમની પાસે નહોતી. એમના મતભેદ બહુ સ્પષ્ટ હતા. વ્યક્તિગત રીતે એકબીજા માટે માન પણ હતું.

૧૯૧૯માં લોકમતની પરવા કર્યા વગર સરકારે રોલેટ ઍક્ટ (કાળો કાયદો) પસાર કર્યો ત્યારે એનો વિરોધ કરવા પહેલું દેશવ્યાપી આંદોલન ગાંધીજીએ શરૂ કર્યું. એ ડામી દેવા સરકારે કાળો કેર વર્તાવ્યો. દેશમાં ઠેરઠેર અનિચ્છનીય બનાવો બન્યા. એપ્રિલ માસમાં પંજાબમાં જલિયનવાલા બાગમાં નિર્દોષ લોકોની ક્રૂર કતલ કરવામાં આવી. તે વખતે જ "ન્યૂ ઈંડિયા" પત્રમાં એક અગ્રલેખ છપાયો. એ લેખમાં પેલું કુપ્રસિદ્ધ વાક્ય હતું "brickbats had to be met by bullets !" લોકોએ રોડા ફેંક્યાં તો એમને બંદૂકની ગોળીએ દેવા જોઈએ.

"ન્યૂ ઈન્ડિયા" પત્રના અગ્રલેખ સામાન્ય રીતે મિસિસ બિસેંટ જ લખતાં. એટલે એ લેખમાં આવું વિધાન વાંચી લોકો બાઈ પર ખફા થઈ ગયા. હકીકતમાં એ લેખ જોર્જ અરુંડેલે લખ્યો હતો. બાઈ પોતે તો તે વખતે મદ્રાસમાં હતાં જ નહીં. છતાં પોતાના પત્રમાં પોતાના સહકારીએ લખેલા લેખનાં પરિણામ સહેવા બાઈ તૈયાર હતાં. પોતાની જવાબદારી એમણે હિંમતથી સ્વીકારી. સિદ્ધાંતની બાબતમાં બાંધછોડની વાત સ્વપ્નમાં પણ હતી નહીં !

મિસિસ બિસેંટ સત્યાગ્રહની વિરુદ્ધ ભલે હતાં, પણ લોકોનું ભલું થાય એવી એમની અંતરની ઇચ્છા હતી, એમાં શંકાને કોઈ સ્થાન નથી. એમના મતભેદ પાછળ મમત્વ કે વ્યક્તિગત અભિમાન જેવું કશું નહોતું. પેલા ક્રૂર સંહારસત્ર પછી એઓ પોતે જલિયનવાલા બાગ ગયાં. ત્યાં શહાદતની એ પવિત્ર ભૂમિ પર પગ મૂકતાં પહેલાં પોતાનાં જોડાં ઉતારી તે અંદર ગયાં. ડિસેંબર માસની જીવલેણ ઠંડીમાં એ વૃદ્ધ સંતસમી સ્ત્રી ખુલ્લે પગે, ગોળીએથી વીંધાયેલ ભીંત સામે અવાક થઈને જોઈ રહી હતી! એમની આંખોમાંથી અવિરત અશ્રુધારા વહેતી હતી!

કાળપુરુષ પોતાની ગતિએ આગળ વધ્યો. લોકોને સત્ય પણ સમજાયું. એમનો રોષ જતો રહ્યો. પાછળ રહી બિસેંટબાઈ માટેની કૃતજ્ઞતાની લાગણી, એમના વ્યક્તિત્વની અને કર્તૃત્વની સ્મૃતિ, એમની નિશાળો, એમનું વિદ્યાપીઠ, એમનાં પુસ્તકો, એમણે પ્રતિપાદન કરેલા થિયોસોફીનાં જીવનદર્શી તત્ત્વો, અને એમની સમાધિ પરનો એમના જીવનના સાર સમો આ લેખ:

'She Tried To Follow Truth.'

# ૬. શ્રી રમાબાઈ રાનડે

ઈ. સ. ૧૮૭૩ની વાત છે. પૂનાના પ્રથમ વર્ગના ન્યાયમૂર્તિ શ્રી. મહાદેવ ગોવિંદ રાનડેનાં લગ્ન અગિયાર વર્ષનાં રમાબાઈ સાથે થયાં. મુંબઈ વિદ્યાપીઠની દરેકે દરેક પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવનાર પોતાની અલૌકિક બુદ્ધિમત્તાથી, વ્યાસંગ અને અભ્યાસથી દુનિયાને આંજી નાંખતા આ 'પ્રિન્સ ઑફ ગ્રેજ્યુએટ્સ', કોલ્હાપુર, અક્કલકોટ જેવાં મોટાં રાજ્યોમાં કારભાર પણ ચલાવેલો, અને હિંદી માણસને ન મળે એવો ન્યાયમૂર્તિનો હોદ્દો પણ મેળવ્યો અને શોભાવ્યો. એ ન્યા. મહાદેવ ગોવિંદ રાનડે પુનર્લગ્ન અને સમાજસુધારાના જબરા હિમાયતી હતા. ૧૮૭૦માં શંકરાચાર્ય સામે પણ પુનર્લગ્નની તરફેણમાં શાસ્ત્રાધાર બતાવી એમણે દલીલો કરેલી. પણ પ્રથમ પત્નીના સ્વર્ગવાસ પછી કોઈ વિધવા સ્ત્રી સાથે લગ્ન કરવાને બદલે અગિયાર વર્ષની રમાબાઈને પરણ્યા! તેથી સુધારક પત્રો અને મિત્રો એમના પર ફિટકાર વરસાવતાં હતાં. ત્યારે ઘરના વડીલો જૂની ઘરેડમાંથી જરાપણ ચસવા દેવા તૈયાર નહોતા! બત્રીસ વર્ષના એ નામાંકિત વિદ્વાન પતિ અને અંદર-બહારનો આ વાવંટોળ જોઈ એ ગભરુ છોકરીને શું લાગ્યું હશે!

સદ્‌ભાગ્યે પતિ સુજન હતા. સમજુ અને હેતાળ પણ હતા. સમતા રાખી એમણે પોતાની પત્નીને શિક્ષણ આપવાની શરૂઆત કરી. રમાબાઈનું બાલ્ય વિવાહનો ચાંલ્લો થયો એની સાથે જ પૂરું થઈ ગયું હતું! પિતા જેવા એ પતિ માટે એમના મનમાં પ્રેમ અને પૂજ્યભાવ નિર્માણ થયો અને પોતે દુનિયાની પરવા કર્યા વગર પતિનું માનશે એવું નક્કી કર્યું અને એ નિશ્ચય આમરણ પાળી એ પણ પતિ જેવાં અને પતિ જેટલાં જ 'મોટાં' બની ગયાં!

લગ્ન સમારંભ પતી ગયો અને પત્નીને મળ્યા ત્યારથી જ ન્યાયમૂર્તિએ એમને ભણાવવાની શરૂઆત કરી. ઇતિહાસ, ભૂગોળ, ગણિત ઉપરાંત મરાઠી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષા પણ એમણે શિખવાડી. રમાબાઈ કુટુંબના વડીલોનો વિરોધ મૂંગે મોંએ સહન કરી. આખો દિવસ સંસારનાં કામ પતાવી પોતાનો અભ્યાસ ચાલુ રાખતાં છતાં ૧૮૮૩માં 'બહેનો માટે હાઈસ્કૂલની જરૂરિયાત' વિશે એમણે જાહેર સભામાં અંગ્રેજી ભાષણ વાંચ્યું હતું.

ન્યાયમૂર્તિએ પત્નીને માત્ર અક્ષરજ્ઞાન નહીં પણ સાથે સાથે વ્યવહારનું જ્ઞાન પણ આપ્યું હતું. રોજનાં છાપાંનું વાચન એ રમાબાઈ પાસે કરાવતા, સમાચારનો અર્થ એમને સમજાવતા. એઓ અખિલ ભારતીય કીર્તિના સમાજ-નેતા હતા. રાષ્ટ્રના સામાજિક, ધાર્મિક, રાજકીય, આર્થિક, ઔદ્યોગિક અને શિક્ષણવિષયક અનેક પ્રશ્નો એમની પાસે આવતા. એ કેવી રીતે હલ કરવા એ વિશે માધવરાવ પત્નીને પણ પૂછતા; એમને એ પ્રશ્નો સમજાવી સ્વતંત્ર રીતે વિચાર કરવા પ્રેરતા. ઘણી સંસ્થાઓના કામમાં પણ એમને સાથે રાખતા. દુનિયામાં ઘણી જાતનાં માણસો હોય છે. બધાંને સાથે રાખી યોગ્ય રીતે કામ કેમ લેવાય એ બધું જ રમાબાઈ શીખી ગયાં. માધવરાવના એ સાચાં 'સહધર્મિણી' થયાં.

જ્યારે રમાબાઈ વિચારે પીઢ થયાં, દુનિયાદારી સમજતાં થયાં ત્યારે માધવ-રાવે સંસ્થાઓના સંચાલન સાથે જાહેરમાં પોતાના વિચારો વ્યક્ત કરવાની તાલીમ આપી શરૂઆતમાં બહેનોને વાર–તહેવારે ઘેર બોલાવી 'હળદીકંકુ' આપી એમને પૌરાણિક–ધાર્મિક કથાવાર્તાઓ કહેતાં કહેતાં રમાબાઈ લખી આપેલાં ભાષણો જાહેર સભામાં વાંચતાં થયાં. પછી પોતાનાં ભાષણો પોતે જ લખી કાઢતાં. થોડા દિવસ પછી તો લખ્યા વગર જ અસ્ખલિત બોલવા પણ લાગ્યાં. એમની ભાષા સરળ, સાદી પણ વિચાર કરવા પ્રેરે અને સાંભળનારને કે વાંચનારને ગમે એવી હતી. એમની આત્મકથા આજે પણ ફરી ફરી વાંચવી ગમે એવી છે.

ન્યાયમૂર્તિ આટલા મોટા પદ પર હતા. ઘેર સુખસાધન હતાં. સમાજમાં આટલી પ્રતિષ્ઠા હતી. તો પણ, આ પ્રગતિના પથ પર ખાડાટેકરા અને ઝાંખરાં કાંઈ ઓછાં નહોતાં! સમાજના એક સ્તરમાં માન મળે, પ્રશંસા થાય. પણ સમાજમાં તિરસ્કાર સહેવો પડતો, અપશબ્દ સાંભળવા પડતા. પૂનામાં આર્ય મહિલા સમાજની સ્થાપના કરવા સમારંભનાં આમંત્રણ આપવા ગયાં ત્યારે માધવરાવના મિત્રને ઘેર જ હરિજનની માફક દૂર બેસાડી ચોખ્ખું સંભળાવી દીધું:

"હવે મોં રંગી નાચવાનું જ એક બાકી રાખ્યું છે! એ પણ કરી જ નાખો ને, એટલે છૂટયા!"

દર શનિવારે સમાજમાં જવું એટલે ઘરમાં કંકાસ! રસ્તામાં લોકો સર-કસના જાનવરને જોતા હોય તેમ સામે જોયા કરે!

છતાં રમાબાઈ હાર્યાં નહીં. ઊલટાની એક એક પ્રવૃત્તિ વધતી જ હતી.

૧૮૮૯માં પં. રમાબાઈએ મુંબઈમાં શારદાસદનની સ્થાપના કરી. પણ એમણે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કર્યો એટલે ત્યાં બહેનો જાય એવી શકયતા રહી નહીં

અને સંચાલનમાં ધર્મપ્રચારનું તત્ત્વ પ્રવેશી ચૂક્યું એટલે કર્વેએ અનાથ મહિલાશ્રમની સ્થાપના કરી એને રાનડેએ તથા રમાબાઈએ ૧૯૦૮માં સેવાસદનની સ્થાપના કરી. ટ્રેનિંગ કૉલેજ અને ફિમેલ હાઈસ્કૂલની કમિટી પર ન્યાયમૂર્તિ સાથે સૌ. રમાબાઈ પણ હતાં. કુંવારી અથવા વિધવા કન્યાઓ માટે નિશાળોની સગવડ થઈ. પણ ઘરસંસાર સંભાળી ભણી શકાય એટલા માટે એમણે પોતાના ઘરમાં વર્ગો શરૂ કર્યા. ન્યાયમૂર્તિની મુંબઈની હાઈકોર્ટમાં બદલી થઈ ત્યારે એમનો મોભો જાળવી ત્યાં પણ Women's club સ્થાપન કરી એનું સંચાલન પણ રમાબાઈએ કર્યું.

૧૯૦૧માં ન્યાયમૂર્તિના નિધન પછી રમાબાઈના કર્તૃત્વની સાચી કસોટી શરૂ થઈ. શોકનો એક વર્ષનો સમય વ્રતસ્થ રહી વિચારમાં ગાળ્યો અને પછી નિશ્ચયપૂર્વક પૂનાના ઘરમાં લેડીઝ લિટરરી કલબની શરૂઆત કરી તેમ જ સદ્ગત પતિનું સ્મરણ કરી રડયા કરવું એના કરતાં એમનાં લખાણો સંપાદિત કરવાનું કામ પણ એમણે હાથમાં લીધું અને 'ધર્મ પર વ્યાખ્યાનો' આ પુસ્તક પ્રકાશિત પણ કર્યું.

૧૯૦૪માં રાનડેએ સ્થાપન કરેલી રાષ્ટ્રીય સામાજિક પરિષદનું અધિવેશન હતું ત્યારે સાથે સાથે ભારતીય મહિલા પરિષદ પણ કરવી એવો વિચાર ચાલતો હતો. આખરે એ અધિવેશન મુંબઈમાં સરસ રીતે થયું પણ ખરું. બધી જ કોમની, ભિન્ન ભિન્ન ધર્મની બહેનો ત્યાં ભેગી મળી. એ પરિષદનું પ્રમુખસ્થાન શ્રી. રમાબાઈએ શોભાવ્યું હતું. તેથી ભારતભરમાં એમનું નામ જાણીતું થયું. ભારતીય સ્ત્રીનું પ્રતિનિધિત્વ પણ એમની પાસે આપમેળે ગયું. અમદાવાદના ડિસ્ટ્રિક્ટ જજ શ્રી. દયારામ ગિડુમલે "હિંદુસ્તાનની બહેનોની પરિસ્થિતિ' નામનું સંશોધનાત્મક પુસ્તક લખ્યું હતું અને એ ભાઈ ન્યાયમૂર્તિના મિત્ર હતા. એમણે મુંબઈમાં સેવાસદન સ્થાપવા માટે શ્રી. રમાબાઈને આગ્રહ કર્યો. આ સંસ્થા મુંબઈમાં આજે પણ પૂનાની સંસ્થા જેવી જ સર્વસામાન્ય પ્રતિષ્ઠિત સંસ્થા છે.

ગાંધીજીને ગુરુસ્થાને હતા તે ના. ગોપાળરાવ ગોખલે શ્રી રમાબાઈને 'મા' માનતા. ભારત સેવક સમાજ વતી બહેનોની સેવામાં શ્રી. રમાબાઈ જોડાય એવી એમની બહુ ઈચ્છા હતી. એમના એક સહકારી શ્રી ગો. કૃ. દેવધર સંસ્થાની આર્થિક જવાબદારીનો ભાર ગોખલેજીએ માથે રાખ્યો. શ્રી રમાબાઈએ પ્રમુખપદ સંભાળ્યું. પછી તો પૂનાની એ સંસ્થા જોતજોતામાં વિકાસ પામી. શાલેય શિક્ષણ ઉપરાંત પ્રથમોપચાર અને નર્સિંગના વર્ગો, ઉદ્યોગગૃહ ઉપરાંત સુવાવડની વ્યવસ્થા અને

વસ્તીગૃહ પણ એ જમાનામાં રમાબાઈએ ચલાવ્યું, એ જાતે ત્યાં જ એક નાનું ઘર બંધાવી રહેવા લાગ્યાં. તેથી પોતાની વહુ-દીકરીઓને લોકો સંસ્થામાં નિરાંત જીવે મોકલાવતા થયા.

સેવાસદનમાં ભણીગણી તૈયાર થયેલી બહેનો સ્ત્રીઓની માંદગીમાં અને સુવાવડ વખતે તો સેવા કરતી જ. ઉપરાંત ગામમાં રોગચાળો, દુકાળ જેવી આપત્તિ આવી હોય ત્યારે રમાબાઈ અને એમની સેવાસદનની બહેનો ત્યાં રાહતકાર્ય માટે જઈ પહોંચતી. જાત્રા હોય ત્યારે રોગચાળો અચૂક ફાટી નીકળે એટલે આળંદી, દેહુ વિ. સ્થળે જાત્રા વખતે આ બહેનોએ સેવાશિબિરો ખોલવાની શરૂઆત કરી એ વ્રત સેવાસદને આજે પણ ચાલુ રાખ્યું છે. સારા ઘરની બહેનોને તબીબી શિક્ષણ લેવામાં શરૂઆતમાં સંકોચ થતો હતો. પણ રમાબાઈ પોતે એમને લઈ પૂનાની મોટી સાસૂન હૉસ્પિટલમાં જતાં અને સમાજમાં પણ સ્ત્રી ડૉકટરોની કેટલી જરૂર છે એ વિશે ખૂબ પ્રચાર કરતાં.

શ્રી. રમાબાઈના કામની વાતો ગામેગામ જઈ પહોંચી અને બહારગામના લોકો એમને માર્ગદર્શન માટે બોલાવવા લાગ્યા. વિદર્ભ, મરાઠાવાડા, ગુજરાતમાં પાલનપુર એજન્સી, મદ્રાસ અને મ્હૈસૂરમાં જઈ એમણે વ્યાખ્યાનો આપેલાં. પાલનપુર બાજુ દુકાળમાં રાહતકાર્ય કરવા પણ એ જઈ પહોંચ્યાં હતાં.

બહેનોના કળાકૌશલ્યના ગુણ ઘરની ચાર દીવાલોની બહાર આવતા જ નહીં. એટલે પ્રશંસા, પ્રોત્સાહન કે પ્રગતિનાં દ્વાર એમને માટે બંધ જ રહેતાં. બહેનોની કળાકૃતિઓનું એક પ્રદર્શન રમાબાઈએ ૧૯૧૨માં આયોજિત કર્યું. જુનવાણી લોકોએ એ વખતે પણ ખૂબ વખોડયા છતાં પ્રદર્શન સરસ થયું. ઉદ્યોગ મંદિરને મદદ અને માર્ગદર્શન બંને લાભ થયા.

સાસૂન હૉસ્પિટલમાં દરદીઓને જેમ રમાબાઈ કાયમ મળવા જતાં, મદદ કરતાં અને સારા સંસ્કાર આપતાં તેમ જ યરવડા જેલમાં પણ ગુનેગાર બહેનો અને બાળકો વચ્ચે એ પોતાનો સમય નિયમિત રીતે ગાળતાં, એમની જોડે પ્રેમથી સુખદુઃખની વાતો કરતાં, એમને પ્રભુભજન કરવાનું શિખવાડતાં, સિલેટ-પેન આપી લખતાં શિખવાડતાં અને વારતહેવારે વગર ભૂલ્યે એમનું મોં મીઠું કરી આવતાં !

તે વખતના બ્રિટિશ રાજ્યકર્તાઓને પણ રમાબાઈ વિશે બહુમાન હતું. ૧૯૦૫માં બ્રિટિશોના યુવરાજ જ્યારે સપત્ની ભારત આવેલા ત્યારે ભારતીય

બહેનોનો પરિચય યુવરાણીને કરાવવાનું માન રમાબાઈને મળેલું. કોઈ પણ બાબતમાં પ્રાંતીય અને કેન્દ્ર સરકાર પણ રમાબાઈના મતને માન આપતી. રમાબાઈ વિવેકી છતાં સ્પષ્ટ અને દેશાભિમાની હતાં એમણે કોઈ દિવસ ખુશામત કરી નથી.

ફિજી ટાપુ પર ભારતીય મજદૂરની હાલત ખૂબ ખરાબ હતી. ગુલામોથી પણ બદતર હાલતના એ લોકોની બહેનો પરનો પાશવી જુલમ થઈ રહ્યો હતો. એનો નિષેધ કરી ન્યાય માગવા માટે રમાબાઈએ મુંબઈ અને પૂનામાં બહેનોની વિરાટ સભાઓ ભરી હતી અને ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ પણ કર્યું હતું.

૧૯૧૮માં પહેલા વિશ્વયુદ્ધને વખતે મુંબઈમાં ગવર્નરને ત્યાં વૉર કૉન્ફરન્સની મીટિંગ ચાલતી હતી. ત્યાં લોકમાન્ય ટિળક અને ગવર્નર વચ્ચે મતભેદ થયો, બોલાચાલી પણ થઈ અને લો. ટિળક ત્યાંથી ઊઠી ગયા. ત્યાર પછી રમાબાઈનો બોલવાનો વારો આવ્યો ત્યારે એમણે ગંભીરતાપૂર્વક કહેલું, "શાસકો પ્રત્યે પ્રજાને જેમ કેટલાંક કર્તવ્યો છે તેમ રાજ્યકર્તાઓએ પણ પ્રજા પ્રત્યેની ફરજ ધ્યાનમાં રાખવી જોઈએ! પ્રજાની નિષ્ઠા અને ત્યાગની કદર કરી પ્રજાના ન્યાય્ય હક સરકારે માન્ય કરવા જોઈએ."

કેનિયા કોલોનીમાં પણ ફિજીની માફક જ અવસ્થા હતી. એનો નિષેધ કરતાં જાહેર સભામાં રમાબાઈ બોલ્યા હતાં:

"જે સામ્રાજ્ય સરકાર ભારતના ગરીબ લોકોને કોલોનીમાં પોતાના ફાયદા માટે જવા પ્રેરે અને કામ પત્યા પછી એમના પર અન્યાય કરી જુલમ ગુજારે એ સરકારનું રાજ જવા બેઠું છે એવું સમજવું!"

વિધિમંડળની ચૂંટણીમાં બહેનોને મત આપવાનો અધિકાર મળવો જોઈએ એટલા માટે ૧૯૧૮ થી ૧૯૨૩ સુધી જે આંદોલન થયું તેનાં પ્રવર્તક રમાબાઈ હતાં. એમણે ગામેગામ બહેનોની સભાઓમાં પ્રવચનો કર્યાં, લેખ લખ્યા, મતદાનના હકનું ગાંભીર્ય અને મહત્ત્વ લોકોને સમજાવ્યું. સ્ત્રી સંસ્થાઓની સંઘટના કરી. મુંબઈની વિધાનસભામાંના હરિલાલ દેસાઈએ સ્ત્રીઓને મતદાનનો હક મળવો જોઈએ એવો પ્રસ્તાવ મૂક્યો. વિરોધ પણ જબરો હતો. અંગ્રેજ અધિકારીઓ પણ વિરોધ કરી રહ્યા હતા. ત્યાં સર એચ. લૉરેન્સે પ્રસ્તાવને ટેકો આપતાં કહ્યું. "કોઈપણ પ્રગતિશીલ રાજ્યમાં હોય તેમ અહીં પણ બહેનોને મત આપવાનો અધિકાર આપવો જ જોઈએ. ઉપરાંત કોઈપણ ચૂંટણીમાં ઊભા રહેવાનો એમનો હક પણ માન્ય કરવો જોઈએ. દુનિયામાં એવું તે કયું વિધિમંડળ હોઈ શકે કે જેમાં રમાબાઈ જેવાં આદરણીય બાનુનું સભાસદત્વ અને સહકાર્ય હિતકારી

અને ભૂષણાસ્પદ ન હોય ?" લૉરેન્સ સાહેબની આ વાત પર આખું સભાગૃહ વારી ગયું અને હર્ષનાદ સાથે પ્રસ્તાવ પસાર થયો !

રમાબાઈના વિચાર જેમ જ્ઞાન અને અનુભવથી પરિપકવ થયા હતા તેમ એમની સાદી સરળ ભાષા પણ એ વિચારોને વ્યક્ત કરે એવી સમર્થ બની હતી. એમની આત્મકથાની લેખનશૈલીમાં એમના વ્યક્તિત્વનું પણ સુભગ દર્શન થાય છે. આજે એક સદી પછી પણ એ પુસ્તક વારંવાર વાંચવું ગમે એવું છે.

પોતાનાથી બધી રીતે મોટા પતિ પર અનન્ય પ્રેમ અને શ્રદ્ધા રાખી એ એમનાં સમોવડિયાં બન્યાં, છતાં પતિની સુજનતા અને પત્નીની નમ્ર સૌમ્યતા કાયમ જ રહી ! ન્યાયમૂર્તિના મૃત્યુ પછી ચોવીસ વર્ષ રમાબાઈ આ દુનિયામાં હતાં. એમના ઘરના મુખ્ય ખંડમાં ન્યાયમૂર્તિ હંમેશાં જે સોફા પર બેસતા, એના પર એમની એક પ્રતિમા મૂકી રમાબાઈ એમની છાયાની માફક જ, પોતાનું પ્રત્યેક કામ 'એમનું' હોય એ રીતે જ જીવ્યાં ! વિરહનું દુઃખ મનમાં હશે, પણ એ ગળી જઈ, જાણે રમાબાઈનો દેહ જગતમાં છે ત્યાં સુધી એમના પતિ પણ છે જ એવા ગૌરવથી સૌભાગ્યવતી પોતાનું જીવન જીવી ગયાં !

# ૭. કસ્તૂરબા ગાંધી
## (૧૮૬૯-૧૯૪૪)

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં જ્યારે દક્ષિણ ભારતના વનવગડામાં પંડિતા રમાબાઈ પોતાની મા પાસે બેસી સંસ્કૃત ભણતાં હતાં, ઈંગ્લંડમાં માર્ગારેટ નોબલ પિતાનાં ધર્મપ્રવચનો ધ્યાન દઈ સાંભળતાં હતાં, અને ધર્મગુરુનાં પત્ની હોવા છતાં એની બિસેંટને ભગવાન જેવું કાંઈ છે જ નહીં એવું લાગવા માંડયું હતું, એ જ અરસામાં કાઠિયાવાડમાં રાજકોટના એક ડહેલામાં એક શાણી નમણી કુળવધૂ મોટા ઘરનો ભાર ઉપાડી લેવાની તૈયારી કરી રહી હતી.

કાઠિયાવાડ એટલે દેશી રાજ્યોનો પ્રદેશ. અંગ્રેજોના રાજમાં મોટા ભાગના દેશી રાજાઓ એકંદરે સુખી હતા. એમને માથે જવાબદારી જેવું બહુ થોડું રહેલું. સત્તા પણ નામની. ભેટમાંથી છૂટેલી તલવારો મ્યુઝિયમ ભેગી થઈ ગઈ હતી. પ્રજાના મનમાં રાજાઓ પ્રત્યે નિષ્ઠા હતી, ભાવ હતો. જામદારખાનાં ભર્યાં-ભાદર્યાં હતાં. કોઠારો અનાજથી ભરપૂર હતા. કેટલાક સારા, ઉદાર મનના રાજવીઓ-એ વિદ્વાનોની કદર કરી, ચતુર અને ચારિત્ર્યવાન માણસોને આશ્રય આપ્યો, કળાને ઉત્તેજન આપ્યું. રાજકોટનું રાજ એમાંનું જ એક. કબા ગાંધી મૂળ વતની પોરબંદરના, પણ દીવાન હતા રાજકોટના. ગોકુળદાસ મકનજીનાં દીકરી કસ્તૂરબાઈ સાથે એમના મોહનદાસનાં લગ્ન થયાં હતાં.

કથાપોથી કડકડાટ વાંચી જનારી, ઘરનાં કામકાજ સુઘડતાથી કરતી એ મોટા ઘરની વહુવારુ તહેવાર, કુટુંબના રીતરિવાજ, ધાર્મિક વ્રત, વૈકલ્પ વિ. બધું બરાબર જાણતી હતી. એમાં કશું કહેવાપણું નહોતું, સામે આવે એ કામ મન દઈને કરવું, મોટાંની આમન્યા રાખવી, બધાંનું સાંભળવું, સામું ના બોલવું, છતાં ધાર્યું પોતાનું કરવું એવો એનો સ્વભાવ.

ભાઈ મોહનદાસ પણ એ જ મધ્યયુગીન સંસ્કૃતિના ઘડતરથી ઘડાયેલા હતા. સત્યને માનતા. સારા ચારિત્ર્યનો આગ્રહ રાખતા. નવી વિદ્યા અને નવું જગ એમને આકર્ષી રહ્યું હતું. સુખી મધ્યમવર્ગીઓમાં સહજ સ્વભાવ જેવી ભીરુતા એમનામાં પણ ખરી. જુવાનીમાં સાધારણ રીતે હોય એવી ચંચળતા અને પોતાની ભીરુતા ઢાંકવા તપાવેલો મિજાજ— એ એમનું પ્રખર શસ્ત્ર હતું.

સીધી રીતે વહેતા પ્રવાહમાં અચાનક ભમર આવે અને એ વમળને લીધે એ વહેણની દિશા, ગતિ બધું જ ચકરભમર થઈ જાય એવું જ કાંઈક આ દંપતીના આયુષ્યમાં થવા બેઠું હતું. જીવનપ્રવાહની એ અનિર્બંધ ગતિને પચાવતાં પચાવતાં એ બે તો કયાં ને કયાં આગળ વધી ગયાં, એટલું જ નહીં પણ પોતાની સાથે દેશ આખાને આગળ લઈ જઈ એ વમળમાંથી ઉગારી લીધો.

કસ્તૂરબાઈએ નિશાળ કેવી એ જોઈ પણ નહોતી. કથા–પોથી વાંચવા પૂરતું અક્ષરજ્ઞાન હતું. એનાથી વધારે ભણવાની જરૂર પણ ખાસ ન પડી! પતિને થતું કે આ સતી જરા ભણે તો સારું. ભણાવવાના ધમપછાડા પણ કરી જોયા પણ ભણવા કોણ નવરું હતું! પોતાનું ધાર્યું વગર બોલ્યે કરવાનો આ સ્વભાવ. ઉંમર સાથે છોકરમત ઓછું થયું. જિદ્દીપણું હતું તે અડગ નિશ્ચયમાં પલટાયું. સ્વભાવમાં સહનશીલપણું આવ્યું. પ્રેમાળપણું આવ્યું. પૂતળીબાઈ જેવાં એમનાં સાસુ હતાં. એ કોઈ દી' ઘરનો ઉંબરો ઓળંગી કશે ગયાં નહોતાં. છતાં બહોળા પરિવારમાં અને ગામ આખામાં એમની હાકવાગતી. એમના પડ્યા બોલ ઉથાપવાની કોઈની હિંમત ન ચાલતી. પતિના સ્વર્ગવાસ પછી સંસારમાંથી મન કાઢી લીધું હતું. છતાં પોતાના દીકરાને એ બરાબર ઓળખતાં હતાં. મોહનદાસ વિલાયત જવા નીકળ્યા ત્યારે બાએ સોગંદ લેવડાવ્યા. દીકરો એમની આજ્ઞા કદાપિ ઉથાપી ના શક્યો. કસ્તૂરબાઈ આવાં સાસુમાના હાથ નીચે કેળવાયાં હતાં!

વિલાયત ભણી આવેલા બૅરિસ્ટર ગાંધી દ. આફ્રિકા અબ્દુલ્લાની પેઢી પર કામ કરવા ગયા. ત્યાં વકીલાત કરતાં કરતાં એમણે ત્યાંની હિન્દી પ્રજાની કફોડી સ્થિતિ જોઈ. હડહડતો અન્યાય, જુલમી કાયદા અને ડગલે ને પગલે થતું અપમાન જોઈ ગાંધીજીનો પુણ્યપ્રકોપ જાગ્યો. એમાંથી તેજસ્વી, સત્યાગ્રહી ગાંધી સર્જાયા. અન્યાયને એમણે પડકાર્યો. લોકોએ એમને સાથ આપ્યો અને એમના જીવનનો પ્રવાહ સદંતર બદલાઈ ગયો.

કસ્તૂરબાઈએ પારકા પરદેશમાં હિંમત કરી ઘર માંડ્યું હતું. પણ જોતજોતાંમાં એમના ઘરની એક એક દીવાલ અલોપ થતી ગઈ! શું થઈ રહ્યું છે એ સમજાય તે પહેલાં એમના ધણી એક વિશાળ કુટુંબના વડા થઈ બેઠા! નિત્ય નવા પ્રયોગ અને નવા વિચારના વાવંટોળ વચ્ચે પોતાના પગ નક્કર ભૂમિ પર સ્થિર રાખી પવન–પાંખડીએ ચડેલા પતિ સાથે થતાં નાકે દમ આવતો. પલ્લામાં મળેલું શેર–બશેર સોનું એ ક્યારનાં ખોઈ બેઠાં હતાં. પણ વારસાગત મળેલું સંસ્કારધન એમને ટકાવી રહ્યું હતું. એના વગર ગાંધીજી જેવાનો સંસાર ચલાવી શકાય એમ નહોતું!

પોતાના ચરિતાર્થ માટે કામધંધો કરવો નહિ. જાતિભેદ યા વર્ણભેદમાં માનવું નહીં અને અન્યાયને સતત પડકારતા રહેવું—ગાંધીજીના નવા જીવનની આ નવી નિસરણી હતી. આ નવા માર્ગ પર વિઘ્નો હર ઘડી આવતાં. છતાં શરૂઆતથી જ યશનો કળશ છલકાવા લાગ્યો. હજારો લોકો એમના શબ્દને કાજે માથું મૂકવા તૈયાર થવા લાગ્યાં. ધ્યેયવાદ–આદર્શવાદનો નશો ચડવા લાગ્યો. જગતમાં સૌથી ભયંકર અને ખતરનાક નશો છે એ ! ઘરમાં કોઈને પણ જાતિનો ભેદ પાળ્યા વગર રાખવા કસ્તૂરબાઈ તૈયાર હતાં. પણ હાથે પગે સારા માણસનું કમોડ સાફ કરવાની નાખુશી બતાવવાની સાથે ગાંધીજીએ પારકા પરદેશમાં એમને ઘરની બહાર કાઢી મૂકવા બારણું ખોલ્યું. પતિનો બોલ સરખો ફૂલની માફક માથે ચડાવતી એ સતીએ રોકડું પરખાવી દીધું !

"તમને ના લાગતી હોય તોય મને તો શરમ લાગે છે ! મને કાઢી મૂકવાથી મારી આબરૂ જશે, અને તમારી શું વધશે ?"

ભીની આંખે ઉચ્ચારાયેલા આ શબ્દોથી પૂતળીબાઈના દીકરાની આંખો ખૂલી ગઈ ! સિદ્ધાંતવાદનો નશો ઊતરી ગયો !

આફ્રિકામાં લગ્નની નોંધણી કરવાના કાયદાની વિરુદ્ધ બહેનોએ સત્યાગ્રહ કર્યો ત્યારે કસ્તૂરબાઈએ આગેવાની લીધી. એ જમાનામાં એ બધી બહેનોએ જેલ વેઠવાની હિંમત બતાવી. એ પ્રથમ સત્યાગ્રહમાં વાલીઅમ્મા નામની બહેન પહેલી શહીદ થઈ.

કસ્તૂરબાઈ પોતાનું કામ મન દઈને કરતાં. પોતાની જવાબદારી એ બરાબર સમજતાં. સત્યાગ્રહ આશ્રમનો આવડો મોટો પસારો પોતાની તબિયત નાજુક હોવા છતાં એ બહુ સારી રીતે સંભાળતાં. ગાંધીજી સ્વદેશ પાછા ફર્યા. દેશ આખાના 'બાપુ' બન્યા. ત્યારે 'બા' એ પોતાનું સ્થાન સંભાળી લીધું. બાપુ માણસોનો મેળો ભેગો કરતા. બા પ્રેમના કાચા તાંતણાથી આવેલાને બાંધી રાખતાં. એવી આ વાણિયાની હાટડી ચાલતી હતી ! બાપુ પ્રયોગ આદરી બેસતા અને બા એ પૂર્ણ કરી દેતાં. બાપુ જીવનના સિદ્ધાંતો વિચારી ઉચ્ચારતા અને બા એ જીવનમાં ઉતારી દેતાં. કામનું આ વિભાજન આપમેળે જાણે થયું ના હોય ! બા કોઈ દિવસ રાજકારણની ભાંજગડમાં ના પડ્યાં, પણ આવ્યો વખત સાચવી લેવામાં એમણે પાછી પાની ના કરી.

બારડોલીના સત્યાગ્રહમાં લગભગ બધા નેતાઓ જેલભેગા થઈ ગયા હતા. ઘરબાર છોડી છાવણીમાં આવેલા ખેડૂતો પડાવ પર પડ્યા-પાથર્યા રહેતા હતા. સાથે

બૈરાંછોકરાં પણ ખરાં. માથે સરકાર રોષે બળે, અને એ ઓછું હોય તેમ તાવનો વાવર, માતાનો વાવર, કૉગળિયું–એક પછી એક રોગના હુમલા થવા લાગ્યા. નવાસવા છોકરા જેવા સ્વયંસેવકોને મૂંઝવણ થઈ. પણ કહેવું કોને ? એક જણે પોસ્ટકાર્ડ પર બધી બીના લખી સાબરમતીનું સરનામું કરી ટપાલમાં નાંખી દીધું. આશ્રમમાં જવાબદાર કહેવાય એવું ખાસ કોઈ હતું નહીં. બા પાંડુરોગથી અશક્ત થયાં હતાં એટલે મીઠુબહેન સાથે મરોલી જતાં રહેલાં. આશ્રમમાં એ કયાર્ડ જેમના હાથમાં આવ્યું. એમણે એ મરોલીનું સરનામું કરી બાને મોકલી આપ્યું. બા જમવા બેસતાં હતાં ત્યાં ટપાલ આવી. કાર્ડ મળ્યું. પાસે રમતા છોકરાઓને બોલાવી એ વંચાવ્યું. બીના જાણી એટલે બા વગર જમ્યે ભાણા પરથી ઊઠ્યાં. ખીંટીએ લટકાવેલી પોતાની જોડ કપડાંની ઝોળી ઉપાડી અને પહોંચી ગયાં સીધાં સ્ટેશને.

બા છાવણીમાં પહોંચ્યાં અને ત્યાંની દશા જોઈ. જ્યાં ને ત્યાં ગંદા પાણીનાં ખાબોચિયાં ભરાયાં હતાં. મચ્છર–માખીનો પાર નહોતો. બદબૂ આવતી હતી. માંદાં કણસતાં હતાં અને હામ હારીને કકળતાં હતાં !

બાએ ઘડીવારમાં બધું જોઈ લીધું અને છાવણીમાં જેટલાં સાજાંસમાં હતાં, બધાંને બોલાવી લીધાં. 'બા આવી ગયાં છે' એ સમાચારથી અરધી આપત્તિ ભાગી ગઈ ! બાએ દરેકને માથે કામ મૂક્યું. જોતજોતાંમાં સફાઈ થવા લાગી. 'બા' આવ્યાં જાણી ગામમાંથી પ્રતિષ્ઠિત લોકો આવ્યા. ડૉક્ટરો અને વૈદ આવ્યા. માંદાઓની સારવાર થવા લાગી. રસોડું વ્યવસ્થિત ગોઠવાયું. દરેકને પથ્યનું ખાવું–પીવું, પૂરતું ઓઢવા–પાથરવાનું મળી રહ્યું. આખો દિવસ કામ કરીને સમી સાંજે બધાં બા પાસે બેસતાં. સુખદુઃખની પેટછૂટી વાતો કરતાં.

એક પછી એક જે સાજાં થાય એ પોતાને ગામ વિદાય થતાં, બાને પગે લાગીને ઘેર આવવાનું કબૂલી લેતાં. અને સાચેજ બધું થાળે પાડી બા ગામડે ગામડે જાતે ફર્યાં. ઘેરઘેર જઈ લોકોને દિલાસો આપ્યો. એમની વાત બહુ સીધી હતી. સાદાં ભોળાંને ગળે ઊતરે એવી હતી. એ બધાંને કહેતા :

"હંમેશાં સફાઈ રાખવી. રેંટિયો ફેરવવો. ખૂબ શ્રમ કરવો અને પ્રમાણિક રહેવું." એ પોતે જેટલું કરતાં એટલું જ લોકોને કરવાનું કહેતાં ! લોકો પણ એમનું માનતા. બાપુ મોટા માણસ. એમની આમન્યા રાખવી પડે. પણ બા સૌને પોતીકાં લાગતાં ! બા પર સૌ હક બજાવતા !

આમેય ભારત જોવા નીકળેલા ગાંધીજીને 'અમારાં ખોરડાંમાં બહેનો પાંચ છે પણ ઓઢણું એક જ છે!' આ ભારતનું ચિત્ર બતાવ્યું હતું કસ્તૂરબા અને અવંતિકાબાઈએ જ ત્યાર પછી જ બાપુએ રેંટિયાને રાષ્ટ્રીય આંદોલનનું પ્રતીક બનાવી 'ચરખા ચલાચલાકે લેંગે સ્વરાજ લેંગે' એવી પ્રતિજ્ઞા કરી હતી!

બાપુ દાંડી ગયા ત્યારે બા સુરત ગયાં.

ત્યાં બહેનોને ભેગી કરી અને દારૂના પીઠા પર નિરોધન શરૂ કર્યું. ગામેગામથી બહેનો સુરત પહોંચી ગઈ. હજારો બહેનોને શાંતિથી રસ્તા પરથી નીકળી પીઠાંઓ સામે ઊભી રહેતી. દારૂ વેચવાની શકયતા ના રહી ત્યારે પીપ ને પીપ ગટરમાં ઠાલવી ઊંધાં પાડી પીઠાંવાળાઓએ પીઠાં બંધ કર્યાં!

બાની અપૂર્વ શક્તિનો ખ્યાલ બાપુને બરાબર હતો. બાપુએ બતાવેલા જીવનના સિદ્ધાંતો સમાં અગિયાર વ્રતો બાપુના કહેવા ખાતર પ્રાર્થનામાં બોલી જનારાં ઘણાં હતાં, પણ એ વ્રતનું પાલન કરી જીવનમાં ઉતારવાવાળાં બા જેવાં ભાગ્યે જ કોઈ હોય! બાની આ જીવનસાધનાને લીધે બાપુના શબ્દમાં પ્રભાવ હતો! દેશભરમાંથી લાખો કુટુંબો પોતાનો સ્વાર્થ બાજુએ મૂકી, જાડી ખાદી પહેરી, માલ-મહેલાતો છોડી જેલભેગાં થયાં. લાઠીનો માર ખાધો, કેટકેટલું વેઠયું બાપુના કહેવાથી બાપુના એ શબ્દ પાછળ સતીનું સત હતું.

બાપુનું વ્યક્તિત્વ અસામાન્ય હતું. એમનું જીવન મહામૂલા જરિયાન વસ્ત્રસમું ઝળહળતું હતું. બાએ પોતાનું જીવન એ જ રંગે રંગી એ મહાવસ્ત્રને પોતાની મુલાયમ મલમલનું અસ્તર નાંખી એ વસ્ત્ર લોકોને કામ લાગે એવું, સહેવાય એવું બનાવ્યું. સિદ્ધાંતવાદને માનવતાનો ઓપ આપ્યો. એટલે જ બાપુ નિખાલસતાથી કબૂલ કરતા, 'હું બાને લીધે મોટો થયો!'

૧૯૪૨ની છેલ્લી લડતમાં ૮મી ઑગસ્ટને દિવસે મધ્યરાત્રીએ બાપુને પોલીસે પકડયા ત્યારે બા માટે વૉરંટ હતું. એ વિલક્ષણ હતું. "એમની ઈચ્છા હોય તો મિ. ગાંધી સાથે જવું, અથવા તો ગમે ત્યાં જવા એ છૂટાં છે."

બાએ પોતાની રીત પ્રમાણે બાપુને પૂછયું:

"મારે શું કરવું?"

"તમે અહીં જ રહેજો." બાપુએ કહ્યું.

"સાંજે જાહેર સભા છે. માર્ગદર્શનની અપેક્ષાએ લોકો આવશે. મારી જગ્યા તમે લેજો!"

બા ક્રાન્તિના ઉત્તરાધિકારી થઈ શકે એ બાપુ જાણતા હતા. જોકે સરકાર પણ એ જાણી ગઈ ! એમને પણ બાપુ સાથે લઈ ગયાં. છૂટાં ન મૂકયાં !

બાપુને પૂરાં ૬૨ વર્ષ સાથ આપી બાએ કારાવાસમાં જ દેહ મૂકયો.

આ છેલ્લા કારાવાસ દરમ્યાન બાપુએ મનુબહેન અને બા બંનેને ભૂગોળ ભણાવતાં એકવાર પરીક્ષા પણ લીધેલી. એમાં બા નાપાસ થયેલાં ! છતાં ભૂગોળ પર વસતાં માણસોના મનનો એક ખૂણો જીતીને એ ગયાં !

બા ગયા પછી લોકોએ સ્વયંસ્ફૂર્તિથી એમનું સ્મારક કરવા ફાળો કર્યો. બાપુ છૂટીને આવ્યા ત્યારે બાના સ્મારક માટે એમની સામે કરોડ રૂપિયા મૂકયા ! ત્યારે એક ઉદ્યોગપતિએ કહેલું : "કોઈ સમ્રાટે પણ પોતાની મલેકાનું સ્મારક કરવા પાછળ આવી મોટી રકમ નહીં ખરચી હોય ?"

વાત સાચી હતી ! બા-બાપુનું રાજ રાજામહારાજાઓ કરતાં જુદી જ જાતનું હતું. બાના નામથી બાપુએ એ કરોડ રૂપિયા બહેનોને આપી દીધા. એ નિધિમાંથી ભારતભરમાં ટીંબા જેવડાં ગામડાંઓમાં સેવાકેન્દ્રો સ્થપાયાં. ગિરિજનો, હરિજનો અને ગ્રામજનોની, સેવા કરવાનું પ્રશિક્ષણ સેવિકાઓને ત્યાં અપાય છે. બા–બાપુની સિદ્ધાંતવાદી દીકરીઓ આજે પણ એમનાં વ્રત આગળ ચલાવવાના પ્રયત્ન કરે છે.

# ૮. અવંતિકાબાઈ ગોખલે

૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધમાં ઝાંસીનાં રાણી લક્ષ્મીબાઈના પરિવારનાં એક બહેન એ વિગ્રહ પૂરો થયા પછી તીર્થયાત્રા વિ. કરી ઈંદોર રહેવા ગયાં. એમના પડોશમાં જોશી કુટુંબ હતું. કુટુંબમાં નાનું છોકરું જન્મે ને મરણ પામે. ખૂબ બાધા-આખડી રાખ્યા પછી એક નક્ષત્ર જેવી સુંદર છોકરી જન્મી. એ દીર્ઘાયુષી થાય એવી ઈચ્છાથી એની માએ એને આ ઝાંસીવાળાં બહેનના ખોળામાં મૂકી. એ બહેને એ છોકરીનું નામ પાડયું 'કૃષ્ણા'. ઈતિહાસનું એક ઉજ્જવળ પર્વ આંખે જોયેલાં એ બહેનના મનમાં આખો વખત એ જ સંભારણાં રમતાં. કૃષ્ણાના મન પર એમના સંસ્કાર થયા હોય એમાં શી નવાઈ ?

એ જમાના પ્રમાણે નવમે વર્ષે કૃષ્ણાનાં લગ્ન ગોપાળરાવ ગોખલેના દીકરા બબનરાવ સાથે થયાં. સાસરિયામાં એમનું નામ 'અવંતિકા' પાડવામાં આવ્યું. એનાં દાદીને આંખે બરાબર દેખાતું નહોતું. એટલે કૃષ્ણાને પાસે બેસાડી એના હાથમાં ગળામાં ઘરેણાં સરખાં પહેરાવ્યાં છે કે નહીં — છોડી સુખી છે એમ તો ઘરેણાં જોઈને જ કહેવાય ને!— ડોસીએ હાથ ફેરવી ફેરવી બધું જોઈ લીધેલું. ભવિષ્યમાં એમની લાડકવાયી કયાં ઘરેણાં પહેરવાની હતી એ માજીને ખબર હોત તો વલોપાત જ કરત !

સાસરે સાસુજીની શિસ્ત બહુ કડક હતી. અવંતિકાને રાત ને દિવસ તલવારની ધાર પર રહેવું પડતું. આ જાણે ઓછું હોય તેમ બબનરાવ ભણવા વિલાયત ગયા. જતાં જતાં કહેતા ગયા : "જો જે. અંગ્રેજી અને મરાઠી લખતાં-વાંચતાં શીખી લે. નહીં તો ત્યાંથી મડમ લઈ આવીશ. પછી રડશે તો સામું નહીં જોઉં."

'મડમ લાવશે' એટલે શું ? નવ દસ વર્ષની એ છોડીને કશું ના સમજાયું. પણ એ કાંઈક સજા છે, એટલે મનમાં ખાસ્સો ધ્રાસકો પેઠેલો. જૂના ઘરમાં બિચારીને ભણવા કોણ દે ? ભણાવે પણ કોણ ? પણ નસીબ એકાએક ઊઘડી ગયાં. સાસુજીએ દીકરાના ભલા માટે શિવલીલામૃતનું પારાયણ આદર્યું. વહુને પણ સાથે બેસાડી વંચાવતાં, મરાઠી ભણાવતાં. થોડા દિવસ પછી સસરાજીએ અંગ્રેજીના પાઠ આપવાની શરૂઆત કરી. જે દિવસે વિલાયત મોકલવાના પત્રમાં પોતે (સસરાજી પાસે બેસીને જ તો) ચાર લીટી અંગ્રેજીમાં ખેંચી કાઢી ત્યારે જીવ હેઠો બેઠો— 'હવે મડમ નહીં લાવે !'

ગોખલે વિલાયતમાં ભણતા હતા. અવંતિકાબાઈ સાસરે—સાસુસસરા પાસે રહેતાં હતાં, એવું એમના સંસારનું ગાડું ચાલતું હતું. ત્યાં અચાનક ગાબડું પડયું. ઈંગ્લંડમાં હેદરિંગ્ટન કું.માં ગોખલે કામ કરતા હતા. એ કંપનીએ ગોખલેને યંત્રવિશારદ તરીકે કેટલાંક યંત્રો ઊભાં કરવા ચાયના મોકલી આપ્યા. ત્યાં કોઈ યંત્રની તપાસણી કરતા હતા અને અકસ્માત થયો. ડાબા હાથનાં ચાર આંગળાં કપાઈ ગયાં. કંપનીએ એવી સ્થિતિમાં પણ એમની નોકરી ચાલુ રાખવાનું કહ્યું. પણ સ્વમાની માણસને ગળે આ વાત કેમ ઊતરે ? અત્યાર સુધીની કમાણી ભેગી કરી એ મૂડીને આધારે પોતાનો ઉદ્યોગ કરવાનું નક્કી કરી શ્રી. ગોખલે ભારત પાછા ફર્યા. હવે બદલાઈ ગયેલા સંજોગોમાં પોતાની પત્નીને માત્ર અક્ષરજ્ઞાન હોય એટલાથી સંતોષ પામવા જેવું નહોતું. પરદેશમાં બહેનો નર્સિંગની તાલીમ લઈ સ્વાશ્રયી થાય છે અને સાથે સાથે લોકોની સેવા પણ કરે છે એ એમણે જોયું હતું. મુંબઈની મોટલીબાઈ હોસ્પિટલમાં નર્સિંગનું શિક્ષણ લેવાની સગવડ હતી. એમણે અવંતિકાબાઈને ત્યાં ભણવા મોકલ્યાં. મૂળ બુદ્ધિ ઘણી સારી અને ઘેર કડક શિસ્તને કારણે દરેક કામ ચીવટથી વ્યવસ્થિત કરવાની ટેવ પડી ગઈ હતી. એટલે ઉમંગથી એમણે પોતાનું શિક્ષણ સરસ રીતે પૂરું કર્યું. આગળ જતાં એ જ્ઞાનનો ઉપયોગ પોતાની ઉપજીવિકા માટે નહીં પણ લોકસેવા માટે એ કરી શક્યાં.

શ્રી. ગોખલેએ વડોદરામાં દીવાસળીનું કારખાનું ખોલ્યું. ત્યાં અવંતિકાબાઈએ પોતાનું ઘર માંડયું. પણ એમને ઘરસંસાર પહેલેથી અને રોજ હતો. ઘર માંડયું અને દુકાળ પડયો. ગોખલે દંપતીએ સાઠ—પાંસઠ નિરાશ્રિત છોકરાઓને પોતાને ત્યાં રાખી લીધા. એમને ખવડાવી—પિવડાવી કારખાનામાં કામે લગાડયા. ગામમાં ઘેર ઘેર ફરી બહેનોને અને માંદાઓને આરોગ્યના અને સારવારના પ્રાથમિક નિયમ સમજાવવાનું કામ અવંતિકાબાઈ નિયમિત કરતાં. ઉપરાંત શ્રી. ગોખલે બહારગામ જાય ત્યારે કારખાનું પણ ચલાવતાં.

૧૯૦૨માં મુંબઈમાં માતાનો વાલર શરૂ થયો. રોજ મૃત્યુ થવા લાગ્યાં. અવંતિકાબાઈ મુંબઈ કામ કરવા દોડી ગયાં. નર્સિંગનો અભ્યાસ કરતાં હતાં ત્યારે એમને ભણાવતા એક ડૉકટર સાહેબ 'નેટિવ' બહેનોને કાયમ સંભળાવતા "તમે ગમે એટલું કરશો તો પણ અમારી નર્સો કરે છે એવું કામ કોઈ દિવસ ન કરી શકો. તમારા સ્વભાવમાં એવી સેવાવૃત્તિ જ નથી." અવંતિકાબહેનને એ શબ્દોથી ખૂબ મનદુઃખ થતું. આ જીવલેણ ભયંકર માંદગીમાં એમણે એવી સરસ સેવા કરી કે પેલા ડૉકટરસાહેબે પોતે જ એમની પ્રશંસા કરી એમને સાબાશી આપી.

બબનરાવનાં લગ્ન પછી પાછલી ઉંમરે સાસુસસરાને ઘેર પુત્રજન્મ થયો. પોતાના નાનાભાઈને અન્યાય ન થાય એટલા માટે પોતે આજીવન બ્રહ્મચર્ય પાળી નિઃસંતાન રહેવાની પતિની ઇચ્છા અવંતિકાબાઈએ વધાવી લીધી અને એ આકરી ભીષ્મપ્રતિજ્ઞા પાળી બતાવી.

બ્યારા પાસે બબનરાવનું કારખાનું સારું ચાલતું હતું. પણ સુરંગ ફોડી માછલી પકડવાનો પ્રયોગ કરતા હતા ત્યારે બબનરાવના જમણા હાથની હથેળી ઊડી ગઈ. એમની જોડે એક છોકરો હતો તે દોડતો જઈ અવંતિકાબાઈને બોલાવી લાવ્યો. એમણે આવી શું થયું તે જોતાંની સાથે પોતાની સાડીનો પાલવ ફાડી હાથ સખત બાંધી મળ્યું એ સાધન લઈ સીધાં સુરત પહોંચ્યાં. ત્યાં શસ્ત્રક્રિયા થઈ. હવે તો બંને હાથ નકામા ! પણ અવંતિકાબાઈ પોતે હિંમત રાખી પતિને પણ આશ્વાસન આપતાં રહ્યાં, "મારાં દસે દસ આંગળાં તે તમારાં જ છે ને !" અને સાચે જ એમનું વર્તન પણ છેક સુધી એવું જ રહ્યું !

બબનરાવનું મનોધૈર્ય પણ જેવું તેવું નહોતું. દસ આંગળાંમાંથી ડાબા હાથનો એક અંગૂઠો બચી ગયો હતો એને જોરે પ્રયત્નપૂર્વક એમણે પોતાનું કામ જાતે કરવાથી માંડી ધીમે ધીમે લખવાથી જમવા સુધી બધું જ કામ એ ઘણી સરળતાથી કરવા લાગ્યા. દોઢથી બે વર્ષ સુધી પરિચારિકાનું કામ કરી અવંતિકાબાઈએ ઘર ચલાવ્યું. પણ પછી શ્રી. ગોખલે આત્મવિશ્વાસથી વ્યાપારધંધો કરવા લાગ્યા. પાછું બધું ઠરીઠામ થયું અને કમાવાની જવાબદારીમાંથી અવંતિકાબાઈ છૂટી ગયાં.

૧૯૧૩માં એક સરસ તક સામે ચાલીને આવી. મહારાષ્ટ્રમાં ઇચલકરંજી નામનું એક દેશી રાજ્ય હતું. એનાં રાણીસાહેબ સાથે વિલાયત જવાનું મળ્યું. બોટ પર સરોજિની નાયડુ પણ સાથે જ હતાં. એમનો પરિચય થયો. પશ્ચિમના પ્રગતિશીલ દેશ, ત્યાંની સામાજિક સંસ્થાઓ, શિક્ષણસંસ્થા, દવાખાનાં, ઐતિહાસિક સ્થળો બધું જ એ પ્રવાસમાં સરસ રીતે જોવા મળ્યું. પોતાનું ઘર અને સંસાર સાચવીને શું શું કરી શકાય એની કલ્પના આવી. આત્મવિશ્વાસ પણ વધ્યો.

સ્વદેશ પાછાં ફરી શ્રી. ગોપાળકૃષ્ણ દેવધરે ચલાવેલ સેવાસદનમાં એઓ જોડાયાં. સાથે સાથે લાલબાગ, વરલી, પરેલ વિભાગમાં આવેલ કામગાર વસ્તીમાં જઈ ત્યાંની બહેનો અને છોકરાંઓ માટે એમણે વર્ગો પણ શરૂ કર્યા. ગૌરીબાઈ ખાડિલકર, મિસેસ કારમાયકેલ, મિસેસ વિલ્સન એમની સાથે આ કામમાં જોડાયાં. ચાર વર્ષ સુધી એમણે આ કામ નિયમિત રીતે કર્યું, પણ વિધિના લેખ કાંઈ જુદા જ હતા.

૧૯૧૬માં શ્રી. શ્રીનિવાસ શાસ્ત્રીએ બાપુ સાથે એમનો પરિચય કરાવ્યો. માણસને તરત માપી લેવામાં ગાંધીજી અજોડ હતા. એમણે ગોખલે દંપતીને જોતજોતાંમાં પોતાનાં કરી લીધાં. ત્યાં ઘેર સસરાજી ગુજરી ગયા ત્યારે બળવંતરાવે બીજો એક નિર્ણય લીધો "બાપદાદાની એક પાઈ પણ આપણને ન ખપે." પતિના નિર્ણયને માથે ચડાવી અવંતિકાબાઈએ પહેરેલાં ઘરેણાં સુધ્ધાં તરત જ—જરા પણ આનાકાની કર્યા વગર—ઉતારી આપ્યાં. સંસારની લૌકિક સુખ-સંપત્તિથી સાવ છૂટી ગયાં !

બાપુએ ઠક્કરબાપા સાથે સંદેશો મોકલી ગોખલે પતિપત્નીને ચંપારણમાં કામ કરવા બોલાવી લીધાં. ત્યાં ગળીનાં ખેતરોમાં ગોરા જમીનમાલિકો જે જુલમ ગુજારતા હતા તેની સામે જંગ ઉઠાવવા બાપુ ત્યાં પહોંચી ગયા હતા. મજૂરો-પર થતા અન્યાયની વિગતો ભેગી કરવાનું કામ ચાલતું હતું. એમાં બાપુ પાસે જે કાર્યકર્તાઓ હતા એમાં ગોખલે દંપતી પહેલી હરોળમાં હતાં. ભારતની કંગાલિયત બ્રિટિશોના રાજમાં કેટલી હદ સુધી વધી છે એનું યથાતથ ચિત્ર કસ્તૂરબા અને અવંતિકાબાઈએ જ બાપુને બતાવ્યું. ત્યાંની બહેનોએ એક જ વાત એમને કહી હતી, "અમારે ત્યાં બહેનો ચાર છે, પણ લૂગડું માત્ર એક જ છે !" ત્યારથી બાપુએ 'ભારતનું રાજકારણ એટલે આ કંગાલોનું કલ્યાણ' એ નીતિ આદરી અને ચરખો ચલાવવાની શરૂઆત કરી. રાષ્ટ્રીય સભાના તિરંગી ધ્વજ પરનો રેંટિયો એટલે કસ્તૂરબા અને અવંતિકાબાઈની સ્વાક્ષરી જ છે એમ કહીએ તો ચાલે.

ચંપારણમાં અવંતિકાબાઈએ ઠેરઠેર નિશાળો ખોલી. એમાંની કેટલીક આજે પણ ત્યાં ચાલે છે. એમનો કંઠ પણ સારો હતો. એ ભજન ગાવાની શરૂઆત કરતાં અને ગામના લોકો એમની આજુબાજુ ભેગા મળતા. પોતાના પ્રસન્ન વ્યક્તિત્વથી અને મીઠી વાણીથી એ થોડી જ વારમાં સહુનાં મન જીતી લેતાં. થોડાક દિવસ જાય અને એ બધાંને પોતાની સગી મા જેવાં લાગવા માંડતાં. પોતાની સગી સાસુ સામે પણ ખુલ્લે મોંએ ન આવતી વહુવારુઓ મોં પરનો તો ઠીક, પણ દિલ પરનો પડદો પણ હઠાવી દઈ પોતાની ઊંડીઝીણી વાતો વિશ્વાસથી એમને કહેવા માંડતાં. એમની સાથે કામ કરવા લાગતાં. એમની વાતો માનતાં. એ શિખવાડે તે બધું શીખી લેતાં. શ્રી. ગોખલે અને દેવદાસ ગાંધી ગામેગામ ફરી સફાઈના પાઠ લોકોને આપતા. એવા આ કાર્યકર્તાઓને માથે આરોપ શી રીતે મુકાય—અને કયા બહાના હેઠળ એમને પકડાય—? સરકારી અધિકારી મૂંઝાઈ જતા.

આ કામ ચાલુ હતું ત્યારે જ અવંતિકાબાઈએ બાપુનું ચરિત્ર લખ્યું. ભારતમાં લખાયેલું બાપુનું આ પહેલું જ ચરિત્ર. લોકમાન્ય ટિળકે આ ચરિત્રને વિસ્તૃત પ્રસ્તાવના લખી આપી છે. આ પણ એક અપૂર્વ મણિકાંચન યોગ.

અવંતિકાબાઈની કર્તૃત્વશક્તિને લીધે એમને જોતજોતાંમાં કીર્તિ મળવા લાગી. ભારતભરમાં એમનું નામ જાણીતું થયું. સરોજિનીદેવી, એની બિસેંટ, હંસાબહેન મહેતા તેમ જ ઠક્કરબાપા, બાબુ રાજેન્દ્રપ્રસાદ, માલવીયજી, લોકમાન્ય ટિળક, સર શંકર નાયર, બૅ. મુકુંદરાવ જયકર વિ. મહાનુભાવો એમના સહકારી હતાં. એ બધાંને અવંતિકાબાઈ માટે બહુ માન હતું. ૧૯૩૦ની લડતમાં મુંબઈના એક 'સેનાની' હતાં. આઝાદ મેદાન પર એમની જાહેર સભા થઈ ત્યારે એ સભામાં લાઠી–ગોળી ચલાવી, લોકો પર ઘોડા દોડાવવામાં આવ્યા હતા. કેટલીક બહેનોને ઉપાડી ભાંડુપના જંગલમાં છોડી મૂકી હતી. છતાં અવંતિકાબાઈ અડગ રહી સભાની કાર્યવાહી વ્યવસ્થિત રીતે ચલાવતાં રહ્યાં. ભીંડીબજારમાં એ અને હંસાબહેન-મહેતા પિકેટિંગ કરવા જતાં.

૧૯૩૦ અને '૩૨ની લડતોમાં એમણે આગલી હરોળમાં રહી કામ કર્યું. સજાઓ પણ ભોગવી. પણ ત્યાર પછી શ્રી. ગોખલેને હૃદયવિકારનો રોગ લાગુ પડયો એટલે એમનો પગ બંધાઈ ગયો. પછી મળે એટલો સમય, એમણે સ્થાપના કરેલી સંસ્થા - હિંદ મહિલા સમાજને એઓ આપતાં. આઠ વર્ષ સુધી એઓ મુંબઈ મહાપાલિકાનાં સભ્ય પણ હતાં. નિઃસ્પૃહ, ચારિત્ર્યવાન, સેવાભાવી અને શિસ્તપ્રિય નગરમાતા એવી એમની નામના હતી. શહેરની સ્વચ્છતા, શાળાઓની સુધારણા, નગરપાલિકામાં સ્વદેશીનો પ્રવેશ—એ એમણે કરેલાં કામમાંનાં મોટાં કામ.

હરિજનસેવા અને ખાદી એ બે એમણે વ્રત તરીકે સ્વીકાર્યાં હતાં. પોતે નિયમસર ચરખો પણ ચલાવતાં અને બાપુને ધોતિયાં મોકલાવતાં. પોતે જે ચીવટથી કામ કરતાં તે જ શિસ્તની કેળવણી આપી એમણે સન્નિષ્ઠ કાર્યકર્તાઓની એક પરંપરા નિર્માણ કરી. સેવાદલનાં કાબેલ સંચાલિકા સોફિયાબહેન ખાન એમના જ હાથ નીચે તૈયાર થયેલાં. હિંદ મહિલા સમાજ તો નાનામોટા કાર્યકર્તાઓની એક પાઠશાળા જ બની રહી. અવંતિકાબાઈના વ્યક્તિત્વની છાપ હજુ આજે પણ એ સંસ્થા પર છે. આજે પણ સાડાત્રણના ટકોરે સંસ્થાનો પ્રત્યેક કાર્યક્રમ શરૂ થાય છે અને પાંચ વાગે પૂરો થાય છે. ગમે તે માનવંતા મહેમાન માટે પણ આ જ શિસ્ત છે.

પોતાનો અનેરો સંસાર સરસ રીતે ચલાવી, પોતાનું દરેક કર્તવ્ય પાર પાડી અવંતિકાબાઈએ જીવનનો એક આદર્શ નિર્માણ કર્યો.

# ૯. સરોજિનીદેવી

રસિકોની દૃષ્ટિમાં હંમેશાં સ્ત્રીનું સૌંદર્ય વસ્યું છે. એની કમનીય મૂર્તિનું વર્ણન કરતાં એ થાકતા નથી, સાધુસંતોએ એને 'મોહમયી' કહી હંમેશાં ટાળવાનો પ્રયત્ન કર્યો છે. સહૃદયી સજ્જનો 'હૈયે અમરત ને નેણમાં આંસુડા' એ સ્ત્રીજીવનની કરુણતાથી દ્રવી ઊઠે છે. સ્ત્રીનાં આ વિધવિધ રૂપોથી તદ્દન અનેરું રૂપ બતાવી ગયાં એ સરોજિનીદેવી. નિખાલસ, પારદર્શી અને પ્રસન્ન એવાં એ વ્યક્તિત્વની આભા કાંઈ જુદી જ હતી અને આમ પણ વંશવેલો જ અદ્‌ભુત હતો. ટાગોર જન્મશતાબ્દી વખતે એક સભામાં શ્રી. હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયે એ વિલક્ષણ હકીકત લોકોને કહી હતી.

૧૮૬૦ની વાત. પૂર્વ બંગાળમાં એક કુલીન ઘરનો યુવાન સાવ 'વાહ્યાત' જેવો થઈ ગયો હતો. ભગવાને બુદ્ધિ તો ઘણી આપી હતી, પણ બંદા પાઠશાળાનું મોં જોવા તૈયાર થાય ત્યારે ને ! પદ્મા જેવી વિશાળ નદી એને મળી હતી. દિવસ-રાત હોડી લઈ નદીના પટ પર નીકળી પડે. ભૂખ લાગે ત્યારે માછલી પકડી ઘેર જવું. 'અઘોરનાથ' નામ ફોઈએ બરોબર પાડ્યું હતું ! જનોઈ ક્યારની ગંગાર્પણ કરી દીધેલી. ગામના ઉતાર જેવાને દોસ્તો પણ કેવા હોય ! જંગલના બહારવટિયા સાથે એને સારું બનતું.

એક દિવસ આમ જ હોડીમાં બેસી ટહેલતા હતા ત્યારે નદીના ઘાટ પર પાણી ભરવા આવેલી એક છોડીએ મન હરી લીધું. એનો પીછો પકડી બ્રાહ્મણવાડે ગયા અને માગું કર્યું. છોકરો ભલે કુલીન ઘરનો હતો, પણ સાવ 'અબ્રાહ્મણ' જેવો થઈ ગયેલો. આવી રીતે બારણે ઊભો રહી માગું કરે ! એવાને વળી કન્યા કોણ આપે ! કોઈએ કાંઈ દાદ ના આપી !

ત્યારે આ નફકરા જુવાને બહારવટિયાઓની મદદથી એ મનગમતી વરદસુંદરીનું હરણ કરી લગ્ન કરી લીધાં. વરદસુંદરી રૂપ અને ગુણથી નામને શોભાવે એવાં સંવેદનશીલ સંસ્કારમૂર્તિ હતાં. લગ્ન પછી અઘોરનાથજી સાવ બદલાઈ ગયા. જર્મનીમાં જઈ Ph.D. થઈ આવ્યા અને દક્ષિણ હૈદરાબાદમાં પ્રાધ્યાપક થયા.

સરોજિની આ દંપતીનું પ્રથમ સંતાન. ૧૩ ફેબ્રુઆરી ૧૮૭૯ને દિવસે એમનો જન્મ. એ બધાં મળી આઠ ભાઈબહેનો હતાં. દરેકમાં કાંઈક વિશેષ

ગુણ હતા, પ્રતિભાનો અંશ હતો. સરોજિનીદેવી એ સૌમાં ઉંમરથી અને બીજી બધી રીતે પણ મોટાં નીવડ્યાં. પિતાની બુદ્ધિમત્તા, નિર્ભય—નિખાલસ સ્વભાવ અને માના પ્રેમાળ સંવેદનશીલ કવિમનનો મળેલો વારસો એમણે સાચવ્યો—દીપાવ્યો.

પિતા કૉલેજમાં પ્રાચાર્ય થયા. નવી વિદ્યાનો પ્રભાવ તે વખતના યુવાનોના મન પર ગજબનો હતો. કુટુંબ આખું વિદ્યાવિભૂષિત કરવાનું ઘેલું લાગી જતું. ઘરમાં મડમો બોલાવી બહેનોને અંગ્રેજી ભાષા અને રીતરિવાજની કેળવણી અપાતી. સરોજિનીનું ભણતર એ રીતે જ થઈ રહ્યું હતું. ઘરમાં સામાન્ય વાતચીત પણ અંગ્રેજીમાં જ કરવાનો પિતાનો આગ્રહ રહેતો. ભૂલ ચલાવી લેવાની તો ત્યાં વાત જ ના હોય ! એકવાર તો એ નાનકડી દીકરીને આખો દિવસ રૂમમાં પૂરી રાખેલી ! પણ એમની એ જીદને લીધે જ કદાચ સરોજિનીદેવી અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવી શક્યાં હશે ! બીજા બધા વિષયો કરતાં એમને કાવ્યમાં રુચિ વધારે હતી. અગિયારમે વર્ષે એમણે પોતાની પ્રથમ કવિતા લખી અને તેરમે વર્ષે તો 'લેડી ઑફ ધી લેક' એ ૧૩૦૦ પંક્તિનું દીર્ઘકાવ્ય લખી કાઢ્યું ! એ જ અરસામાં એમણે પર્શિયન ભાષામાં એક નાટક લખેલું. નિઝામ સરકારના જોવામાં એ આવ્યું. એ બુદ્ધિમતી છોકરીની કદર કરી નિઝામ સરકારે શિષ્યવૃત્તિ આપી એમને વિલાયત મોકલ્યાં. ૧૮૯૭ સુધી કિંગ્ઝ કૉલેજ અને કેમ્બ્રિજની ગર્ટન કૉલેજમાં એઓ ભણતાં હતાં.

મુક્ત વાતાવરણમાં કળી ખીલે અને સુગંધ વેરાય તેમ એ સંવેદનશીલ મન ખીલતું હતું. ભાષા સુંદર અને સમૃદ્ધ હતી. ડોલનશૈલી અનુપમ હતી. એમણે કેટલીક કવિતાઓ લખી હતી. ધડકતે હૈયે એ કવિતાઓ પોતાના પ્રાધ્યાપક-વિવેચક પ્રો. ગોસના હાથમાં એક દિવસ મૂકી આવ્યાં. એમના જેવા રસિક સાક્ષર પોતાની એ કૃતિઓ વિશે શું કહેશે એ વિશે ઉત્સુકતા હતી—શંકા પણ હતી, એ વાંચશે ખરા ?

પ્રાધ્યાપક એક દિવસ પોતે જ એ કવિતા લઈ સરોજિનીને ત્યાં જઈ પહોંચ્યા. એમણે એ કવિતાઓ ધ્યાનથી વાંચી હતી. એમણે કહ્યું,

"તારી ભાષા સરસ છે. વૃત્તરચના, છંદ અને અલંકાર વિશે કશું કહેવાપણું નથી અને છતાં આ વાંચીને હું નિરાશ થયો એ મારે કહેવું પડશે કારણ આ અસમાન ગુણ હોવા છતાં આમાં ઊંડાણ નથી, મૌલિકતા નથી. આ છે અંગ્રેજી કવિઓનું માત્ર અનુકરણ ! તારી પોતાની લાગણીઓ, તારી ભાવના, તું જે

માટીમાં જન્મી ત્યાંનું વાતાવરણ, તારા દેશબાંધવોનાં સુખઃદુખની વાત તારા શબ્દોમાં પ્રગટે તો જ એ સાચી કવિતા કહેવાય ! એ કવિતા સર્જાશે તો ચિરકાલ ટકી રહેશે. તું સાચી કવયિત્રી થા. માત્ર શબ્દોની ગોઠવણીમાં રાચીશ મા !"

આ સ્પષ્ટ અભિપ્રાયથી સરોજિનીની કવિતાનું સ્વરૂપ બદલાયું અને એમના વ્યક્તિત્વને પણ એક અનેરો આકાર મળ્યો. 'પ્રાધ્યાપક મહાશયે મને કાવ્યમંદિરનો સોને મઢયો ઉંબરો દેખાડયો' એ ભાવનાથી એમણે પોતાના પ્રથમ કાવ્યસંગ્રહને Golden Threshold નામ આપ્યું અને એ પુસ્તક કૃતજ્ઞ ભાવે પ્રા. ગોસને અર્પણ કર્યું. ત્યાર પછી એમણે The Broken Wing, The Bird of Time અને Poems of Life and Death આ ત્રણ કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ કર્યા. એમની કવિતા સરળ નિર્દોષ અંગ્રેજી ભાષામાં ભારતીય આશા–અભિલાષા અને ભાવના વ્યક્ત કરે છે. દેશપરદેશના રસિકો અને સાક્ષરોનાં મન જીતી લે એવી કવિતા લખી એમણે સ્વામી વિવેકાનંદ અને ગુરુદેવ ટાગોરની પરંપરામાં સ્થાન મેળવ્યું. "ભારતનું બુલબુલ" તરીકે જગતમાં પ્રખ્યાત થયાં.

જ્ઞાનની સાધના અને કાર્યની શક્તિ વિનાના શબ્દ પોલા હોય છે. રંગરંગના ફુગ્ગા જેવા એ ભલે સુંદર હોય પણ ક્ષણજીવી ઠરે છે. સરોજિનીદેવીના શબ્દ એવા નહોતા. માત્ર નાદમધુર શબ્દોથી સ્વામીજી કે ગુરુદેવની પરંપરામાં પ્રવેશ ઓછો મળે ? શબ્દ પાછળ જીવનની ભવ્ય સાધના હતી.

૧૮૯૮માં એઓ સ્વદેશ પાછાં ફર્યાં અને એ જ વર્ષે ડૉ. ગોવિંદ રાજુલુ નાયડુ સાથે લગ્ન કર્યાં. પરપ્રાંતીય અબ્રાહ્મણ સાથેનાં લગ્ન એ એ જમાનામાં જેવી તેવી વાત નહોતી. વિરોધ અને અપમાનના વાવંટોળ વચ્ચે અડગ રહી એમણે પોતાનું લગ્નજીવન યશસ્વી કરી બતાવ્યું. પોતાનાં ચાર સંતાનોને સારી રીતે ઉછેર્યાં અને છતાં સંસાર એમના વ્યક્તિગત વિકાસમાં આડે ન આવ્યો ! એમાં એમનું કૌશલ્ય અને ચાતુરી તો ખરાં જ, પણ સાથે જીવનસાથીના મનની ઉદારતા પણ ઓછી ના કહેવાય !

સરોજિનીદેવીના જાહેર જીવનની શરૂઆત મહિલા મંડળો દ્વારા થઈ. નિઝામી રાજ્યમાં બહેનો પડદામાં રહેતી, એ જમાનામાં આઠ–દશ વર્ષની છોકરીઓને પરણાવી દેવાનો રિવાજ ભારતભરમાં હતો. વિધવાઓને વાળ ઉતરાવી એમની અનેક પ્રકારે વિટંબણા કરી એમને જીવવું અસહ્ય થઈ જાય એવા બધા જ પ્રયાસો થતા. સરોજિનીદેવીએ આ કુરિવાજો સામે જેહાદ ઉઠાવી. બહેનોએ માનવી

અને ત્યાર પછી ૧૯૪૨ સુધીના છેલ્લા આંદોલન સુધી એઓ દરેક વખતે આગલી હરોળમાં રહ્યાં. કારાવાસ તો ભોગવ્યો જ. પણ રાજનીતિના ઘડવૈયાઓમાં પણ મહત્ત્વનું સ્થાન મેળવ્યું. એમની ઉપસ્થિતિ જ્યાં હોય ત્યાં લોકો ઉમંગથી કામ કરતા. પૂર્વગ્રહોથી દૂષિત વાતાવરણ એમની સુવાસથી સરસ બની જતું. બુદ્ધિશાળી, સરળ, દ્વેષરહિત, નિઃસ્વાર્થ એવી આ દેવી જેવી સ્ત્રીએ દુનિયાભરમાં ભારતને પ્રતિષ્ઠા મેળવી આપી અને મિત્રો પણ મેળવી આપ્યા. ભારતના મુસ્લિમ જગતમાં એમને માટે અનહદ માન હતું. કોંગ્રેસ વર્કિંગ કમિટીમાં એમનું અનન્ય સ્થાન હતું. જે સામાજિક સંસ્થાઓ પોતાનાં નામ સાથે એમનો સંબંધ જોડી શકે એ પોતાને ભાગ્યશાળી ગણાવતી.

૧૯૪૭માં આપણે સ્વતંત્ર થયા. આઝાદી આવી એ જ ઘડીએ દેશના ભાગલા પડ્યા એટલું જ નહીં, પણ મહદ્પ્રયાસે જોડાયેલાં મન પાછાં ભાંગી પડ્યાં. દિલ કડવાં ઝેર જેવાં થયાં. વેરના એ દાવાનળે રાષ્ટ્રપિતાની આહુતિ લીધી અને ત્યાર પછી પણ શાંત થવાને બદલે એ ભરેલી આગ અંદર ને અંદર બળતી જ રહી. એવી કટોકટીની પળ સાચવી લેવા સરોજિનીબહેન નિશ્ચળ મેરુદંડ સમાં પંડિતજીની પાછળ રહ્યાં. આધુનિક ઈતિહાસના મહત્ત્વના કરારો, પત્રો અને નિવેદનો જે ભારત-ભાગ્યવિધાતાઓએ ઘડયાં એ લગભગ બધાં પર સરોજિનીદેવીની સહી હશે !

સ્વતંત્ર ભારતમાં સરોજિનીદેવીની નિયુક્તિ સંયુક્ત પ્રાંતના રાજ્યપાલ તરીકે થઈ. ભારતનો સૌથી વધારે વસ્તીનો આ પ્રાંત. તાજેતરમાં ભાગલા પડેલા. સરહદ પરથી કાનના કીડા ખરે અને જીવતર બળે એવી વાતો રોજ વા સાથે આવતી અને કમનસીબે એમાં ભારોભાર સત્ય પણ હતું ! કોમી રમખાણો ક્યારે ફાટી નીકળે એ કહેવાય એમ નહોતું. બીજી બાજુ 'આઝાદી મળી' એટલે લોકોને 'જવાબદારીમાંથી છૂટ્યા' એવું લાગતું હતું ! કર્તવ્યની ભાવના સતેજ થવાને બદલે ઠરી ગઈ અને હકની વાત જ્યાં ત્યાં આવવા લાગી ! રાષ્ટ્રની તવારીખમાં આ સમય સૌથી કપરો હતો. લોકોને અને નવેસર સત્તા પર આવતા લોકનિર્વાચિત પ્રતિનિધિઓને સંભાળી લેવા એ જેવા તેવાનું કામ નહોતું. કુશળ, ચારિત્ર્યવાન અને વિચક્ષણ બુદ્ધિવાળા જ એ કરી જાણે. અને સરોજિનીદેવીએ એ કરી બતાવ્યું. રાજ્યપાલ તરીકે એ ખૂબ યશસ્વી થયાં. લોકપ્રિય તો એ હતાં જ.

એ કહેતા, 'હું ગવર્નર નથી, ગવર્નેસ (સેવિકા) છું !' અને એમની ભાવના પણ એવી જ હતી. રાજભવનના નોકર–ચાકરોથી માંડી રાજામહારાજાઓ સુધી સૌને એ પોતીકાં લાગતાં. એમણે રાજભવનમાં પગ મૂક્યો અને એ મહાલય સૌનું જાણે મહિયર બની ગયું !

પારતંત્ર્યમાં એક પાંખ તૂટી છતાં કપાયેલ પાંખે પણ ગગનને આંબી જવાની શક્તિ ધરાવતી અસામાન્ય પ્રતિભા એઓ ધરાવતાં હતાં. પોતાની Broken Wing નામની કૃતિમાં જે ભાવના વ્યક્ત કરી છે તે એમણે જીવનમાં ઉતારી બતાવી.

શ્રી. ચિલાપતી રાવે એમના બહુમુખી વ્યક્તિત્વનું વર્ણન બહુ સરસ રીતે કર્યું છે. એ લખે છે, 'She was the freest, and most ardent being in India. Had she been born in Elizabethan England she might have been Elizabeth herself without that great queen's sterile moods. Born in fifteenth century France she might have led the hosts of freedom like a Joan of Arc.'

જ્હોન સ્લોકંબે એમની સરખામણી માદામ રોલાં સાથે કરી. આયરિશ દેશભક્તોને એ મિસિસ ગ્રીન જેવાં લાગ્યાં. એ બીજાં રોઝા લકઝમબર્ગ હતાં, એવો જર્મન સોશલિસ્ટોનો દાવો હતો. સત્યાગ્રહી સૈનિકોનાં એ શૂરાં સેનાની હતાં. જેલના સાથીઓની એ છત્રછાયા હતાં. અને, કોઈ કિશોરીને

"નારંગીનાં છોતરાં સૂકવી, ખાંડીને લગાડ એટલે ચામડી સુંવાળી મજાની રહેશે" એવી સલાહ આપતાં રસિક બહેનપણી બની જતાં, તેમ જ

'મોળું શાક કરવું હોય તો ચમચી દૂધ નાંખો ને સુંવાળું રેશમ જેવું થશે' એવું શિખવાડતાં કુશળ સુગૃહિણી તો એ હતાં જ !

૧૯૪૮ના માર્ચ મહિનામાં, ૭૧ મે વર્ષે પાકેલું ફળ જેમ સહજ રીતે ઝાડ પરથી પડે એમ એમણે દેહ મૂકયો, અને એક કૃતાર્થ, સુંદર જીવનગાથા પૂરી થઈ.

જ્ઞાન થયું અને પલાખાં પણ આવડી ગયાં. ૧૮૮૯માં પં. રમાબાઈએ ગિરગામમાં જ શારદાસદનની સ્થાપના કરી. ભાઈએ બાયાને સદનમાં ભણવા મોકલવાનું નક્કી કર્યું. બાયા સદનની પહેલી વિદ્યાર્થિની. જીવનના પ્રવાહે અહીં તદ્દન જુદો વળાંક લીધો.

સદનમાં જવાનું શરૂ તો કર્યું. રહેવાનું ઘર ગિરગામ બૅકરોડ પરની એક ચાલીમાં હતું અને સદન ચોપાટી પર. નિશાળે જતાં બાયા પગમાં જોડા પહેરતી અને પોલકું પણ પહેરતી. એ જમાનામાં સ્ત્રીને, અને તે પણ ખાનદાન કુટુંબની વિધવા સ્ત્રીને માટે 'આવાં આવાં નખરાં' અને ભણવા જવાનું એ બધી વાત કલ્પનામાં પણ ના આવે! વળી આ ઓછું હોય તેમ નમાયા ભાણાની બાબાગાડી પણ જોડે હોય. ઘરનું ગાડું ભરીને કામ પરવારી, બાબાગાડીમાં બાબો લઈ, હાથમાં ભણવાના ચોપડા લઈ જોડા પહેરી બાયા નિશાળે જવા નીકળે ત્યારે ગિરગામની ચાલીઓની ગૅલરીમાં એને જોવા માણસોની ઠઠ જામતી! એ જતી હોય ત્યારે લોકો ન બોલવાના શબ્દો બોલતા, ટીખળ કરતા!

આમ ભણવાનું મળ્યું પણ સુખનું નામ ન મળે! ઘરમાં કામ એટલું બધું કે ગૃહપાઠ કરવા ક્ષણની ફુરસદ ના મળે. ભાઈના પેટમાં પ્રેમ હતો. લાગણી હતી. ભણાવવાની હામ હતી. બધું ખરું પણ એમની જીભ એવી કુહાડીના ઘા જેવી કે ન પૂછો વાત! અને સ્વભાવ દુર્વાસા જેવો!!

રમાબાઈ બાયાને વારંવાર કહેતાં, "આ તે કાંઈ ભણવાના ઢંગ છે? તું તારે સદનમાં રહેવા આવ. તો જ ભણી શકાશે." પણ આ વાત ભાઈ કાંઈ માને? અને કોના ભોગ લાગ્યા તે ભાઈને કહે! એટલે બાયા બિચારી ઘેર ભાઈની વઢ ખાય અને નિશાળે બાઈની ટકોર સાંભળે! એક દિવસ કંટાળી જઈ માને નામે એક પત્તું લખી ટપાલની પેટીમાં નાખી દીધું, 'મા, મને અહીંથી લઈ જા!'

બાયાનો પત્ર મળતાંની સાથે એનાં બા અને બાપુજી મુંબઈ જઈ પહોંચ્યાં. પણ નિશાળ છોડી જવાનું પણ બાયાને ગમતું નહોતું. માંડ માંડ ભણવાની તક મળી હતી. ગામ ગયા પછી ભણવાનું કેવું અને વાત કેવી! આખરે રમાબાઈએ એમાંથી રસ્તો કાઢ્યો. બાયાના બાપુને સમજાવી એમણે વર્ષના રૂ. ૫૦ આપવા જેથી ભાઈ ઘરકામ માટે નોકર રાખી શકે અને બાયાની મા ભાઈનું ઘર સંભાળે જ અને બાયા સદનમાં રહી ભણી શકે— એવું કબૂલ કરાવ્યું. આ વ્યવસ્થા થઈ એટલે આખરે બાયા સદનમાં રહેવા ગઈ.

ત્યાં પં. રમાબાઈના ઉપકાર સ્મરી બાયાએ એમની દીકરીનું કામ ચાહીને પોતાને માથે લીધું. રસોઈ માટે કોઈ બ્રાહ્મણ સદનમાં આવવા તૈયાર નહોતો એટલે બાયાને પોતાના પૂરતું રાંધવાનું પણ હતું જ. એટલે કામ તો અહીં પણ કરવાનું હતું. આમ તો આખી જિંદગી પૂરી વફાદારી સાથે બાયાને સાથ આપ્યો હોય તો તેની કરમની કઠણાઈએ જ !

છતાં એકંદરે સદનમાં બાયાને માત્ર અક્ષરજ્ઞાન નહીં પણ બીજું ઘણું શીખવાનું મળ્યું. એના જીવનનું ઘડતર પં. રમાબાઈએ જ કર્યું. એના મન પર રમાબાઈની ઊંડી છાપ પડી. અહીં મેળવેલું સંસ્કારનું ભાથું એને જીવનભર ચાલ્યું.

સદનમાં બાયાએ ૭ ચોપડી મરાઠીની પૂરી કરી. ત્રણ અંગ્રેજી પણ ભણી. ચોપડી ભણાવતાં ભણાવતાં રમાબાઈ શિખામણ પણ આપતાં. ભણવા માટે આટલું વેઠવું પડે ત્યારે બાઈ હિંમત આપતાં 'ફુલ–ફગરની ગાદીએ બેસે એને વિદ્યા કયાંથી મળે !' બાયાએ આત્મકથામાં આ વિશે બહુ ભાવથી લખ્યું છે. "પંડિતા રમાબાઈ-એ કરેલો ઉપદેશ મેં મારા મન પર કોતરી રાખ્યો છે. એમને હું કોઈ કાળે ભૂલી શકું એમ નથી. એ મને હંમેશાં કહેતાં કે ઈશ્વર પર રાખીએ એવી જ શ્રદ્ધા પોતાના કામ પર રાખવી જોઈએ. હિંમત અને ખંત રાખી કામ કરતાં રહેવું. પછી ઈશ્વર બળ આપે જ."

શારદાસદનમાં રહેતાં હતાં ત્યારે જ બાયાએ 'વાળ હવેથી નહીં ઉતરાવવા' એવો નિશ્ચય કર્યો. રમાબાઈએ જ એનું મન એ માટે તૈયાર કર્યું હતું. એમના પિતા દીકરી જે રીતે આગળ વધી રહી હતી એ જોઈ સંતોષ પામ્યા, કારણ એ પોતે માનવતાવાદી હતા. એ જમાનામાં દેવરૂખ જેવા ગામડા ગામમાં વસવાયાઓ અને હરિજનોને એ પોતાના ઘરની ઓસરી પર બેસાડી પોતાના રસોડામાંથી ગોળીનું પાણી લાવીને પાતાં, ધાણી–ગોળ ખવડાવતાં. સાથે બેસી સુખદુઃખની વાતો કરતાં. એવા એ માણસે બાયાની દશા જોઈ એનું ભલું થતું હોય તો ચીલો તોડવા માટે મનની તૈયારી કરી હોય એમાં શા નવાઈ? એમને ઘણીવાર થતું કે યોગ્ય પાત્ર મળે તો ગમે તેમ કરી પણ એને પરણાવી દેવી જોઈએ, એવી માનસિક સ્થિતિમાં એઓ હતાં. એ જ અરસામાં બાયાના ભાઈ સાથે રહેતા કર્વેનાં પત્ની ગુજરી ગયાં. ત્યાર પછી 'જો લગ્ન કરવું જ હોય તો કોઈ વિધવા સ્ત્રી સાથે જ કરવું' એવો એમનો નિશ્ચય જોઈ બાયાના બાપુએ હિંમત કરી એમને પૂછ્યું, "તો અમારી બાયા શું ખોટી છે ?"

કર્વેએ કહ્યું, “એને મારા જેવો વર પસંદ હોય તો મને વાંધો નથી.” અને ૧૮૯૩ના માર્ચ માસમાં ૧૧મી તારીખે બાયાનાં પુનર્લગ્ન શ્રી. કર્વે સાથે થયાં. તે દિવસે જ શારદાસદનનો પણ સ્થાપનાદિન હતો. પં. રમાબાઈએ સદનમાં જ ખૂબ હોંશથી લગ્ન સમારંભ કર્યો.

લગ્ન પછી સમાજમાં ટીકાનો મોટો વાવંટોળ જાગ્યો. જોશી અને કર્વે બંને કુટુંબોનો ન્યાતે બહિષ્કાર કર્યો. કર્વે એ વખતે પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં પ્રોફેસર હતા. એ આખો દિવસ કામ પર જાય ત્યારે ઘરમાં એકલાં ભૂત જેવાં બેસી ઊંચે જીવે એમની રાહ જોવી એ એક જ મુખ્ય કામ બાયાને માથે નવા ઘરમાં પડ્યું ! કર્વે કદમાં નાના અને નબળા લાગતા. કોઈ એમને મારે તો ? એવી બીકની મારી બાયા અધમૂઈ થઈ ગઈ. આ હતી એમના સંસારની શરૂઆત.

લગ્ન પછી પહેલી વાર કૉલેજમાં રજા પડી ત્યારે કર્વે બાયાને લઈ ‘મુરુડ’ એમને પોતાને ગામ ગયા. ત્યાં એમને ગાયના ગમાણમાં ઉતારો મળ્યો ! કર્વેનાં મા આમ લાગણીવાળાં હતાં. છાની રીતે જેમ બને તેમ એ કાંઈક કરી છૂટતાં, પણ સમાજની અવગણના કરવાની હિંમત ક્યાંથી હોય !

બાયાએ પૂનામાં ઘર માંડ્યું અને પરિવાર વધવા માંડ્યો ! આ પરિવાર-માં પુનર્લગ્ન કરવાની ઈચ્છાવાળા, અથવા તો પુનર્લગ્ન કરેલાં દંપતીના ભણતા છોકરાઓ મોટેભાગે હતા. કર્વેનું ઘર એ લોકોને હકનું આશ્રયસ્થાન હોય એવું લાગતું, કારણ એ ઘર સિવાય જગતમાં ક્યાંય પણ આવકાર મળે એવી જરા જેટલી પણ શકયતા નહોતી ! કર્વે અને બાયા બંનેએ બહુ જ આત્મીયતાથી એ લોકોને માટે જે થાય તે કરી છૂટવાનું વ્રત જ લીધું હતું. એમના ઘરમાં ઘસાતી સ્થિતિના છોકરાઓ અને માણસોની જોડે પૈસે ટકે સુખી માણસો અને તેમના છોકરાઓ પણ રહેતા અને આ પરિવારમાં રહ્યા પછી ખર્ચનો ભાર પણ ઉપાડતા. એ બધું સહજ રીતે થઈ જતું.

બાયાની નાની બહેન પાર્વતીબાઈ આઠવલે પણ એ જ અરસામાં વિધવા થઈ. એને એક નાનો બાબો પણ હતો. દીકરાના ભણતર માટે પાર્વતીબાઈ પૂના આવ્યાં અને બાયાને ઘેર રહ્યાં. બંને બહેનો ઘરનું કામ પતાવી ફિમેલ હાઈસ્કૂલ-માં ભણવા જતી. બાયા જોઈ શકતાં હતાં કે એમના કરતાં પાર્વતીબાઈની બુદ્ધિ ભણવામાં સારી ચાલતી હતી. ત્યારે એમણે ઘરકામનો બોજો પોતાને માથે રાખી, બહેનને આગળ ભણવાની સગવડ કરી આપી. વિધવા બહેન પોતાને આશરે આવી ત્યારે એની પાસે થાય એટલું કામ બટકું રોટલો અને સૂવાને ઓટલો આપી,

એના બદલામાં કઢાવી લેવું એવું બાયાના સ્વપ્નમાં પણ ના આવ્યું ! પાર્વતીબાઈ ભણીગણીને આગળ વધ્યાં એની કોઈ દિવસ ઈર્ષા પણ ના થઈ. કર્વેએ પણ પાર્વતીબાઈને ખૂબ ઉત્તેજન આપ્યું. છતાં એક વાત કબૂલ કરવી પડશે જ કે બાયાનું મન ઉદાર હતું. એટલે જ મહિલાશ્રમને પાર્વતીબાઈ જેવાં કાર્યકર્તા મળ્યાં અને નાના આઠવલે જેવા આધારસ્તંભ મળ્યા.

પોતાનો પહેલો દીકરો નાનો હતો ત્યારે બાયાએ નર્સિંગ અને મિડવાઈફરીનો કોર્સ પૂરો કર્યો. ત્યારે એમના મનમાં એક સ્વપ્ન હતું કે મારો આ દીકરો ડૉક્ટર થશે ત્યારે હું એનું દવાખાનું સરસ સંભાળી લઈશ. દીકરો હજુ ઘોડિયામાં રમતો હતો ત્યારનું આ સ્વપ્ન ! ભવિષ્યમાં શંકરરાવ કર્વે સાચે જ ડૉક્ટર થયા. પણ નર્સ થવા છતાં બાયાના નસીબમાં એના દવાખાનામાં કામ કરવાનું નહોતું. એક આ જ નહીં, બાયાની સ્વપ્નસૃષ્ટિ જ હંમેશાં હકીકતથી દૂર ને દૂર જ રહી.

૧૮૯૬માં કર્વેએ મહિલાશ્રમની સ્થાપના કરી. ૧૮૯૯માં આશ્રમ માટે ગામમાં એક મકાન રાખ્યું. પણ એ જ વર્ષે પૂનામાં ભયંકર પ્લેગ ચાલુ થયો ત્યારે શહેરની બહાર હિંગણે નામના એક ગામડામાં આશ્રમ માટે બીજી જગ્યા લીધી. આશ્રમ માટે આ જગ્યા ફળદાયી નીવડી. ત્યાં આશ્રમનો વિકાસ સારી રીતે થવા લાગ્યો.

મહિલાશ્રમ એ કર્વેની જીવનસાધના હતી. એમની એ મહાન સિદ્ધિનું સ્વતંત્ર ભારતમાં ખૂબ ગૌરવ પણ થયું. રાષ્ટ્રપતિએ એમને એમની શતાબ્દી પ્રસંગે 'ભારતરત્ન'ની સર્વોચ્ચ પદવી આપીને નવાજ્યાં. બાયા મહર્ષિ કર્વેનાં પત્ની અર્ધાંગી સહધર્મિણી પણ એ આશ્રમથી દૂર ને દૂર જ રહ્યાં ! એમને જાણી જોઈને અળગાં રાખવામાં આવ્યાં ! પોતાની આત્મકથામાં બાયાએ પોતાના અંતરની વેદના સાદા સરળ શબ્દોમાં સંયમથી ઠાલવી છે. એમણે લખ્યું છે, " આશ્રમને સમાજની સ્થિતિ સુધારવી હતી. છતાં ત્યાં કામ કરનારા મોટે ભાગે જુનવાણી જ હતા. કેળવણીની વાત પૂરતા એઓ સુધારણા કરવામાં માનતા પણ બીજી કોઈ પણ બાબતમાં ચીલાચાલુ જીવનની ઘરેડ તોડવાનું એમને ગમતું નહોતું. સુધારકો સાથે સંબંધ રાખવાથી આશ્રમ વિશે લોકો સાશંક થશે એવી એમની માન્યતા હતી. એટલે લોકોનાં માનસ પર આશ્રમની છાપ સારી રાખવા એ લોકો બહુ જ પ્રયત્નશીલ રહેતાં એટલે આશ્રમને આશરે આવતી બાળવિધવાઓ સામે મારો (બાયાનો) દાખલો શી રીતે મુકાય ? એટલે આશ્રમ સાથે મારો સંબંધ ખાસ ન આવે એવી તકેદારી જાણી જોઈને રાખવામાં આવતી. કોઈવાર કોઈને મળ-

વાનું થાય તો મારે પુનર્લગ્ન અંગે એક અક્ષર પણ મોંમાંથી કાઢવો નહીં એવાં બંધન મારા પર હતાં ! મને ભોળીને ઘણીવાર લાગી આવતું. મારા પતિએ આ સંસ્થા સ્થાપન કરી છે. ત્યાં મારે માટે સૌને લાગણી હોય, માન હોય, ત્યાં જઈ સેવા કરવી મારી ફરજ છે. મને એવી તક મળવી જોઈએ, પણ મને ત્યાં કોણ કામ કરવા દે ? મેં પુનર્લગ્ન કર્યાં હતાં. મૂંડાવેલ માથા પર વાળ વધારીને અંબોડો વાળ્યો હતો ! પણ હશે. મેં મન વાળ્યું. સંસ્થા નવી છે. લોકોનાં મનમાંથી એ ઊતરી ન જાય એટલા સારુ મારે મન વાળવું જોઈએ એટલે હું સમજીને બાજુ પર જ રહેતી. મારી પાણીની ગોળી પણ જુદી ભરીને રાખતી. કો'ક વાર લોકોને ત્યાં પાણી પીવું પડે તો હરિજનોને આપે એવી રીતે ઊંચેથી ધાર કરીને કોઈ પાણી રેડે અને હું એમેથી પી લઉં ! જમવા પણ છેટે એકલી જ બેસું. હજુ આજે, આટલાં વર્ષો પછી પણ એ વાતો યાદ કરું ત્યારે ઓછું આવ્યા વગર રહેતું નથી. મારી શક્તિનો ઉપયોગ સંસ્થા માટે ન થઈ શકત ? કોઈ વાર ચીડ ચડે છે, અને ઘણી વાર દુઃખ પણ થાય છે !"

બાયાના આ શબ્દ વાંચતાં આપણા જેવા વાચકોને પણ દુઃખ થાય. મહર્ષિ કર્વે જેવાનાં એ પત્ની. એટલે એમના મહાન કાર્યમાં હાથને હાથ અડકાડી 'મમ' કહી એમાં સહભાગી થવાનો એમનો સ્વાભાવિક અધિકાર અને પુનર્લગ્ન એમનાં થયાં હતાં તેમ કર્વેનાં કયાં નહોતાં થયાં ? પણ બાયાના કરમની કઠણાઈ જ બહુ ! પતિનું કામ ઘણું મોટું હતું. બાયા એ કામનું મહત્ત્વ પણ સારી પેઠે જાણતાં હતાં. સાથે કામ કરવાની ધગશ હતી, લાયકાત હતી, છતાં એમને એનાથી અળગાં રહેવું પડતું હતું. છતાં બાયા રંક કે દીન દયામણાં ના બન્યાં. એ એમના સ્વભાવમાં જ નહોતું. એમણે પોતાનું જીવન પોતાની રીતે જીવવાનું નક્કી કર્યું અને જીવી બતાવ્યું ! બાયાએ કરેલું કામ અને એનું વિકસિત વ્યક્તિત્વ જોતાં 'જે થાય છે તે અંતે સારાને માટે જ' એવું લાગે !

બાયા સ્વમાની હતાં, શ્રમથી ન ડરે એવાં હતાં. પોતાના પિતાના સંસ્કાર અને નિર્ભય વૃત્તિ એમને વારસામાં મળ્યાં હતાં. પં. રમાબાઈ જેવા એમના ગુરુ હતાં. પોતાને માથે પડે એ પનોતીને પચાવી દુનિયાના દુઃખિયારા લોકોની સેવા કરવી એવી અનેરી ધૂન એમને લાગી. પોતે ગરીબાઈ જન્મથી જોયેલી એટલે વ્યવહારુ બહુ હતાં. પાઈએ પાઈનો હિસાબ કર્યા કરે. વસ્તારીના ઘરમાં દરેક વ્યક્તિને કેટલું સહેવું પડે એનો પણ ખાસ્સો ખ્યાલ હતો. ગરીબ લોકોના લત્તામાં જઈ નર્સિંગનું કામ કરે, સુવાવડો કરે. સાથે એ જમાનામાં કુટુંબ નિયોજનની વાત પણ કરી આવે. ઊજળા વર્ણના લોકો તો બાયાને આવતાં જોઈ બારણાં વાસી દેતાં !

આશ્રમ શહેરમાંથી હિંગણામાં ગયો, પણ બાયા ગામમાં જ રહ્યાં. એમની પાસે ભણતાં છોકરાંઓ રહેતા. શરૂઆતમાં પુનર્લગ્નવાળાંનાં જ છોકરાંઓ આવતાં પણ પછી તો સગવડ જોઈ બીજાં પણ આવવા લાગ્યાં. બાયાનું ઘર સૌને માટે ખુલ્લું જ હતું. પૈસાપાત્ર માબાપ પાસેથી બરાબર ગણીને પૈસા લેતાં અને એમાંથી ગરીબના (એમાં જ પોતાનાં પણ ! છોકરાંઓને પણ ખવડાવતાં. ઘેર એક ભેંશ રાખેલી. ઘરની પાછળ ઢેડવાડો હતો. બપોરે કામથી પરવારી દોણી ભરીને છાશ લઈ ઢેડવાડામાં ઘેર ઘેર આપી આવતાં. ત્યાં કોઈ માંદાસાજા હોય તેની ખબર કાઢતાં– દવાદારૂ આપતાં. એ વસ્તીના લોકો એમને સગી માથી વધારે માનતા !

સારા લોકોને ઘેર જાય ત્યારે બાયા જૂનાં કપડાં માગી લાવે. ખાવાનું વધ્યું હોય તો વગર સંકોચે બાંધી લાવે અને આ 'સંતાનો'ને ખવડાવે. એમની એ લોકવિલક્ષણ રીતભાતથી સામાન્ય સુખી લોકોને એ વિચિત્ર લાગતાં, ધૂની લાગતાં. છતાં ઘણાંને એમની નિઃસ્વાર્થ વૃત્તિ માટે આદરની લાગણી પણ થતી. એવાને ત્યાં લગ્ન જેવું ટાણું હોય ત્યારે બાયાને આમંત્રણ મળતું— જોકે પુનર્લગ્ન કરેલી બાયાને કંકુનો ચાંલ્લો કરવાનું ત્યાં પણ બહેનો અચૂક ટાળતી ! —લગ્નના મંડપમાં વેરાયેલા ચોખાના દાણા બાયા વીણી લેતાં અને ત્યાં વધ્યું-ઘટ્યું ખાવાનું પણ બાંધીને સાથે લઈ જતાં !

એમની એ રીતથી લોકોની વિવેકબુદ્ધિને ચીમકી મળી જતી ! થોડોક વિચાર કરતા થતા અને ઘણા એમને ટાળતા !

લોકોને ચીમકી આપવાનું ઘણાને ગમે છે. પણ બાયા પોતાની જાત પ્રત્યે પણ ઓછાં કઠોર નહોતાં. પોતાનાં સંતાનોને જન્મ આપી એમને માટે પોતે શું કર્યું ? માંડ પેટ પૂરતું ખવડાવ્યું અને લજ્જા-રક્ષણ પૂરતાં ઢાંક્યાં ! લોકસેવકના સંસારમાં એ જ બહુ કહેવાય ! પણ આ વાતનો હિસાબ બાયા છેક સુધી ભૂલ્યાં નહોતાં. ઘડપણમાં પોતે છોકરાંઓને માથે ન પડવું એ ગાંઠ મનમાં વાળી હતી. જેમને માટે પોતે કાંઈ ન કર્યું એમની પાસેથી સુખસગવડની અપેક્ષા કેમ રખાય ? બાયાનો સીધો હિસાબ હતો !

હિસાબની આ કઠોર રુક્ષતા પોતાની જાત સામે હતી. પણ જ્યારે કાંઈ રંક, અનાથ, પાંગળાં સામે આવતાં ત્યારે આ જ બાયા અનહદ લાગણીથી દ્રવી જતાં. નિરપેક્ષ સેવા કરતાં એ ક્યારે પણ થાક્યાં નહીં. મહર્ષિ કર્વેએ લોકમતનો વિચાર કરી, પ્રતિષ્ઠા સાચવી, આશ્રમ જેવી સંસ્થા સ્થાપન કરી, ચલાવી એમાંથી

મહિલા વિદ્યાપીઠનું નિર્માણ થયું. બાયા આશ્રમથી દૂર હતાં અને ત્યાંનાં બંધન એમનાથી પળાયાં પણ ન હોત! એ તો ગમે તે વરણનાં, અપંગ, ફસાયેલાં, કચડાયેલાં, દુનિયાએ ત્યજેલાંને સંઘરતાં, જાત ઘસી ઘસી બધાંનાં વૈતરાં કૂટતાં. કાનઠી, કારવારી, જંગમ— બધાં જ એમનાં 'છોકરાં'! એમણે ન કોઈ સંસ્થા સ્થાપી, કે ન કોઈ નામ આપ્યું. સમાજે એમની નિંદા કરી, તિરસ્કાર કર્યો. એ દ્વારે મળી એટલી એમની પોતાની કીર્તિ! છતાં પોતે તદ્દન નિખાલસતાથી એકરાર કરે છે, "ગરીબ—અનાથ છોકરાઓનું કર્યું ત્યારે તો મનમાં શાની અપેક્ષા હોય? પણ બીજાનું કરતી ત્યારે મારો પૂરો સ્વાર્થ હોય જ! ગણીને હું તો પૈસા લઈ લેતી. મારું ઘર તો ચાલવું જોઈએ ને!" આ સ્પષ્ટોક્તિ એ જ કરી જાણે!

સ્ત્રીશિક્ષણની પ્રવૃત્તિ માટે મહર્ષિ કર્વેએ જે તપ કર્યું એ મોટું છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પોતાની એવી નિખાલસ અને શક્તિશાળી પત્નીને એ કામથી દૂર રાખવી પડી એ પણ એમની તપસ્યાનો જ એક ભાગ! પણ અળગી કરી એટલે શિલા થઈને પડી એવી અહલ્યા જેવી આ સ્ત્રી નહોતી. તુલસીના છોડ જેવી એ નમ્ર, નમણી અને પવિત્ર હતી. સાત તાલમાં રાજભવનની સમૃદ્ધિ પણ નાનકડા તુલસીકયારાથી દીપે તેમ ભારતરત્ન મહર્ષિ કર્વેનું જીવન બાયાને લીધે દીપે છે.

## ૧૧. મીઠુબહેન પિટિટ

૧૯૩૧નો જૂન માસ હતો. સુરત જિલ્લાના મરોલી ગામમાં વણાટશાળાનું ખાતમુહૂર્ત કરવા બાપુ જતા હતા. બાપુ સાથે બીજાં પણ ઘણાં મોટાં માણસો હતાં - સરદાર, સરહદના ગાંધી, મીરાંબહેન અને બીજા કેટલાક કાર્યકર્તા.

જતી વખતે બાપુએ રસ્તામાં મીઠુબહેનને પૂછેલું,

"મારે હાથે પાયો નખાવવો છે તેની જવાબદારી સમજો છો ?"

મીઠુબહેને તરત ટૂંકો ને ટચ જવાબ આપ્યો,

"હા બાપુ. હું અહીં દટાવાની છું."

બાપુ સંતોષથી હસ્યા હતા. ખાતમૂહૂર્ત વખતે ભૂમિપૂજન કરી ભૂમિમાં પંચરત્ન દાટી દેવાનો રિવાજ છે - ભૂમિ પર ખડી થનાર વસ્તુની સમૃદ્ધિ અર્થે. બાપુએ એક મહામૂલા રત્ન જેવું જીવન આ ભૂમિને અર્પણ કર્યું. એ પ્રસંગે બોલતાં બાપુએ જ કહ્યું હતું, "દસ વર્ષ પહેલાં અહીં વંચાયો એવો રિપોર્ટ કોઈએ સંભળાવ્યો હોત તો મને જરૂર એમ થાત કે આ બધી વાત જોડી કાઢેલી છે ! એક મોટા કુટુંબની પારસી બહેન, જેણે કોઈ દિવસે મુંબઈની બહાર પગ દીધો ન હોય, રોજ પાંચ–સાત વિલાયતી સાડીઓ જે બદલે, જુદે જુદે ઠેકાણે જુદાં જુદાં કામ સારુ જલસા થતા હોય તેમાં જુદા જુદા વિલાયતી બૂટ જે પહેરે, અને ભલી હોય તો તહેવારને દિવસે શરાબ, અને તે પણ વિલાયતી, પીતી હોય, દર રવિવારે ઉઘાડે તાઠી પીવાની સહેલ પર પણ જે ઊપડે, એવી એક પારસી બહેન ગામડામાં રહે, જાડામાં જાડી ખાદી પહેરી ઉઘાડે પગે ભટકે, ન જુવે રાત કે દહાડો, ટાઢ, તડકો, પાણી બધું સરખું ગણે. ગરીબ છોકરાંઓ સાથે ખેલે, તેમને કાંતવાનું શીખવે. પૈસાની, તેમને સારુ ભિક્ષા માંગે – એ ભલે સાચું હોત— પણ દસ વર્ષ પહેલાં મને વાત કરત તો હું તે ન માનત."

આ ન માનવા જેવી વાત – વાત નહીં પણ નક્કર હકીકત—હતી. બાપુના ઈલમથી જ આ ચમત્કાર કર્યો હતો.

૧૯૧૫માં બાપુ આફ્રિકાથી પાછા ફર્યા ત્યારે મુંબઈમાં એમણે રાષ્ટ્રીય સ્ત્રી સભાની સ્થાપના કરી હતી. બહેનોની હિંમત અને શક્તિ પર એમને ઘણી શ્રદ્ધા

હતી. સરોજિનીદેવી નાયડુ એ સભાનાં પ્રમુખ હતાં અને મીઠુબહેન પિટિટ મુંબઈના લખેશરી કુટુંબનાં દીકરી એમનાં મંત્રી હતાં. બાપુજીએ ટિળક ફંડમાંથી થોડાં નાણાં આ બહેનોને આપ્યાં અને રેંટિયા મંગાવી ખાદીપ્રવૃત્તિ શરૂ કરવા કહ્યું. આ તદ્દન અજાણ્યું કામ ! રેંટિયા સહેજ ચલાવતાં બગડી ગયા. નાણાં તો બાકી હતાં જ નહીં. બહેનોએ વિચાર્યું કે સિનેમાનો એકાદ શો લઈ ભંડોળ ભેગું કરવું. વારે ઘડીએ બાપુ પાસે પૈસા માગવા ન પડે. મીઠુબહેન આ દરખાસ્ત લઈ બાપુ પાસે ગયાં. એમનું સાંભળી બાપુએ તો માથે હાથ મૂકચો !

"હું માનતો હતો કે બહેનો અમારી નીતિમત્તા સાચવશે. એમનામાં વધારે પાવિત્ર્ય હોય. અને તમે તો વાત કરો છો સિનેમા બતાવી પૈસા ભેગા કરવાની ! એના કરતાં સંસ્થા બંધ કરી નાંખો તો શું ખોટું ! એવા પૈસા અને એના પર ઊભી થયેલી સંસ્થા—મારે કશું નથી જોઈતું" ! બાપુએ ઉદ્વેગથી કહ્યું.

ત્યારપછી મીઠુબહેને ઘણાં કામ માથે લીધાં, કરી બતાવ્યાં, લાખો રૂપિયાની માલમિલકત આજે એમના આશ્રમમાં છે. પણ સિનેમા કે એવા કોઈ સાધનથી ફાળો ભેગો કર્યો નથી, કરવો પડચો પણ નથી. સાચી સેવાને સજ્જનોએ હંમેશાં વધાવી લીધી છે. લોકોએ એમને પૈસા અને સાધન હંમેશાં પૂરાં પાડચાં.

ખાદીની પ્રવૃત્તિ ચલાવવાની, એટલે પોતાને પણ ખાદી પહેરવી પડે અને તે પણ પોતે કાંતેલા સૂતરની. સૂતર તો એવું જાડું નીકળે. વણાવ્યું. પછી જાડું ગોદડા જેવું કપડું આવ્યું. અને તે પણ ૩૬ ઈંચ પનાનું. એ વચ્ચેથી આડું જોડીને સાડી પહેરી લીધી ! ઘરમાં બધાંને થયું 'આ તે કેવું પાગલપણું !' પોતાના ઘરના પગલુછણિયાથી પણ જાડાં ને કઢંગાં વસ્ત્રો પહેરી બાપુ સામે ગયાં તો એ પણ હસે ! કારણ પગમાં મખમલના બૂટ અને રેશમી મોજાં—અને ઉપર આ વલ્કલ જેવી ખાદી ! પછી તો જોકે મીઠુબહેને બૂટમોજાંને પણ રજા આપી !

બાપુજીએ આ ધનવંતની દીકરીને બરાબર નાણી જોઈ. અને પછી તો એમને પોતાની જોડે રાખ્યાં. ભારતભરમાં એ બાપુ સાથે ફર્યાં. દાંડીકૂચ વખતે એ બાપુ જોડે જ રહ્યાં. દરિયાકાંઠે મીઠાની પહેલી ચપટી બાપુએ ઉપાડી ત્યારે તેઓ બાપુની પડખે હતાં.

એ વખતે બાપુએ સ્વદેશી પ્રચાર અને નશાબંધી આ બે કામ એમને અને બાને માથે રાખ્યાં. સુરતમાં એ બેની પાછળ બારસો બહેનો કામ કરવા તૈયાર થઈ. પીઠા પર દારૂનાં પીપ ને પીપ પડી રહેતાં. જાહેરમાં લિલામ થાય, પાણીને મૂલે દારૂ વેચાય તો પણ સામે શાંતિથી ઊભેલી આ બહેનો સામે થઈ. કોઈ એ

દારૂને અડતું નહીં. સુરત અને નવસારી જિલ્લામાં તાલુકે તાલુકે આ બહેનો છાવણી નાંખીને રહી. મીઠાના સત્યાગ્રહમાં એ સ્વયંસેવિકા સત્યાગ્રહીઓને મદદ કરતી. લાઠીમાર, ગોળીબાર થાય ત્યારે ઘાયલોની સારવાર કરવા જતી.

મરોલી ગામમાં બહેનોની એવી જ એક છાવણી હતી. આ મથક મધ્યમાં અને સ્ટેશન પણ પાસે જ હતું. એટલે બા અને મીઠુબહેન મોટે ભાગે ત્યાં રહેતાં. ગાંધી–ઈરવિન કરાર પછી સત્યાગ્રહની લડત બંધ રહી. છાવણીઓ પણ બંધ થઈ. પણ લોકોએ મીઠુબહેનને છોડયાં નહીં. મરોલીમાં બધાંએ મળી આઠ વીઘાં જેટલી જમીન ખરીદી લીધી અને બા તથા મીઠુબહેનને કાયમી આશ્રમ સ્થાપવા ભેટ આપી દીધી.

એ ભાગમાં વસ્તી મોટે ભાગે રાનીપરજ અને કોળીની. પછાત અને ગરીબ કોમ. મીઠુબહેન એ બધાંનાં 'માયજી' થઈ ગયાં. લોકોની વસ્તીમાં રોજ જાય. ખોરડે ખોરડે ફરે. માંદાને દવા આપે, સારવાર કરે. મીઠી જબાન અને કામગરા હાથ વડે એમણે લોકોનાં દિલ જીતી લીધાં. એમના આશ્રમમાં રોજ આજુબાજુનાં ગામડાંઓમાંથી છોકરાઓ અને છોકરીઓ આવે (આજે પણ આવે છે)—કાંતણ, પિંજણ, વણાટ, ચર્માલય, ગોશાળા, શીવણ—બધાં કામ ધમધોકાર ચાલવા માંડયાં એ મકાનનો પાયો પણ ગાંધીજીએ જ નાખ્યો.

૧૯૩૦–૩૨માં બારડોલીના લોકો હિજરતે નીકળેલા. એમની છાવણીમાં કમોસમનો વરસાદ થયો. રોગચાળો ફાટી નીકળ્યો. એમને માટે શ્રી. મંગળદાસ પકવાસા અને ઝંડુ ફાર્મસીવાળા જુગતરામ દવેએ એક મોટરવાન, ડૉકટર અને દવાઓ મોકલી આપ્યાં. એ કામ પૂરું થયા પછી પણ વાન અને બીજાં સાધનો ત્યાં જ રહેવા દીધાં કારણ એ વિભાગમાં દવાખાનાની બીજી કોઈ સગવડ હતી નહીં. પછી એમાંથી મરોલીનું સાર્વજનિક દવાખાનું ઊભું થયું. ચાસવડના જંગલમાં પણ મીઠુબહેને બીજું દવાખાનું ખોલ્યું. ૧૯૫૬માં કેવડીમાં ત્રીજું દવાખાનું થયું.

બાપુએ શિક્ષણમાં 'નઈ તાલીમ'ના પ્રયોગો કર્યા. એમની વાત વિદ્યાર્થીઓને પહેલેથી સ્વાશ્રયી બનાવવાની હતી. મીઠુબહેને પોતાની શાળાઓમાં એ પ્રયોગોના પ્રાત્યક્ષિકો ચાલુ કર્યા અને આજે ત્યાં ભણતાં સેકંડો છોકરાંઓ સ્વાશ્રયી છે. પહેર્યે ઓઢ્યે સુખી ઘરનાં છોકરાંઓ જેટલાં જ સુખી છે અને સુખી ઘરનાં છોકરાંઓ કરતાં પણ વધારે આરોગ્યસંપન્ન છે! એમને પછાત કે 'આદિવાસી' કોણ કહે!

૧૯૩૨ની લડતમાં એક સત્યાગ્રહી છોકરાએ મગજની સમતુલા ગુમાવી. એમને સારવાર આપવાનું ચાલુ કર્યું ત્યાં ખબર પડી કે બીજા પણ કેટલાક કાર્યકર્તાઓ એવી ખરાબ સ્થિતિમાં છે. બાપુએ એમને પણ મીઠુબહેન પાસે મોકલી આપ્યા અને એવી રીતે મરોલીમાં માનસોપચાર કેન્દ્ર પણ શરૂ થયું. આ કેન્દ્રમાં આવા દરદીઓની સારવાર કરવા માટે જરૂરી તે બધાં જ સાધનો કામમાં લેવાય છે. છતાં દરદીઓને પૂરી રાખવા, બાંધી રાખવા, સમાજથી દૂર રાખવા એવું કશું ત્યાં નથી. આશ્રમના ચોગાનમાં જ એમને માટે બાંધેલી કુટીરો છે. બાજુમાં જ વિદ્યાલય ચાલે છે. વણાટશાળા ચાલે છે. સેંકડો છોકરાંઓ ભણે છે. માણસો આવજાવ કરે છે. મગજની માંદગીથી પીડાતા દરદીઓ એ કોઈ ભયંકર કે બહિષ્કૃત પ્રાણીઓ નથી, દરદીઓ છે, એવી માનવતાભરી દૃષ્ટિ રાખી એમની સારવાર કરવામાં આવે છે. સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, કચ્છ, વિદર્ભ, મધ્ય-ભારત અને મહારાષ્ટ્રનાં ગામેગામથી દરદીઓ અહીં આવે છે અને અત્યાર સુધીનો અનુભવ છે કે ૭૦ ટકા જેટલાં માણસો તદ્દન સારાં થઈ અહીંથી જાય છે.

હજુ આજે પણ પશ્ચિમ રેલવેના મરોલી સ્ટેશનની સામે જ મીઠુબહેનનો આશ્રમ છે. વિશાળ વડલાની માફક એ વિસ્તાર પામ્યો છે. ઠેર ઠેર સ્વાવલંબી ભુલકાંઓ સરસ મજાનાં ચોખ્ખાં કપડાં પહેરી કામ કરતાં દેખાય, દિલ દઈને ભણતાં દેખાય. એમાંથી કેટલાંકે ભણીગણીને નામના કાઢી છે. કોઈ ઈજનેર છે. કોઈ ડૉકટર, તો કોઈ પાયલટ! છોકરીઓ ઝટપટ કામ પરવારતી જ હોય છે. પરોઢ થતાં પહેલાં જ ઘંટી, રેંટિયો, સીવણયંત્ર, સિંચાઈ-પંપ બધાં જ ચક્રો અહીં ફરતાં થાય છે. અને અહીં દેખાતાં લગભગ બધાં— જેમને આદિવાસી કે પછાત કહેવાય એવા કોમનાં બાળકો હોય છે—માનવમાત્ર ગમે તેવા સંજોગો પર જીત મેળવી પોતાનો વિકાસ સાધી શકે—સુખી થઈ શકે એનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે મીઠુબહેનનો આશ્રમ.

ભારત સ્વતંત્ર થયા પછી માયજીને સરકારે 'પદ્મશ્રી'નો ઈલકાબ આપી નવાજ્યાં. એમના ત્યાગ, સ્વાર્પણ અને સેવાનાં બીજોમાંથી કેટલાંકને સુખી કરે એવાં કલ્પવૃક્ષ ઊભાં થયાં છે. સ્વર્ગનું નંદનવન નીચે ઉતારવા સાક્ષાત્ લક્ષ્મી જેવાં— રૂપ રૂપના અંબાર—મીઠુબહેન જીવનભર— અને પછી પણ—એ ભૂમિમાં 'દટાઈ' ગયાં છે!

# ૧૨. ત્યાગમૂર્તિ રામેશ્વરી નેહરુ

ઓગણીસમી સદીના આખરના દિવસો હતા. વીસમી સદીનું મંગળ પ્રભાત નવા યુગનો નવો પ્રકાશ લઈ ભવિષ્યને બારણે આવી ગયું હતું.

તે વખતે પંજાબનું પાટનગર હતું લાહોર. ત્યાં પંજાબના 'શેર' રણજિત-સિંહના વંશજોનું રાજ હતું. રાજના દીવાન હતા રાયબહાદુર રાજા નરેન્દ્રનાથ રાય. કાશ્મીરના બ્રાહ્મણ હતા. ઘરમાં સાક્ષાત્ લક્ષ્મી હતી. સરસ્વતીની પણ કૃપા હતી. આવી રહેલા નવા યુગને ઓળખવાની શકિત હતી. તે જમાનામાં પશ્ચિમની વિદ્યા અને વિચાર એમના પરિવારે અપનાવ્યાં હતાં.

ઈ. સ. ૧૮૮૬માં એ કુટુંબમાં રામેશ્વરીબહેનનો જન્મ થયો. ઘરનાં બધાં જ છોકરાંઓને ભણાવવા શિક્ષક ઘેર આવતા. છોકરાઓ સાથે કુટુંબની છોકરીઓ પણ ભણતી. કોઈ જાતના ભેદભાવ એ કુટુંબમાં હતા જ નહીં.

સોળ વર્ષનાં સુવિદ્ય રામેશ્વરીબહેનનાં લગ્ન પં. મોતીલાલ નહેરુના ભત્રીજા બ્રિજલાલ નહેરુ સાથે થયાં. નહેરુ કુટુંબના વિચારો સુધારાવાદી હતા. બીજી રીતે પણ રાજા નરેન્દ્રરાયના કુટુંબને તોલે આવે એવું જ એ કુટુંબ હતું. શ્રી નહેરુ ઑકસફર્ડ યુનિવર્સિટીના અર્થશાસ્ત્રના પદવીધર હતા.

૧૯૦૯માં જ્યારે આપણા દેશમાં બધી જગ્યાએ બાળલગ્નની પ્રથા હતી, બહેનો ભણે-ગણે એ કલ્પના પણ સહન ન થાય એવી પરિસ્થિતિ હતી ત્યારે શ્રી. રામેશ્વરીએ અલ્હાબાદમાં મહિલા સમાજ નામની સંસ્થા સ્થાપી હતી. 'સ્ત્રી દર્પણ' નામનું માસિક પત્ર પણ તેઓ ચલાવતાં હતાં. બંગભંગના આંદોલનથી દેશભરમાં જે જાગૃતિ આવી હતી તે ટકાવવા, સ્ત્રીશિક્ષણની કલ્પના સમાજને ગમે અને પ્રત્યક્ષ કાંઈક કાર્યની શરૂઆત થાય એ માટે એ પોતાના પત્ર દ્વારા સતત પ્રયત્ન કરતાં. સ્ત્રી જાતિની વ્યથા, એના પર થતા અન્યાયની વાતો, સામાજિક હક્ક, કાયદેસરના હક્ક, એક નાગરિક તરીકે સ્ત્રી, એવા એવા વિષય પર 'સ્ત્રી દર્પણ'માં એઓ લખતાં. એમની ભાષા અને તેજસ્વી શૈલી લોકોને ગમે એવી અને લખાણો અભ્યાસપૂર્ણ હોય. એ જમાનામાં સાક્ષરો સામાન્ય રીતે પોતાનો ખાનગી પત્રવ્યવહાર પણ અંગ્રેજીમાં કરતા. અંગ્રેજી એ જ લોકમાન્ય અને રાજમાન્ય

ભાષા ગણાતી. ત્યારે આ વિદુષીએ પોતાનું પત્ર આગ્રહપૂર્વક હિંદીમાં ચલાવ્યું. સોળ વર્ષ સુધી આ પત્ર સારી રીતે ચાલ્યું અને ઘણું લોકપ્રિય બન્યું.

૧૯૨૮માં સંમતિવયનો કાયદો ઘડવા અંગે સરકારે એક સમિતિ નિયુક્ત કરી હતી. તેમાં રામેશ્વરી એ એકમાત્ર બહેન હતાં. દેશમાં લગ્નનું સામાન્ય વય કેટલાં વર્ષનું હોય છે, છોકરીને કેટલામે વર્ષે સાસરે વળાવે છે, લગ્નજીવનની શરૂઆત કઈ ઉંમરે થાય છે અને સાચી રીતે કઈ ઉંમરે થવી જોઈએ આ પ્રશ્નના ઉકેલ માટે દેશભરમાં ફરી, પ્રત્યક્ષ પરિસ્થિતિ જોઈ સામાજિક અને શરીરશાસ્ત્રની દૃષ્ટિએ અભ્યાસ કરી, વિચારીને સમાજ સમક્ષ અને શાસન સમક્ષ સ્ત્રી જાતિ તરફથી રજૂઆત કરવાની તકનો લાભ એમણે પૂરેપૂરો લઈ લીધો.

૧૯૩૦માં એઓ ઈંગ્લંડ ગયાં. ત્યાં પણ બહેનો સામે સામાજિક સમસ્યાઓ તો હતી જ. એ વિશેનો અભ્યાસ કર્યો અને સાથે સાથે હિંદી રાષ્ટ્રીય સભા અને ભારતીય સ્ત્રીઓના પ્રતિનિધિનું કામ પણ કર્યું. લીગ ઑફ નેશન્સ વતી એ બીજા દેશવિદેશોમાં પણ ફર્યાં. ભારતના રાજકીય, સામાજિક અને આર્થિક પ્રશ્નો દુનિયા સમક્ષ મૂકવાનું મહત્ત્વનું કામ કોઈ કાર્યક્ષમ રાજદૂત કરે એવી સમર્થ રીતે રામેશ્વરીબહેને કર્યું.

૧૯૩૪ પછી મહાત્માજીએ ઘણાંનાં જીવન બદલી નાંખ્યાં. રામેશ્વરીએ પણ સમૃદ્ધિ અને પ્રસિદ્ધિનાં મહાવસ્ત્રો ઉતારી જાડી ખાદી પહેરી લીધી. પગરખાંને પણ રજા આપી. બાપુએ એમને હરિજન સેવાસંઘમાં મૂક્યાં. આ કપરી કસોટી હતી. એ કામમાં સમાજ તો ઠીક, બાપુનાં નિકટનાં માણસો પણ વિરોધી માનસ ધરાવતાં હતાં. હરિજનોમાંથી જે થોડાઘણા ભણેલા હતા તે, બાપુએ એમના હાથવેંતમાં આવેલી વિભક્ત મતદારસંઘ જેવી મહામૂલી વાત છોડાવી એટલે રોષે બળતા હતા. કીર્તિ, લોકપ્રિયતા કે યશ આ ક્ષેત્રમાં કશે દેખાતાં નહોતાં. અપમાન, તિરસ્કાર અને અપયશના ચોકીપહેરા ઠેર ઠેર સામા મળતા. અસીમ શ્રદ્ધાથી અને નિષ્ઠાથી આ બળતી હૈયાસગડી ઉપાડવા આગળ આવેલા ઠક્કરબાપા અને એમની પાછળ છેક સુધી અડીખમ ઊભાં રહ્યાં શ્રી રામેશ્વરીબહેન !

ખભાઝોળીમાં જોડ–બે જોડ કપડાં નાખી રાયબહાદુર રાજા નરેન્દ્રનાથ રાયની આ કન્યા—અને પં. મોતીલાલજીના ઘરની કુળવધૂ—ત્રીજા વર્ગમાં મુસાફરી કરે ! ગામેગામ જાય. હરિજનવાડામાં ફરે. કોચીન, તામિલનાડુ, ત્રાવણકોર, મલબાર અને સૌરાષ્ટ્રમાં એ જઈ પહોંચેલાં. આ રખડપટ્ટીમાં જાતજાતના અનુભવ થતા. એ લેખો લખી પ્રસિદ્ધ કરતાં. જ્યાં અન્યાય દેખાય ત્યાં ન્યાયની માંગણી કરતાં.

જ્યાં સેવાચાકરીની જરૂર હોય ત્યાં એ કરી છૂટતાં. એ ત્યાગમયીના જીવનનું બીજું પણ એક પાસું હતું. એક સરકારી અમલદારનાં એ પત્ની હતાં. એ બાળકોની માતા હતાં. આ નાજુકડાં લાગતાં બહેન એ જવાબદારી પણ સંભાળતાં હતાં.

દૈન્ય અને દારિદ્રયનાં રોદણાં ધીરજથી સાંભળનારા આ દુનિયામાં કોઈ વિરલા સંત કે સતી હોય છે. આ સતી બધાં દીનદુખિયાંની આપવીતી આત્મીયતાથી સાંભળી એમને વાંસે હાથ ફેરવી એમને હિંમત આપતાં, આશ્વાસન આપતાં. આફતનો સામનો કરવામાં થાય એટલી મદદ પણ કરતાં અને પોતાની મનોહારી શૈલીમાં આ દુઃખિયાંનાં દુઃખને અક્ષરરૂપ આપી દુનિયા સમક્ષ મૂકતાં. એવાં એમનાં હજારો સંતાનોએ એમને ઈલકાબ આપ્યો—'માતાજી'.

૧૯૪૨ના એ જાદુભર્યા દિવસોમાં રામેશ્વરી પણ રાજકારણથી અળગાં ના રહી શકયાં. એઓ છૂપું છાપખાનું ચલાવતાં પકડાઈ ગયાં. એ વખતનાં એમનાં લખાણોએ લોકોમાં નવા પ્રાણ પૂર્યા હતા.

જેલમાંથી છૂટયા ત્યારે બંગાળમાં દુકાળ પડયો હતો. હજારો માનવી ભૂખે ટળવળી મરણ પામ્યાના સમાચાર મળતા. ખભે ઝોળી નાંખી રામેશ્વરી બંગાળ પહોંચી ગયાં. ભૂખ્યા, તરસ્યા, માંદા અને દીન-દલિતોની સેવા કરતાં કરતાં એક-માંથી બીજું અને બીજામાંથી ત્રીજું કામ નિર્માણ થયા જ કરતું. રખડતા છોકરાઓને સુધારવા માટે એમણે એક સંસ્થા કાઢી. ગુનેગાર કોમો માટે વસતીઓ વસાવી. પંજાબ અને કાશ્મીરની મુસ્લિમ બહેનો માટે શિક્ષણ સંસ્થા ચલાવી. દિલ્હી, હિમાચલ પ્રદેશ અને પંજાબમાં કસ્તૂરબા નિધિ તરફથી ગ્રામસેવિકા તાલીમ કેન્દ્રો ચલાવવાની જવાબદારી પણ એમને માથે હતી. કામનો વ્યાપ એકસરખો વધતો જ હતો.

રામેશ્વરીના જીવનનાં આખરી વર્ષોમાં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો અને ભારતને આઝાદી પણ મળી. પણ એ જ વખતે એમની જન્મભૂમિ પંજાબનાં ચીંથરેચીંથરાં થયેલાં જોવાનું નસીબે આવ્યું ! હિંદી કુટુંબોને પાકિસ્તાની પ્રદેશમાંથી હિંદમાં સુખરૂપ લાવવાં એ અગ્નિકુંડમાં પ્રવેશ કરવા જેટલું કપરું કામ હતું. એમણે એ માથે લીધું. રાત ના જોઈ; દિવસ ના જોયો. કેટલાંયે કુટુંબો હિંદમાં આવ્યાં. પોતાનું સ્થિર, શાંત, સમૃદ્ધ જીવન પાછળ મૂકી, નિરાશા, કડવાશ અને નિર્ધનતાનાં પોટલાં લઈ એ લાંબી ને લાંબી કતારો આવતી હતી. કુરુક્ષેત્રના મેદાનમાં એમની છાવણીઓ પડી. અપહૃત બહેનોની આંખો સુકાતી નહોતી. થાકયાં–પાકયાં વૃદ્ધ રામેશ્વરી મા ફરી કામે લાગ્યાં. દેશમાં ફરી ફરીને આ

અતિથિઓને ઘર અપાવ્યાં, કામધંધે લગાડયાં. એમનાં છોકરાંઓ માટે નિશાળો ખોલી. આ દયાની દેવીને સહકાર આપવા બીજી સેંકડો ભારતીય કન્યાઓ પણ આગળ આવી. દિલ્હીની નજીકમાં એમણે આ લોકો માટે એક નવું ગામ વસાવ્યું. ત્યાંની વસ્તીએ પ્રેમથી એ ગામનું નામ પાડયું 'રામેશ્વરીનગર'.

બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યો હીરોશીમા પર તૂટી પડેલા અણુબોંબને લીધે. અણુસ્ફોટની ભયંકર પ્રતિક્રિયાઓ ત્યાં દેખા દેવા લાગી, ત્યારે અણુશસ્ત્રથી જેમનાં ગર્ભ અંદર ને અંદર બળી રહ્યાં હતાં એવી માતાઓને સહાનુભૂતિ દર્શાવવા જગતભરની માતાઓ વતી એક પરિષદ થઈ. સ્ટોકહોમમાં થયેલી આ પરિષદમાં આ ક્રૂર શસ્ત્રને વખોડી કાઢયાં. સિત્તેર વર્ષનાં માતાજી ભારતની માતાઓ વતી ત્યાં ગયાં હતાં. ભયંકર સંહારને થોભાવવા પોતાનો વૃદ્ધ છતાં ત્યાગ અને તપસ્યાથી સમર્થ બનેલો ધ્રૂજતો હાથ એમણે ઊંચો ઉઠાવ્યો.

સ્વતંત્ર હિંદમાં કોઈ પણ સત્તાનું સ્થાન એઓ મૂલવી શકત. આ દુનિયામાં સંપત્તિનો ત્યાગ કરવો એ સહેલી વાત નથી. છતાં એ કરનારા ત્યાગવીરો ઘણા છે. સ્વજનોનો ત્યાગ સંપત્તિના ત્યાગથી પણ ચડે, છતાં ભક્તિઘેલાં અને ધ્યેયવાદી માણસો વિરક્તિને વરતાં આપણે જોઈએ છીએ. બધી અનુકૂળતા હોય, સાક્ષાત્ કીર્તિદેવતા વરમાળા લઈ સામે આવતી હોય ત્યારે મોં ફેરવી લેવું એ ભલભલા માટે અશક્ય જેવી વાત છે. રામેશ્વરીબહેને આ મોહને જીતી સેવાનું વ્રત લીધું અને આજન્મ એનું પાલન કરી કરેલા ત્યાગને દીપાવ્યો.

# ૧૩. બીબી અમતુસ્સલામ

મહાત્માજીનો પરિવાર બહુરંગી હતો. અનેક જ્ઞાતિનાં, વિવિધ પ્રકૃતિનાં આબાલવૃદ્ધોનો એક મોટો મેળો જ એમના આશ્રમમાં જામેલો હતો.

બાપુ કરોડો માણસોના સંપર્કમાં આવ્યા. લાખો સંનિષ્ઠ અને ત્યાગી કાર્યકર્તાઓ એમના અનુયાયી બન્યા. પણ ઉત્તમ અને આદર્શ કાર્યક્રમો વિશે પોતાનો અભિપ્રાય આપતાં એકવાર એમણે કહેલું,

"કામ કરવામાં અમતુલને તોલે કોઈ નહીં આવે."

ખુદ બાપુ પાસેથી આવું બહુમાન જેમને મળ્યું હતું તે બીબી અમતુસ્સલામ પતિયાળાના ખાનદાનનાં લાડકવાયાં શાહજાદી છે. ખરું જોતાં રેશમી મુલાયમ બુરખાની અંદર નાજુક નમણી કાયા સચવાય, મખમલના ગાલીચા પર કિનખાબ મઢેલાં પગરખાંથી ઢંકાયેલાં પગલાં મંડાય, એવો એમનો જીવનમાર્ગ હોય. પણ વિધિએ વળી એ નાજુકડા લલાટ પર કાંઈ જુદા જ લેખ લખી મૂકયા!

'શાદી નથી કરવી' આવી જીદ પકડી એઓ બાપુના આશ્રમમાં દાખલ થઈ ગયાં. સૌમ્ય, અબોલ, કાંઈક ધૂની, એવાં એ બીબીજી આશ્રમજીવનમાં મશગૂલ થઈને રહેતાં. નાનું, મોટું, હલકું ગણાતું કોઈ પણ કામ કરવા હંમેશાં તૈયાર રહેતાં. થાક, કંટાળો, ઘૃણા એ શબ્દો સાથે જાનપિછાન જ ન હોય એવું લાગતું. કરેલા કામનો હિસાબ, મોટી વાતો કે આડંબર પણ ના કરે. એવાં એ એક સારાં અને આદર્શ આશ્રમવાસિની હતાં.

પોતાની પાછળ ત્યાગી, રાજનીતિજ્ઞ, શૂરવીર, સેવાભાવી, બુદ્ધિમાન તેમ જ અસંખ્ય કાલાઘેલાની વણઝાર લઈ ભારતીય ઈતિહાસની કપરી કેડી પર મહાત્માજી ચાલી રહ્યા હતા. ઉત્સાહનો પવન, ક્રાન્તિના આવર્તો, નિરાશાનાં ઘેરાં વાદળ—બધું પાર કરી આખરે ૧૯૪૭માં પ્રકાશનાં કિરણ દેખાયાં, આઝાદીનાં તેજ પથરાયાં. પણ એ પ્રકાશમાં પ્રથમ દર્શન થયાં તે છિન્નભિન્ન રક્તલાંછિત ભારતમાતાનાં!

આઝાદીનું આનંદપર્વ દિલ્હીમાં ઊજવાયું — દેશભરમાં એ આનંદને પ્રતિસાદ મળ્યો. પણ બાપુનો માર્ગ જુદો હતો. એ થાકેલાં કૃશ પગલાં, પીડિતો અને નિર્વાસિતો તરફ વળ્યાં. હવે એમની પાછળ જનારાઓમાં પેલા કાલાઘેલામાંના જ

ઘણાખરા બાકી રહ્યા હતા! એ મેળામાં બીબીજી હતાં. અસંગ્રહી આશ્રમીઓ પાસે સામાનનો બોજો ભાગ્યે જ હોય, પણ બીબીજી ઘણું મોટું પોટલું લઈ ચાલ્યાં હતાં.

નોઆખલીના પરિસરમાં એમણે એ પોટલું છોડયું. એમાં હતી સોહાગણોની ચૂંદડીઓ, સિંદૂરના દાબડા, અને શંખની નાનીમોટી ચૂડીઓ. બીબી ઘેર ઘેર ઘૂમવા લાગ્યાં, સર્વસ્વ ખોઈ બેઠેલી ગૃહલક્ષ્મીઓ ચોધાર આંસુએ રડી રહી હતી. બીબી એમને–એમનાં કુટુંબીઓને આશ્વાસન આપી એમના હાથમાં નવાં સૌભાગ્ય-કંકણ ચડાવતાં, સેંથીમાં નવો સિંદૂર પૂરતાં, ભાંગ્યાં-તૂટયાં ખોરડાંઓમાં જઈ ફરી દીવડા પ્રગટાવતાં, દુભાયેલાં મન અને તન બંનેની સારવાર કરતાં. જીવતર આખું ચૂંથાઈ જવાથી બહેનો નિરાશ થઈ હતી. તે કકળાટ કરતી કહેતી, "બા! આજે તમે અહીં છો ત્યાં સુધી ઠીક, પણ કાલે તમે તો પાછાં જશો. પછી?"

બીબી એમને હિંમત આપતાં, "ચિંતા ના કરશો, મનમાં જાગેલો સેતાન લાંબો વખત ના ટકી શકે."

પણ આ શબ્દો એ બળી–ઝળી બહેનો માટે પૂરતા નહોતા! બીબીએ લોકોના હૃદયપરિવર્તન માટે ઉપવાસ આદર્યા. હિંદુ બહેનોને જોડે લઈ મોટું સરઘસ કાઢી એઓ મુસ્લિમ મહોલ્લામાં પહોંચી ગયાં. લોકોને ભેગા કરી એક સભા ભરી. આ નમણી, રાજવંશી નારી સિંહણની જેમ વીફરી ગઈ હતી. પાક ઈસ્લામનું નામ દઈ જંગલી અત્યાચાર ગુજારનારાઓને બહુ કડક શબ્દોમાં એમણે નિષેધ કર્યો. ખૂબ ઝાટકણી કાઢી. એ લોકોએ પણ શરમથી માથાં નમાવી એ કઠોર વાગ્બાણ સહ્યાં અને આખરે સદ્‌વર્તનની ખાતરી આપી. બીબીજીને ઉપવાસ છોડી દેવા વીનવ્યાં. નર્યા ભયથી છળી ગયેલી બહેનો પણ શાંત અને સ્વસ્થ થઈ. બાપુએ પોતે ત્યાં જઈ બીબીના ઉપવાસનું પારણું કરાવેલું.

કાળચક્ર પોતાની અવિરત ગતિથી ફરતું જ રહે છે. બાપુ ગયા. એમનો બહોળો પરિવાર વેરવિખેર થઈ ગયો. કાલાઘેલા, ધૂની આશ્રમવાસીઓનું સ્મરણ પણ ભાગ્યે જ કોઈને થતું. એવા દિવસોમાં એક પ્રભાતે બીબીજી પંતપ્રધાન નહેરુજીની કોઠી પર જઈ પહોંચ્યાં. ભારતની ઉત્તર સીમા પર પરચક્ર આવી પડયું હતું. લોકસભામાં અને દેશભરમાં વાતાવરણ ડહોળાયેલું હતું. 'આ મામલામાં હું શું કરી શકું?' બીબીજી પંડિતને પૂછવા ગયાં હતાં.

"સીમાપ્રદેશની પ્રજામાં આત્મવિશ્વાસ અને દેશપ્રેમની લાગણી પ્રગટાવવી એ અગત્યનું કામ છે. કરી શકશો?" પંડિતજીએ પૂછ્યું.

એ મૂઠી હાડકાંની સ્ત્રીમાં કોઈ પણ કામ માથે લેવાની અને એ પૂરું કરી બતાવવાની શક્તિ છે એવું બાપુ માનતા!

બીબીજી નેફામાં જઈ પહોંચ્યાં. એમની પાછળ ગરમ ધાબળાની અને કપડાંની ટ્રકો પણ પહોંચી ગઈ. ત્યાં ટાઢે ઠરતી પ્રજાને એમણે કપડાં પહેરાવ્યાં, ધાબળા ઓઢાડયા. એ ઠૂંઠવાઈ ગયેલા લોકોમાં ચેતન આવ્યું. આંખોમાં કૃતજ્ઞતાના દીપ પ્રગટ્યાં. પછી બીબીજીએ સવાલ કર્યો,

"આ ધાબળા શાના બને?"

'ઊનના.'

'આ ફાટી જશે પછી? પાછા નવા જોઈશે ને? એ કોણ આપે? એ આપણે આપણા બનાવવા પડશે!

અને ત્યાં ઊન કાંતી ગરમ કપડાં વણવાનાં વણાટકેન્દ્રો શરૂ થઈ ગયાં. બીજા કુટિરોદ્યોગ, સફાઈ, તાલીમ વિ. 'આશ્રમીય કાર્યક્રમ ચાલુ થયો. જોતજોતામાં દેશ આખાથી દૂર ફેંકાયેલી એ ગિરિજન પ્રજાને બીબીજીએ કાચે તાંતણે બાંધી લીધી.

બીજી બાજુ ભારતીય સૈનિકો સીમા પર જીવ સાટે લડી રહ્યા હતા. એમને માટે ગરમ કપડાં પૂરાં પાડવા બીબીજીનાં ગ્રામોદ્યોગ કેન્દ્રો રાતદિવસ કામે ચડયાં. સૈનિકોનાં કુટુંબકબીલાં તેજપુરમાં હતાં. જવાનોને અચાનક સીમા પર જવું પડયું તેથી કુટુંબનાં માણસો મૂંઝાયેલાં, ગભરાયેલાં હતાં. એ જોઈ બીબીજી સીધાં સૈનિકોની છાવણીમાં જઈ પહોંચ્યાં. ત્યાં બધાંને ભેગાં કરી એમની સામે વાત મૂકી. તેજપુરમાં સૈનિકોનાં કુટુંબીઓનો સરસ શિબિર લેવો, બાળબચ્ચાંઓ માટે નિશાળો, માંદા અને ઘાયલો માટે દવાખાનાં, બહેનો માટે ઉદ્યોગગૃહ–આ બધું એમની વસ્તી માટે ઊભું કરવું જોઈએ. સૈનિકોએ આ વાત આનંદથી વધાવી લીધી. ત્યારે બીબીજીએ માગણી કરી–દરેકે શિબિર માટે એક રૂપિયો, અને સ્વજનો ઉપર 'શિબિરમાં ભાગ લઈ, કામ કરજો' એમ કહેતો પત્ર આપવો. સાંજે હિમાલયના શિખર પરથી ઊતરી આવતી એ બહેનના એક હાથમાં માય નહીં એટલા પત્રો અને ખભા પર જેમતેમ ઊંચકાય એવી ભારેખમ થેલી હતી!

તેજપુર આવતાંની સાથે–એ રાત્રે જ ત્યાં કામ શરૂ થઈ ગયું. પત્રો ઘેર-ઘેર પહોંચી ગયા. એકએક ઘરમાંથી માણસો હરખાઈને બીબી પાસે આવ્યાં. એ બધાં સામે સીમા પરથી આવેલી રૂપિયાની થેલી મૂકી બીબીજીએ કહ્યું, "તમારાં દિલ અને હાથ છે. આપણા શૂરવીરોના આશીર્વાદ સમી આ મૂઠી છે. કરો ત્યારે કંકુના. આજથી ત્રીજે દિવસે આપણા ઉદ્યોગમંદિરમાં કામ ચાલુ થવું જોઈએ."

બીજે દિવસે સૂર્યનારાયણ ઊગે તે પહેલાં તો કેટલાંક ઉત્સાહી માણસો જંગલમાં પહોંચી ગયાં. સાંજ સુધી ઈમારતી લાકડાંના ઢગલે ઢગલા ઉદ્યોગમંદિર માટે નક્કી કરેલી જગ્યા પર ખડકાયા. બીજે દિવસે કુટીરોબ ંધાઈ ગઈ-જમીનો લીંપાઈ ગઈ અને ત્રીજે પ્રભાતે બાળવીરો ત્યાં 'શ્રીગણેશાય નમઃ' લખવા બેસી ગયાં! એક બાજુ બહેનો સૈનિકનાં કપડાં ગૂંથવા લાગી. ઉંમરલાયક માણસો પાટા વીંટાળવાનું કામ લઈ બેઠાં. વૃદ્ધોએ શિક્ષકોનું કામ સંભાળી લીધું. દરેકે સમજીને પોતાનું કામ નક્કી કરી લીધું. આ નવજીવનની, આ ઉત્સાહની પ્રતિક્રિયા સીમા પર કેવી થઈ હશે?

મનમાં વજ્રને હણે એવી શક્તિ, પણ કાયા સાવ નબળી–દુબળી. રાતદિવસની મહેનત, ઠંડીમાં ખડે પગે રહેવું--આ બધું નડયા વગર કેમ રહે? બીબીજી માંદાં પડયાં. મિશનની હૉસ્પિટલના ડૉકટરોએ એમની હાલત જોઈને કહ્યું કે મૂત્રપિંડની શસ્ત્રક્રિયા તાકીદે કરવી પડે એમ છે.

"શસ્ત્રક્રિયા કરો તો જીવવાની આશા ખરી?" બીબીજીએ પૂછ્યું.

"પચાસ ટકા જેટલી!"

"ઘણી છે! પચાસ ટકા આશા સાથે હું તો સીમા પર જ મરવાનું પસંદ કરીશ." એમ કહી એ તો સીધાં હેલિકોપ્ટરમાં બેસી ચાલ્યાં ગયાં. એમને હુકમ કરી શકે એવો એક જ મહાત્મા–જે વર્ષો પહેલાં હણાઈ ગયો હતો! બીજું કોઈ એમને મનાવી શકે એમ હતું નહીં.

હેલિકોપ્ટર દસ જ મિનિટમાં સીમા પર પહોંચી ગયું. ત્યાંનું કામ સાંજ સુધીમાં પતી ગયું. પણ હિમાલયનું હવામાન ત્યાં સુધીમાં સાવ ફરી ગયું હતું. વરસાદ, વાદળ અને વાવાઝોડાનું તોફાન ચાલતું હતું. એમાં વિમાન કે બીજું કોઈ પણ સાધન, વાહન કામનું ના રહ્યું. બીબીજી અને એમના મંત્રી સુશીલકુમાર ચાલતાં નીકળ્યાં. નીચે પણ જરૂરનું કામ હતું. હિમાચ્છાદિત કંદરોમાંથી અને પહાડોમાંથી તોફાનોનો મુકાબલો કરતાં દસ મિનિટમાં ઉપર પહોંચેલાં બીબીજી પૂરા દસ દિવસ પછી છાવણી ભેગાં થયાં. રસ્તો બહુ કપરો હોય ત્યારે સુશીલકુમાર ફૂલ જેવાં હલકાં બીબીજીને ઉપાડી લેતાં! ડૉકટરોએ છાવણીમાં આવી બીબીજીને તપાસી લીધાં–એ આટલાં દિવસ જીવતાં રહ્યાં એ જ એમને મન નવાઈની વાત હતી. તેમાં પાછી બરફમાં, આવી હાડમારી વેઠી હશે એ તો કેમ મનાય? પણ એનાથી નવાઈ તો એ હતી કે બીબીજીની કીડની કોઈ પણ ઉપચાર વગર માત્ર એ હાડમારીથી જ સુધરી ગઈ હતી! ડૉકટરોની અક્કલ બહેર મારી ગઈ!

ઉત્તર સીમા પર ભારતીય સેનાની અપાર હાનિ થઈ હતી. પરાજય અને મૃત્યુ જ સાક્ષાત્ સામે ધસી આવતાં હોય એવું લાગતું હતું. ત્યાં કોઈએ સૂચવ્યું, 'આપણે મૃત્યુંજય યજ્ઞ કરીએ !'

હજુ વાત થતી હતી ત્યાં બીબીજીએ વસ્તીમાંથી બ્રાહ્મણો શોધી કાઢયા. સરસેનાપતિ, તેજપુરના નગરશેઠ અને બીબીજી ત્રણ જણાં યજમાન બન્યાં. સાંજે વિચાર કર્યો. બીજે દિવસે બ્રાહ્મમુહૂર્ત પર યજ્ઞની શરૂઆત કરવાનો સંકલ્પ કર્યો. રાતોરાત ગામની દુકાનો ખોલાવી બીબીજીએ શાસ્ત્રોક્ત સામગ્રી તૈયાર કરાવી. માંડવો નંખાયો. વેદી તૈયાર થઈ ગઈ. અને એ શુચિભૂંત દેવી જેવાં બીબી અમતુસ્સલામ સર્વપ્રથમ પોતાના આસન પર આવી બેસી ગયાં. બીજા યજમાનો અને પુરોહિતો પણ એમની એ તત્પરતા જોઈ છક થઈ ગયા. બીજાં બધાં તો ચાપાણી પીને યજ્ઞ માટે આવેલાં, પણ બીબીજીએ સંકલ્પ થયો ત્યારથી પાણી પીધું નહોતું ! યજ્ઞોપવીત ધારણ કરતા પુરોહિતોથી પણ એ ચઢી ગયાં.

"તમે તો બાપુ સાથે આશ્રમમાં રહેલાં. ત્યાં રાત ને દિવસ અહિંસાનો મંત્રજાપ ચાલતો હોય. તમે એમનાં શિષ્યા. તમને વળી આ લશ્કરમાં અને લડાઈના મામલામાં શીદ ફાવે છે ?" કોઈએ એમને પૂછ્યું. ત્યારે એમની પ્રેમાળ આંખોમાં વીજળી ઝબૂકી. એમણે કહ્યું,

""આ મારાં છોકરાંઓ સ્વાર્થ માટે નહીં પણ આપણા દેશ માટે ઘરબાર છોડી જીવતર હોમવા અહીં આવ્યાં એમની સેવા કરવી એ મારો ધર્મ છે. વખત આવ્યે એ હાથમાં બંદૂકો લઈ લડવા પણ જઈશ. અહિંસા શૂરાનો ધર્મ છે."

ઉત્તર સીમા પર જે જોશ અને આવેશથી એ ઘૂમ્યાં એ જ ઉમંગથી પાકિસ્તાનની સીમા પર પણ જવાનો સાથે એઓ પણ પહોંચી ગયેલાં. હવે પંજાબ-ની સીમા પર રાજપુરમાં એમનો આશ્રમ છે. છોકરાઓ માટે વિદ્યાલય છે. બહેનોના ઉદ્યોગગૃહ ચાલે છે. કોઈની મદદ કે દાન માગવા એઓ ગયાં નથી. ગમે ત્યારે પહેર્યું કપડું પણ ઉતારીને કોઈને આપી આવે ખરાં ! આપવાનું વ્રત લઈને બેઠેલાં એ શાહજાદી—માગવાનું એ કયાંથી જાણે !

# ૧૪. સરદારનો પુણ્યાંશ મણીબહેન

ઘોર કર્તૃત્વશાળી વ્યક્તિઓના કર્તૃત્વ પાછળ કોઈ બીજી એકાદ–બે વ્યક્તિઓ અવિશ્રાંત કામ કરતી હોય છે. પોતાનું વ્યક્તિત્વ એ ઘોર વ્યક્તિમાં સમાવી દઈ એને વધારે સંપન્ન કરે છે, સંપૂર્ણ કરે છે. એમના સફળ સંપૂર્ણ યશસ્વી જીવનનો વ્યવહારુ પાયો નાંખી એ વિશાળ સુંદર મહેલનું ચણતર કરી પોતે દટાઈ જાય છે. લોકમાન્ય ટિળકની પાછળ એમના ભાણેજ શ્રી વિદ્વાંસ એવા હતા. ખાડિલકર, કેળકર જેવા એમના ‘ ડાબા-જમણા હાથ ’ હતા. બાપુનો સંસાર સંભાળે એવાં બા બેઠાં હતાં અને જમણા હાથ જેવા મહાદેવભાઈ પણ ખરા. સરદારના અનેરા વ્યક્તિત્વ પાછળ સમર્પણ છે એમનાં દીકરી મણીબહેનનું.

પિતાનો વારસો પુત્રને મળે. પિતાનો વૈભવ પુત્ર માણે, ભોગવે અને વધારે. પરંપરા પુત્ર ચલાવે. નામના પુત્રથી જ થાય. આ દુનિયાદારીની સામાન્ય રીત છે. એટલે જ દીકરાની વસ્તી એટલે ઊજળો વસ્તાર ગણાય ! પિતાનું પિતૃઋણ કન્યા ચૂકવે એ વાત અદ્‌ભુત કહેવાય—અને તે પણ વીસમી સદીના પૂર્વાર્ધમાં.

૧૮૯૩માં સરદારશ્રીનાં લગ્ન શ્રી ઝવેરબહેન સાથે થયાં. ૧૯૦૯માં ઝવેરબહેન મૃત્યુ પામ્યાં, ત્યારે મણીબહેન અને ડાહ્યાભાઈ તો સાવ નાનાં. બન્ને બાળકો કાકાના મજિયારા ઘરમાં રહેતાં. પત્નીના મૃત્યુ પછી તરત ૧૯૧૦ માં સરદાર વિલાયત ચાલ્યા ગયા. મણીબહેન કોન્વેન્ટમાં ભણતાં હતાં. બહુ નાની ન કહેવાય અને મોટી પણ ન ગણાય એવી એ ઉમ્મર. એ વર્ષો એવાં વિચિત્ર હોય છે, ત્યારે છોકરીને માની હૂંફ અને સમર્થ એવા પિતાના છત્રની ખાસ જરૂર હોય છે. મણીબહેન રહેતાં ત્યાં દોમદોમ સાહ્યબી હતી. પાણી માંગે ત્યાં દૂધ મળે. પણ ખોટ હતી માની. અને સમર્થ પિતા માથે હોવાને બદલે સાત સાગરને પેલે પાર જઈને બેઠા હતા ! ભાઈ હતો, પણ બહુ જ નાનો. એ અસહ્ય એકલતામાં આધાર હતો એક જ: ‘ આ દુનિયામાં મારું કોઈ હોય તો એ મારા બાપુ જ.’ આ ભાવના મનને વ્યાપી રહી હતી. વિલાયતમાં બાપુ બૅરિસ્ટર થયા. પરીક્ષામાં ઝળહળતો યશ મળ્યો. વળી ત્યાં જીવલેણ માંદગી પણ આવી. ત્યાં પારકા પરદેશમાં શસ્ત્ર-ક્રિયા કરવી પડી. પણ બાપુ કેવા ભડવીર ! કલોરોફૉર્મ લીધા વગર શસ્ત્રક્રિયા કરાવી. પણ મોંમાંથી સિસકારો સરખો ન નીકળ્યો ! આ બધી વાતો ઘેર આવતી હતી, ચર્ચાતી હતી, સમજાતી પણ હતી. પિતાની એક પ્રતિમા મણીબહેનના

મનમાં આકાર લઈ રહી હતી. કિશોર વયમાં મનમાં જે લાગણીઓનાં મોજાં ઊભરાય છે, તે બધાં જ પિતા પર ઠલવાતાં ગયાં. ભોળી શ્રદ્ધા અને ભક્તિ સાથે એ મનોમન પિતાને પૂજવા લાગ્યાં.

૧૯૧૩માં સરદારશ્રી વિલાયતથી પાછા ફર્યા. એમણે અમદાવાદ રહેવાનો નિર્ણય લીધો. છોકરાંઓ એમને ત્યાં રહેવા ગયાં. પોતાના પિતાને જોવા, એમની સાથે બોલવા, બાળહઠ કરવા, એમને પોતાની આવડતો બતાવવા જીવ કેવો તલસી રહ્યો હશે--નાનકડા માનસમાં કેટકેટલી વાતોનો ઊભરો આવ્યો હશે...! બાપુ આવ્યા. પણ ઘરમાં વડીલો હતા! વડીલોનાં દેખતાં પોતાનાં છોકરાંઓને બોલાવવાં, લાડ લડાવવાં એ ઘરની રીતભાતને છાજે નહીં! બારણાં પાછળ ઊભાં ઊભાં મણીબહેને પોતાના એ પ્રતાપી પિતાને જોઈ લીધા. એમના મોંમાંથી નીકળતા શબ્દેશબ્દ પી લીધા. બસ, એટલું જ! જે સહેજે મળે નહિ એના પ્રત્યે મનમાં અનેક વાર આકર્ષણ જાગે. પિતા પ્રત્યેની પ્રેમભક્તિમાં આ આકર્ષણનો પણ ઉમેરો થયો હોવાનો સંભવ પણ ખરો.

અમદાવાદમાં માવળંકર પાડોશમાં રહેતા. દાદાસાહેબનાં મા મરજાદી હતાં. કણબીની છોડીને અડકવું પણ એમના ક્રિયાકાંડમાં ક્યાંથી હોય? છતાં માજીને મણીબહેને જીતી લીધાં. દાદાસાહેબનાં પ્રથમ પત્ની સાથે તો સગી બહેન જેવું મન મળી ગયું. અત્યાર સુધી રહ્યાં હતાં ત્યાં, મજિયારા ઘરમાં હરેક કામ માટે નોકર હોય. તેથી કામ કરવા માટે તો આ નમાઈ છોકરી ક્યાંથી કેળવાઈ હોય? સુઘડતા અને ટાપટીપ લોહીમાં હતાં એટલે સહેજે અમુક સૂઝ પડે. પણ માવળંકર કુટુંબ વચ્ચે રહી મણીબહેનને ખૂબ શીખવાનું મળ્યું, જાણવાનું મળ્યું. પોતે મા વગર એકલાંઅટૂલાં હતાં તેમ પિતા પણ એકલતામાં જીવે છે–એમને કાંઈ જોઈતું કરતું હોય તો કોને કહે? મણીબહેન ઝીણવટથી બાપુનું કામ સંભાળવા લાગ્યાં. ગૃહિણી વિનાના એમના ઘરમાં પ્રાણ પૂરવા લાગ્યાં. સ્ત્રીસહજ ચાતુર્યથી એ કળામાં જોતજોતામાં પાવરધાં બની ગયાં.

દિવસો ગયા. પણ પિતા–પુત્રી વચ્ચે બોલવાચાલવાનું નહિ જેવું જ--અને છેક સુધી એ એવું જ રહ્યું છતાં અંતરની લાગણી અને નસેનસમાં વહેતી એક લોહીની ધારા એ બેને અજબ રીતે જોડી રહી હતી. જીવનના એ બન્ને પ્રવાહો આપમેળે એક જ દિશા લઈ રહ્યા હતા! સરદારશ્રી ગાંધીજી પાસે પહોંચ્યા તે પહેલાં માવળંકર કુટુંબીઓ સાથે મણીબહેને ખાદી અને રેંટિયો અપનાવ્યો હતો. આશ્રમમાં પણ એ સ્વતંત્ર રીતે જતાં આવતાં. એટલે નિર્મળ અને નિર્દોષ રાષ્ટ્રીય ચારિત્ર્ય માટે જે અપરિગ્રહ, જે સાદગી ઘરમાં પણ હોવાં જોઈએ તે

સરદારશ્રીના ઘરમાં સહજ રીતે પ્રવેશી ચૂક્યાં હતાં. ત્યાં કશું કહેવાની જરૂર જ ક્યાં હતી!

જોતજોતામાં બૅરિસ્ટર વલ્લભભાઈ પટેલના જીવનમાં જાદુઈ પરિવર્તનો થયાં. રાષ્ટ્રીય આંદોલનમાં એઓ ગુજરાતના અને પછી ભારતના સરદાર બની પ્રથમ હરોળમાં ચમકતા થયા. દીનદરિદ્રી ખેડૂતોના એ માવતર બન્યા. નિષ્ઠાવંત સહકારીઓના એઓ આધારસ્તંભ બન્યા. સામ્રાજ્યશાહીને કંપાવનાર એ ભડવીરનું શરીર થાકવા માંડ્યું. સરદાર ગામેગામ ઘૂમતા હતા. મણીબહેન ઘેર હતાં. અધ્ધર જીવે દૂરથી બધું જોતાં હતાં, સાંભળતાં હતાં. એક દિવસ ગાંધીજીએ કહ્યું : ' આ લાંબું નહીં ચાલે. સરદાર પાસે ચોવીસ કલાક રહી એમને સાચવવાવાળું કોઈ માણસ જોઈએ. '

' હું છું ને! હું રહીશ, ' મણીબહેને કહ્યું. પૂરી શ્રદ્ધાથી અને અડગ નિશ્ચયથી. શું આ પરણવા જેવડી છોકરી ભેખ લઈને રહેશે? નવાઈ લાગે એવી આ વાત હતી. સરદારને પોતાને પણ એમનાં લગ્ન વિશે ચિંતા થતી. પણ મણીબહેન મક્કમ હતાં. કિશોર વયની વિભૂતિપૂજાની જગ્યાએ હવે સમજદારી આવી હતી. પિતાની મહત્તા, એમનો ત્યાગ, એમનું સમર્થ વ્યક્તિત્વ અને એઓ જે કામ કરી રહ્યા હતા એની ભવ્યતા, એમના આદર્શો એ બધું જ હવે સમજાતું હતું. અને એ બધું ટકી રહે, વધતું રહે એટલા માટે સાવ સાદી, સામાન્ય અને છતાં સંપૂર્ણ એકાગ્રતાથી કરેલી સેવા, એમની જરૂરિયાતો જાણી લઈ એ પૂરી કરવાની તત્પરતા જોઈતી હતી. અને એને માટે જોઈતું હતું એક પ્રેમભર્યું આત્મસમર્પણ. મણીબહેને સમજીને આ વ્રત સ્વીકાર્યું અને આજન્મ દીપાવ્યું પણ ખરું.

મહર્ષિ કર્વે વિશે લખતાં કોઈએ લખ્યું છે : ' જિંદગીભર સ્ત્રીઓના કલ્યાણ માટે ઘસાતા આ મહાપુરુષને એક દીકરી હોત તો એ એવા ઓછાબોલા અને સંકોચી ન રહેત. ' ખરુંખોટું કોણ જાણે! અહીં સરદારને મણીબહેન જેવાં દીકરી મળ્યાં હતાં છતાં વ્યક્તિગત બાબતોમાં અને ઘરમાં એ તો એવા ને એવા જ રહ્યા! ટાઢે ઠરી જાય પણ મોં ખોલીને ઓઢવાનું માગે નહીં એવા. જોકે મણીબહેન પણ દીકરી તો એમનાં જ. પૂછે તો નહીં જ. પણ માગવું પડે જ નહીં એટલે પોતે સદા જાગ્રત રહે. પૂરાં બે તપ આવું તપ એઓ તપ્યાં.

સરદારશ્રીના કામનો પસારો દહાડે ને દિવસે વધતો જ ગયો. એ અખિલ ભારતીય પસારો મણીબહેન બરાબર સાચવીને સંભાળતાં. પાછા સરદાર પોતે તો

કશું જ કહે નહીં. કયા કાગળો મહત્ત્વના, શાની નોંધ રાખવી, ફાઈલમાં શું શું રાખવું— કાંઈ જ કહે નહીં. પણ મહાત્માજીને ત્યાં હરકોઈને આ તાલીમ મળતી. જોઈ જોઈને શીખવાનું એ તો છઠ્ઠીએ મણીબહેનના લેખમાં લખ્યું જ હોય તેમ મણીબહેન આ તંત્રો પણ જોઈ જોઈને શીખી ગયાં! કેટલીક વાર તો કાગળો કે ચબરખીઓ વાંચીને સરદાર ફાડીને ફેંકી દે અને કામ પડે ત્યારે .. વગર બોલ્યે વ્યવસ્થિત ચોંટાડેલો કાગળ મણીબહેન એમની આગળ પાછો ધરે!

સરદારનો પત્રવ્યવહાર, નાનામોટા મુલાકાતીઓ, એમના હજારો સાથેના સંબંધો બધું જ મણીબહેન સાચવતાં. આવો પસારો કાંઈ સરદારનો જ હતો એમ કેમ કહેવાય? ઘણાંનો હોય છે! પણ સરદારની શિસ્ત, આદર્શો અને રીતરસમ બહુ જુદી હતી. આવા પસારામાં અપરિહાર્ય ગણાતી પાર્ટીઓ કે મિજબાની-ઓનું ત્યાં નામસરખું નહોતું. દિલ્હીમાં નાયબ પ્રધાનના રજવાડા જેવા મકાન-માં એક સમયે એક જ દીવો બળતો અને કામ પૂરતી બે જ રૂમો વપરાતી.

જમાનો બદલાયો. નવો યુગ આવ્યો. કીર્તિ અને સત્તા પગ પાસે આવી બેઠાં, છતાં સરદારની ચંપલનો રંગ સરખો ના બદલાયો:

છેલ્લી માંદગી આવી: ડૉક્ટરો આશા આપતા હતા. લોકો તો એ છેલ્લી ઘડી છે એમ માનવા તૈયાર નહોતા. છતાં સરદાર પોતે સમજી ગયા હતા અને એમની આંખોએ મણીબહેનને પણ કહી દીધું હતું. હજુ પણ શબ્દોની આપ–લે નહીં જેવી જ હતી. હવે એની જરૂર પણ ક્યાં હતી! જ્યારે નાની ઉંમરમાં માંદા હતા ત્યારે પણ બાપુ ઓરડાની બહાર આવી બારણા પાસે સહેજ ઊભા રહેતા અને કશું બોલ્યા વગરસ્તો ચાલ્યા જતા ત્યારે એ અણસારમાત્રને આધારે જ મણીબહેન ટકી રહ્યાં. એમને શબ્દોની જરૂર હવે શાની હોય! એ પોતે મનની તૈયારી કરી રહ્યાં હતાં. એક જ ચિંતા કોરી ખાતી હતી...છેલ્લી ઘડીએ હવે મણીનું શું થશે એવા વિચારથી પીડાશે તો નહિ ને? પણ સરદાર પોતાની પુત્રીને ન જાણે? એ કોઈ દિવસ લાચાર નહિ થાય! છેલ્લે અર્ધબેભાન અવસ્થામાં બોલ્યા તે પણ કાશ્મીર, ચીન, તિબેટ, હૈદરાબાદની વ્યવસ્થા...એવું એવું જ!

સરદાર ગયા. 'મારી પોતાની કહેવાય એવી કોઈ મિલકત છે એવું હું માનતો નથી.'—આ એમનું વસિયતનામું! પિતાનાં ચરણો પર સર્વસ્વ સમર્પણ કરી ચૂકેલાં મણીબહેન આજે પચીસ વર્ષ થઈ ગયાં—સરદાર વિના જીવે છે. સરદાર હતા ત્યારે એઓ એમની છાયા સમાં જીવ્યાં. અને એમના પછી એમના પુણ્યાંશ

જેવાં એ રહ્યાં છે. સ્વમાનથી થાય એટલું કામ એ કરે છે. જીવનમાં જરૂરિયાત જેવું ખાસ કશું હતું નહિ, છે પણ નહિ. વૈફલ્યની ભાવના એમને સ્પર્શી હોય એવું કોઈ દિવસ લાગતું નથી.

થોડા દિવસ પહેલાંની વાત છે. દિલ્હીમાં અમે બે બહેનો મણીબહેનને એમને ઘેર મૂકવા ગયાં. મણીબહેન ઊતરી ગયાં પછી ટેકસીવાળા સરદારજીએ એકાએક પૂછ્યું.

"બહેનજી, યહ માજી કોન થી ?"

"મણીબહેન પટેલ."

"કયા સરદાર પટેલકી લડકી ?"

"જી હા !"

એ ભાઈ ટેકસીમાંથી ઊતર્યા અને મણીબહેન જ્યાંથી ચાલીને ગયાં હતાં ત્યાંની ચરણરજ લઈ એમણે માથે ચડાવી !

"આમ કેમ, સરદારજી ? અત્યારે તો અમારાં મણીબહેન એવી કોઈ ખાસ જગ્યા પર છે નહીં !" મેં વિષાદ સાથે કહ્યું.

'બહેનજી ! એવી એકાદ પવિત્ર સતી હોય છે તેના સતને આધારે આપણે ટક્યાં છીએ ! નહીં તો આપણાં પાપના ભારથી ક્યારના રસાતળ પહોંચી ગયાં હોત !" પેલાએ કહ્યું.

એટલે કહ્યું–મણીબહેન જીવી રહ્યાં છે સરદારના પુણ્યાંશ જેવાં !

# ૧૫. તારાબાઈ મોડક
## (બાળકોનાં કેળવણીકાર)

'ગૃહિણી ગૃહમુચ્યતે' આ તો સનાતન અને સર્વમાન્ય વાત છે. ઘરનું વાતાવરણ અને એમાં પણ ખાસ કરીને બાળકો ગૃહિણીની અસર નીચે હોય છે, અને એટલે જ બાળકો ખાતર–સમાજના અને રાષ્ટ્રના ભાવિને ખાતર બહેનોને કેળવણી આપવી, એમના વ્યક્તિવિકાસને પૂરો અવકાશ આપવો એવું વિચારકો અને સુધારકો હંમેશાં કહેતા આવ્યા છે. એમના એ મંતવ્ય પાછળ રંક બહેનો માટેની માત્ર દયા કે અનુકંપા નહીં પણ એક તર્કશુદ્ધ વિચારધારા પણ રહેલી છે. છતાં સામાન્ય રીતે બને છે તેમ લોકોને આ વિચારના ઊંડાણ કરતાં લાગણીવશ થઈ દયાભાવથી પ્રેરિત થવું એ સહજ રીતે સમજાયું, ગમ્યું અને શકય પણ બન્યું.

સધન વર્ગની બહેનોને થોડું-ઘણું શિક્ષણ ઘણા વખતથી મળતું હતું. જૂનાં રાજકુટુંબો અને સરકારી અમલદારોના ઘરની સ્ત્રીઓ રાજખટપટની વાતો પણ સારી પેઠે જાણતી. ધર્મશાસ્ત્રનાં પુસ્તકો વાંચતી. યુદ્ધકળામાં પણ પ્રવીણ થતી. અંગ્રેજી અમલ આવ્યા પછી આ બહેનોને ભરતગૂંથણ અને અંગ્રેજી ભાષા તથા રીતરસમ શિખવાડવા માટે મડમો ઘેર આવતી. સમાજસુધારણા કરવાનો કોઈ સવાલ એમની બાબતમાં એ વખતે હતો જ નહીં. સુધારકોએ મધ્યમવર્ગની સમાજરચનામાં નવો પ્રાણ પૂરવાના પ્રયાસો કર્યા. મહર્ષિ કર્વેનો મહિલાશ્રમ, શારદાસદન, સેવાસદન, વનિતાવિશ્રામ કે રામકૃષ્ણ મિશનની શાળામાં મધ્યમ વર્ગની બહેનો જવા લાગી. ધીમે ધીમે વિદ્યાર્થિનીઓની સંખ્યા સારી પેઠે વધવા લાગી. મોટાં શહેરોમાં હાઈસ્કૂલો અને કોલેજો પણ ઠેરઠેર ખૂલી ગઈ. છતાં કેળવણી પામ્યા પછી એનો ઉપયોગ કરી સમાજને ઉપયોગી થવાની વૃત્તિ કોઈ વિરલ વ્યક્તિમાં જ હોય છે અને એવી વૃત્તિ ધરાવતી વ્યક્તિઓમાં પણ મધ્યમ વર્ગ એટલે આખો સમાજ નહીં. એ દૃષ્ટિ તો આજે પણ ભાગ્યે જ હોય એવી ઉદાર દૃષ્ટિ અને ઊંડા વિચાર કરવાની શક્તિ તારાબહેન મોડક પાસે હતી.

૧૮૭૮માં શ્રી. સદાશિવ પાંડુરંગ કેળકરે શ્રી. દુર્ગાબહેન જોડે પુનર્લગ્ન કર્યાં. દુર્ગાબહેન બાળવયમાં વિધવા થયેલાં. એમના દાદાજીએ હિંમત કરી એમને નિશાળે

મોકલી થોડુંઘણું ભણાવવાનો પ્રયાસ કરેલો. લગ્ન પછી પતિના સહકારથી એમણે અભ્યાસ ચાલુ રાખ્યો. અંગ્રેજી પણ ભણ્યાં. અને પછી નર્સિંગનો કોર્સ કર્યો. સદાશિવરાવ સિદ્ધાંતવાદી હતા. એમણે પોતાની મોટા પગારની નોકરી છોડી પ્રાર્થના-સમાજમાં કામ કરવાનો નિર્ણય લીધો. ઉમાબાઈ (દુર્ગાબાઈનું એમના ઘરનું નામ ઉમાબાઈ હતું) પતિ સાથે સહમત હતાં. વખત આવ્યે પોતે એ પૈસા કમાવવાની હિંમત એમનામાં હતી. સામાજિક પરિષદોમાં એઓ વ્યાખ્યાનો આપવા પણ જતાં. એવાં તેજસ્વી અને સિદ્ધાંતવાદી માતાપિતાને ત્યાં ૧૮૯૨માં તારાબહેનનો જન્મ થયો. ધાર્મિક, સામાજિક અથવા રાજકીય ક્ષેત્રોમાં અભ્યાસ કરી જે યોગ્ય લાગે એ નિર્ણય સ્વતંત્ર બુદ્ધિથી લેવો અને એ પ્રમાણે નિર્ભયતાથી વર્તવું આ વાત તારાબહેન ગળથૂથીમાં જ પામ્યાં હતાં.

તારાબહેનને ભણાવવાં એ વિશે કોઈના પણ મનમાં જરા જેટલીયે શંકા હતી નહીં. પ્રાથમિક શિક્ષણ ઇંદોરમાં થયું. ત્યાર પછી પૂનાની ફિમેલ હાઈસ્કૂલમાં ગયાં અને મુંબઈની વિલ્સન કૉલેજમાં B. A. થયાં, ત્યારે તો મા અને બાપુ બંને ગુજરી ગયાં હતાં. મુંબઈમાં એ પોતાના ભાઈ સાથે રહેતાં હતાં. ત્યાં જ એ વખતના સી.ઈ.ઈ અને જે.પી.ના ઈલકાબ ધરાવતા એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના પ્રથમ ભારતીય પ્રિન્સિપાલ શ્રી. વામનરાવ મોડકના દીકરા કૃષ્ણાજીરાવ સાથે પરિચય થયો અને એમની સાથે એમણે સ્નેહલગ્ન કર્યાં. ૧૯૨૦માં એમની કન્યા પ્રભાવતી-નો જન્મ થયો. છતાં કમનસીબે સંસારનું ગાડું સરખું ના ચાલ્યું અને દીકરીને લઈ તારાબહેને જુદાં રહેવાનો નિર્ણય લીધો.

તારાબહેન જેવી બુદ્ધિશાળી અને તેજસ્વી સ્ત્રીને માટે પગભર થઈને રહેવું એ કાંઈ અઘરી વાત નહોતી. નોકરી માટે અરજી કરી કે તરત જ એમને રાજકોટની ફિમેલ ટ્રેનિંગ કૉલેજના પ્રિન્સિપાલની જગ્યા મળી ગઈ. ડૉ. રુકમાબાઈએ એમને એ મેળવી આપવામાં સારી એવી મદદ કરેલી. રાજકોટ ગયા પછી પહેલું કામ તારાબહેને કર્યું તે ગુજરાતી ભાષાનો અભ્યાસ. શિક્ષક રાખી પદ્ધતિસરનો અભ્યાસ કર્યો. કૉલેજમાં એમનો વિષય હતો માનસશાસ્ત્ર, જ્યારે ટ્રેનિંગ સ્કૂલનો મુખ્ય વિષય હોય શિક્ષણશાસ્ત્ર. એ શાસ્ત્રનો અભ્યાસ પણ ચાલુ કર્યો. રજાના દિવસોમાં પણ આરામ કર્યા વિના એ વડોદરા, અમદાવાદ જઈ ત્યાંની કૉલેજો જોઈ આવતાં. બે વર્ષ સુધી એમણે એ આચાર્યપદ સંભાળ્યું. એ બંને વર્ષનો પ્રત્યેક દિવસ જાણે એ જ કામ માટે એ તન મનથી જીવતાં હોય એવી રીતે જીવ રેડીને કામ કર્યું. પણ નિયતિનો લેખ કાંઈ જુદો જ હતો.

તારાબહેનની પ્રભા ત્રણ–સાડાત્રણ વર્ષની થઈ. એ તો એમનું સર્વસ્વ હતી. એના શિક્ષણ વિશે એમણે ઘણા મનોરથ સેવ્યા હતા. એટલે જ એક રજામાં એ ભાવનગર દક્ષિણામૂર્તિ જોવા ગયાં. ત્યાં ગિજુભાઈને મળ્યાં. એમના બાળ-શિક્ષણના અવનવા પ્રયોગો જોયા. ત્યાં ચાલતા વર્ગો જોયા. પ્રભાને ત્યાં જ રાખવાની ઈચ્છા થઈ. એને રાખવી એટલે પોતે પણ ત્યાં જ રહેવું એ ક્રમપ્રાપ્ત હતું. એમણે તરત જ નિર્ણય લીધો. રાજકોટની નોકરી પગારની અને પ્રતિષ્ઠાની દૃષ્ટિએ ઘણી ચડિયાતી હતી. એ છોડી અહીં ઓછા પગાર પર આવવું અને નવપ્રયોગો-ના વિદ્યાર્થી બની રહેવું એ સહેલું નહોતું. ડગલે ને પગલે અહં ઘવાય ! પણ તારાબહેન એ રીતે પહેલેથી ઘડાયેલાં હતાં, કેળવાયેલાં હતાં. બાળશિક્ષણના ક્ષેત્રમાં ઉત્તમ ગણાતી પદ્ધતિથી પ્રભાને શિક્ષણ મળે અને સાથે સાથે પોતાને માટે એક સરસ કાર્યક્ષેત્ર પણ મળી આવે જેથી આપણી શક્તિનો ઉપયોગ સમાજ માટે થઈ શકે એ ગણતરી પગારના આંકડા કરતાં અનેક ગણી મોટી હતી !

દક્ષિણામૂર્તિ સંસ્થા પહેલેથી ગાંધીજીના આદર્શોને વરેલી હતી. સાદાઈ, સ્વાવલંબન, રાષ્ટ્રીયવૃત્તિ, સ્વદેશી વિ.નું પાલન ત્યાં ચીવટથી થતું. તારાબહેન માટે આ વાતાવરણ નવું હતું. જોતાંની સાથે બધું ગળે ઊતરે એવું નહોતું. છતાં આ ક્ષેત્રમાં પોતે એક વિદ્યાર્થિની તરીકે પ્રવેશ કર્યો છે, આ ભાવના મનમાં હતી. આદર્શ વિદ્યાર્થીને શોભે એવી શિસ્ત અને નમ્રતા એમનામાં હતી. પોતે પદવીધર હોવા છતાં પદવી વિનાના ગિજુભાઈના અધિકાર માનવાની નિખાલસતા એમના સ્વભાવમાં હતી. અને આટલી નમ્રતા સાથે પણ સ્વતંત્ર વિચાર કરવાની શક્તિ પણ એટલી જ સતેજ હતી અને અભ્યાસના બહારની વાત સ્વીકારવી કે નકારવી એ નિર્ણય પૂર્ણ વિચાર કર્યા પછી જ લેવાનો એ આગ્રહ પણ રાખતાં. ખાદી અને ગાંધીજીના બીજા જીવન સિદ્ધાંતો એમણે ખૂબ વિચાર કરી, એ વિશે દલીલો કરી, વાંચી, અભ્યાસ કરી–પછી સ્વીકારી પણ એકવાર સ્વીકાર્યા પછી આજન્મ નિષ્ઠાથી એ પાળ્યા.

દક્ષિણામૂર્તિ સંસ્થાના કાર્યકર્તાઓ સિદ્ધાંતવાદી હતા. બાળકોનાં કુમળાં મન પર સારા સંસ્કાર થાય એટલા માટે પોતે પણ સાદું કષ્ટમય જીવન એ બધાં જીવતાં. (આજે પણ એ પ્રણાલિકા ત્યાં ખરી !) પૂર્વપ્રાથમિક બાળશિક્ષાનો આધાર મોટે ભાગે સાધનો પર રહે છે. એ સાધનો બાળકોના રોજના જીવનવ્યવહારમાં આવતાં હોય એવાં જ પસંદ કરવાં. બની શકે તો ત્યાં ને ત્યાં જ બનાવી લેવાં નાનપણથી બાળક સ્વાવલંબી અને સ્વમાની થાય એવા પ્રયાસો કરવા–એ બાબતોમાં તારાબહેન પહેલેથી સહમત હતાં. સાધનો સાથે બાળકો માટે એમને સમજાય એવી

ભાષામાં સાહિત્ય, વાર્તા અને કાવ્યો હોવાં પણ અગત્યનું છે. ગિજુભાઈ પોતે એવું સાહિત્ય ખૂબ સરસ લખતા. તારાબહેને પણ વાર્તાઓ અને ગીતો લખ્યાં. ઉપરાંત "શિક્ષણપત્રિકા"માં આ નવા પ્રયોગ વિશે સતત લખતાં.

કોઈ પણ એક કામમાં જીવ રેડીને એ કર્યું હોય ત્યારે એનું ક્ષેત્ર કેટલું વિશાળ અને જીવનવ્યાપી છે એ ખબર પડે. નૂતન બાળશિક્ષણમાં માત્ર પોપટિયું જ્ઞાન આપવાને બદલે જીવનલક્ષી શિક્ષણ સાથે બાળકોને સૌંદર્ય અને સૌષ્ઠવનું ભાન થાય એવી સુરુચિ નિર્માણ કરવા માટે હસ્તકૌશલ્ય અને ચિત્રકળાને વિશેષ મહત્ત્વ અપાયું. તારાબહેને પોતે એ વિષયોની તાલીમ લીધી. રમારી ભરતનો ટાંકો, કાગળની લુગદીનાં વાસણ અને રમકડાં, ઘાસ અને લાકડાની નાનીમોટી વસ્તુઓ બનાવવાનું એ પોતે શીખ્યાં. લોકજીવનમાં જે રેખાંકન કળા છે તેની સાથે સાથે જવા માટે રંગોળી પૂરતાં પણ શીખી લીધું !

૧૯૩૦ની સત્યાગ્રહની લડતમાં દક્ષિણામૂર્તિના ઘણાખરા કાર્યકર્તાઓ જેલભેગા થયા. લડત ચાલુ રહે એ જેટલું અગત્યનું, એટલું જ સંસ્થા ચાલુ રાખવી એ પણ મહત્ત્વનું એમ જાણી તારાબહેને લડતમાં ભાગ લેવાનું મન હોવા છતાં સંસ્થા ચાલુ રાખવાની જવાબદારી સ્વીકારી. પોતાની દેશદાઝ અને રાષ્ટ્રીય વૃત્તિ એમણે પોતાના કાર્યક્ષેત્રમાં ઉતારી, બાળશિક્ષણ સાથે પ્રૌઢશિક્ષણનું કામ પણ શરૂ કર્યું. એ કામ માટે ગામડાંઓમાં જઈ ઘેર ઘેર ફરવાનું થયું. ગ્રામજીવનનો સાચો પરિચય થયો. એ સાચા ભારતદર્શનથી મનમાં અવનવા વિચારો જાગ્યા.

દક્ષિણામૂર્તિમાં તારાબહેને નવ વર્ષ સુધી કામ કર્યું. પછી અમરાવતીમાં શ્રી મોડક માંદા છે અને હાલત ગંભીર છે એવા સમાચાર મળતાં મતભેદ ભૂલી જઈને બધાં કામ બાજુએ મૂકી તારાબહેન સીધાં અમરાવતી પહોંચી ગયાં. વિદર્ભમાં રહ્યાં ત્યાં સુધી ત્યાં પણ બાળકેળવણીનું ખૂબ કામ કર્યું. ત્યાર પછી મુંબઈ આવ્યાં અને દાદરમાં શિશુવિહારની સ્થાપના કરી. કોઈ સંસ્થામાં નિષ્ઠાથી કામ કરવું એ એક વાત છે અને પોતે સંસ્થા સ્થાપી એની તમામ જવાબદારી ઉઠાવવી એ જુદી વાત છે. એને માટે માત્ર પોતાના વિષયોનો અભ્યાસ અને નિખાલસ સેવાવૃત્તિ હોય એટલાથી ચાલતું નથી. એના સંચાલન માટે કાર્યકુશળતા, વ્યવહારજ્ઞાન, લોકસંગ્રહ, નાણાભંડોળ ભેગાં કરવાની આવડત, વહીવટનું જ્ઞાન, ચીવટાઈ, એ બધાં સાથે પોતાના સિદ્ધાંતો જાળવી આગેકૂચ કરવી પડે ! તારાબહેન એ કપરી કસોટીમાંથી પણ પાર ઊતર્યાં. શિશુવિહાર, સાથે અધ્યાપન શાળા–બધું સરસ રીતે

વિકસ્યું અને મહારાષ્ટ્રમાં મોટાં મોટાં શહેરોમાં બાળશિક્ષણનો પ્રસાર સારી પેઠે થયો. સેંકડોની સંખ્યામાં બાળમંદિરો ખૂલી ગયાં.

૧૯૪૨માં સ્વાતંત્ર્યનું અંતિમ આંદોલન શરૂ થયું. એ વખતે લડતમાં પ્રત્યક્ષ ભાગ લેવાની તમન્ના દરેક રાષ્ટ્રીય વૃત્તિના નાગરિકના મનમાં જાગે એમાં કશી નવાઈ નહોતી. છતાં સંયમથી રચનાત્મક કામને વળગી રહેવું એ પણ શૂરાનું કામ હતું. તારાબહેને આ વખતે જુદો જ નિર્ણય લીધો. દાદરની સંસ્થા એમના સન્નિષ્ઠ કાર્યકરોના હાથમાં સોંપી પોતે થાણા જિલ્લાના બોડીં ગામમાં જવાનું નક્કી કર્યું. મુંબઈના હિસાબમાં બોડીં એટલે ટીંબા જેવડું પણ નહીં ! છતાં ભારતમાં જે ગામડાંઓ છે ત્યાંની હાલત જોતાં બોડીં 'ગામડું' નહીં પણ 'ગામ' કહેવાય એવું ખરું. પ્રમાણમાં જાગ્રત અને સુધરેલું. ગામમાં શારદાગ્રામ જેવી શિક્ષણસંસ્થા હતી, આચાર્ય ભિસે જેવા લોકસેવકનું બેસણું હતું. ત્યાં જઈ 'ગામડામાં કામ કર્યું' એમ કહેવું કે માનવું એટલે અગિયારસને દહાડે બમણું ફરાળ કરી 'ઉપવાસ' કર્યા જેવું કહેવાય ! જ્યાં પ્રકાશનું રેખું સરખું ના પહોંચ્યું હોય, જે લોકોની ભાષા પણ પૂરી ના ઘડાઈ હોય, જ્યાં માણસો લગભગ વનચરોની માફક જીવે છે, બહારના માણસો સામે અવિશ્વાસની લાગણી ધરાવે છે એવી આદિવાસી વસ્તી વચ્ચે જઈ વસવાનું અને ત્યાં બાળશિક્ષણના પ્રયોગો કરવાનું કપરું વ્રત તારાબહેને લીધું અને એ કોસબાડ જઈને રહ્યાં. ગામમાં ઘેર ઘેર ફરી છોકરાંઓ ભેગાં કર્યાં. એમને ધોઈ–લૂછીને ચોખ્ખાં કર્યાં. એમના વાળમાં તેલ નાંખીને ઓળ્યા. કપડાં ધોઈને પહેરતાં શિખવાડ્યું. એક હારે બેસી એક સૂરે પ્રાર્થના કરવાનું શિખવાડ્યું. એમના નાની નાની હથેળી પર મીઠો કોળિયો મૂકયો. પ્રેમ અને લાગણીને પિછાણી બાળકો તો તરત જ એમને વળગ્યાં. પણ એટલાથી શું વળે ! બાળકોનાં માબાપને આ 'ઈસ્કૂલની લપ' કયાં જોઈતી હતી ! છોકરાંઓને વળી આ ટાપટીપ અને આ ટાહ્યલાં શા કામનાં ! એ ભણવા જાય તો ઘરમાં ઘોડિયું કોણ હલાવે ? ઢોર ચારવા કોણ જાય ? મોટા માણસો કાળી મજૂરી કરે ત્યારે માંડ કોળિયો ખાવા જેટલું રળે. ત્યાં ઘરનાં આવાં કામ તો છોકરાંઓને માથે જ હોય – લોકોનું આ કહેવું ખોટું પણ કયાં હતું ? તારાબહેને એ છોકરાંઓ માટે ઘોડિયાઘર સાથેની નિશાળ ચલાવી. ઘોડિયું પણ ચાલે અને એ ખેંચતાં ખેંચતાં મોટું બાળક પોતે પણ રમે. વળી રમતાં રમતાં ભણે પણ ખરું. આગળ જતાં એ જ રમત અને ભણતરમાંથી બે પૈસા રળે એવી કોઈ વસ્તુઓ પણ બને ! એમના ભણતર માટેનાં સાધનો પણ બને અને ઘોડિયામાં સૂતેલું બાળક પણ જાગીને આ રમતમાં એની મેળે જ ભળી જાય ! આ બધું સરસ ચાલ્યું. પણ

જે બાળકોને માથે ઢોર ચરાવવાનું કામ હતું તેમનું શું ? એ નિશાળે ક્યાંથી આવે ? તારાબહેન નિશાળને ગોચરમાં લઈ ગયાં ! 'પાપણા શાળા', 'કુરણશાળા' અંગણશાળા —આ એમના અવનવા પ્રયોગ હતા. બાળકેળવણીમાં એ મોટી ક્રાંતિ હતી. બાપુની બુનિયાદી તાલીમનું એ એક અનેરું પ્રાત્યક્ષિક હતું. દીનદુખિયાના ઓરડામાં લક્ષ્મીનાં પગલાં......નાના નાના હાથ કુશળતાથી રમકડાંથી રમતાં રમતાં રમકડાં બનાવવા લાગ્યા. ધૂળમાં રમતાં રમતાં જમીન ખેડીને ક્યારા કરવા લાગ્યા. ખાવા જેવી સ્વાદિષ્ટ વાનગી બનાવવા લાગ્યા. સૂતર કાંતી કપડાં બનાવતાં થયા. એમની બનાવેલી વસ્તુઓ શહેરનાં બજારો સુધી પહોંચવા લાગી.

આ તપશ્ચર્યા, આ પ્રયોગો-એકલદોકલનું આ કામ નથી એ વાત તારાબહેન બરાબર જાણતાં હતાં. એમણે એક કરતાં એક સરસ કાર્યકર્તાઓ ભેગા કર્યા હતા. પોતાના પ્રેમથી એમને કાચે તાંતણે બાંધી લીધા હતા. તાલીમ આપી કામ માટે તૈયાર કર્યા હતા. પ્રયોગ કરતી વખતે એ દરેક કાર્યકર્તાનો અભિપ્રાય લેતાં. દરેકના મતને માન આપી, સ્વીકારવા જેવી વાત સ્વીકારી, સહુને સાથે રાખી એ આગળ વધતાં. એટલે જ એમનો કોઈ કરતાં કોઈ સંકલ્પ નિષ્ફળ ના ગયો. એમની પાછળ માણસનું બળ ભરપૂર હતું. અનુતાઈ વાઘ; સરલતાઈ દેવધર, કદમ, બાપટ બધાં જાણે એમના જ ડાબા-જમણા હાથ ના હોય એવાં સહકારીઓ હતાં અને આજે તારાબહેને દેહ મૂક્યો પણ એમના સંકલ્પો આ લોકો પૂરા કરી રહ્યા છે. નામલેજી જેવાનું બૌદ્ધિક સહકાર્ય પણ જેવું તેવું ના કહેવાય. એમના સહકારથી નક્કર ભૂમિકા પર મનનાં સ્વપ્નો સાકાર થતાં ગયાં. તારાબહેને હાથમાં લીધેલું કામ ઘણું અઘરું. પોતાને આર્થિક રીતે ઠીક હતું એટલું જ. પણ બીજી બધી રીતે માથે ઝાડ ઊગવાનાં બાકી હતાં-એટલું દુઃખ હતું. તબિયતની કનડગત પણ ઓછી નહોતી. બબ્બેવાર તો લકવા સામે ઝઝૂમ્યાં. શ્રદ્ધા અને નિષ્ઠાને જોરે જ એ અડગ રહી શક્યાં હતાં. ગામડાંમાં જતાંની સાથે 'પ્રથમગ્રાસે મક્ષિકાપાત' જેવું થયું હતું. કામની પૂર્ણાહુતિ ત્યાં જ કરવી પડે છે કે શું ?–એવો પ્રસંગ ઊભો થયો હતો. ઘણી કપરી કસોટીમાંથી પસાર થવું પડ્યું. ૧૯૪૫ની એ વાત. બોર્ડીના બાળશિક્ષણ કેન્દ્રમાં શરૂઆતથી જ ૧૦૦–૧૨૫ બાળકો આવતાં હતાં. આરંભ સરસ થયો. પણ આવતાં બાળકોમાં થોડાં હરિજન બાળકો હતાં ! થોડાંક મુસલમાન બચ્ચાંઓ પણ ખરાં. માંગેલા કુંભાર અને સોમવંશી ક્ષત્રિય જ્ઞાતિનાં પણ હતાં. હરિજનમાં પણ ત્રણ બાળકો ચમારનાં હતાં. એટલે બીજા હરિજનોએ જ એ ત્રણ સામે પહેલો વાંધો ઉઠાવ્યો ! હરિજનો-

માં પણ ચમાર નીચ ખરાં ને ! પછી તો બધાં જ ઊંધાં વળ્યાં અને પછી તો નિશાળમાં પેલાં ત્રણ ચમારબાળ, ચાર મુસ્લિમ બાળકો અને બીજાં એકાદ–બે એમ સાત–આઠ જણાં જ બાકી રહ્યાં ! આટલાં બાળકો માટે નિશાળ આખી ચલાવવાનો ખર્ચ કેમ વેઠી શકાય ? અને ધારો કે ગમે તેમ કરીને એનો પણ રસ્તો કાઢયો તો પણ આ સંઘ કેટલે પહોંચશે ? આ સંજોગોમાં નિશાળ ચાલુ રહે એ અશકય જ લાગતું હતું. એમાં પાછાં તારાબહેને બે હરિજન કર્મચારી પણ લીધેલા. પ્રેમાળ, વિવેકી અને નમ્રતાની મૂર્તિ સમાં તારાબહેન સિદ્ધાંતની બાબતમાં જરા પણ નમતું આપે એવાં નહોતાં. નિશાળમાં હરિજન નોકરો જ પીવાનું પાણી ભરતા; નાસ્તો પીરસતા. સંચાલનના આ ધોરણમાં જરા પણ ફેરફાર કર્યા વગર તારાબહેન અને એમના સહકારીઓ પાછાં ઘેર ઘેર ફર્યાં. દલીલો કરી લોકોને સમજાવ્યા. શરૂ શરૂમાં લોકો પણ હઠે ચડેલા. છતાં તારાબહેન જરા પણ મચક નહીં આપે એ જોયા પછી એમનો વિરોધ ધીમે ધીમે મોળો પડવા લાગ્યો. છોકરાંઓ એક પછી એક પાછાં આવવા માંડયાં. સંખ્યા પૂર્વવત્ વધી ગઈ, એટલું જ નહીં પણ વાર્ષિક મેળાવડાને પ્રસંગે હરિજન બહેનોએ રાંધીને પીરસ્યું અને ગામલોકોએ નિરાંતે બેસી ખાધું પણ ખરું !

'બાળવાડી' બરાબર ચાલી એટલે આપણો બેડો પાર, એવું તારાબહેને કોઈ દિવસ માન્યું નહીં. એમને ત્યાં આવેલા બાળકનું આરોગ્ય, એની ટેવો, એનો આહાર, એના ઘરનું વાતાવરણ, કુટુંબની સમસ્યાઓ બધું જ એ પોતાનું સમજીને માથે લેતાં. બાળકની આંગળી પકડી આખું ઘર જ તારાબહેનની બાળવાડીમાં આવી જતું ! ગામ આખામાં એમની બાળવાડી આમ જ વિસ્તાર પામતી.

આઝાદી મળ્યા પછી તારાબહેન પાંચ વર્ષ સુધી વિધાનસભાનાં સભ્ય હતાં એ ગાળામાં બહેનોને લગતા કાયદા, કેળવણી અંગેની નીતિ અને કાયદા વિ. અંગે વિધાનસભા દ્વારા થઈ શકે એટલું એમણે કર્યું. શિક્ષણખાતામાં ઘણી જવાબદારીભરી જગ્યાઓ પર રહી કામ કર્યું. ગિજુભાઈના સ્વર્ગવાસ પછી ભાવનગરની સંસ્થાની જવાબદારી પણ માથે હતી. પરદેશમાં પણ જઈ આવેલાં. દુનિયાભરમાં ચાલતા શિક્ષણના અવનવા પ્રયોગો જોઈ પોતાના કામમાં સુધારાવધારા કરવા જેટલી નિખાલસતા એમના સ્વભાવમાં પહેલેથી જ હતી. રાષ્ટ્રપતિએ એમની સેવાઓની કદર કરી એમને 'પદ્મભૂષણનો' ઈલકાબ પણ આપેલો.

પોતે શરૂ કરેલી બધી જ પ્રવૃત્તિઓને સારી પેઠે ચાલતી–વિકસતી જોવાનું ભાગ્ય તારાબહેનને સાંપડયું. સંસારનું સૌભાગ્ય સુખ, દીકરીનું સુખ ભલે એમને ના

મળ્યું. પણ બીજાં સેંકડો સંતાનોનો પ્રેમ અને એમનાં માબાપોના અંતરના આશીર્વાદ મળ્યાં!

છેલ્લે કેન્સર જેવા અસાધ્ય અને યાતનામય વ્યાધિએ એમનો ભોગ લીધો. છતાં છેલ્લી ક્ષણ સુધી એ કોસબાડમાં ચાલુ થતા નવા છાપખાનાની યોજના કરતાં રહ્યાં. હસતે મોંએ સહકારીઓ અને મિત્રોને આવકારતાં રહ્યાં. જીવતરનું ઝેર એમણે ક્યારનું પચાવી દીધું હતું. જે દીકરી કાજે એઓ રાજકોટની નોકરી છોડી ભાવનગર ગયાં એ દીકરી નબળી-દૂબળી થઈ થોડાંક વર્ષ જીવી ભગવાનને ઘેર ચાલી ગઈ. ઘરસંસાર તો ક્યારનો ઉજ્જડ થઈ ગયો હતો. પણ દીવાની જ્યોતિ જાતને બાળી જગતને ઉજાળે—હૂંફ આપે, એ જ્યોતિની જ્ઞાતિમાં તારાબહેન જન્મેલાં! હજારો બાળકોનાં એ મા અને દાદી થયાં. હજારો ઘર એમને લીધે સુખી થયાં!

# ૧૬. મૃદુલાબહેન સારાભાઈ

ઉત્તમ રાજ્યનો આદર્શ એટલે 'રામરાજ્ય', એ ભારતમાં એક સર્વમાન્ય વાત છે. એ મર્યાદાપુરુષોત્તમ રામપ્રભુના રાજ્યમાં ભલે પ્રજાને જે મળ્યું હોય તે – પણ હકીકતમાં નિષ્કલંક એવી જાનકીને જે અપમાન, દુઃખ અને વિટંબણા સહન કરવાં પડયાં એને સાક્ષાત્ પ્રભુ પણ રોકી ના શક્યા ! એ ભૂમિની કન્યા અસામાન્ય હિંમતવાળી હતી અને એને આશરો આપનારી એની મા પણ સમર્થ હતી. પણ ધરિત્રી જેવી મા બધાંને ઓછી મળે છે ! એ નથી મળતી છતાં ભાગ્યમાં સીતાદેવી જેવું દુઃખ લખાવી આવી હોય એવી અભાગિનીઓ પાસેથી સીતાજી જેવા સતીત્વની અપેક્ષા માત્ર સમાજ કર્યા કરે છે. પણ સામાન્ય સ્ત્રી પાસે એવા ગુણ કયાંથી હોય ! એ ડરે–હારે–રડે–પડયું પાનું નભાવી લેવા નમતું આપે–એને આશરો કોણ આપે ? પ્રેમ કે સ્નેહ એને માટે હોય ખરા ? –એવી એ ત્રસ્ત નારીઓને પ્રેમથી અપનાવી એમના પુનર્વસન માટે કાળી મહેનત કરી છે મૃદુલાબહેને !

૧૯૪૭માં સ્વાતંત્ર્ય મળ્યું અને એ જ ક્ષણે ભારતના ભાગલા પડયા. એ વખતે બહેનો ઉપર કાળ પણ કલ્પી ના શકે એવા અત્યાચાર થયા. હજારોનાં ખોરડાં ધૂળભેગાં થયાં. જીવતર બળતી હૈયાસગડી જેવાં થઈ ગયાં. એ ઉધ્વસ્ત ભારતમાં એકાકી મહાત્માજી ખુલ્લે પગે અને વ્યથિત મને ભમી રહ્યા હતા. બળતા જીવોને શાતા આપવા એમણે પોતાની જીવનસાધના હોડમાં મૂકી હતી. એમને પગલે પગલે મૃદુલાબહેન પણ જઈ રહ્યાં હતાં. જ્યાં એ વૃદ્ધ ચરણ થાકી જાય, પહોંચી ના શકે ત્યાં એ દોડી જતાં હતાં. એમની પાસે સ્ત્રીના કોમળ હાથ

હતા, સિંહ જેવું નિર્ભય ઉમદાપણું હતું અને વજ્રને નમાવે એવો નિશ્ચય પણ સ્વભાવમાં હતો.

અમદાવાદની કેલિકો મિલના માલિક અંબાલાલ સારાભાઈનાં એ સૌથી મોટાં દીકરી. એમનાં મા સરલાદેવી કસ્તૂરબા ટ્રસ્ટનાં ટ્રસ્ટી. ફોઈ અનસૂયાબહેન ભારતીય મજદૂરોનું નેતૃત્વ કરવાવાળાં. અણુશક્તિ કેન્દ્રના વિક્રમભાઈ એમના નાના ભાઈ.

સારાભાઈ કુટુંબમાં વ્યક્તિવિકાસ માટે દરેક જણને સ્વાતંત્ર્ય મળતું, તક પણ મળતી. કુટુંબમાં છોકરાઓ માટે શક્ય એ બધાં જ સાધનો એમને ત્યાં ઉપલબ્ધ હતાં. એ આખા પરિવાર પર બાપુનો પ્રભાવ હતો. બાળવયમાં લાલ, બાલ અને પાલ એ રાષ્ટ્રીય ત્રિમૂર્તિનો આદર્શ સામે રાખતાં મૃદુલાબહેનને બાપુ મળ્યા એટલે ખાદી પણ મળી. અને 'માત્ર સારા વિચાર કરવાથી કાંઈ સરતું નથી. હાથે કામ પણ કરવું પડે' એ બાપુનું ટોકવું પણ ખરું જ !

મૃદુલાબહેન સેવાદલમાં જવા લાગ્યાં. ત્યાં શિસ્તના પાઠ લીધા. વાનરસેનામાં સંગઠન અને શિસ્ત ઉત્સાહને સાથે કદમ મિલાવીને ચાલે એ ચાલ મૃદુલાબહેને અપનાવી. રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લેવો એ તો ખરું જ. પણ સ્થાયી રચનાત્મક કામ પણ કરવું જોઈએ એવું એમને લાગતું. પોતાના રાજમહેલ જેવા ઘરમાંથી બહાર નીકળી સમાજમાં કામ કરવા ગયાં ત્યારે એમણે બહેનોની દશા જોઈ હતી. ઘેર ઘેર મૂંગે મોંએ રિબાતી બહેનોને એક હકનું આશ્રયસ્થાન હોવું જોઈએ. એમને મહેનત કરી, રળી, સ્વાશ્રયી થઈ સ્વમાન સાથે જીવવાનો હક મેળવી આપવો જોઈએ. એ માટે એક સરસ સંસ્થા અને કાયદાનો આધાર બંનેની આવશ્યકતા ખરી. એ દૃષ્ટિએ મૃદુલાબહેને ૧૯૩૪માં જ્યોતિસંઘની સ્થાપના કરી. જ્યાં કોઈ પણ સ્ત્રી, પછી એ ગમે એ કોમ વા ધર્મની હોય, વિધવા હોય યા કુંવારી હોય, પરિત્યક્તા હોય કે અપહૃતા હોય, પરણેલી હોવા છતાં કોઈ કારણસર સ્વાશ્રયી થવા માંગતી હોય - બધાંને જ જ્યોતસંઘનાં બારણાં ખુલ્લાં છે. એમને કાનૂની સલાહથી માંડી અર્થાર્જન માટે કામ અને જરૂર પડે તો રહેવાનું સ્થાન પણ ત્યાં મળે છે. એમને સામાજિક ન્યાય મેળવી આપવા માટે સંસ્થાની કાર્યકર્તા બહેનો જાતે પહોંચી જાય છે. અમદાવાદ અને આજુબાજુનાં ગામોમાં અનિષ્ટ તત્ત્વો દૂર કરતી આ સંસ્થાની સારી એવી ધાક છે !

બહેનો માટેના આ કામની જેમ જ હિંદુ–મુસ્લિમ એકતા અને અસ્પૃશ્યતા નિવારણ સમાજ માટેનાં અત્યાવશ્યક કામ છે એવું મૃદુલાબહેન માનતાં અને એ ક્ષેત્રોમાં પણ પોતે અવિરત કાર્ય કરતાં.

ધનવાન કુટુંબમાં જન્મેલાં મૃદુલાબહેને નાનપણથી જ પોતાનું કર્તૃત્વ બતાવી સારી એવી નામના મેળવી હતી. શિસ્તની બાબતમાં આ ખૂબ કડક હતાં. છતાં એમના જાજરમાન, ગૌરવશાળી વ્યક્તિત્વમાં પ્રેમ અને વાત્સલ્યની કૂણી ભાવના, ગુપ્ત સરસ્વતીની માફક સંતાયેલી હતી, જે સાધારણ પરિચયમાં ખાસ પરખાતી નહીં. લોકો એમને 'પઠાણ'ના હુલામણા નામથી ઓળખતા અને પઠાણી લેબાસમાં એ લાગતાં પણ રૂપાળાં—પઠાણ બચ્ચા જેવાં જ ! પણ એમના મનમાં પ્રેમનું એક અખૂટ ઝરણું ઊંડેથી સતત વહેતું રહ્યું હતું.

૧૯૪૨–૪૩માં એઓ હિંડલગા જેલ (કર્ણાટક–બેળગામ)માં સ્થાનબદ્ધ હતાં ત્યારની વાત છે. એમના ભાઈ – સુહૃદભાઈ તે વખતે ખૂબ માંદા થયા હતા. રોજ ને રોજ તારથી એમની તબિયતના સમાચાર આવતા. આ જ અરસામાં જેલમાં એક બહેનને બાબો આવ્યો. જેલજીવનમાં એક નાનકડા બાળકનું આવવું એ બધાંને મન એક ખૂબ જ મોટી અને આનંદની ઘટના હતી. એના જન્મનાં એંધાણ મળ્યાં ત્યારથી બધાં તૈયારીમાં પડેલાં ! બાળક બાર દિવસનું થયા પછી એનું નામ પાડવાનું બધાંએ નક્કી કર્યું. જેલની બધી જ સત્યાગ્રહી અને ગુનેગાર બહેનો મળી એ પ્રસંગે ઉજાણી કરવાની હતી. જેલનું "અ" અને "બા" વર્ગનું ભોજન ભેગું કરી પીરસવું અને મેવામીઠાઈ મૃદુલાબહેન મંગાવી આપે એવી ગોઠવણ થઈ હતી. મૃદુલાબહેન જ્યાં જેલમાં હોય એ ગામમાં એમના રસાલાનું એક ઘર પણ મંડાતું. એમાં એક મહેતાજી, મહારાજ, ધોબી વિ. રહેતાં અને ત્યાંથી આવતું શાહી ભોજન મૃદુલાબહેન માંદી બહેનોને ખવડાવી પોતે જેલનું ભાથું જ ખાતાં !

નામ પાડવાનું હતું તે દિવસે બપોરને બદલે સવારના પહોરમાં જ તાર આવ્યો. એ વાંચી મૃદુલાબહેને ખિસ્સામાં મૂકી દીધો. તાર લાવનાર વૉર્ડર બહેને એમને પૂછ્યું, 'બહારથી પુછાવ્યું છે,' સાંજે...'નક્કી થયું છે તેમ જ બધું લાવવાનું.' મૃદુલાબહેને તરત જ જવાબ આપ્યો. કોઈના મનમાં શંકા સરખી આવી નહીં. સાંજે મીઠાઈના ડબ્બા ભરી ભરીને આવ્યા. બધું સરસ રીતે થઈ ગયું. મૃદુલાબહેન પોતે પણ એ ઉજાણીમાં સહભાગી થયાં ! રાત્રે બધાં જંપી ગયા પછી બાંધી રાખેલા મનના બંધ છૂટી ગયા. સવારે સુહૃદભાઈ ગુજરી ગયાનો તાર આવેલો ! પણ કારાવાસના જીવનમાં પાંચપચાસ બહેનોને એક આનંદની ક્ષણ સાંપડી હતી. એક કોડભરી માના પ્રથમ સંતાનનું નામ પાડવાનો એ અનેરો પ્રસંગ હતો. એ ક્ષણને સાચવી લેવા એ પોતાનું દુઃખ ગળી ગયાં ! એ ને એ દિવસે પોતાને ત્યાંથી મીઠાઈ

મંગાવી એટલું જ નહીં પણ કોઈને ખબર ના પડે એટલે પોતે ભાણે પણ બેઠાં ! કેવી ખાનદાની !

એ જ જેલમાં થોડા દિવસ રહી રોગચાળો ફાટી નીકળ્યો. જોતજોતાંમાં એકાદ ઊલટી થાય, બે-ત્રણ ઝાડા થાય અને દરદી પૂરો થાય ! બે ત્રણ દિવસમાં બહેનોમાંથી ત્રીસ--ચાળીસ મરી ગયાં અને પચાસ ઉપર હૉસ્પિટલ ભેગાં થયાં. એવા ચેપી રોગના દરદીઓની સારવાર કોણ કરે ? જેલના કર્મચારીઓ આનાકાની કરવા લાગ્યા ત્યારે એક ક્ષણમાત્ર વિચારમાં વિતાવ્યા વગર મણીબહેન પટેલ (સરદારશ્રીનાં દીકરી) અને મૃદુલાબહેને એ કામ માથે લીધું. કોઈ પણ બહેન-- પછી એ સત્યાગ્રહી હોય કે ગુનેગાર --એને હૉસ્પિટલમાં મોકલવી હોય કે છેલ્લી વિદાય આપવાની હોય, આ બંને એને નવડાવી–ધોવડાવી ચોખ્ખાં કપડાં પહેરાવી પછી જ વિદાય આપતાં. નીચલા વર્ગના કેદીઓ પાસે એક જ જોડી કપડાં અને તે પણ જેલનાં જ હોય છે. એટલે રાજબંદીઓનાં પણ વધારાનાં કપડાં કામ આવી ગયેલાં--અને ત્યાં જ જન્મટીપ થયેલી એક ગુનેગાર બહેન મરણ પામી. એને નવડાવી તો ખરી પણ પહેરાવે શું ? એનાં કપડાં તો ખરાબ થઈ ગયાં હતાં. બીજા કોઈ પાસે ત્રીજું લૂગડું બાકી રહ્યું નહોતું. ત્યાં મૃદુલાબહેને પોતે પહેરેલું લૂગડું છોડી એને પહેરાવી દીધું ! સાંજે ઘેરથી બીજું લૂગડું આવ્યું ! કેવું ઉદાર મન !

હિંડલગાથી પાછાં એમને યેરવડા લઈ ગયા ત્યારે બેળગામના લોકોએ મણીબહેન અને મૃદુલાબહેનને પગલે પગલે ગુલાબ પાથરી ભીની આંખે એમને વિદાય આપી હતી !

આઝાદી મળ્યા પછી ભારતની પૂર્વ–પશ્ચિમ સીમા પર લોહી અને આંસુઓની નદીઓ વહેતી જ રહી ! તૂટી પડતું આભ ટેકો દઈ ટકાવી રાખવા કેટલાક પુણ્યાત્માઓ મહાભારત પ્રયત્ન કરી રહ્યા હતા. એમાં મૃદુલાબહેન પણ હતાં. અપહૃત બહેનોના પુનર્વસવાટનું કામ તો દિનરાત ચાલી જ રહ્યું હતું. પણ કામમાં સ્ત્રી-પુરુષ ભેદ નહોતો. જગદંબાનું વાત્સલ્ય એમના મોટા મનમાં વસ્યું હતું. તે જગત આખાને પાંખમાં લેવા સમર્થ હતું. સાથે સાથે અસંખ્ય વીરોને ભાંગીને ઘડયું હોય એવું વજ્જરનું નિર્ભય હૈયું પણ ભગવાને આપ્યું હતું.

વાયવ્ય સરહદના પઠાણો—બાદશાહખાનના બહાદુર જવાનો--આઝાદીના જંગમાં એ કોમે કદાચ સૌથી વધારે કુરબાની કરી હતી. પઠાણમાં પણ હિંદુ અને મુસ્લિમ બંને કોમ હોય છે. માદરે વતનના પ્યારથી ભાગલા પડ્યા પછી પણ

એઓ પાકિસ્તાનમાં જ રોકાયાં હતાં, પણ ૧૯૪૮માં કંટાળી જઈ એમણે એ નિર્ણય બદલ્યો અને જાન્યુઆરી માસમાં ૧૫૦૦ માણસોની એક રેલગાડી બન્નુથી લાહોર જવા નીકળી. ટ્રેન સાથે ભારતીય લશ્કરના સાઠ જવાનો હતા. પણ ડ્રાઇવર અને ગાર્ડ પાકિસ્તાનના હતા. ગાડી લાહોર પહોંચે પછીની વ્યવસ્થા ભારતીય રાજદૂતે કરવી એમ નક્કી થયું હતું.

એ પ્રમાણે લાહોરમાં ભારતીય દૂતનિવાસમાં ટ્રેનની રાહ જોવાતી હતી. પણ અડધી રાતે શું સંતલસ થઈ હશે તે ટ્રેન લાહોર જવાને બદલે પાટા બદલી 'ગુજરાત' નામનું એક સ્ટેશન છે એ તરફ વળી ગઈ. ત્યાં ગાડી લૂંટવાની તૈયારી પહેલેથી હતી જ. બંદૂકધારી માણસો એ ગાડી પર તૂટી પડ્યા. સંરક્ષક જવાનોએ એમનો મુકાબલો સારી પેઠે કર્યો. સાઠમાંથી અઠ્ઠાવન મરી ગયા અને બે ઘાયલ થઈ બેભાન થયા ત્યાં સુધી ગાડીમાં બેઠેલા એક નાગરિકનો એમણે વાળ વાંકો ન થવા દીધો. પણ આખરે એ કમનસીબ લોકો હત્યારાઓના હાથમાં પડ્યા. મરદ હોય એટલા કાપી નાંખવા, નાણાં–ઘરેણાંનાં પોટલાં બાંધવાં અને બહેનો સાથે ભગાડી જવા એ ક્રમ હવે રોજનો થઈ પડ્યો હતો!

વહેલી સવારે ગુજરાતની વાત ભારતીય દૂતાવાસમાં જરાતરા આવી પહોંચી. પણ કરે શું? ગુજરાત તરફ ભારતીયોને જવાનો પ્રતિબંધ હતો! બધાં સમસમીને બેસી રહ્યાં. એ રાત્રે જ મોડેથી મૃદુલાબહેન દિલ્હીથી ત્યાં જઈ પહોંચેલાં. એમને આ વાતની ખબર પડી કે તરત જ એમણે ભારતીય રાજદૂત શ્રીપ્રકાશજીને ફોન કર્યો અને તરત જ તપાસ કરવા કહ્યું. પણ એ વડીલે એમને જરા ધીરજ ધરવાની ગંભીર સલાહ આપી! કટોકટીને સમયે વ્યવહારુ ડહાપણ કામ નથી આવતું. એક ક્ષણ પણ મોડું કરવું પોસાય એમ નહોતું. મૃદુલાબહેન જીપ દોડાવી સીમા ૫ ની છાવણીમાં અડધી રાતે પહોંચી ગયાં. ત્યાં સારવારની તૈયારી રાખવાનું જણાવી એ સીધાં હંકારી ગયાં પાકિસ્તાની આઈ.જી.પી.ને બંગલે. આઈ.જી.પી. ખાન કુરબાનઅલી પોતે બહુ સજ્જન હતા. મૃદુલાબહેન માટે એમને ખૂબ માન હતું. એમણે વહેલામાં વહેલી તકે તપાસ કરી ઘટતું કરવાનું આશ્વાસન આપ્યું. પણ મૃદુલાબહેનને સંતોષ ન થયો. એમને પોતાને ગુજરાત સ્ટેશન પર જવાની રજા અને તે પણ તે ક્ષણે જ જોઈતી હતી. ખાનસાહેબે બે પાક પોલીસ અફસરો સાથે આપી એમને ત્યાં જવાની રજા આપી. અંધારી રાતે, એવા એ

ભયાનક દિવસોમાં પાક પોલીસોને સાથે લઈ બહેન એકલાં દોઢસો માઈલ દૂર જવા નિ:શંક મને નીકળી ગયાં! ભારતીય દૂત નિવાસમાં આ ખબર પડી ત્યારથી બધાંનો જીવ તાળવે ચોંટી ગયેલો!

બીજે દિવસે સાંજે પાક પોલીસ કચેરીમાંથી ભારતીય દૂત નિવાસમાં ફોન આવ્યો—બચેલા ઘાયલોને લઈ મૃદુલાબહેન રાત્રે દસ વાગ્યા સુધી છાવણીમાં પહોંચી જશે. છાવણીમાં જગ્યાની ખોટ નહોતી પણ સાધન હતાં નહીં અને મેળવવાની શકયતા પણ નહીં જેવી જ! રાતદિન લૂંટફાટ જ ચાલતી હોય ત્યાં વ્યવસ્થા શી રીતે કરાય? ગુજરાત સ્ટેશન પર કાળની વિકરાળ દાઢોમાંથી ફરતાં ફરતાં પણ મૃદુલાબહેનને છાવણીમાં શું છે એનો ખ્યાલ બરાબર હતો. એ દોડધામ વચ્ચે પણ વાયરલેસની મદદ લઈ એમણે ભારતીય લશ્કર સાથે સંપર્ક સાધી મદદ મોકલી આપવા કયારનું કહી દીધું હતું.

મડદાંના ઢગલાઓમાંથી ઘાયલ થઈને કણસતા જીવોને શોધી શોધી એમની પ્રાથમિક સારવાર કરી, એમાંનાં નાનાં નાનાં છોકરાંઓને છાનાં રાખી, દૂધ પાઈને ગાડીમાં ચડાવી લાહોર ભણી મોકલ્યા પછી બધા મૃતદેહોને અગ્નિદાહ આપી રાત્રે અગિયાર વાગ્યા પછી મૃદુલાબહેન લાહોર પહોંચ્યાં! ઘાયલોને છાવણી ભેગા કરી તરત જ વિમાન પકડી દિલ્હી ગયાં અને બીજે દિવસે બપોર પહેલાં દવાઓ, ગાદલાં, ગોદડાં, ડાકટરો, પરિચારિકા—બધી જ મદદ લઈ લાહોર આવી પહોંચ્યાં. ત્યાંનું કામ થાળે પડયું ત્યારે કોઈને યાદ આવ્યાં મૃદુલાબહેન! એ કયાં છે? કાંઈ ખાધું? ઘડીક આરામ કર્યો? એમને વળી આરામ હોય! સાંજે ભારતીય દૂત નિવાસમાં દિલ્હીથી એમનો ફોન આવ્યો, "પાકિસ્તાન જવા ઈચ્છતા મુસ્લિમોની બે ટ્રેનો અહીંથી અમૃતસર જવા નીકળી ગઈ છે, પણ લોકો ગુજરાતનો બદલો અમૃતસરમાં લેવા માગે છે. તો તરત ત્યાં માણસો મોકલી આપો અને કતલ અટકાવો."

ભારતીય દૂતાવાસના અધિકારી અને છાવણીની સેવિકાઓ સમયસર ત્યાં પહોંચી ગયાં. મૃદુલાબહેને આપેલા સમાચાર સાચા જ હતા. રોષે ભરાયેલા લોકોને જેમતેમ વારી સેવિકાઓ ડેપ્યુટી કમિશનરને ત્યાં પહોંચી ગઈ. એમને માથું મારવાનું ખાસ મન ન હોય એવું લાગ્યું પણ મૃદુલાબહેનનું નામ દેતાંની સાથે એ સાબદા થયા. એ દિવસોમાં દિલ્હીથી પંજાબ સુધી એમના નામની હાક વાગતી. બધાંની મદદથી એ દિવસે હજારોની કતલ થવાની હતી તે થતાં રહી ગઈ.

એવાં એ કરારી નિર્ભય બહેન. પોતે પોતાની સ્વતંત્ર બુદ્ધિથી વિચાર કરી નિર્ણય લેતાં—અને લીધેલો નિર્ણય કોઈ પણ હિસાબે પૂરો કરતાં ત્યારે જ જંપતાં—આ માર્ગ ભવ્ય ભલે હોય, સહેલો તો નથી જ. અને એક બહેન માટે તો કેટલાંયે કાંટાઝાંખરાંથી ભરેલો છે !

સ્વતંત્ર ભારતની કાશ્મીરનીતિ અંગે મતભેદ થવાથી મૃદુલાબહેન ભારતીય સરકારની નજરકેદમાં વર્ષો સુધી રહ્યાં ! આખરે એમની નીતિ જ સરકારે સ્વીકારી, પણ એ યશ જોવા બહેન દુનિયામાં નહોતાં.

કાંટાળો તાજ માથે ધરનારી અનેરી જમાતનાં એમના જેવાંને મન યશની કલગીનું શું હોય !

# ૧૭. રમાદેવી ચૌધરી

જગતમાં કેટલીક વાર માની ન શકાય એવા ચમત્કાર થાય છે. એકાદ પરિવારના બધા જ સભ્યો બબ્બે ત્રણત્રણ પેઢીઓ સુધી અલૌકિક ગુણવાળા અને ચારિત્ર્યસંપન્ન હોય એ પણ એક એવો જ દૈવી ચમત્કાર લાગે! આ યોગ બહુ વિરલ છે. આ જમાનામાં આપણને જો કોઈ કહે કે એક બહોળા પરિવારના તમામ સભ્યો છેલ્લાં ૭૫ વર્ષથી મૂંગી સેવાનું વ્રત લઈને બેઠા છે તો કોણ માને? કરેલી સેવાના બદલામાં સામેથી સત્તાનો મેવો મળતો હોય તો પણ મોં ફેરવી લઈ પોતાના વ્રતને વળગી રહે એવા તપસ્વી આ વીસમી સદીમાં પણ હોય ખરા? ભારત એ બાબતમાં ભાગ્યશાળી છે. ભારતને ખોળે એવો એક પરિવાર તો છે જ.

ઓરિસા પ્રાંતમાં વીસમી સદીના પ્રારંભમાં મધુસૂદનદાસ નામના એક સજ્જન ગરીબો વચ્ચે ભળી જઈ એમને કહ્યા કરતા કે દાનધર્મ પર જીવવાનું છોડી દો. હાથે મહેનત કરીને રળો. તો જ ગરીબી દૂર થશે અને તમે પણ માણસમાં આવશો. પોતાને ભાગે નાનું કે મોટું જે કામ આવે તે મન દઈને કરવું. આ જ સૌથી મોટો ધર્મ છે એવું એમનું માનવું હતું. તે ઘરના અને બહારના છોકરાઓને ભણાવતા ત્યારે અક્ષરજ્ઞાન સાથે હસ્તવ્યવસાય પણ શિખવાડતાં. વહેલામાં વહેલી તકે સ્વાશ્રયી થવાનું એમને કહેતા.

ગાંધીજી દ. આફ્રિકાથી ભારત પાછા ફર્યા ત્યારે એમના ગુરુ શ્રી. ગોખલેજીની એમને આણ હતી કે ભારતમાં ફરી ભારતના લોકોને, લોકજીવન પિછાણ્યા વગર રાજકારણ કે સમાજકારણની નકામી વાતો કરવી નહીં. ગુરુની આજ્ઞા માની ગાંધીજી ભારતમાં બધી જગ્યાએ ફરી આવેલા પણ ખરા. લોકોનાં દારિદ્ર્ય—દુઃખ જોઈ આ કેમ દૂર થાય આ પ્રશ્ન એમને રાતદિવસ મૂંઝવતો હતો. ત્યાં ઓરિસા ગયા ત્યારે મધુસૂદનજીનો કર્મયોગ જોઈ એમને પોતાના કાર્યની સાચી દિશા જડી. 'ગ્રામોદ્યોગ, મૂલોદ્યોગ અને તાલીમી શિક્ષણની નવી રીત હું મધુસૂદનજી પાસેથી શીખ્યો' એમ બાપુ હંમેશાં કહેતા.

દાસ કુટુંબ વસ્તારી હતું. ત્યાં દરેકને થોડુંઘણું કામ માથે લઈને કરવું જ પડે એવી શિસ્ત હતી. રમાદેવી મધુસૂદનદાસનાં ભત્રીજી તે વખતના પ્રસિદ્ધ વિપ્લવવાદી ખુદીરામ બોઝને ફાંસીની સજા થઈ ત્યારે લોકો બહુ જ ક્ષુબ્ધ થયાં હતાં.

જુલમી અને પારકી સત્તાને ફગાવી દેવા માટે કાંઈક કરવા માટે હજારો-લાખો લોકો તલસી રહ્યા હતા. લોકમાન્ય ટિળકે એ વખતે રાષ્ટ્ર સામે ચાર કાર્યક્રમ મૂક્યા. એ ચતુઃસૂત્રી દેશને ખૂણે ખૂણે જઈ પહોંચી. એ ચાર સૂત્રોમાંનું સ્વદેશીનું વ્રત ખાસ કરી બહેનોએ સ્વીકાર્યું. ગાંધીજીએ પરદેશીના બહિષ્કારની મર્યાદા તોડી ખાદીના નિર્માણનું રચનાત્મક પગલું સ્વદેશીના મહામાર્ગ પર મૂક્યું ગાંધીજીના સંપર્કમાં જે કોઈ આવતા તે એમના જ થઈ જતા અને એમના જેવા જ ભેખધારી થતા! એવા એક ત્યાગવીર શ્રી. ગોપબંધુ ચૌધરી સાથે રમાદેવીનાં લગ્ન થયાં. ત્યાગમાં સેવા ભળી. સોનાને સુગંધ મળી! આસમાની લીલીછમ ધરતીની ભલી ભોળી, દીન દરિદ્રી રાંકડી પ્રજા પાસે આ દંપતી નવયુગનો પ્રકાશ લઈ જઈ પહોંચ્યાં. સમાજપુરુષ જાગવા લાગ્યો.

૧૯૩૦ની લડતમાં, ૧૮૫૭ના વિપ્લવ પછી પહેલીવાર ભારતીય પ્રજા આપસ-આપસના ભેદભાવ ભૂલી જઈ એક થઈ લડી. યુવાનો પોતાના ભાવિનો વિચાર કર્યા વગર દેશદાઝથી આગળ આવ્યા. બહેનોએ પોતાની ભીરુતા, સુખાસીનતા, કપડાંલત્તાંનો ને દાગીનાનો શોખ બાજુએ મૂક્યો. ઘરબાર-સંસાર બધું ભૂલી હજારોની સંખ્યામાં બહેનો પણ લડતમાં સહભાગી થઈ. ભારતીય નારીનું જગદંબા સ્વરૂપ પ્રગટયું. ઓરિસાની પણ ઘણી બહેનો સત્યાગ્રહ કરી જેલમાં ગઈ હતી. પણ ત્યાંથી છૂટચા પછી એમને માન આપવાનું તો ઠીક પણ બારણાં ખોલી એમને ઘરમાં લેવા પણ કોઈ તૈયાર ન થાય એવી વિપદ આવી પડી! સાસરું અને પિયર બંનેએ ત્યજેલી એ બહેનો માટે રમાદેવી અને એમનાં દેરાણી માલતીદેવીએ પોતાના ઘરનું બારણું ખોલ્યું. જેટલાં આવે એટલાં એ ઘરમાં સમાવવાની શક્તિ ચૌધરી કુટુંબમાં હતી.

ઘણી બહેનો ઘરમાં ભેગી થઈ. એમને આવકાર આપ્યો, આશરો આપ્યો. પણ એમનામાં જાગેલી શક્તિની જ્યોત ઝાંખી ન પડે એવી તકેદારી પણ આ લોકોએ રાખી. દરેકના ગુણ પારખી એને એ કામે લગાડ્યા કરતાં. સત્યવતી નામની એક બહેન આમ જ ત્યાં ગયેલી. પણ પછી વિચાર કરી એણે નિર્ણય લીધો કે આપણે સાસરિયાના ગામમાં જ રહેવું. ઘર અને ગામના લોકો પજવે તો ભલે. આપણે આપણા ગુણ વડે જીતી લેવા. નિશ્ચય સત્યવતીનો, અને મદદ રમાદેવીની. એ બહાદુર છોડીએ ગામની સીમા પર ઝૂંપડી બાંધી. ત્યાં એકલી રહી. ઉપેક્ષા–અપમાન બધું સહી ગામની સેવા કરી અને આખરે પોતાનો બોલ સાચો કર્યો. ગામે એને સ્વીકારી. ઘરમાં એને માનભેર બોલાવી.

લક્ષ્મી એક બ્રાહ્મણ કુટુંબની દીકરી. એણે હરિજન-સેવાનું કામ સ્વીકાર્યું. આજન્મ એ કરતી રહી. ત્યારે હરિપ્રિયા નામની છોકરીએ નશાબંધીને માટે જિંદગી ભર કામ કર્યું. નશો કાંઈ માત્ર દારૂનો જ નથી હોતો. ગાંજા, અફીણ, ચરસ એવી માદક વસ્તુઓની દાણચોરી પણ પૂર્વ તરફથી ઘણી થાય છે. દાણચોરોની ટોળીઓ કેટલી ઘાતક હોઈ શકે એ આજે આપણે બધાં જાણીએ છીએ. પણ આ હરિપ્રિયા ૩૦ – ૩૨ની સાલથી હિંમતથી એમની વચ્ચે કામ કરે–રમાદેવીનાં પ્રેરણા અને સાથ પણ ખરાં જ !

૧૯૩૪ પછી ગાંધીજીએ કોંગ્રેસ છોડી, રચનાત્મક કામ અને હરિજન સેવાનું કામ કરવાનું નક્કી કર્યું. ચૌધરી બંધુ અને એમની ગૃહિણીઓ, દીકરી અન્નપૂર્ણા, દીકરો મનમોહન, જમાઈ અને દીકરાની વહુ બધાં જ એ કામમાં. એ જ્યાં જાય ત્યાં એક આશ્રમ ખડો થાય ! કેટલાય વાવંટોળ આવ્યા ને ગયા. એમના આશ્રમ પર ધાડો પડી. આશ્રમ જપ્ત થયા. સરકારે રોષથી ઓરડાં પણ ધૂળ ભેગાં કર્યાં. બધાં વર્ષો સુધી કારાવાસ ભોગવીને આવ્યાં. કષ્ટ, દરિદ્રતા બધું આવ્યું અને ગયું. પણ પરિસ્થિતિ સામે એ નમ્યાં નહીં. જેટલી વાર લૂંટાયાં એટલી વાર પાછા ચાર થાંભલા ઠોકી ઊભાં રહ્યાં. સરકાર થાકી. એ ન થાક્યાં !

કુદરતી ક્રમ મુજબ મુરબ્બીઓ દેહ છોડી જવા લાગ્યા. હવે ગોપબંધુના કુટુંબમાં વડીલ જેવાં એકલાં રમાદેવી જ છે. પણ એમની કે એમના આશ્રમની શક્તિ જરા પણ ઘટી નથી; વધી છે. લોકોની શ્રદ્ધા અને વિશ્વાસ પણ વધતાં જ જાય છે.

ઓરિસામાં બાળ–જરાક વિષમ લગ્નની અનિષ્ટ પ્રથા હજુ પણ છે. થોડાંક વર્ષ પહેલાંની વાત. સધન કુટુંબના એક માણસને ક્ષય થયો. ડાક્ટરને ત્યાં જઈ ઉપચાર કરવાને બદલે એ લોકો કોઈ જ્યોતિષી પાસે ગયા. જોશીએ જન્માક્ષર જોઈને કહ્યું, 'એને પરણાવો તો રોગ કન્યાને માથે પડશે અને આ સારો થશે' એવી માનવતા વગરની (અને બુદ્ધિ વગરની પણ !) વાત માની એ લોકોએ સાધારણ ઘરની એક નાનકડી છોકરી જોઈ એને પરણાવ્યો. જોકે એ છોકરીને કશું ના થયું પણ પેલો માણસ ચાર–છ મહિના રહી ગુજરી ગયો. છોકરીનાં પગલાં ખરાબ ! એ નિર્દોષ છોકરીને માથે મૃત્યુથી પણ ચડે એવું વૈધવ્ય આવી પડ્યું.

એ અભાગણીના હાથમાં લગ્ન વખતે પહેરાવેલી સોનાની બંગડીઓ હતી. એ નવી નકોર ચળકતી બંગડી એને બહુ જ ગમતી. વિધવા થયા પછી કોઈ પણ અલંકાર અને તેમાં પાછી બંગડી પહેરવાનો અધિકાર ના રહ્યો એવું બધું ભાન

એ બાપડીને ક્યાંથી હોય ! એના હાથમાંથી પેલી બંગડી કાઢી લેવાની હિંમત કોઈ ના કરી શક્યું. બંગડીઓ એમ ને એમ રહી. અને છોડી મોટી (એટલે બાર-તેર વર્ષની !) થઈ. એક વાર એની દાદીએ અકળાઈને કહ્યું, "આવડી મોટી હેડંબા જેવી ! રાંઢી રાંડ થઈ બંગડી પહેરીને ફરે છે. શરમાતીયે નથી મૂઈ !"

અને એના હાથમાંથી બંગડી કાઢી ભગવાન આગળ મૂકી દીધી. છોકરી થોડુંક સમજી. ઘણું ન સમજાયું. ખૂણામાં બેસી રડતાં રડતાં ત્યાં જ સૂઈ ગઈ. વિધવા એટલે આમ જ ખૂણો પાળવાનો હોય !

એનો ભાઈ ઘેર આવ્યો. બહેનને ક્યાંયે ન દીઠી. પછી ભગવાન આગળ પેલી બંગડી જોઈ એને વગર બોલ્યે બધો ખ્યાલ આવ્યો. પણ ઘરમાં એનું કોણ માને ? એ સીધો બહેન પાસે ગયો. એને ઉઠાડી રમાદેવી પાસે લઈ ગયો. ત્યાં રમાદેવીએ એને પ્રેમથી રાખી, ભણાવી. આજે કસ્તૂરબા નિધિમાં એ સારું કામ કરે છે. એનું નામ પણ આ બધી વિટંબણાને શોભે એવું જ છે—વૈદેહી ! અને એને આશરો આપતી મા ધરિત્રી જેવાં મોટા મનનાં છે રમાદેવી !

"ઓરિસા પ્રાંતના કોઈ પણ કામ અંગે જાણવું હોય તો એમાં રમાદેવી છે, એટલું કહેતાંની સાથે એ કામ કેટલું અગત્યનું છે, સફળ થયું છે–સુંદર છે–બધું જ કલ્પી શકાય." પોતાના કામનો અહેવાલ આપતાં ઓરિસાના પ્રતિનિધિએ કહ્યું હતું. ત્યાગ અને તપસ્યાનો આ વૈભવ છે. કસ્તૂરબા નિધિનાં ઘણાં કામ ત્યાં ચાલે છે. સ્ત્રી શિક્ષણ કેંદ્રો, બાળમંદિરો, આરોગ્યધામ, ખાદી–ગ્રામોદ્યોગ કેન્દ્ર–બધી જ પ્રવૃત્તિ. બંગાળ અને બિહારની સોડમાં લપાયેલ આ લીલીછમ ધરતી. એક બાજુ ચીન, બીજી બાજુ બાંગલાદેશ. સૂડી વચ્ચેના સોપારી જેવો આ નાનકડો પ્રદેશ. અમસ્થો કોઈના ધ્યાનમાં પણ આવે એવો નથી. પણ 'કટકની સાડીઓ' અને 'કટકની ચાદરો' ચાંદીનું નજર ઠરે એવું નાજુક કામ જોતાંની સાથે હવે યાદ આવશે '—ત્યાં રમાદેવી છે !'

રમાદેવીની હવે ઉંમર થઈ છે. એમનાં દીકરી અન્નપૂર્ણા મહારાણા. એ પણ પ્રૌઢ વયનાં છે: હવે એ પણ મા સાથે જ હોય છે. હવે આ પરિવાર ભૂદાન યાત્રા કરવા ફરે છે. અસલના જમાનામાં જીવનની સંધ્યાએ હિમાળો ગાળવા જતા. ચૌધરી પરિવાર નવા જમાનાને અનુસરી નવી યાત્રાનું પ્રસ્થાન કરી રહ્યો છે.

# ૧૮. સરલાદેવી
## (કરુણામૂર્તિ)

પહેલું વિશ્વયુદ્ધ ચાલી રહ્યું હતું એ દિવસોની વાત છે. લંડનમાં રહેતી એક કિશોરી એ ભયંકર સંહાર જોઈ ગમગીન થઈ હતી. 'આ બધું શું કામ ?' એનું બાળમાનસ આક્રંદ કરી રહ્યું હતું.

આલ્પ્સ પર્વતની સુંદર કંદરામાં એના દાદાનું ઘર હતું. એનાં દાદી હતાં જર્મન. દક્ષિણ જર્મનીમાં એમનું ઘર હતું. રાજસી ગુણ અને તામસી શક્તિ એ ભૂમિમાં ખીલતાં જ રહે છે. એ ભૂમિની એ કન્યા હતી. એવાં દાદાદાદીની આ પૌત્રીમાં બંનેના ગુણ ઊતર્યા હતા. દાદાની માફક હિમધવલ ગિરિશિખરો જોઈ એ ઘેલી થતી અને દાદીની હિંમતથી એ કોતરો અને કંદરોમાં સ્વૈર રખડવાનું જોખમ ખેડતી. એના બંને પગ પર કાયમ ઉઝરડા અને જામી ગયેલા લોહીના રેલા હોય જ. નાનકડી ભૂરી ભૂરી આંખડીમાં નિર્દોષ આનંદ ઊભરાતો હોય. પણ આ સુખના દિવસો બહુ ના ટક્યા. વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને 'જર્મન લોહી' હોય ત્યાંથી શોધી કાઢી જેલમાં પૂરી દેવા માટે મહાન શક્તિઓ કામે લાગી. દાદા, દાદી અને બાપા જેલભેગાં થયાં. આ નાનકડી છોકરીને મોસાળના દૂરના કોઈ સંબંધી પાસે લંડન જેવા ગીચ વસ્તીના શહેરમાં, પારકા પરદેશમાં જઈને રહેવું પડ્યું. એ લોકો તરફ પણ, 'જર્મન લોકોનાં સગાં' એટલે આજુબાજુનાં લોકો તિરસ્કારની નજરે જોતાં. ડગલે ને પગલે અપમાન સહન કરવાં પડતાં. એથી એ નાનકડી છોકરી ત્રાસી ગઈ હતી. એનું કુમળું હૃદય આ હડહડતા અન્યાય સામે બળવો પોકારી રહ્યું. ઉપરથી બૉંબવર્ષા થતી હોય તો પણ એ નિર્ભય મને રસ્તામાં ફરતી. મૃત્યુનું તાંડવ એ ખુલ્લી આંખે જોતી. એ જોઈ એ કાયર ના થઈ તેમ જ ક્રોધ કે બદલો લેવાનો વિચાર પણ એના મનને ના સ્પર્શ્યો. પોતાનો તિરસ્કાર કરનારા નાશ પામે તે જોઈ કોઈ દિવસ એને સંતોષ પણ ના થયો. એની સુંદર ભોળી આંખ અકાળે ગંભીર બની. એમાં ચમકવા લાગી દયા અને કરુણા !

આ વિલક્ષણ છોકરીને કેટલાક ભારતીય વિદ્યાર્થીઓ મળ્યા. ભારત વિશે, ભારતીય સંસ્કૃતિ વિશે અને એ પુરાતન સંસ્કૃતિને પ્રત્યક્ષ વ્યવહારમાં ઉતારવાના પ્રયોગો આદરી રહેલા મહાત્મા ગાંધી વિશે એમને ખૂબ જાણવાનું મળ્યું. ભારત જઈ ગાંધીજીને પ્રત્યક્ષ જોવાની તમન્ના મનમાં જાગી.

એમના ભારતીય મિત્રોમાં એક ડૉ. મોહનસિંગ મહેતા હતા. ભારત પાછા ફરી એમણે ઉદેપુરમાં એક કન્યાશાળાની સ્થાપના કરી. ગાંધીજીના માર્ગને અને સિદ્ધાંતોને અનુસરીને એનું સંચાલન કરવામાં આવતું. એમાં કામ કરવા માટે ડૉકટર સાહેબે પોતાના યુરોપીય મિત્રને નોતર્યા. એ આનંદથી સ્વીકારી ૧૯૩૨માં 'સરલાદેવી' ભારત આવ્યાં. કન્યાશાળાનું કામ એમણે સંભાળી લીધું. કામ મનગમતું હતું–ફાવતું હતું પણ અકલ્પિત મુશ્કેલી ઊભી થઈ. અહીંની આબોહવા અને એમનું શરીર એ બે વચ્ચે દ્વંદ્વયુદ્ધ જામી પડયું હતું. ઉમંગ અને ઉત્સાહ એ બે શસ્ત્રો પૂરાં ન પડયાં. શરીર સાવ કથળી ગયું અને ડાકટરી ઉપાય કરવા એ મુંબઈ ચાલ્યાં ગયાં.

મુંબઈમાં શ્રી. જમનાલાલજી બજાજ સાથે એમનો પરિચય થયો. એમની શ્રદ્ધા અને નિષ્ઠા જોઈ જમનાલાલજી એમને વર્ધા ગાંધીજી પાસે લઈ ગયા.

સેવાગ્રામના આશ્રમમાં જ્ઞાનની ઉપાસના કર્મયોગ દ્વારા થતી. સરલાદેવીએ ત્યાં ગયા પછી જે સૂઝ પડે તે કામ ઉપાડવાની શરૂઆત કરી દળવું, ખાંડવું, કચરો વાળવો આ રોજના કામમાં એ મનઃપૂર્વક ભાગ લેતાં. તો પણ ઘણો સમય બાકી રહેતો. એ બાપુ પાસે જઈ કહેવા લાગ્યાં, "મને વધારે કામ આપો."

વર્ધા પાસે સિંદી નામનું ગામ છે. રોજ સવારે મગનવાડીથી બાપુની સફાઈ સેનાની ટોળકી ઝાડુ, ડોલ, પાવડા વિ. લઈ એ ગામમાં જતી. બાપુએ સરલાદેવીને એ ટોળીમાં મોકલ્યાં. જરા પણ કંટાળો કે સૂગ મનમાં રાખ્યા વગર તેઓ એ ટોળીમાં સમાઈ ગયાં. અક્રોધની ત્યાં રોજ રોજ કસોટી થતી. આકરામાં આકરું કામ કરવાની તાલીમ પણ મળી રહેતી.

૧૯૪૦માં શ્રી. લીલાવતીબહેન મુનશી સેવાગ્રામ ગયાં હતાં ત્યારે સરલાદેવીનો પરિચય થયો. એમણે કહ્યું કે અલ્મોડાના અનોદા આશ્રમમાં કામ ઘણું છે. પણ ત્યાં રહી એ કામને પહોંચી વળે એવુ કોઈ મળવું જોઈએ. હિમાલયને ભારત દેવાતાત્મા માને છે. હરકોઈ ભારતીય હિમાલય પ્રત્યે આકર્ષાય છે. હિમાલયની માનસ-પૂજા કરે છે. પણ એની હિમધવલ ગિરિકંદરાઓમાં લાખો દરિદ્રનારાયણો અજ્ઞાન

અને દારિદ્રયમાં અટવાતા રહે છે, ભૂખે ટળવળે છે. એમનો સાદ સૂણે, એમની સેવા કરે એવા ભકતો શોધ્યા કયાં જડે છે !

આ બધું સાંભળી સરલાદેવીએ બાપુને પૂછ્યું, "હું ત્યાં જાઉં તો !"

"જરૂર જાવ. પણ એક વર્ષ સુધી ત્યાં રહી ત્યાંના લોકો, ત્યાંનો પ્રદેશ, ત્યાંની આબોહવા – બધું જ ધીરજથી બરાબર જોઈ લેવું. કયું કામ ઉપાડવું, તે શી રીતે કરવું એ પણ વિચારી લેવું. પોતાની શક્તિનું માપ લઈ પછી કામ માથે લેવું. પછી માથું મૂકવું. પણ કામ પૂરું કરવું." બાપુએ લાંબી લક્ષ્મણરેખા ખેંચી કાઢી !

સરલાદેવી અલ્મોડા ગયાં. દેશમાં એ જ અરસામાં બાપુએ વ્યક્તિગત સત્યાગ્રહનું આંદોલન શરૂ કર્યું હતું. લગભગ બધાં જ જૂના ઘડાયેલા કાર્યકર્તાઓ જેલભેગા થઈ ગયા હતા. હિમાલયના નીરવ, અપરિચિત હિમશિખર પર એ જર્મન યુવતી એકાકી જઈને વસ્યાં ! પણ એમના અંતરમાં કરુણાનો દીપ ચેતતો હતો. એના અજવાળામાં એ આગળ વધ્યાં. જેલવાસી કાર્યકર્તાઓનાં ઘર એમણે શોધી કાઢયાં. દેશસેવક બની જેલ જનારાં દેશભકતોનો ત્યાગ ઓછો નથી હોતો. એમને કષ્ટ પણ વેઠવાં પડે એની ના કોણ પાડી શકે ? પણ દરેકને પોતપોતાના ક્ષેત્રમાં થોડીઘણી કીર્તિ મળે છે. લોકોનાં આદરમાન એ પામે છે. સાવ ઉપેક્ષિત રહે છે તે એમનાં કુટુંબીજન. એ લોકોને કેટલું વેઠવું પડે છે ! સહાનુભૂતિ, મદદ અને પ્રેમની જરૂર એમને હોય છે – જે ભાગ્યે જ એમને ભાગે આવે છે ! પોતાના શૈશવકાળમાં સરલાદેવી એ કપરી અવસ્થામાંથી પસાર થયાં હતાં. તેથી એમણે પહેલી સેવા આદરી–એ પરિવારોની. એમને સામેથી પણ એવો જ સ્નેહ અને સહકાર મળ્યો. સહકારી ભેગા થયા. પછી એઓ ગિરિજનોમાં ભળ્યાં. એમના જીવનનો આત્મીયતાથી અભ્યાસ કરવા લાગ્યાં. એમની સેવાની લગની અને પેલું જર્મન લોહી બંને બ્રિટિશ સરકારથી પણ સહેવાયું નહીં. એમને નજરકેદમાં રાખ્યાં. આખરે દીર્ઘકાળ પછી છૂટયાં ત્યારે બાપુને મળવા ગયાં. પોતાના કામનો હેવાલ આપ્યો. કહ્યું,

"આપે આજ્ઞા કરી હતી તે મુજબ એક વર્ષ મેં ગિરિજનોના જીવનને પાસેથી જોઈ લીધું. એમની સાથે આત્મીયતાનો અનુભવ કરું છું. હવે મને ઉત્તરાખંડમાં કામ કરવાની રજા આપો."

"ઠીક, રહેશો કયાં ?

"કૌસાની રહેવા ધારું છું."

"કેટલા દિવસ રહેશો ?" બાપુ એમનું ઊંડાણ માપતા હતા. પ્રજાજીવનનો સાચો અભ્યાસ કરીને તૈયારી સાથે આવેલી એ સેવિકાએ નિખાલસ ભાવે કહ્યું,

"આપ રજા આપો તો વીસ વર્ષ ત્યાં રહેવાની જરૂર લાગે છે !"

૧૯૪૪માં સરલાદેવીએ બાપુ પાસેથી આ રજા મેળવી. ત્યાર પછીનાં વર્ષોમાં તો મહાકાળે કરવટ બદલી હોય એવી ઘટનાઓ બની ગઈ. અણુસ્ફોટથી જગત આખું ડઘાઈ ગયું – ભારતને આઝાદી મળી. ભાગલા પડ્યા. બાપુ ચિરવિદાય લઈ જતા રહ્યા. ભારતનો આખો ચહેરો જોતજોતાંમાં બદલાઈ ગયો. પણ સાત-સાગરને પેલે પાર જન્મેલી એ 'આર્ય' કન્યાએ 'રઘુકુલરીતિ' ના છોડી ! અચળ અવિચળ નિષ્ઠાથી કૌસાનીના લક્ષ્મી આશ્રમમાં એઓ કામ કરતાં રહ્યાં. વીસ વર્ષનો વાયદો પૂરો થયો પછી જ એઓ ત્યાંથી નિવૃત્ત થયાં !

આશ્રમ છોડતાં પહેલાં એમણે ત્યાં પોતાનું એક સંભારણું મૂક્યું બાપુની એક છબી—એમના હસ્તાક્ષર સાથેની છબી. બાપુના એ છેલ્લા દિવસો હતા. સરલાદેવી એમને મળવા ગયેલાં. એમની સામે એ છબી મૂકી અને એના પર એમના હસ્તાક્ષરની માગણી કરી. બાપુ હસ્યા.

"કેમ હસ્યા ? મને લૂંટવી હશે, કેમ ?"

"ના રે ના. તારી પાસે હશે એ પૈસા તો મારા જ છે ને ? એમાં શું માંગવું ને લેવું !"

"તો પછી ? સહી કરી આપો ને !"

"પણ હું પૈસા લીધા વગર સહી ક્યાં કરું છું ?" બાપુએ કહ્યું. સરલાદેવી ચૂપ રહ્યાં. શું બોલે ?

"મારા હસ્તાક્ષર પર આટલો પ્રેમ છે ? શું કરશે એ લઈને ?" સરલાદેવીનો ખિન્ન ચહેરો જોઈ બાપુએ પૂછ્યું.

"મારા આશ્રમમાં મૂકીશ. મારાં બાળકોને બતાવીશ. કહીશ કે જો નાનપણથી ધ્યાન દઈને ભણીગણીને બાપુ કેવા મોટા થયા – તમે પણ એમના જેવાં થજો."

"જોજે એવું કહેતી ના." છબી હાથમાં લઈ હસ્તાક્ષર કરતાં કરતાં બાપુએ કહ્યું. "એમને કહેજે કે આ મોહનદાસ પણ નાના બાળક હતા ત્યારે તોફાની હતા, પ્રમાદી હતા. જિંદગીમાં એમણે ઘણી ભૂલો કરી. ન કરવા જેવી ભૂલો કરી !

છતાં જ્યારે એણે જાણ્યું કે ભૂલ થઈ છે ત્યારે એણે એ છુપાવી નથી. નિખાલસતાથી કબૂલ કરી સુધારવા માટે પ્રયત્નો કર્યાં.—સત્ય આ છે. તારાં બાળકોને એ જ કહેજે !"

બાપુને આપેલો વીસ વર્ષનો કોલ પૂરો કરી હવે સરલાદેવી વિનોબાજીની ભૂદાનયાત્રાનાં યાત્રિક બની ગયાં છે. ઉંમર હવે સિત્તેરની આજુબાજુ છે છતાં તરવરતી જુવાનીનો ઉત્સાહ સાચવી રાખ્યો છે. ઉત્તર બિહારની કડકડતી ઠંડીમાં પણ વહેલી સવારે ઊઠી કામે લાગતા સ્વયંસેવકોનું સહાસ્ય સ્વાગત કરવા સરલાદેવી નહાઈ-ધોઈને તૈયાર હોય જ ! દિવસના અઢાર કલાક કામમાં પસાર થાય છે. હિમાલયની હિમધવલ કંદરાઓમાં વહી રહેલી શુભ જળધારા જેવી છે આ પવિત્ર, નિરલસ, નિરપેક્ષ સેવામયી લોકમાતા – સરલાદેવી !

# ૧૯. અમૃતા રામ સુબ્રહ્મણ્યમ્

આપણે જાતજાતનાં અને ભાતભતનાં લોકો વચ્ચે રહેતાં હોઈએ. એમાંનાં કેટલાંક આપણાં સગાંસંબંધી હોય, આડોશીપાડોશી હોય, સહકારી હોય – એ બધાં સાથે હોવા છતાં આપણું મન માઈલો દૂર હોય એવી કોઈ વ્યક્તિનું ચિંતન કરતું હોય છે! આ તો ઠીક, પણ કેટલાંક સંવેદનશીલ મન એવાં હોય છે કે ન જોયેલી વ્યક્તિ તરફ અનિવાર આકર્ષણ અનુભવતાં હોય છે. સામી વ્યક્તિને સ્વપ્ને પણ ખ્યાલ ના હોય – ઉંમર, ભાષા કશું જ સરખું ન હોય તો પણ આવું આકર્ષણ હોય છે!

મૈસૂર રાજમાં શામરાવનું કુટુંબ પ્રતિષ્ઠિત ગણાતું. શામરાવ પોતે એક મોટા લશ્કરી અધિકારી હતા. પહેલા વિશ્વયુદ્ધમાં એમની મર્દાનગી માટે એમને ઘણા ચાંદ મળેલા. શામરાવે લશ્કરમાં રહી શૌર્ય બતાવ્યું હતું તેમ દુનિયા પણ જોઈ હતી. આપણા ગોરા સત્તાધારીઓ ઉપરથી સભ્યતા અને વિવેકનો ગમે એટલો ડોળ કરતા હોય તો પણ એ અંદરથી કેવા છે, એ એઓ બરાબર જાણી ગયા હતા. ચંપારણ્યમાં ગરીબ મજૂરોની બાજુ લઈ ગોરાઓ સામે ઝઝૂમતા ગાંધીજી માટે એમના મનમાં માન હતું. ગાંધીજીનાં લખાણો મળે ત્યાંથી મેળવી એ વાંચતા.

ઘરમાં આવેલું ગાંધીસાહિત્ય શામરાવની ભત્રીજી અમૃતા પણ રસ લઈને વાંચતી. એની ઉંમર એ વખતે નાની. છતાં બાપુના સાહિત્યની એ પ્રશંસક હતી. આમ એ છોકરી બહુ જ નાજુકડી, ઓછાબોલી અને શરમાળ હતી. સરખેસરખા છોકરાઓ સાથે એ ભળતી પણ નહિ. એકલી એકલી વાંચ્યાં કરતી છતાં મોટાંઓને ન સમજાય એવું બાપુનું લખાણ એમાં એ નખ જેવડી છોકરી શું સમજતી હશે! બધાંને નવાઈ લાગતી. અને નવાઈ લાગે એવું જ હતું! નાનકડી અમૃતાના મનમાં બચપણથી સાપની બીક કોણ જાણે ક્યાંથી પણ પેસી ગઈ હતી. આખો વખત એક મોટો સાપ પોતાની આજુબાજુ ફરતો હોય એવું એને લાગતું. ભૂલે ચૂકે કોઈને એ વિશે કહેવા જાય તો બધાં એને ઘેલી કહી એની વાતને હસી કાઢતા. એટલે એ ઓછાબોલી થઈ ગઈ. માણસો કરતાં પુસ્તકો એને સ્વજન જેવાં લાગવા માંડયાં. ગાંધીજીની આત્મકથા જ્યારે એને વાંચવા મળી ત્યારે નાનપણમાં બાપુને પણ સાપની બીક લાગતી અને એ વાત નિખાલસતાથી એમણે આત્મકથામાં કહી છે એ જોઈ બાપુ માટે આત્મીયતાની લાગણી એ નિર્દોષ છોકરીના મનમાં નિર્માણ થઈ. બાપુએ લખેલું અક્ષરેઅક્ષર એ પ્રેમથી

વાંચવા લાગી અને વાંચતાં વાંચતાં બાપુ જેમ ભયમુક્ત થયા એમ એ પણ ભયમુક્ત થઈ ! અકારણ ભયનો બોજો મગજ ઉપરથી હઠી ગયા પછી એની બુદ્ધિ ખીલી અને ભણવામાં એ ખૂબ આગળ વધી. પછી બાપુના વિચારો માત્ર વાંચીને સંતોષ પામવાને બદલે એમના સિદ્ધાંતો પોતાના જીવનમાં ઉતારવા માટેની તમન્ના એના મનમાં જાગી. ઘરનું વાતાવરણ પણ સારી પેઠે અનુકૂળ હતું. ઘરમાં બધાં જ રાષ્ટ્રીય વિચાર ધરાવતાં હતાં. સ્વદેશી વાપરવું એ સહજ સ્વભાવ બની ગયો હતો. અમૃતાબહેને બી.એ. થયા પછી એલએલ.બી.નો અભ્યાસ કર્યો.

૧૯૩૧–૩૨ સાલની વાત. મદુરાઈમાં એક ખાદી પ્રદર્શન હતું. ત્યાં અમૃતાબહેન સ્વયંસેવિકાનું કામ કરતાં હતાં. હિસાબની મોટી જવાબદારી એમને માથે હતી. રોજ હિસાબ મેળવી લઈ પછી જ એ ઘેર પાછાં જતાં. એક દિવસ હિસાબમાં ત્રણ પૈસાની ભૂલ આવી. ફરી ફરીને એમણે હિસાબ તપાસી જોયા પણ ભૂલ આવ્યા જ કરે. જોડેનાં ભાઈબહેનોએ સમજાવવાનો પ્રયત્ન કર્યો. હાંસી ઉડાવી : ''ત્રણ પૈસાની એવી તે શી વિસાત ! પર્સમાંથી કાઢી નાંખી દેવાના. જોઈએ તો અમે કોઈ નાંખીએ. મોડી રાત સુધી એને માટે વળી શી માથાકૂટ ! – પણ અમૃતાબહેન કાંઈ માને ? બીજાં બધાં જ કંટાળી ગયાં. ઘેર જવા માટે ઊંચાં નીચાં થવા લાગ્યાં. એ દિવસે બાપુજી પણ ત્યાં આવેલા. એમનો ઉતારો પ્રદર્શનની જગ્યાએ જ હશે. મોડી રાત સુધી કચેરીમાં શું ચાલે છે તે જોવા બાપુ જઈ પહોંચ્યા. અમૃતાજીની વૃત્તિ એમને ખૂબ ગમી. એઓ પોતે એમની સાથે હિસાબ તપાસવા બેસી ગયા. ભૂલ શોધી કાઢી પછી બધાં ઘેર ગયાં. ભવિષ્યમાં પણ સામાજિક જીવન ચોખ્ખું રાખવા સતત જાગ્રત રહેતાં અમૃતાજી પાછળ બાપુ અને એમના આશીર્વાદ હંમેશાં મળતા રહ્યા !

હરિજન સેવા માટે ભેખ લઈ બાપુ ભારતભરમાં ફરી રહ્યા હતા. મદુરાઈમાં મંદિરપ્રવેશ કરાવવા એ આવી પહોંચ્યા. કાયદાનાં જાણકાર અને કવિ જેવાં સંવેદનશીલ અમૃતાજીના મનને અસ્પૃશ્યતાની ભાવના ડંખ દેતી હતી. દક્ષિણ ભારતમાં ધર્મપરિવર્તનની ઝુંબેશ પણ પરધર્મીઓ બહુ મોટા પાયા પર ચલાવતા. ભોળા, અણસમજુ લોકોને 'તમારા કૂવાને અમે અડકયા. લ્યો, તમે વટલાઈ ગયા' એમ કહી વટલાવવાની હદ સુધી આ પ્રવૃત્તિ ચાલતી હતી. એ માણસો બાપડાં માની જતાં અને નિરુપાય થઈ બાકી રહેલી જિંદગી પરધર્મનો સ્વીકાર કરી વિતાવતાં. પણ એમનું જીવતર ખારું ખારું થઈ જતું. એમની મનોવેદના જોઈ દુઃખી થયેલાં અમૃતાજીએ બાપુ સમક્ષ એ દુઃખ મૂક્યું. બાપુએ એ વાતનો સીધો સરળ રદિયો આપ્યો. હકીકતમાં જીવનમૂલ્યોનો આધારભૂત એવો ધર્મ બદલાતો નથી જ.

પણ આ વાત માત્ર બુદ્ધિશાળી અને ભણેલા જ સમજી શકે. સામાન્ય માણસોમાં ઉત્તમ ચારિત્ર્ય, નિર્મળ નિષ્ઠા, અચળ શ્રદ્ધા બધું જ હોઈ શકે છે. પણ એમનો આધાર મોટે ભાગે 'આચાર ધર્મ' પર હોય છે. આચારમાં જરા જેટલો વિક્ષેપ પડે એટલે એઓ નિરાધાર જેવા બની જાય છે. એવું નિરાધાર ભરેલું જીવન જીવવું પડે એ મરણથી પણ વધારે યાતનાવાળું હોય છે. એટલે જ ધર્માંતર કરાવવું એ ક્રુરતાની પરાકાષ્ઠા છે. દારિદ્રય, અજ્ઞાન અને અસ્પૃશ્યતાને લીધે ધર્માંતરની શક્યતા નિર્માણ થઈ છે – બાપુનું આ મંતવ્ય અમૃતાજીને સાચું અને સચોટ લાગ્યું. એમણે પોતે જીવનભર હરિજનસેવાનું કામ કરવાનું વિચાર્યું. એમનાં લગ્ન ડૉ. રામ સુબ્રહ્મણ્યમ્ સાથે થયાં. એઓ પણ રાષ્ટ્રીય વૃત્તિના ડાક્ટર હતા. પોતાની ધીકતી પ્રેક્ટિસ છોડી સત્યાગ્રહી સ્વયંસેવક બન્યા હતા. એટલે અમૃતાજીના ગૃહ-સંસારમાં એમનું ભાવવિશ્વ પણ સફળતાથી વિકસતું રહ્યું.

બાપુ અને બાપુના વિચારો, બાપુના સિદ્ધાંત પર એમને અતિશય પ્રેમ છે. પ્રેમ અને ભક્તિથી પ્રેરિત થઈ એમણે સેવાનું વ્રત લીધું છે. કીર્તિ, પ્રસિદ્ધિ, વૈભવ – ઘરના દીવાનખાનાની શોભા વધારે છે. પણ જ્યાં જે ખંડમાં પ્રભુની મૂર્તિ હોય ત્યાં શાંત ઘીનો દીવો જ માત્ર બળે છે. બાકીનું બધુ જ ત્યાં મહત્ત્વ વિનાનું બની જાય છે. અમૃતાજીની અબોલ-અમોલ સેવા દેવદીપ જેવી પવિત્ર છે.

મ્હૈસૂર, બેંગલોર અને મદુરાઈમાં એમણે સ્થાપેલાં સેવાકેન્દ્રો ચાલે છે. કસ્તૂરબા નિધિ વતી સ્ત્રીશિક્ષણ અને આરોગ્યકેન્દ્રો પણ એઓ ચલાવે છે. મદુરાઈનું ગાંધીભવન તો ખૂબ જ સરસ ચાલે છે. અમૃતાજીના કોમળ પ્રેમભાવનાના મૂર્ત આવિષ્કાર સમાં આ કેન્દ્રો છે. દીન–દુખિયાનાં મા થઈ એઓ ત્યાં બેઠાં છે. હરિજનોની રાહ જોતા હરિનો વાસ એ સેવામંદિરોમાં છે! સતત ઉદ્યમથી ચૈતન્યની મહાપૂજા ત્યાં ચાલી રહી છે. હજારો રડતી આંખો ત્યાં આનંદનાં ફૂલ પામે છે અને છતાં અમૃતાજી નમ્રતાથી શરમાતાં શરમાતાં કહે છે, "ના ના, મેં તો માત્ર પૂજા કરી છે!"

# ૨૦. તારાબહેન મશરૂવાળા

૧૯૪૨ના અંતિમ આંદોલનમાં બાપુએ પોતાના ડાબા–જમણા હાથ સમાં બા અને મહાદેવભાઈ ખોયાં હતાં. ભારતના લોકોએ બા પ્રત્યેની પોતાની ભાવના વ્યક્ત કરવા પ્રતીક તરીકે એક કરોડ રૂપિયાનો નિધિ બાપુને ચરણે ધર્યો. આટલું મોટું સ્મારક તો કોઈ મલેકાનું પણ નહીં થયું હોય! એક મિત્ર ટકોર પણ કરી હતી. પણ બાપુની બાદશાહી બીજા કોઈ રાજા–મહારાજાથી તદ્દન જુદી જ હતી. એટલે બાનું સ્મારક પણ જુદી જ જાતનું થયું. એમાંથી કોઈ અદ્ભુત વાસ્તુ કે સ્તંભ ઊભો થવાને બદલે દેશની લાખો દીન, રંક, મૂંગે મોંએ જીવતરનું ઝેર પચાવતી બહેનો માટે, માંદગીમાં સારવાર કે આરામ નહીં પામતી માતાઓ માટે, પોતે ભૂખ્યાં રહી બીજાને ખવડાવતી અન્નપૂર્ણાઓ માટે આ નિધિનો ઉપયોગ કરવાનો નિર્ણય બાપુએ લીધો, કારણ કે બા એમનામાંનાં જ એક હતાં! આ નિધિની તમામ જવાબદારી બહેનો પર જ સોંપવાની એમની વાત ભલભલાને ગળે ના ઊતરી. પણ શરૂઆતમાં ટિળકફંડમાંથી ગણી ગણીને રૂપિયા આપતાં બાપુએ પચીસ વર્ષ સુધી બહેનોને બરાબર નાણી લીધી હતી. એમની નિર્બળતા દુનિયા જાણે છે. પણ એમનામાં વસતી શક્તિ બાપુએ પારખી હતી.

ઘરનો દસવીસ રૂપિયાનો હિસાબ રાખતાં બહેનો બસો ભૂલો કરે છે, તે આટલી મોટી રકમનો હિસાબ રાખશે? સહુના મનમાં શંકા હતી. પણ બાપુને શ્રદ્ધા હતી: 'રાખશે. કદાચ ભૂલો પણ કરશે. પણ આત્મવિશ્વાસથી સાર્વજનિક નાણાંનો વહીવટ કરતાં શીખે એટલે થોડી ફી આપી એમ ધારી લેવાશે!' એમ કહી બાપુએ એક એક કેન્દ્ર માટે પોતે સંચાલિકાની પસંદગી કરી.

કસ્તૂરબા નિધિના વિદર્ભ કેન્દ્ર માટે એમની પસંદગી તારાબહેન મશરૂવાળા પર ઊતરી ત્યારે બધાંને જ નવાઈ લાગી. આ કેમ બને? મશરૂવાળા પરિવાર એટલે બાપુના પોતાના કુટુંબ જેવો જ. એ કુટુંબનાં બધાં જ માણસો સત્ત્વશીલ અને સિદ્ધાંતવાદી. પણ તબિયત લગભગ બધાંની જ નાજુક. એમાં પણ કિશોરલાલભાઈ અને એમની ભત્રીજી તારા એ બે જણ શરીરે તદ્દન કંગાલ! તારાબહેનને ભણી ગણીને ડૉકટર થવું હતું અને લોકોની સેવા કરવી હતી. પણ માંદગીએ બધાં સ્વપ્નો રોળી નાખ્યાં હતાં. કુટુંબનાં બધાં તારાબહેનને ફૂલની માફક સાચવે અને બાપુ નિરાંતે કહેતા હતા કે કસ્તૂરબા કેન્દ્રની વિદર્ભની પ્રતિનિધિ છે આપણી તારા! આ કામ

કાંઈ સહેલું હતું ? જવાબદારી પણ કેટલી મોટી ! કીર્તિ, સત્તા, સંપત્તિ તો ઠીક પણ સર્વસામાન્ય સુખસગવડો પણ ના મળે એવી જગ્યાએ જઈ વનવગડામાં હરિજન ગિરિજનો વચ્ચે વસવાનું. ત્યાં રોજના વપરાશની ચીજો પણ સુખેથી ના મળે. કોઈ મહામાર્ગ કે રેલવે જ્યાં પહોંચી ના હોય ત્યાં કઈ સગવડની આશા રખાય ?

બીજાં બધાંને ભલે નવાઈ લાગી પણ ખુદ તારાબહેનને બાપુએ વિશ્વાસથી પોતાને કામ સોંપ્યું એટલે આનંદ થયો. એમણે ધન્યતા અનુભવી. આ જવાબદારી કેટલી અઘરી છે એ એઓ જાણતાં હતાં, અને એ પૂરી કરવા માટે પ્રયત્નોની પરાકાષ્ઠા કરવા છતાં શારીરિક દુર્બલતા આડે તો નહીં આવે ? એ શંકાને પણ જીતવાની હતી. પણ બાપુ એમની શક્તિઓ જાણતા હતા. એટલે જ નિઃશંક મને એમણે તારાબહેનને બોલાવી કામ સોંપ્યું હતું. એ શ્રદ્ધાનો રણકાર તારાબહેનના મનમાં પણ ઊમટ્યો અને તારાબહેને કામ સ્વીકાર્યું.

અમરાવતી જિલ્લાનું માધાન નામનું ગામ આ કેન્દ્ર માટે પસંદ કર્યું હતું. મહાનુભાવ અવતાર શ્રી. ગોવિંદપ્રભુની ત્યાં બેઠક છે, ને ગઈ સદીના મહાન સંત પ્રજ્ઞાચક્ષુ ગુલાબરાવ મહારાજના નિવાસથી એ ભૂમિ પાવન થયેલી છે. ત્યાં સેવાના વૃક્ષનું બીજ રોપાયું. ખસ–ગૂમડાંથી ખદબદતાં છોકરાંઓને ભેગાં કરી નવડાવી-ધોવડાવી, પાટાપિંડી કરી, એમને ચોખ્ખાં કપડાં પહેરાવી કામનો શુભારંભ કર્યો. નવી નકોર સ્લેટો પર પેનના ટુકડા ફરવા લાગ્યા. નાના નાના હાથ બાગકામ કરવા લાગ્યા, રેંટિયા કાંતવા લાગ્યા. જોતજોતાંમાં વર્ષો વીતી ગયાં. પેટ ભરીને જમ્યા હોય, ચોખ્ખાં અને પૂરતાં કપડાં પહેર્યાં હોય, મોંમાં શુદ્ધ સંસ્કારી ભાષા હોય, એવી નીરોગી પ્રજા આજુબાજુનાં ગામડાંઓમાં દેખાવા લાગી. આ પેઢીના ભણતરનો ભાર એમનાં માબાપ તો બાપડાં લઈ શકે એમ જ નહોતાં. સરકાર પર પણ આધાર રાખ્યો નહોતો. થોડી ઘણી મદદ સમાજ તરફથી મળતી. પણ મુખ્ય મૂલાધાર પોતાના કામગરા હાથ જ છે, આ વાત ત્યાંના સહુ કોઈ સમજી ગયા હતા. બહેનો માટે આરોગ્યકેન્દ્ર અને સૂતિકાગૃહ ખોલ્યું હતું. ઉદ્યોગગૃહ પણ ચાલતું હતું. ગમે તેને ઘેર જઈ કાળી મહેનત ઉઠાવી ટૂંકી કમાણી અને ઘૃણાસ્પદ વિટંબણા સહેવી એ બધાંમાંથી એ બહેનો બચી ગઈ અને પ્રામાણિકતાથી કષ્ટ સહન કરી રોજી મેળવવા લાગી.

તારાબહેને આશ્રમમાં ખેતીના પ્રયોગો પણ ચાલુ કર્યા. એની સાથે ઘણા જોડ–ધંધા પણ ચાલુ થયા. કીડીની માફક એક દિલથી મૂંગે મોંએ અને શિસ્તથી

ગિરિજનોએ અથાગ મહેનત ઉઠાવી. તારાબહેનનો આત્મવિશ્વાસ જબરો. કર્તૃત્વ મોટું તેમ ભાગ્ય પણ સારું હતું. એમને એમના જેવી જ એક નહીં પણ ચાર સહકારી બહેનો મળી. પચીસ પચીસ વર્ષથી એ ત્યાં પૂરા મનમેળથી રહ્યાં છે. કતાઈ, વિદ્યાદાન અને પ્રાર્થનામાં જીવન વિતાવતાં શાંતાબાઈ અત્રે, દવાનો બટવો લઈ દયાની દેવી જેવાં બધે જઈ પહોંચતાં પાર્વતીબાઈ તટે – છેલ્લા શ્વાસ સુધી સેવા કરી સ્વર્ગે સિધાવ્યાં ત્યારે જ છૂટાં પડયાં ! સુશીલાબાઈ જોશી – એ તો તારાબહેનનો જ બીજો ભાગ હોય એટલું એ બેનું સખ્ય. બાપુએ પણ કહેલું, 'તારી સુશીલા જોડે હોય પછી શાની ડરે છે !' અને ચોથાં મનકર્ણિકાબાઈ ચર્જન. એમને તો બધાં 'આઈ' જ કહે છે. એવાં એ ચારે જણ માધાનની ઉજ્જડ ઉપેક્ષિત ભૂમિ પર નંદનવન ઉતારી રહ્યાં છે.

જીવનમાં જેટલું સૌંદર્ય જડે છે, ભવ્ય દિવ્યનાં દર્શન થાય છે, તેમ અનિષ્ટોનો સામનો પણ કરવો પડે છે. તેમાં પાછું સામાજિક જીવનમાં કાંઈક કરવા ઈચ્છતી વ્યક્તિ એ તો,

"मित्रपणे परहितकारी
वाक्माधुर्ये परशोकहारी
सामर्थ्यपणे तत्त्वधारी
पुरुषार्थे जगमित्र ॥"

આવું ચારિત્ર્ય કેળવી બધી કપરી કસોટીમાંથી પાર ઊતરવું પડે. તો જ એની સેવા સાર્થક થાય અને કાર્યક્ષેત્રનો વિકાસ થાય.

તારાબહેનના આશ્રમમાં કસોટી તો ડગલે ને પગલે થતી જ હોય છે ! એક વખત એક નાની ઉંમરની સેવિકા ત્યાં આવી પહોંચી છોકરી નાની વયમાં વિધવા થયેલી. પોતાનું દુઃખ ભૂલી જવા માટે કામમાં મન પરોવતી. પણ એ બિચારી ભોળી છોકરીને કોઈએ ફસાવી. તારાબહેને એને પાસે લઈ હિંમત રાખી રહેવા માટે ખૂબ સમજાવી. પોતે એને અને બાળકને પણ સંભાળશે એવું આશ્વાસન આપ્યું. છતાં સમાજમાં થતી વિટંબણા અસહ્ય થઈ. એ અભાગણીએ એક કૂવામાં પડતું મૂક્યું ! ત્રણ ચાર દિવસ પછી ત્યાં માખીઓ ગણગણવા લાગી ત્યારે કોઈએ ડોકિયું કર્યું. મડદું ફૂલીને ઉપર તરતું હતું ! પોલીસ આવી પહોંચી. એ દેહને બહાર કાઢયો. તારાબહેન પણ ત્યાં પહોંચી ગયાં. જોતાંની સાથે એ છોકરીને ઓળખી ગયાં. આંખમાંથી આંસુ સાર્યાં. પણ આજુબાજુનાં માણસો ડાહ્યાં હતાં, વ્યવહારુ હતાં. તારાબહેન અને એમની સંસ્થા માટે એમને પ્રેમ હતો, આદરની ભાવના હતી. બધાં જ ગળગળાં થઈ ગયાં. પણ પંચોમાંથી

એક પ્રતિષ્ઠિત વ્યક્તિએ સૂચવ્યું કે આપઘાતની ભાંજગડમાં તારાબહેન જેવાંને ક્યાં સંડોવવાં ? – સંસ્થા માટે પણ એ સારું નહીં. એમણે કહ્યું, "બહેન, આ તમારી સેવિકા છે, એવું શું કામ કહો છો ? આમ પણ મડદું ફૂલી ગયું છે. ઓળખાય એવું નથી. બિનવારસી કહી નિકાલ કરી નાંખીએ !"

પણ તારાબહેને આ વાત સાફ સાફ નકારી કાઢી. એમણે કહ્યું,

"એ છોકરી મારી છે. એ મારી નથી એમ કેમ કહું ? અને શું કામ કહું ? ગમે તેવી પણ એ મારી જ છે, અને છેક સુધી એને માટે જે કરવું પડે એ હું કરીશ."

જિંદગીમાં ક્યારેય પણ તારાબહેને અસત્યનો આધાર લેવાની કલ્પના સરખી કરી નથી. એ જ અપરાજિત શક્તિ કદાચ બાપુએ પારખી હશે !

૧૯૫૮થી કસ્તૂરબા નિધિનું અવલંબન છોડી સંસ્થા 'કસ્તૂરબા સર્વોદય મંડળ' એ નવા નામરૂપથી કામ કરે છે. બાલમંદિરો, ઉદ્યોગગૃહો, વિકાસગૃહો અને સૂતિકાગૃહોની સંખ્યા વધતી રહી છે. અશક્ત પ્રકૃતિનાં તારાબહેન તબીબી પરીક્ષા આપી ભલે ડૉક્ટર ના થઈ શક્યાં હોય – તો પણ આજે હજારો ઉપેક્ષિતોના એ ધન્વંતરિ થયાં છે—હજારોનાં મા અને દાદી થયાં છે – ભલે એમણે પરણીને પોતાનો નાનો સંસાર ઊભો ના કર્યો હોય.

બહુ જ ધીમેથી પણ સ્પષ્ટ મરાઠી અને ગુજરાતી બંને ભાષા અસ્ખલિત બોલતાં, નમ્ર પણ દૃઢ નિશ્ચયી, એકવડી શરીરયષ્ટિનાં પણ ભાવસુંદર આંખોથી સામાનું મન જીતી લેનારાં તારાબહેન એકવાર પણ મળે એને 'પોતાનાં' કરી લે.

# ૨૧. નાગપુરની વીરાંગના બહેનો

૧૯૪૨ની સાલની વાત છે. ભાદરવો મહિનો હતો. વાતાવરણ ઉદાસ હતું. અનિશ્ચિતતાની ગૂંગળામણ હવામાં પણ હતી અને મનમાં પણ. ઑગસ્ટ માસની આઠમી તારીખે મધરાતે દેશભરના નાનામોટા બધા જ નેતાઓની ધરપકડ થઈ હતી. એ સરકારી પગલા સામે જ્યાં જ્યાં લોકોએ પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો, વિરોધ કર્યો, ત્યાં ત્યાં ભારત સંરક્ષણ કાનૂનનો આધાર લઈ સરકારે એમનો બંદોબસ્ત કર્યો. મુદ્રણસ્વાતંત્ર્ય જેવું પણ કશું જ હતું નહીં. એટલે દેશભરમાં શું થાય છે એ સમાચાર મળવાનો એક પણ માર્ગ રહ્યો નહોતો. એવી ભયગ્રસ્ત અવસ્થામાં જ શ્રાવણ મહિનો આખો પસાર થયો હતો. વાર–તહેવાર કશામાં કોઈનો જીવ નહોતો.

નાગપુરમાં લોકો વાત કરતા હતા કે અષ્ટી અને ચિમૂરમાં પોલીસે બહુ ત્રાસ ગુજાર્યો છે. વા સાથે કાંઈક એવી વાત આવી હતી પણ સાચી હકીકત જણાવે કોણ? કાગનો વાઘ હોય એવો સંભવ પણ આવી વાતમાં હોઈ શકે. લોકો તર્ક કરી રહ્યા હતા એવામાં બાપુના સેવાગ્રામ આશ્રમમાં રહેતા આચાર્ય વાળુજકર નાગપુર જઈ પહોંચ્યા. એમની પાસે અષ્ટી–ચિમૂરના સાચા સમાચાર હતા. એ બંને ગામ પોલીસે બાળીને રોળી નાખ્યાં હતાં. માણસોને મારપીટ કરી હતી. કેટલાંકને પૂરી દીધાં હતાં એટલું જ નહીં પણ ત્યાંની નાનીમોટી ઘણી બહેનોને ભ્રષ્ટ કરી પાશવી અત્યાચાર કર્યા હતા! આ વાત ભયંકર હતી. આચાર્યશ્રી જેવા વાત લઈ આવ્યા હતા એટલે ગપ્પું તો ના જ હોય. એ અંગે શું કરી શકાય એ વિચારવા નાગપુરની બહેનોએ એક સભા બોલાવી. બધી સ્ત્રી સંસ્થાના પ્રતિનિધિઓ સભામાં ઉપસ્થિત હતા. એ બહેનોએ હિંમતથી જાતે જઈ સત્ય પરિસ્થિતિ જોઈ એ અંગે છેક સુધી લડી લેવાનો નિર્ણય લીધો. આમ તો એ બધી સાદી સીધી મહિલા મંડળોમાં જતી મધ્યમ વર્ગની ગૃહિણીઓ હતી. એમના ત્રણ પ્રતિનિધિ અષ્ટી–ચિમૂર જવા તૈયાર થયા. એમનાં નામ હતાં – સૌ. દ્વારકાતાઈ દેઉસ્કર, સૌ. વિમળાતાઈ દેશપાંડે અને કુ. વિમળા અભ્યંકર. આ ત્રણે જણ બીજે જ દિવસે જવા નીકળ્યાં. વરોડા ગામ સુધી બસ જતી હતી ત્યાં જઈ પહોંચ્યાં. ત્યાંના પરિચિતોને જણાવવા તાર કરેલા પણ તાર–ટપાલનું કશું ઠેકાણું હતું નહીં અને આવા કામમાં સંડોવાવાની બીક પણ હોય તો નવાઈ નહીં – ત્યાં કોઈ કરતાં કોઈ

એમને લેવા કે મળવા આવ્યું નહીં ! ત્યાં બધે જ વિચિત્ર શાંતિ હતી. પોલીસ અને એમનાં માણસોની અવરજવર ચાલુ હતી. બાકી તો ચકલું પણ ફરકતું નહોતું ! ત્યાંથી જ પાછી પાની ભરી ઘેર ગયાં હોત તો એમને કોઈ કશું ના કહેત. છતાં નિર્ભય મને એઓ આગળ વધ્યાં. ગણપતિપૂજનના દિવસ હતા. એ વિઘ્નહર્તા દેવનું સ્મરણ કરી એ બુદ્ધિદાતાની કૃપાથી આગળનો માર્ગ શોધવા નીકળ્યાં. ચિમૂર જતી એક બસ દેખાઈ એમાં ચઢી ગયાં. અંદર બેઠેલાં (મોટે ભાગે પોલીસનાં માણસો જ !) ટીકી ટીકીને આ બહેનો સામે જોઈ રહ્યાં હતાં.

ચિમૂર બસ ઊભી રહી. આ ત્રણ જણ નીચે ઊતર્યાં કે તરત પેલા પોલીસોનાં માણસોએ એમને ઘેરી લીધાં. 'તમે કોણ ? ક્યાંથી આવ્યાં ? કોને ત્યાં જવું છે ? શું કામ છે ?' પ્રશ્નોની ઝડી વરસાવી ! પણ સારા કામ માટે નિઃસ્વાર્થ બુદ્ધિથી પ્રયત્ન કરે તેને પ્રભુ પોતે મદદ કરે. જીભ પર સરસ્વતી બેઠાં હોય તેમ સમય-સૂચક જવાબ એ આપતાં જ ગયાં ! કોણ જાણે ક્યારે વાતવાતમાં ચિમૂરમાં બાલાજીનું મંદિર છે એવું સાંભળ્યું હશે તે યાદ આવી ગયું ! 'ત્યાં બાધા રાખી છે તે પૂરી કરવા નાગપુરથી આવ્યાં છીએ' એમ કહી દીધું. પણ એટલાથી કાંઈ પતે ? આગળ બીજો પ્રશ્ન સમંધની માફક હતો જ ! 'કોને ત્યાં જવાનાં ?' ચિમૂરના કોઈ કરતાં કોઈનું નામ કે ઠામ કશું જ એ જાણતાં નહોતાં છતાં ગામ હોય ત્યાં ગામનો પટેલ તો હોય જ. બેધડક કહી દીધું, "પટેલને ત્યાં જ જવું છે." (એ બાજુ પટેલને પાટીલ કહે.) થયું, એ લોકો જરા આગળપાછળ થયા એટલે આ ત્રણે જણ પાટીલનું મકાન શોધતાં શોધતાં પાટીલને ડહેલે પહોંચી ગયાં. પાટીલ પોતે તો ક્યારના જેલભેગા થયા હતા. પાટીલ જ શું, ગામના બધા જ પુરુષો જેલમાં હતા ! અને બહેનો હવસખોરના ભોગ બની હતી ! નાનાં નાનાં છૈયાંછોકરાં આ બધું ન જોવાનું જોઈ ડઘાઈ ગયાં હતાં—આખું ગામ અર્ધાંગ થયો હોય એમ મૂંગું મૂંગું રોતું હતું !

પાટીલને ઘેર એવી દશામાં પણ ઘરની ગૃહિણીએ એમને આવકાર આપ્યો પણ પેટ-છુટી વાત પોતાના ઘરમાં પણ કરવાની ચોરી ! ક્યાંક કોઈ સાંભળી જાય તો આવી બને ! ગામમાં બેગડે કુટુંબ મોટું ગણાતું. એ કુટુંબ અને ગામ આખાનાં વડીલ દાદીબાઈનું બધે જ ખૂબ માન હતું પોલીસે માણસે મટી પશુ જેવા અત્યાચાર કર્યા ત્યારે આ દાદીબાઈ પ્રૌઢ વયે પણ પોલીસ પહેરો વટાવી ગામ બહાર છેક ચાંદા ગામ સુધી પગપાળા જઈ પહોંચ્યાં. ત્યાં ડિસ્ટ્રિક્ટ મૅજિસ્ટ્રેટના બંગલા પર જઈ બારણા આગળ બેસી રહ્યાં અને જ્યારે એ સાહેબ બહાર જવા નીકળ્યા ત્યારે સામાં જઈને ઊભાં રહ્યાં અને પૂછ્યું,

"કેમ સાહેબ ? તમે આભમાંથી આવા ને આવા જ પડયા અને ધરતીએ તમને ઝીલ્યા ? તમારે જનેતા, બહેન, પત્ની, દીકરી કોઈ કરતાં કોઈ છે જ નહીં ?"

"આ આમ કેમ પૂછો છો ?" સાહેબે સવાલ કર્યો ત્યારે દાદીબાઈએ આખી બીના કહી, છતાં એ પથ્થરદિલના માણસે જવાબ આપ્યો,

"તમારા ગામના લોકો જ આને માટે જવાબદાર છે."

છતાં દાદીબાઈએ એ માણસનો પીછો ના છોડયો અને મહામહેનતે નાદિરશાહને પણ શરમાવે એવા જુલમો કાંઈક હળવા કરાવ્યા ત્યારે એ ડોશીમા ઘેર પાછાં ફર્યાં !

મહેમાન બહેનો દાદીબાઈને મળી. દાદીબાઈએ ઘેરઘેર જઈ સંકેત મુજબ બધી બહેનોને બપોરે બાલાજીના મંદિરમાં ભેગી કરી. જોકે બહેનોને ત્યાં જતાં જોઈ કે તરત પોલીસ ત્યાં પહોંચી ગઈ ! આ ત્રણે જણે કહ્યું કે "અમારી બાધા એવી કે એકસો ને આઠ ફેરા ફરીશું પછી બધી બહેનોને હળદીકંકુ આપી પગે લાગીશું ત્યારે પતે. ખાસ્સા બે–ત્રણ કલાક થાય !"

મંદિરની અંદર જવાની તો એ લોકોની જિગર ના ચાલી. અને પાંચાલીનાં ચીર પૂરતાં બાલાજીની આંખો પણ ભીની થઈ હશે. આપવીતી ત્યાં આવેલી એક એક બહેને રાતાં આંસુ સારતાં સારતાં આ બહેનોને કહી ! મૂળ વાત એવી હતી કે ૯ મી ઑગસ્ટે નેતાઓની ગિરફતારી સામે વિરોધ વ્યક્ત કરવા ગામલોકોએ એક સરઘસ કાઢયું. કોઈના હાથમાં લાકડી સરખી હતી નહીં. ગાંધી બાપુના સત્યાગ્રહમાં એવું કામ પણ શું ? પોલીસે આ નિઃશસ્ત્ર લોકો પર પોતાની પાસે હતી એટલી બધી જ બંદૂકો ગોળાઓ ખલાસ થઈ ત્યાં સુધી ચલાવી. સો બસો ત્યાં ને ત્યાં મરી ગયાં. ઘણાં બધાં ઘાયલ થયાં. જીવ પર આવે ત્યારે નાની કીડી પણ સામે થાય ! લોકોના ટોળાએ હુમલો કરી બે–ત્રણ પોલીસોને મારી નાંખ્યા ! અને કચેરી ભેગા બાળી નાંખ્યા !

આ ગુનાની સજા કરવા બીજે દિવસે ૨૦૦ ગોરા સોજીર અને ૫૦ દેશી સિપાઈઓનું લશ્કર આ ટીંબા જેવડા ગામ પર તૂટી પડયું ! જેટલાં ખોરડાં તોડી શકે એટલાં તોડયાં; બાળી શકે એટલાં બાળી નાંખ્યાં. પુરુષ બધાને મારી મારીને જેલભેગા કરી દીધા, અને સ્ત્રી—પછી એ આઠ વર્ષની હોય કે સાઠ વર્ષની— એનાં વસ્ત્રો ખેંચી મન માને તેમ અત્યાચાર કર્યા ! લશ્કરી જવાનોના આ અત્યાચાર ઓછા લાગ્યા હોય તેમ પ્રાંત સરકારે ગામ માથે લાખ રૂપિયાનો દંડ નાખ્યો. ઘરબાર, ખેતરો, દુકાનો બધું જ બાળી નાંખી, પુરુષમાત્રને જેલમાં પૂર્યા પછી

આ દંડની વસૂલી બહેનો પાસે કેવી રીતે કરી હશે એની કલ્પના પણ ના થઈ શકે ! બહારની દુનિયા સાથે ગામનો સંબંધ ક્યારનો તોડી નાંખેલો. છાપાંઓ આ કશું છાપી ના શકે અને ન્યાયાલયનાં મહાદ્વારને ખંભાતી તાળાં !

નિરાશાના ઘોર અંધકારમાં એક દેવદીપ જેવાં દાદીબાઈ હિંમત હાર્યાં વગર ઝઝૂમતાં રહ્યાં અને નિર્ભય મને ચોકીપહેરા વટાવી નાગપુરથી ત્રણ બહેનો સત્યની શોધ કરવા નીકળી પડી ! નાગપુર જઈ એ બહેનોએ આ બધી વાત લોકો સમક્ષ મૂકી. ઘણી હોહા થઈ. સરકારને લાજે કાજે તપાસ કરવી પડી. સરકારી તપાસ પંચમાં ડૉ. દુર્ગાબાઈ :વઝલવાર અને સૌ. રમાબાઈ તાંબે હતાં. બહેનોની ડૉકટરી તપાસ કરવાનું કામ એમને સોંપેલું હતું. એમની આગળપાછળ પણ પોલીસપહેરો તો ખરો જ. છતાં કોઈ પણ દબાણની પરવા કર્યા વગર એ બહેનોએ સત્ય હકીકત પોતાના નિવેદનમાં કહી. અનસૂયાબાઈ કાળેએ આ વાત છેક દિલ્હી સુધી પહોંચાડી.

અષ્ટી–ચિમૂરની વાત દાબી રાખવાનો પ્રયત્ન નિષ્ફળ ગયો. પછી તો ઘણા મોટા માણસો વચ્ચે પડયા. સાધુચરિત આચાર્ય ભણસાળીએ ઉપવાસ કર્યા. ઘણા આમદાર નામદારોએ પ્રયત્નો કર્યા. પણ હિંમત કરી પહેલો પ્રયત્ન કર્યો દાદીબાઈએ અને પેલી ત્રણ ગૃહિણીઓએ ! પુરાણોમાં પણ દેવો નિરુપાય થાય ત્યારે દૈત્યોના સંહાર માટે જગદંબા જ ઊભી થાય છે.

નિર્ભય અને નિઃસ્વાર્થ વૃત્તિનું એકમાત્ર શસ્ત્ર લઈ નીકળેલાં આ માતાઓને જોઈ દશભુજાળી મા પણ ચકિત નહીં થઈ હોય ?

---

છેલ્લે..... .....

ગઈ સદીમાં ભારતીય બહેનોએ જુદા જુદા ક્ષેત્રમાં માંડેલાં પગલાં પાછળ જઈ એમણે સાધેલી પ્રગતિનો આલેખ લેવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

સાહિત્ય, સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્ર વગેરે લલિતકલા પર્વતારોહણ, જળતરણ વગેરે જેવા 'મર્દાની' સાહસો, રમતગમતના મેદાન પર બહેનોએ મેળવેલી જાગૃતિક કીર્તિ, નાટયમંચ અને ચિત્રપટ ક્ષેત્રમાં એમણે મેળવેલી સિદ્ધિ, એમનાં મૌલિક વિજ્ઞાન-સંશોધનો, વૈદ્યકશાસ્ત્રની શાખાઓમાં એમણે મેળવેલું સ્થાન, વાસ્તુશાસ્ત્રમાં એમણે બતાવેલી કલ્પના શક્તિ, રાજકારણમાં સિદ્ધ કરેલી કાબેલિયત ઘણું ઘણું જાણવા જેવું છે. એ અભ્યાસના આ તો માત્ર શ્રીગણેશ જ છે. ભારતીય સ્ત્રીના મનોજ્ઞ રૂપની સહેજ સરખી ઝાંખી કરી અને કરાવી શકું છું એ એકરાર સાથે વિરમું છું.

## આ રેખાચિત્રો

**શ્રી મૃણાલિની દેસાઈ** હવે ગુજરાતી વાચકોને સુપરિચિત છે. એમની પ્રાસાદિક અને લાઘવપૂર્ણ શૈલીમાં આ રેખાચિત્રો સુરેખ અને સજીવ બન્યાં છે.

અહીંનાં કુલ ૨૧ પ્રકરણોમાં ૧૯ રેખાચિત્રો છે. જે મહિલાઓ વિખ્યાત નથી એમને વિશે લખવામાં પણ લેખિકાની ઔચિત્ય દૃષ્ટિ અછતી રહેતી નથી. આરંભમાં મુકાવામાં આવેલો 'ભારતીય મહિલાઓની મુક્તિ અને ઉન્નતિ' નામનો નિબંધ એમની અભ્યાસનિષ્ઠા અને વૈચારિક ભૂમિકા સ્પષ્ટ કરે છે.